






# સમ્યગ્દર્શન

## ભાગ-૫




ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને
આસરવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે.

પ્રકાશક
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા પુષ્પ–૪૧

ॐ

માનવજીવનનું મહાકર્તવ્ય

# સમ્યગ્દર્શન

[ભાગ–૫]

(પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં પ્રવચનોમાંથી સંકલિત અંશો તથા સમ્યગ્દર્શન સંબંધી વિવિધ મુમુક્ષુઓના લેખોનો સંગ્રહ)

卐

: સંકલન :
બ્ર. હરિલાલ જૈન
સોનગઢ

卐

: પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહજ ચિદાનંદ.

| | | |
|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | પ્રત ૨૨૫૦ | વીર સં. ૨૪૯૯ |
| દ્વિતીય આવૃત્તિ | પ્રત ૧૫૦૦ | વીર સં. ૨૫૩૫ |


સમ્યગ્દર્શન (ભાગ–૫) ના

**❀ સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા ❀**


**શ્રી કુંદકુંદકહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ,**
**પાર્લા–સાન્તાક્રુઝ (મુંબઈ)**
**હ. શ્રીમતી મીનાબેન ચંદ્રકાન્તભાઈ કોઠારી**
**પાર્થ (સુપુત્ર) તથા પ્રાચી (સુપુત્રી)**

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા ૨૬=૨૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા. ૨૪=૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ હસ્તે સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની કિંમત રૂા ૧૨=૦૦ રાખવામાં આવી છે.

**કિંમત રૂા. ૧૨=૦૦**


**કહાન મુદ્રણાલય**
જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ
સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)
PH (02846) 244081

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# નિવેદન

સમ્યદર્શન–સંબંધી પુસ્તકોની શ્રેણીમાંથી આજે પાંચમું પુસ્તક જિજ્ઞાસુઓના હાથમાં મૂકતાં આનંદ થાય છે. અહો, સાચું સુખી જીવન આપીને મોક્ષનો રસ્તો ખોલનાર સમ્યગ્દર્શન! એની શી વાત! એનો જેટલો મહિમા કરીએ તેટલો ઓછો છે. શ્રી ગુરુદેવે એવા સમ્યક્ત્વનો માર્ગ ખુલ્લો કરીને મુમુક્ષુજીવોને ન્યાલ કર્યા છે. આત્માનું સાચું સ્વરૂપ પ્રતિબોધીને નિરંતર તેઓ ભવ્ય જીવોને સમ્યક્ત્વના માર્ગે દોરી રહ્યા છે. આજે સમ્યગ્દષ્ટિજીવોનું દર્શન અને સમ્યક્ત્વની આરાધનાનો સુઅવસર તેઓશ્રીના જ પ્રતાપે સાંપડ્યા છે, તે તેઓશ્રીનો અચિંત્ય ઉપકાર છે.

સમ્યગ્દર્શન એ આત્માનું સાચું જીવન છે. મિથ્યાત્વમાં તો નિજ સ્વરૂપની સાચી સત્તા જ દેખાતી ન હતી–તેથી તેમાં ભાવમરણથી જીવ દુઃખી હતો. અને સમ્યક્ત્વમાં પોતાના સ્વરૂપનું સ્વાધીન--ઉપયોગમય--આનંદભરેલું અસ્તિત્વ સ્પષ્ટ વેદાય છે, તેથી સમ્યક્ત્વજીવન પરમ સુખમય છે.--આવું સુંદર નિજવૈભવસંપન્ન જીવન પ્રાપ્ત કરવા માટે હે મુમુક્ષુ જીવો! શ્રી ગુરુઓએ બતાવેલા આત્માના પરમ મહિમાવંત સ્વરૂપને લક્ષગત કરી, ફરી ફરી ઊંડી ભાવનાથી તેનું ચિંતન કરી, આત્મરસ જગાડી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરો....એ જ મુમુક્ષુજીવનની સાચી શોભા છે.

ચૈત્ર સુદ તેરસ,<br>
વીર સં. ૨૪૯૯,<br>
સોનગઢ

બ્ર. હરિલાલ જૈન

## પ્રકાશકીય નિવેદન (દ્વિતીય આવૃત્તિ)

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ખપી જવાથી તથા આ પુસ્તક મુમુક્ષુઓને લાભદાયક જણાવાથી તેની દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવે છે.

આ પુસ્તકનાં પઠન-પાઠનથી મુમુક્ષુ જીવ આત્મલક્ષી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી આત્માર્થને વિશેષ પુષ્ટ કરે એજ ભાવના.

પૂજ્ય બહેનશ્રીની
૯૫મો જન્મજયંતી મહોત્સવ
શ્રાવણ વદ ૨
તા. ૧૮-૮-૨૦૦૮

સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

❁

સહજ ચિદાનંદ.

# ❁ સમ્યગ્દર્શન : પુસ્તક પાંચમું ❁

[આ પુસ્તકના લેખોનું સૂચિપત્રક]


ધર્માત્મા પીવે છે–ચૈતન્યના આનંદરસનું અમૃત..... ------------------------ ૧
મોક્ષસુખની મજાની વાત...... ---------------------------------------------- ૨
શુદ્ધોપયોગનું ફળ : અતીન્દ્રિય મહાન સુખ.....---------------------------- ૭
મોક્ષને સાધવા માટે મુમુક્ષુએ ત્વરાથી કરવા જેવું કાર્ય.... --------------- ૧૦
સમ્યગ્દર્શન થવાનું વર્ણન..... -------------------------------------------- ૧૩
તીર્થંકરોના માર્ગમાં પ્રવેશવાનો દરવાજો......------------------------------ ૧૮
ભૂતાર્થદ્રષ્ટિથી સાચો આત્મા દેખાય છે ને અપૂર્વ આનંદ થાય છે..... -- ૨૪
અત્યંત મધુર ચૈતન્યરસ---------------------------------------------------- ૩૦
સંતોનો સાદ....... -------------------------------------------------------- ૩૧
સંતો બોલાવે છે–આનંદના ધામમાં --------------------------------------- ૩૫
સિંહના બચ્ચાની વાત (આત્માનો સાચો સ્વાંગ)----------------------- ૩૮
નમસ્કાર હો.....જ્ઞાનચેતનાવંત મુનિભગવંતોને...... ----------------------- ૪૦
આત્માની કિંમત ઓછી ન આંકો.....--------------------------------------- ૪૪
'અત્યારે જ સમ્યક્ત્વને ગ્રહણ કર!' -------------------------------------- ૪૬
(ઋષભદેવના જીવને સમ્યક્ત્વપ્રાપ્તિનું રોમાંચકારી વર્ણન)
એક હાથીનું અદ્ભુત પરાક્રમ ----------------------------------------------૫૪
(પારસનાથના જીવને સમ્યક્ત્વ-પ્રાપ્તિનું આનંદકારી વર્ણન)
ભગવાન મહાવીરના જીવને સિંહપર્યાયમાં સમ્યગ્દર્શન....... -------------- ૬૧
સમયસારનું મંગલાચરણ (અપૂર્વ સાધકભાવ) ----------------------------- ૬૪
ચાલો....કુંદપ્રભુની સાથ સિદ્ધાલયમાં જઈએ-------------------------------- ૬૫
સાધકના અંતરમાં સમયસાર કોતરાયેલું છે-------------------------------- ૬૭

करना सो जीना ---------------------------------------- ૬૯
અનુભવરસ–ઘોલન ---------------------------------------- ૭૦
સમ્યક્ત્વ-પ્રેરક ૧૦૮ સુગમ પ્રશ્નોત્તર ---------------------------------------- ૭૫
સમ્યગ્દર્શન પહેલાં અને પછી : (આઠ લેખોની લેખમાળા)
   ૧. સમ્યક્ત્વના પિપાસુની એક જ ધૂન ---------------------------------------- ૮૬
   ૨. સ્વભાવના મહિમાનું ઘોલન કરતો–કરતો સ્વાનુભવ કરે છે ----- ૯૨
   ૩. સમ્યગ્દર્શન સંબંધી મુમુક્ષુનું ઘોલન ---------------------------------------- ૯૮
   ૪. આત્મસન્મુખ જીવની સમ્યક્ત્વ–સાધના.... ---------------------------------------- ૧૦૫
   ૫. પરમાત્મસ્વરૂપના પડકાર કરતું સમ્યગ્દર્શન પ્રગટે છે..... ----- ૧૧૮
   ૬. સાચી શાંતિની શોધમાં...... ---------------------------------------- ૧૨૩
   ૭. સમ્યક્ત્વ–સન્મુખ જીવની અદ્ભુત દશા.... ---------------------------------------- ૧૨૮
   ૮. અત્યંત વહાલી ચૈતન્યવસ્તુનો અનુભવ કરે છે...... ------------ ૧૩૪
જય હો સમ્યગ્દર્શન–ધર્મનો!.... ---------------------------------------- ૧૩૯
પરમાત્માનો પુત્ર ---------------------------------------- ૧૫૦
સમ્યગ્દષ્ટિનાં ઉજ્જ્વળ પરિણામ ---------------------------------------- ૧૫૫
આત્મ-ભાવના ---------------------------------------- ૧૬૧

णमो सिद्धाणं

# સમ્યગ્દર્શન

[પુસ્તક પાંચમું]




निर्विकल्पसमुत्पन्नं ज्ञानमेव सुधारसम्
विवेकंअंजुलिकृत्वा तत्पिबंति तपस्विनः

## ❁ ધર્માત્મા પીવે છે ચૈતન્યના આનંદરસનું અમૃત ❁

અહો જીવો! ચૈતન્યનો આનંદસ્વાદ અને રાગનો આકુળ સ્વાદ, એ બંનેને ભેદજ્ઞાન વડે અત્યંત જુદા જાણો, ભેદજ્ઞાનના બળે સર્વે વિકલ્પોથી જુદું વર્તન એવું જ્ઞાન, તે નિર્વિકલ્પ ચૈતન્યરસના અમૃતથી ભરેલું છે. અંતરમાં ભેદજ્ઞાન વડે તમે આવા ચૈતન્યરસનું પાન કરો. સાચું ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન થતાં ધર્માત્માને આત્માના ચૈતન્યઅમૃતનો નિર્વિકલ્પ સ્વાદ વેદાય છે. અહો, વીતરાગી સંતોએ જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન કરાવીને આત્માના નિર્વિકલ્પ આનંદરસનું પાન કરાવ્યું છે. નિર્વિકલ્પઆનંદ એ જ સાચો સુધારસ છે; ધર્માત્માઓ ભેદજ્ઞાનરૂપી અંજલિ વડે તે આનંદરસનું પાન કરે છે.

❁

# મોક્ષસુખની મજાની વાત

[પ્રવચનસાર ગા. ૬૪ 'કારતક સુદ તેરસ']

અહા, મોક્ષસુખની મજાની વાત સાંભળતાં મુમુક્ષુને સહેજે ઉલ્લાસ આવે છે : જ્ઞાનીના શ્રીમુખથી આત્માના અતીન્દ્રિય સ્વભાવસુખની વાર્તા સાંભળતાં જેના અંતરમાં ઉલ્લાસ આવે છે તે મુમુક્ષુજીવ જરૂર મોક્ષ પામે છે. આવા મોક્ષસુખની અદ્‌ભુત વાત બેહજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્યદેવ આ ભરતક્ષેત્રમાં સંભળાવતા હતા, એ જ વાત ગુરુદેવ આજે આપણને સંભળાવે છે.....આવો, આનંદથી એનો સ્વાદ ચાખીએ.

શ્રી અરિહંત ભગવંતોને શુદ્ધોપયોગના ફળમાં પ્રગટેલા મહા અતીન્દ્રિય સુખનો પરમ મહિમા બતાવીને આચાર્યદેવે કહ્યું કે અહો, આત્માનું આવું જે પરમ સુખ, તેની શ્રદ્ધા કરનાર સમ્યગ્દષ્ટિ છે, આસન્નભવ્ય છે; પોતામાં એવા ઈન્દ્રિયાતીત ચૈતન્ય સુખનો સ્વાદ જેણે ચાખ્યો છે તે જ સર્વજ્ઞના અતીન્દ્રિય–પૂર્ણસુખની પરમાર્થ શ્રદ્ધા કરી શકે છે. આવા સુખની જેને ખબર નથી ને ઈન્દ્રિયવિષયોમાં જ સુખની લાલસા કરી રહ્યા છે તે જીવો આસન્નભવ્ય નથી; તે તો વિષયોમાં આકુળવ્યાકુળ વર્તતા થકા દુઃખમાં તરફડે છે, ને ઘોર સંસારમાં રખડે છે.

અતીન્દ્રિય આત્માને જાણનારું પ્રત્યક્ષજ્ઞાન તો તેમને નથી, એકાન્ત પરોક્ષબુદ્ધિ વડે ઈન્દ્રિયો સાથે જ તેમને મૈત્રી વર્તે છે; મહા મોહના અતિશય દુઃખને લીધે તે જીવો વેગથી બાહ્યવિષયોને રમ્ય માનીને તે તરફ ઝંપલાવે છે, પણ તેમાં સાચા સુખની ગંધ પણ મળતી નથી, એટલે તે જીવો એકાંત દુઃખી જ છે.

આચાર્યદેવ કહે છે કે અરે, ઈન્દ્રિયો તરફ જ જેનું જ્ઞાન એકાકાર વર્તી રહ્યું છે તે જીવોએ અતીન્દ્રિયસુખથી ભરેલા આત્માની મિત્રતા છોડી દીધી, ને જડ ઈન્દ્રિયોની સાથે મિત્રતા કરી. તેને ઈન્દ્રિયો જીવતી છે, પણ અતીન્દ્રિયભગવાન આત્મા તો જાણે મરી ગયો હોય–એમ એને દેખાતો નથી. ઈન્દ્રિયો અને તેના વિષયો જ તેને દેખાય છે પણ તેનાથી પાર અતીન્દ્રિય આનંદનો સમુદ્ર તેને દેખાતો નથી. અરે, જ્યાં સુખ ભર્યું છે ત્યાં મિત્રતા નથી કરતો, ને જ્યાં એકાંત દુઃખ છે ત્યાં મિત્રતા કરવા દોડે છે!—એવા જીવોને શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે—

અનંતસુખ નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા,
અનંત દુઃખ નામ સુખ પ્રેમ ત્યાં વિચિત્રતા!
ઉઘાડ ન્યાયનેત્રને નિહાળ રે! નિહાળ તું,
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

અરે જીવ! અનંતસુખથી ભરેલો આ આત્મસ્વભાવ, તેની આરાધનામાં દુઃખ કલ્પીને તેની મિત્રતા તેં છોડી દીધી; પણ ખરેખર તેમાં જરાય દુઃખ નથી, એકલું અનંતસુખ ભર્યું છે,—તેમાં તું પ્રીત કેમ નથી કરતો? અને બાહ્યવિષયો–કે જેની પ્રીતિમાં અનંતદુઃખ છે, છતાં ત્યાં સુખ કલ્પીને તું પ્રેમ કરે છે,—એ આશ્ચર્યની વાત છે! જેમાં સુખ ભર્યું છે એવા પોતા સામે તો જોતો નથી, ને જેમાં સ્વપ્નેય સુખ નથી તેમાં પ્રેમ કરે છે–એ અજ્ઞાન છે. આવા અજ્ઞાનને હે જીવ! તું છોડ! ને જ્ઞાનનેત્ર ઉઘાડીને જો.....તારામાં જ સુખ છે તેને દેખ......ને બાહ્યવિષયોમાં સુખબુદ્ધિની વિપરીત પ્રવૃત્તિને તું શીઘ્ર છોડ.

જ્ઞાનીઓને ચૈતન્યના અતીન્દ્રિયસુખના સ્વાદ પાસે જગતના કોઈ વિષયો રુચિકર લાગતા નથી. શુભ કે અશુભ કોઈપણ ઈન્દ્રિયવિષયોમાં, કે તે તરફના રાગમાં ધર્મીજીવોને કદી સુખ ભાસતું નથી. અરે, અતીન્દ્રિય આનંદનો ધણી આ ચૈતન્યભગવાન, તે ઈન્દ્રિયના વિષયોમાં અટકી જાય–એ તો નિંદ્ય છે. ઈન્દ્રિયોને હત કીધી, ત્યાં ઈન્દ્રિયો તો જડ છે, પણ તે તરફનું વલણ તે હત છે,

નિંદ્ય છે ને દુઃખરૂપ છે. દુઃખી જીવો જ બાહ્યવિષયો તરફ આકુળતાથી દોડે છે. જો દુઃખી ન હોય તો વિષયો તરફ કેમ દોડે? અતીન્દ્રિય ચૈતન્યસુખના સ્વાદમાં લીન સન્તોને ઇન્દ્રિય-વિષયોસન્મુખ વલણ થતું નથી.

અહા, આત્માના અતીન્દ્રિયસુખસ્વભાવની અલૌકિક વાત પ્રસન્નતાથી જેના અંતરમાં બેઠી, આચાર્યદેવ કહે છે કે, તે જીવ અલ્પકાળમાં મોક્ષ પામશે; કેમ કે તેની રુચિનું વલણ ઇન્દ્રિયો તરફથી ને ઇન્દ્રિયજ્ઞાન તરફથી પાછું ખસીને અતીન્દ્રિય જ્ઞાન–આનંદસ્વભાવ તરફ ઉલ્લસિત થયું. ચૈતન્યસ્વભાવની સમીપ અને ઇન્દ્રિયોથી દૂર થઈને તે આત્મા અતીન્દ્રિયસુખનો અનુભવ કરશે.

ચૈતન્યજીવનની જ્યોત ઇન્દ્રિયોમાં નથી; ઇન્દ્રિયોના સંગે ચૈતન્યજીવનની જ્યોત ઝાંખી પડી જાય છે. ભાઈ! તું અતીન્દ્રિય વીતરાગી ચૈતન્યજ્યોત છો, તારે ઇન્દ્રિયો સાથે ભાઈબંધી કેવી? અતીન્દ્રિય સ્વભાવની સન્મુખ થયેલી ઝળહળતી જ્ઞાનજ્યોત, તે જ અતીન્દ્રિય સુખનું કારણ છે; ભગવંતો પોતાના આત્મામાં એવા પૂર્ણસુખને અનુભવી રહ્યા છે.

મુક્તજીવો સિદ્ધભગવંતો ઇન્દ્રિય કે શરીર વગર જ પરમ સુખરૂપે સ્વયમેવ પરિણમે છે, શરીર વગરનું અતીન્દ્રિય સુખ તે ભગવંતોને પ્રસિદ્ધ છે; જેમ ત્યાં શરીર વગર જ સુખ છે એટલે શરીર તે સુખનું સાધન નથી; તેમ નીચલી દશામાં સશરીર જીવોને પણ શરીર તે સુખનું સાધન નથી. અજ્ઞાની મિથ્યાકલ્પનાથી માને ભલે કે શરીરમાં ને ઇન્દ્રિયવિષયોમાં સુખ છે, પરંતુ તે કલ્પના પણ શરીરને કારણે કે વિષયોને કારણે થઈ નથી. એ શરીરાદિક તો અચેતન છે, તે જીવની પરિણતિમાં અકિંચિત્કર છે.

અજ્ઞાનીનું જે કલ્પિત ઇન્દ્રિયસુખ (ખરું સુખ નહિ પણ સુખની માત્ર કલ્પના) તેમાં પણ શરીર કાંઈ સાધન થતું નથી, સુખની કલ્પનારૂપે શરીર નથી પરિણમતું, કે શરીર એમ નથી કહેતું કે તું

મારામાં સુખની કલ્પના કર. અજ્ઞાની પોતાના મોહને વશે જ પરમાં સુખની મિથ્યાકલ્પના કરે છે. આ રીતે સંસારઅવસ્થામાં કલ્પિત સુખમાં પણ શરીરાદિ વિષયો સાધન થતા નથી, તો પછી સિદ્ધભગવંતોનું જે પરમ અતીન્દ્રિય સહજ આત્મિકસુખ, તેમાં શરીરાદિ વિષયો શું કરે? એ તો અકિંચિત્કર છે. આ રીતે ઈન્દ્રિયવિષયો વગરનું આત્માનું સુખ પ્રસિદ્ધ કરીને સમજાવ્યું. અહો, આવા સુખને કોણ ન સ્વીકારે? આત્માના આવા સુખસ્વભાવને જાણીને બાહ્યવિષયોમાં સુખબુદ્ધિ કોણ ન છોડે? આચાર્યદેવ કહે છે કે ભવ્યજીવ આત્માના સુખની આ વાત સાંભળતાં જ ઉલ્લાસથી તેનો સ્વીકાર કરે છે, ને બાહ્યવિષયોમાં સુખની બુદ્ધિ તરત જ છોડે છે. એવો જીવ અલ્પકાળમાં મોક્ષસુખને પામે છે, વર્તમાનમાં પણ એનો અદ્ભુત નમૂનો ચાખી લ્યે છે.

જુઓ, આ મોક્ષસુખની મજાની વાત! આત્મા ત્રિકાળ શુદ્ધઉપાદાનસ્વરૂપે પૂર્ણ અતીન્દ્રિય પરમસુખથી ભરેલો છે. તેને ભૂલીને અશુદ્ધ ઉપાદાનપણે પરિણમતો આત્મા પોતે ઈન્દ્રિયસુખને પરિણમતો પરમાં સુખની મિથ્યા કલ્પના કરે છે. એ જ રીતે જ્યારે શુદ્ધસ્વરૂપનું જ્ઞાન કરીને સ્વસન્મુખ શુદ્ધઉપાદાનરૂપે પરિણમતો આત્મા સ્વયમેવ અતીન્દ્રિય સુખરૂપ થાય છે, ત્યારે તેમાં પણ પરદ્રવ્યો જરાય સાધન નથી. બીજા કોઈ પણ કારણ વિના સ્વયમેવ આત્મા પોતે સુખકારણરૂપ પરિણમતો થકો અતીન્દ્રિયસુખરૂપ થાય છે. અહા, મારા મોક્ષસુખની કેવી મજાની વાત છે! સિદ્ધ જેવા સુખરૂપે થવાની મારી પોતાની તાકાત છે, તેમાં બીજા કોઈ સાધનની જરૂર નથી. જ્યાં શરીર પણ સાધન નથી ત્યાં બીજા સાધનની શી વાત! નીચલી દશામાં શરીર છે પણ તે શરીર કાંઈ સાધન થઈને પરમાં સુખની કલ્પના નથી કરાવતું; અજ્ઞાની પોતે પોતાના અજ્ઞાનથી તેવી કલ્પના કરે છે. આ રીતે અજ્ઞાનમાં કે જ્ઞાનમાં, ઈન્દ્રિયસુખની કલ્પનામાં કે અતીન્દ્રિયસુખના વેદનમાં ક્યાંય શરીર કે ઈન્દ્રિયો સાધન નથી, જીવ તે જ તે–રૂપે પરિણમે છે.

જીવ પોતે સુખસ્વભાવી છે. જેમ જ્ઞાન જીવનો સ્વભાવ છે તેમ સુખ પણ જીવનો સ્વભાવ છે. તે સ્વભાવની સમીચીન દશામાં અતીન્દ્રિયસુખ છે, ને તેને ભૂલીને વિપરીત દશા થતાં પરમાં સુખની મિથ્યાકલ્પના કરે છે,–પણ તેમાં પરદ્રવ્ય તો જીવને કાંઈ કરતું નથી. પરને કારણે શુભરાગ નથી, ને શુભરાગને કારણે સાચું સુખ નથી. જ્ઞાનને ઇન્દ્રિયોથી પાર કરીને, સ્વભાવસન્મુખ થતાં અતીન્દ્રિયસુખનું વેદન થાય છે; તેથી આવું અતીન્દ્રિયજ્ઞાન જ અતીન્દ્રિયસુખનું સાધન છે. સુખ કહો કે ધર્મ કહો, તેમાં શરીર, ઇન્દ્રિયો કે રાગ તે જરાય સાધન નથી. તે બધાયના અભાવમાં આત્મા પોતે એકલો જ પરમ સુખરૂપે પરિણમે છે; સ્વયમેવ સુખરૂપે પરિણમવાની શક્તિ જીવની છે. અહો, મોક્ષસુખની આવી મજાની વાત, તે પ્રસિદ્ધ કરીને આચાર્યદેવ કહે છે કે આવા દિવ્ય આત્મસ્વરૂપને જાણો.....ને બાહ્યવિષયોથી બસ થાઓ. સિદ્ધભગવાન જેવા અચિંત્ય પોતાના જ્ઞાન–આનંદસ્વરૂપને જાણીને, સુખાર્થી જીવો વિષયાલંબીભાવ છોડીને આત્માના જ અવલંબને પરમ આનંદરૂપે પરિણમો.

**પરમઆનંદરૂપે પરિણમેલા અરિહંતોને નમસ્કાર હો.**
**તે આનંદને અનુભવનારા સંતોનો જય હો.**

# શુદ્ધોપયોગનું ફળ—અતીન્દ્રિય મહાન સુખ

(–તે જ પ્રશંસનીય છે; રાગનું ફળ પ્રશંસનીય નથી)

આચાર્યભગવાને પ્રવચનસારની શરૂઆતમાં પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરીને મોક્ષનો સ્વયંવરમંડપ માંડ્યો છે. અહા! અમે પંચપરમેષ્ઠીમાં ભળીને મોક્ષલક્ષ્મીને સાધવા નીકળ્યા છીએ, તેનો આ મંગલઉત્સવ છે.

મોક્ષનું સાધન શું? કે શુદ્ધોપયોગરૂપ વીતરાગચારિત્ર તે જ મોક્ષનું સાધન છે; ને વચ્ચે આવતો શુભરાગ તે તો બંધનું કારણ છે, તેથી તે હેય છે. આમ શુભરાગને છોડીને શુદ્ધોપયોગરૂપ મોક્ષમાર્ગને આચાર્યદેવે અંગીકાર કર્યો.....પોતે શુદ્ધોપયોગી ચારિત્રદશારૂપે પરિણમ્યા.

આ રીતે શુભ–અશુભપરિણતિને છોડીને અને શુદ્ધોપયોગપરિણતિને આત્મસાત કરીને આચાર્યદેવ શુદ્ધોપયોગઅધિકાર શરૂ કરે છે; પોતે તે–રૂપે પરિણમીને તેનું કથન કરે છે. તેમાં પ્રથમ શુદ્ધોપયોગના પ્રોત્સાહન માટે તેના ફળની પ્રશંસા કરે છે : અહો, શુદ્ધોપયોગ જેમને પ્રસિદ્ધ છે એવા કેવળીભગવંતોને આત્મામાંથી જ ઉત્પન્ન અતીન્દ્રિય પરમ સુખ છે. બધા સુખોમાં ઉત્કૃષ્ટ સુખ કેવળીભગવંતોને છે; તે સુખ રાગ વગરનું છે, ઈન્દ્રિયવિષયો વગરનું છે, અનુપમ છે અને અવિનાશી છે, વચ્ચે ભંગ વગરનું અવિચ્છિન્ન છે. સંસારના કોઈ વિષયોમાં એવું સુખ નથી.

અહો, આવું અપૂર્વ આત્મિકસુખ પરમ અદ્‌ભુત આહ્‌લાદરૂપ છે, તે જીવે પૂર્વે કદી અનુભવ્યું નથી; સમ્યગ્દર્શનમાંય આવા અપૂર્વસુખના સ્વાદનો અંશ આવી જાય છે, પણ અહીં શુદ્ધોપયોગના ફળરૂપ પૂર્ણ સુખની વાત છે.

શુદ્ધોપયોગથી આત્મા પોતે પોતામાં લીન થતાં અતીન્દ્રિય સુખ ઉત્પન્ન થયું, તેમાં બીજા કોઈ સાધનનો આશ્રય નથી, એકલા આત્માના

જ આશ્રયે તે સુખ પ્રગટ્યું છે. તેને આત્માનો એકનો આશ્રય છે ને બીજાના આશ્રયથી નિરપેક્ષ છે, બીજા કોઈનો આશ્રય તેને નથી,–આમ અસ્તિ–નાસ્તિથી કહ્યું. આત્માથી જ ઉત્પન્ન અને વિષયોથી પાર–એવું સુખ તે જ સાચું સુખ છે, ને તે સુખનું સાધન શુદ્ધોપયોગ છે. માટે તે શુદ્ધોપયોગ ઉપાદેય છે. આમ શુદ્ધોપયોગના ફળરૂપ પરમસુખનું સ્વરૂપ બતાવીને તે તરફ આત્માને પ્રોત્સાહિત કર્યો છે. હે જીવ! અતીન્દ્રિયસુખના કારણરૂપ એવા શુદ્ધોપયોગમાં ઉત્સાહથી આત્માને જોડ.

સંસારના જેટલા ઈન્દ્રિયસુખો છે તે બધાયથી આ શુદ્ધોપયોગનું સુખ તદ્દન જુદી જાતનું છે, તેથી તે અનુપમ છે, બીજાની ઉપમા તેને આપી શકાતી નથી. અહો, શુદ્ધોપયોગી જીવોનું પરમ અનુપમ સુખ, તે અજ્ઞાનીઓને લક્ષમાં પણ આવતું નથી. આગળ કહેશે કે સિદ્ધભગવંતોના અને કેવળીભગવંતોના ઉત્કૃષ્ટ અતીન્દ્રિય સુખનું સ્વરૂપ સાંભળતાવેંત જે જીવ ઉત્સાહથી તેનો સ્વીકાર કરે છે તે આસન્નભવ્ય છે. આ અતીન્દ્રિય સુખના વર્ણનને ‘આનંદ અધિકાર’ કહ્યો છે; હે જીવો! વિષયોમાં સુખબુદ્ધિ છોડીને આત્માના આશ્રયે આવા પરમ આનંદરૂપે પરિણમો.

એ સુખ શુદ્ધોપયોગ વડે પ્રગટે છે. શુદ્ધોપયોગ વડે પ્રગટેલું તે સુખ સાદિઅનંત કાળમાં કદી નાશ પામતું નથી, તે અનંતકાળ રહેનારું છે. ‘સાદિઅનંત અનંત સમાધિસુખ’ એવું સુખ શુદ્ધોપયોગથી જ પમાય છે. અતીન્દ્રિયસુખમાં શુભરાગનું તો ક્યાંય નામનિશાન નથી; રાગથી ને રાગના ફળરૂપ સામગ્રીથી પાર એવું તે સુખ છે. તે સુખ પ્રગટ્યા પછી વચ્ચે કદી તેમાં ભંગ પડતો નથી, અચ્છિન્નપણે નિરંતર તે સુખ વર્તે છે. શુદ્ધોપયોગી જીવોને આવું ઉત્કૃષ્ટ અતીન્દ્રિય સુખ છે તે સર્વથા ઈષ્ટ છે, આદરણીય છે, પ્રશંસનીય છે.–શુદ્ધોપયોગનું આવું ફળ બતાવીને આત્માને તેમાં પ્રોત્સાહિત કર્યો.

જેમ સૂર્યને ઉષ્ણતા માટે કે પ્રકાશ માટે બીજા પદાર્થની જરૂર નથી, સ્વયમેવ તે ઉષ્ણ ને પ્રકાશરૂપ છે; તેમ સુખ અને જ્ઞાનને માટે આત્માને કોઈ બીજા પદાર્થની જરૂર નથી, સ્વયમેવ આત્મા પોતે સ્વભાવથી જ

**સુખસ્વરૂપ ને જ્ઞાનસ્વરૂપ છે. અહો, આવા આત્માને શ્રદ્ધામાં તો લ્યો. સિદ્ધભગવંતોના સુખને ઓળખતાં આવો આત્મસ્વભાવ ઓળખાય છે. ઇન્દ્રિયોથી જ્ઞાન થવાનું માને, રાગથી સુખ થવાનું માને તેણે સિદ્ધભગવંતોને કે કેવળીભગવંતોને માન્યા જ નથી; વીતરાગ પરમેશ્વરને તે ઓળખતો નથી, તેણે તો રાગને જ સારો માન્યો છે. રાગ વગરનું જ્ઞાન ને સુખ પ્રતીતમાં લ્યે તો તો રાગથી ભિન્ન આત્મસ્વભાવ અનુભવમાં આવી જાય; પોતાને તેવા અતીન્દ્રિય સુખનો ને અતીન્દ્રિયજ્ઞાનનો અંશ પ્રગટ્યો ત્યારે સર્વજ્ઞના સુખની ને જ્ઞાનની સાચી પ્રતીતિ થઈ. આ રીતે સમ્યગ્દ્રષ્ટિ જ સ્વસંવેદનપૂર્વક સર્વજ્ઞના પરમઆનંદની પ્રતીત કરે છે ને પોતે પણ તેવા પરમ અતીન્દ્રિય જ્ઞાન–આનંદને સાધે છે.**

## * ભગવાન અને ભક્ત *

સર્વજ્ઞભગવંતોનું જ્ઞાન અને સુખ અતીન્દ્રિય છે એમ ઓળખનારને પોતાને પણ અતીન્દ્રિય જ્ઞાન અને સુખ થયું છે, ને તેના બળે જ તેણે સર્વજ્ઞના અતીન્દ્રિયજ્ઞાન–સુખનો નિર્ણય કર્યો છે.

એકલા ઇન્દ્રિયજ્ઞાન ને ઇન્દ્રિયસુખમાં જ ઊભા રહીને અતીન્દ્રિયજ્ઞાન–સુખનો નિર્ણય થઈ શકે નહિ.

ભગવાન અને ભક્ત એક જાતના થયા ત્યારે જ ભગવાનની ઓળખાણ થઈ....ભગવાનની ખરી ઓળખાણ થતાં, જેવા જ્ઞાન-આનંદ ભગવાન પાસે છે તેનો નમૂનો પોતાને મળ્યો.....ભક્ત અને ભગવાન વચ્ચે આવી સંધિ છે.

**“મારા પ્રભુ મને પ્રભુજી જેવો બનાવે.”**

# મોક્ષને સાધવા માટે

## મુમુક્ષુએ ત્વરાથી કરવા જેવું કાર્ય

મોક્ષને સાધવા માટે મુમુક્ષુએ શીઘ્ર કરવા જેવું કાર્ય શું છે તે અહીં સમજાવે છે. ભગવાન આત્મા દેહથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ વસ્તુ છે; તે પોતાને ભૂલીને પોતાના સિવાય કોઈ પણ બીજા પદાર્થના આશ્રયે સુખ થવાનું માને, તો તેમાં મિથ્યાત્વનું સેવન થાય છે. આચાર્યદેવ સમજાવે છે કે હે ભાઈ! તારો સ્વભાવ તારાથી પરિપૂર્ણ છે, તારા જ આશ્રયે તારી મુક્તિ થાય છે; કોઈ બીજાનો આશ્રય કરવા જતાં તો અશુભ કે શુભરાગથી બંધન અને દુઃખ જ થાય છે; મુક્તિનો માર્ગ પરના આશ્રયે નથી, મુક્તિ સ્વદ્રવ્યને આશ્રિત છે......માટે સ્વદ્રવ્યનો આશ્રય કરવો તે મુમુક્ષુનું કામ છે.

તું જીવ છો! તો તારું જીવપણું કેવું છે? તારું જીવન કેવું છે? તેની આ વાત છે. તું પોતે અતીન્દ્રિય આનંદરસનું પૂર છો. શરીર તો જડ છે, ને અંદરના પુણ્ય–પાપના રાગભાવો પણ અશુચી છે, તેમાં ચૈતન્યનો આનંદ નથી. તે પરાશ્રિત ભાવો તે મુક્તિનું કારણ થઈ શકતા નથી; મુક્તિનો માર્ગ ચૈતન્યમય સ્વદ્રવ્યને આશ્રિત છે. શુદ્ધ આત્માને જેઓ ઓળખતા નથી, તેની સન્મુખ થઈને સાચાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર પ્રગટ કરતા નથી, અને પરાશ્રિત શુભભાવરૂપ વ્યવહારશ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રને મોક્ષનું કારણ સમજીને સેવે છે તે મિથ્યાદૃષ્ટિ છે. ભાઈ! તું સ્વદ્રવ્યને જાણીને તેનો આશ્રય કર, તો જ મોક્ષમાર્ગ પ્રગટે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની ભિન્નતાને ઓળખીને સ્વદ્રવ્યના આશ્રયથી જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રગટે છે. માટે હે મુમુક્ષુ! તું શીઘ્ર સ્વદ્રવ્યને જાણ.

જુઓ, આવી વાત શ્રીમદ્ રાજચંદ્રજીએ નાની ઉંમરમાં (સત્તર વર્ષની વય પહેલાં) પણ લખી છે. સાત વર્ષની ઉંમરે તો તેમને જાતિસ્મરણમાં પૂર્વભવનું જ્ઞાન થયું હતું. આપણે ત્યાં રાજુલબેનને પણ

અઢી વર્ષની વયે પૂર્વભવમાં જૂનાગઢમાં ગીતા હતી તેનું જાતિસ્મરણજ્ઞાન થયું છે. એથી પણ વિશેષ નવભવનું જ્ઞાન સોનગઢમાં ચંપાબેનને છે : એમની વાત ઊંડી છે. આત્માની અપાર તાકાત છે. તેને ઓળખીને તેમાં રમણતા કરતાં અપૂર્વ આનંદ અનુભવાય છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ ૧૭ વર્ષની વય પહેલાં જે ૧૨૫ બોધવચનો લખ્યાં છે, તેમાં સ્વદ્રવ્યનો આશ્રય કરવાના ને પરદ્રવ્યનો આશ્રય છોડવાના દશબોલ બહુ સરસ છે.

નિશ્ચયનો આશ્રય કરો ને વ્યવહારનો આશ્રય છોડો–એવો જે સમયસારનો આશય છે તે આશય શ્રીમદ્ રાજચંદ્રજીએ નીચેના દશ બોલમાં બતાવ્યો છે. તેમાં પ્રથમ તો કહે છે કે—

'સ્વદ્રવ્ય અને અન્યદ્રવ્યને ભિન્ન ભિન્ન જુઓ.'

— એ પ્રમાણે બંનેને ભિન્ન જાણીને શું કરવું? તે માટે દશ બોલમાં સરસ ખુલાસો લખ્યો છે :—

☞ સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.

☞ સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.

☞ સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.

☞ સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.

☞ સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.

☞ સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો.

એટલે કે નિશ્ચયનો આશ્રય કરો.......ત્વરાથી કરો...પછી કરશું –એમ વિલંબ ન કરો, પણ ત્વરાથી સ્વદ્રવ્યને ઓળખીને તેનો આશ્રય કરો, તેની રક્ષા કરો ને તેમાં વ્યાપક બનો; પણ રાગના રક્ષક ન બનો, રાગમાં વ્યાપક ન બનો. પહેલાં કાંઈક બીજું કરી લઈએ ને પછી આત્માની ઓળખાણ કરશું–એમ કહે તેને આત્માની રુચિ નથી, આત્માની રક્ષા કરતાં તેને આવડતી નથી. શ્રીમદ્‌રાજચંદ્રજી નાની વયમાં પણ કેટલું સરસ કહે છે? જુઓ તો ખરા! તેઓ કહે છે કે હે જીવો! તમે ત્વરાથી સ્વદ્રવ્યના

રક્ષક બનો......તીવ્ર જિજ્ઞાસા વડે સ્વદ્રવ્યને જાણીને તેના રક્ષક બનો, તેમાં વ્યાપક બનો, તેના ધારક બનો—જ્ઞાનમાં તેની ધારણા કરો; તેમાં રમણ કરનારા બનો, તેના ગ્રાહક બનો; આમ સર્વપ્રકારે સ્વદ્રવ્ય ઉપર લક્ષ રાખીને તેની રક્ષા કરો. આ રીતે નિશ્ચયનું ગ્રહણ કરવાનું કહ્યું. હવે બીજા ચાર વાક્યમાં વ્યવહારનો ને પરનો આશ્રય છોડવાનું કહે છે—

☞ પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.

☞ પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો.

☞ પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.

☞ પરભાવથી વિરક્ત થાઓ.

વિકલ્પ–શુભરાગથી આત્માને કાંઈ લાભ થશે–એવી માન્યતા છોડો; પરદ્રવ્યાશ્રિત જેટલા ભાવો છે તે ભાવો આત્મામાં ધારણ કરવા જેવા નથી, તેની ધારકતા ત્વરાથી છોડવા જેવી છે. લોકો કહે છે કે વ્યવહાર છોડવાનું હમણાં ન કહો. અહીં તો કહે છે કે તેને ત્વરાથી તજો. જેટલા પરદ્રવ્યાશ્રિત ભાવો છે તે બધા શીઘ્ર છોડવા જેવા છે,–એમ લક્ષમાં તો અત્યારે લ્યો.

હે જીવ! અંતરમાં આનંદનો સાગર તારો આત્મા કેવો છે તેને શોધ. સ્વદ્રવ્યને છોડીને પરદ્રવ્યમાં રમવું–તે તને શોભતું નથી, તેમાં તારું હિત નથી. અંતર્મુખ થઈને સ્વદ્રવ્યમાં રમણ કર.....તેમાં તારું હિત ને શોભા છે. તે જ મોક્ષનો માર્ગ છે. મોક્ષને સાધવા માટે હે મુમુક્ષુ! તું ત્વરાથી આમ કર.

# સમ્યગ્દર્શન થવાનું વર્ણન

**નિકટવર્તી શિષ્ય તરત જ સમજી જાય છે અને તરત જ તેને આનંદમય સુંદર બોધતરંગ ઉલ્લસે છે**

જ્ઞાયકભાવનો અનુભવ કરાવવા સમયસારની છટ્ઠી ગાથામાં પર્યાયભેદોનો નિષેધ કર્યો, એટલે પર્યાયભેદના લક્ષરૂપ વ્યવહાર છોડાવ્યો; ને સાતમી ગાથામાં ગુણભેદના લક્ષરૂપ વ્યવહાર છોડાવ્યો છે. એ રીતે વ્યવહારથી પાર એકરૂપ જ્ઞાયકભાવનો નિર્વિકલ્પ અનુભવ થતાં શુદ્ધઆત્મા જણાય છે. આ રીતે ભેદરહિત આત્માનો અનુભવ કરીને તેને શુદ્ધઆત્મા કહ્યો છે. વિકલ્પનો અને ભેદનો અનુભવ તે અશુદ્ધતા છે; શુદ્ધઆત્માના અનુભવમાં તેનો અભાવ છે.

આવા આત્માનો અનુભવ થતાં ચોથું ગુણસ્થાન થયું, એટલે પોતામાં પોતાના પરમાત્માનો ભેટો થયો. આ પરમાત્મામાં વિભાવ છે જ નહિ, એટલે તેની ચિંતા પરમાત્મામાં નથી. આવા આત્માને અનુભવનાર ધર્મી કહે છે કે અહા, અમારું આવું પરમાત્મતત્ત્વ! તેમાં વિભાવ છે જ ક્યાં,—કે તેને ટાળવાની ચિંતા કરીએ? અમે તો વિભાવથી પાર એવા અમારા આ પરમ તત્ત્વને જ અનુભવીએ છીએ. આવી અનુભૂતિ તે જ મુક્તિને સ્પર્શે છે. આ સિવાય બીજી કોઈ રીતે મુક્તિ નથી-નથી.

જે શુદ્ધ પરમતત્ત્વ છે તેના અનુભવમાં તો જ્ઞાન-દર્શન-ચારિત્ર-આનંદ બધું સમાઈ જાય છે; પણ હું જ્ઞાન છું-હું દર્શન છું-હું ચારિત્ર છું—એવા વિકલ્પોનો પરમતત્ત્વમાં પ્રવેશ નથી; તેથી આત્માને જ્ઞાન-દર્શન-ચારિત્રના ભેદથી કહેવો તે પણ વ્યવહાર છે. એવા વ્યવહારના આશ્રયે વિકલ્પ થાય છે, શુદ્ધતત્ત્વ અનુભવમાં નથી આવતું. અભેદના આશ્રયે શુદ્ધતત્ત્વનો નિર્વિકલ્પ અનુભવ થાય છે.

જેણે હજી સ્વભાવનો અનુભવ કર્યો નથી પણ અનુભવ કરવા માટે

જે એકદમ તૈયાર થયો છે, એવા ‘નીકટવર્તી શિષ્યને’ અભેદ સમજાવતાં વચ્ચે ભેદ આવી જાય છે.

શિષ્ય કેવો છે?–નીકટવર્તી છે. તેમાં બે પ્રકાર—

★ એક તો સ્વભાવની નજીક આવેલો છે ને હવે નજીકમાં જ સ્વભાવનો અનુભવ કરવાનો છે, એટલે નીકટવર્તી છે.

★ બીજું, સમજવાની ધગશપૂર્વક જ્ઞાની–ગુરુની નીકટમાં આવ્યો છે, માટે નીકટવર્તી છે.

—આમ ભાવથી અને દ્રવ્યથી બંને રીતે નીકટવર્તી છે.

સ્વભાવની વાત સાંભળતાં ભડકીને દૂર નથી ભાગતો, પણ સ્વભાવની વાત સાંભળવા પ્રેમથી નજીક આવે છે, ને સાંભળીને તેની રુચિ કરીને સ્વભાવમાં નજીક આવે છે. આવો નીકટવર્તી શિષ્ય વ્યવહારના ભેદકથનમાં ન અટકતાં તેનો પરમાર્થ સમજીને આત્માના સ્વભાવનો અનુભવ કરી લ્યે છે. કેવો અનુભવ કરે છે?–કે અનંત ધર્મોને જે પી ગયો છે, અને જેમાં અનંત ધર્મોનો સ્વાદ પરસ્પર કિંચિત્ મળી ગયેલો છે–એવા એક અભેદ સ્વભાવપણે ધર્મી પોતાને અનુભવે છે. જ્ઞાન–દર્શન–ચારિત્રના ભેદને તે નથી અનુભવતો. આવો અનુભવ કરવા માટે તત્પર થયેલા નીકટવર્તી શિષ્યજનને માટે આ શુદ્ધાત્માનો ઉપદેશ છે. પોતાના સ્વાનુભવથી જ આવો આત્મા પમાય છે, બીજા કોઈ પ્રકારે પમાતો નથી.

ધર્મી અને ધર્મ વચ્ચે સ્વભાવભેદ નથી; છતાં ભેદનો વિકલ્પ કરે તો એક ધર્મી–આત્મા અનુભવમાં આવતો નથી. એટલે ભેદરૂપ વ્યવહારને ઓળંગીને, અનંતધર્મસ્વરૂપ એક આત્માને સીધો લક્ષમાં લેતાં નિર્વિકલ્પપણે શુદ્ધ આત્મા અનુભવમાં આવે છે; તેમાં અનંતગુણના સ્વાદરૂપ ‘આત્મરસ’ વેદાય છે.

પોતાની ચૈતન્યવસ્તુનો અનુભવ કરતાં ગુણગુણીભેદનો વિકલ્પ પણ નથી રહેતો, નિર્વિકલ્પ આનંદનો અનુભવ રહે છે. એકલો આનંદ નહિ પણ

અનંત ગુણનો રસ અનુભવમાં એકસાથે વર્તે છે. સમ્યગ્દર્શન થતાં આવી દશા થાય છે.

સમ્યગ્દર્શન થવા કાળે શુદ્ધોપયોગ હોય છે; પણ, 'આ શુદ્ધોપયોગ અને હું આત્મા' એવો ભેદ પણ ત્યાં નથી; અભેદ એક વસ્તુનો જ અનુભવ છે. 'હું શુદ્ધ છું' એવો પણ વિકલ્પ અનુભૂતિમાં નથી. 'હું જ્ઞાયક છું'— એવા વિકલ્પથી શું? તે વિકલ્પમાં કાંઈ આત્મા નથી, વિકલ્પથી પાર થઈને જ્ઞાન જ્યારે સ્વસન્મુખ એકાગ્ર થયું ત્યારે આત્મા સાક્ષાત્ અનુભવમાં આવ્યો, ત્યારે જ્ઞાન ઈન્દ્રિયોથી ને આકુળતાથી પાર થઈને આત્મામાં વળ્યું. આત્મા પોતાના યથાર્થસ્વરૂપે પોતામાં પ્રસિદ્ધ થયો.–આવી સમ્યગ્દર્શનની રીત છે.

અનાદિનું તો મિથ્યાત્વ છે, પણ જ્ઞાન જ્યાં જાગ્યું ને જ્ઞાનસ્વભાવરૂપ પોતાનો નિર્ણય કરીને, રાગથી જુદું પડી સ્વસન્મુખ થયું ત્યાં એકક્ષણમાં સમ્યગ્દર્શન થાય છે. એકક્ષણમાં મિથ્યાત્વનો નાશ કરીને સમ્યગ્દર્શન કરવાની આત્મામાં અચિંત્ય તાકાત છે.

સમ્યગ્દર્શન માટે શુદ્ધ આત્માનું સ્વરૂપ આચાર્યદેવ સમજાવે છે, ત્યારે જિજ્ઞાસુ શિષ્ય આંખો ફાડીને એટલે કે સમજવાની ધગશથી જ્ઞાનને એકાગ્ર કરીને લક્ષમાં લ્યે છે; તેને શુદ્ધાત્માને લક્ષમાં લેવાની ઈંતેજારી છે. સાંભળતાં–સાંભળતાં ઊંઘતો નથી, અથવા સંદેહ કે કંટાળો કરતો નથી; પણ ટગટગ મીટ માંડીને સમજવા તરફ જ્ઞાનને એકાગ્ર કરે છે.

શુદ્ધાત્માનું સ્વરૂપ સાંભળતાં તત્કાળ જ તેમાં ઉપયોગ લગાવીને એકાગ્ર કરે છે, પ્રમાદ કરતો નથી, 'પછી વિચાર કરીશ, ઘરે જઈને પછી કરીશ, ફૂરસદે કરીશ'—એમ બેદરકારી કરતો નથી, પણ તત્ક્ષણે જ તેવા શુદ્ધ આત્મામાં ઉપયોગને એકાગ્ર કરે છે ને આનંદપૂર્વક આત્માને અનુભવે છે.–આવી ઉત્તમ પાત્રતાવાળો શિષ્ય તરત જ સમ્યગ્દર્શન પામી જાય છે. જેમ ૠષભદેવના જીવને જુગલિયાના ભવમાં મુનિઓએ સમ્યગ્દર્શનનો ઉત્તમ ઉપદેશ આપીને કહ્યું કે, હે આર્ય! તું હમણાં જ આવા સમ્યક્ત્વને ગ્રહણ કર. (तत्गृहाणाद्य सम्यक्त्वं तत्लाभे काल एष ते ।)—મુનિઓનો તે

ઉપદેશ સાંભળતાંવેંત તે જ ક્ષણે અંતર્મુખ થઈને તે જીવે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું. આ રીતે ઉત્તમ પાત્રતાવાળા જીવની વાત લીધી છે કે–જેને ઉપદેશ સાંભળતાંવેંત તરત અંતરમાં પરિણમી જાય છે.

શ્રીગુરુએ જ્ઞાયકઆત્મા બતાવ્યો; અને શિષ્યને સમજાવવા માટે એટલો ભેદ પાડીને કહ્યું કે ‘જ્ઞાન–દર્શન–ચારિત્રસ્વરૂપ આત્મા છે.’ એટલું સાંભળતાં તે શિષ્ય, દર્શન–જ્ઞાન–ચારિત્રના ભેદના વિકલ્પમાં ઊભો ન રહ્યો પણ જ્ઞાનને અભેદમાં એકાગ્ર કરીને સીધો આત્માને પકડી લીધો કે, અહો! આવો આત્મા ગુરુએ મને બતાવ્યો! આ રીતે શ્રીગુરુએ નીકટવર્તી શિષ્યને અભેદ આત્મા સમજાવવા ભેદ પાડીને સમજાવ્યું અને પાત્ર શિષ્ય પણ તત્કાળ ભેદનું લક્ષ છોડીને અભેદ આત્માને સમજી ગયો; વાર ન લગાડી, બીજા કોઈ લક્ષમાં ન અટક્યો, પણ તરત જ જ્ઞાનને અંતરમાં ટગટગ એકાગ્ર કરીને આત્માને સમજી ગયો. સમજતાં તેને આત્મામાં શું થયું?–કે તત્કાળ અત્યંત આનંદસહિત સુંદર બોધતરંગ ઊછળવા લાગ્યા. અહા, જ્ઞાન સાથે પરમ આનંદના તરંગ ઊછળ્યા. જાણે આખો આનંદનો દરિયો ઊછળ્યો. પોતામાં જ આનંદનો દરિયો દેખ્યો. નિર્વિકલ્પ અનુભૂતિ કરીને ભગવાનસ્વરૂપે પોતે જ પોતામાં પ્રગટ થયો.

જેમ આ શિષ્યે તત્કાળ નિર્વિકલ્પ આનંદસહિત આત્માનો અનુભવ કર્યો તેમ દરેક જીવમાં એવો અનુભવ કરવાની તાકાત છે. અંદર જ્ઞાનને એકાગ્ર કરવું જોઈએ. વાણીમાં કે વિકલ્પમાં ક્યાંય ન અટકતાં, શુદ્ધાત્મા ઉપર ટગટગ મીટ માંડીને જ્ઞાનને તેમાં એકાગ્ર કર્યું, ત્યાં અતીન્દ્રિય જ્ઞાનતરંગ પ્રગટ્યા અને સાથે પરમ આનંદનો અનુભવ થયો.–સમ્યગ્દર્શન થવાનું આ વર્ણન છે.

શ્રોતા–શિષ્ય એવો પાત્ર હતો કે ભેદની દૃષ્ટિ છોડીને સીધો અભેદમાં ઘૂસી ગયો.....ભેદનું–વ્યવહારનું–શુભનું આલંબન છોડવામાં એને સંકોચ ન થયો; શુદ્ધઆત્માને લક્ષમાં લેતાં જ મહાન આનંદસહિત એવું નિર્મળ જ્ઞાન ખીલ્યું કે બધા ભેદનું–વ્યવહારનું–રાગનું આલંબન છૂટી ગયું. જ્ઞાન અને રાગની અત્યંત ભિન્નતા અનુભવમાં આવી ગઈ. જ્ઞાન સાથે

આનંદ હોય છે; જેમાં આનંદનું વેદન નહીં તે જ્ઞાન સાચું જ્ઞાન જ નથી. આનંદ વગરના એકલા જાણપણાને ખરેખર જ્ઞાન કહેતા નથી. એકલું પરલક્ષી જ્ઞાન તે સાચું જ્ઞાન નથી.

શિષ્ય સીધો અભેદને પહોંચી શક્યો ન હતો ત્યાં સુધી વચ્ચે ભેદ હતો, શ્રીગુરુએ પણ ભેદથી સમજાવ્યું હતું, પણ તે ભેદ, ભેદનું આલંબન કરવા માટે ન હતો, વક્તાને કે શ્રોતાને કોઈને ભેદના આલંબનની બુદ્ધિ ન હતી, તેમનો અભિપ્રાય તો અભેદ વસ્તુ જ બતાવવાનો અને તેનો જ અનુભવ કરવાનો હતો. તે અભિપ્રાયના બળે જ્ઞાનને અંતરના અભેદ સ્વભાવમાં એકાગ્ર કરીને દર્શન–જ્ઞાન–ચારિત્રના ભેદનું અવલંબન પણ છોડી દીધું......ને તરત જ મહાન અતીન્દ્રિય આનંદસહિત સમ્યગ્જ્ઞાનના સુંદર તરંગ ખીલી ઊઠ્યા....સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, પરમ આનંદ થયો. આવી નિર્વિકલ્પ અનુભૂતિસહિત શિષ્ય પોતાના આત્માનું શુદ્ધસ્વરૂપ સમજી ગયો.

—આવા ભાવથી સમયસાર સાંભળે તેને પણ નિર્વિકલ્પ આનંદના અનુભવ સહિત સમ્યગ્દર્શન થાય જ. અહીં તો કહે છે કે વાર ન લાગે, પણ તરત જ થાય. પોતાના આત્માની પ્રાપ્તિ માટે જેને સાચી તૈયારી થાય તેને તરત જ તેની પ્રાપ્તિ થાય જ; અરે, આકાશમાંથી ઊતરીને સંતો તેને શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવે.—જેમ મહાવીરના જીવને સિંહના ભવમાં, અને ૠષભદેવના જીવને ભોગભૂમિના ભવમાં સમ્યક્ત્વની તૈયારી થતાં ઉપરથી ગગનવિહારી મુનિઓએ ત્યાં ઊતરીને તેને આત્માનું સ્વરૂપ સમજાવ્યું, ને તે જીવો પણ સમ્યગ્દર્શન પામ્યા. કેવી રીતે પામ્યા?–તે વાત આ ગાથામાં સમજાવી છે. ભેદનું લક્ષ છોડી, અનંતધર્મથી અભેદ આત્મામાં જ્ઞાનને એકાગ્ર કરતાં, નિર્વિકલ્પ આનંદના અનુભવસહિત સમ્યગ્દર્શન પામ્યા, સુંદર બોધતરંગ ઉલ્લસ્યા. આ રીતે તત્કાળ સમ્યગ્દર્શન થવાની રીત સમજાવીને સંતોએ પરમ અચિંત્ય ઉપકાર કર્યો છે.

# તીર્થંકરોના માર્ગમાં પ્રવેશવાનો દરવાજો

**આત્માનો પરમ સ્વભાવ સત્ છે; તે સત્‌ને લક્ષમાં લઈ, તેનો પક્ષ કરી, તેના અભ્યાસમાં દક્ષ થઈ ને તેને સ્વાનુભવથી પ્રત્યક્ષ કરો....એટલે અપૂર્વ આનંદસહિત મોક્ષનો માર્ગ આત્મામાં ખૂલી જશે.**

આત્માને સમ્યગ્દર્શન કેમ થાય એટલે તીર્થંકરોના માર્ગમાં પ્રવેશ કેમ થાય–તેની આ વાત ચાલે છે.

વ્યવહારના અનેક પ્રકારો છે, કેમ કે તેમાં સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત છે, ને કર્મ સાથે ભેળસેળવાળા અનેક ભાવો અનુભવાય છે. જ્યારે નિશ્ચયનો પ્રકાર એક જ છે, તેમાં સહજ એક જ્ઞાયકભાવપણે જ આત્મા અનુભવાય છે; અને એવા સહજ એક જ્ઞાયકભાવને શુદ્ધનય વડે જેઓ દેખે છે તેઓ સમ્યગ્દૃષ્ટિ છે, તેઓ જ સાચા આત્માને દેખનારા છે. આવા આત્માને દેખીને તીર્થંકર ભગવંતોના માર્ગમાં પ્રવેશ કરાય છે. રાગાદિ અશુદ્ધભાવપણે જ પોતાને જે અનુભવે છે તેને તીર્થંકરોના માર્ગમાં પ્રવેશ થતો નથી એટલે કે ધર્મની શરૂઆત થતી નથી. ભગવંત તીર્થંકરોએ બતાવેલા મોક્ષમાર્ગમાં પ્રવેશવાનો દરવાજો શુદ્ધનય છે.

દુનિયામાં ઘણા જીવો તો રાગાદિ અશુદ્ધભાવપણે જ આત્માને અનુભવે છે; શુદ્ધનય વડે ભેદજ્ઞાન કરીને શુદ્ધઆત્માનો અનુભવ કરનારા જીવો તો થોડા વિરલા જ છે. અહીં પાણી અને કાદવના દૃષ્ટાંતથી તે વાત સમજાવે છે.

આત્માનો સહજ એક જ્ઞાયકભાવ, અને મોહાદિ અશુદ્ધ ભાવો સર્વથા એકમેક નથી પણ જુદા સ્વભાવવાળા છે. જેમ પાણી અને કાદવ સર્વથા એક નથી તેથી નિર્મળી ઔષધિ વડે તેને જુદા પાડી શકાય છે;

તેમ શુદ્ધનયરૂપી પરમ નિર્મળ ઔષધ વડે આત્માને અને મોહાદિ અશુદ્ધભાવોને ભિન્ન કરીને, શુદ્ધઆત્માનો અનુભવ થઈ શકે છે.

આત્માનો સહજ એક જ્ઞાયકભાવ તો સદાય વિદ્યમાન છે, પણ એકાંત રાગને જ અનુભવનાર અજ્ઞાનીની દ્રષ્ટિમાં તે જ્ઞાયકસ્વભાવ દેખાતો નથી, તેથી અજ્ઞાનીને માટે તે ઢંકાઈ ગયો છે એમ કહ્યું છે. તેનો કાંઈ અભાવ નથી થઈ ગયો પણ અજ્ઞાનીની દ્રષ્ટિમાં તે દેખાતો નથી, તેને તો અશુદ્ધતા જ દેખાય છે. સહજ એક જ્ઞાયકભાવને દેખવા માટે તો શુદ્ધનયની દ્રષ્ટિ જોઈએ. શુદ્ધનયમાં જ એવી તાકાત છે કે સર્વે અશુદ્ધભાવોથી ભિન્ન એવા એક સહજ જ્ઞાયકભાવપણે આત્માને અનુભવમાં લ્યે. શુદ્ધનય પોતે ભૂતાર્થ આત્મસ્વભાવમાં અભેદ થઈને તેને અનુભવે છે, તેથી તેને ભૂતાર્થ કહ્યો છે. આવો અનુભવ તે જ સમ્યગ્દર્શન છે, તેમાં આત્માનો આનંદ ઝરે છે. એની દ્રષ્ટિમાં ભગવાન આત્મા જેવો છે તેવો શુદ્ધપણે ખુલ્લો થયો; પહેલાં તિરોભૂત હતો તે હવે શુદ્ધનય વડે પ્રગટ થયો. આમાં ભૂતાર્થ આત્માનું જ્ઞાન, અને સમ્યગ્દર્શન બંને એકસાથે છે.

કર્મ સાથેના સંબંધ વગરના શુદ્ધ જ્ઞાનરસથી ભરપૂર આત્માને જે નથી અનુભવતો તે પોતાને કર્મ તરફના અશુદ્ધ ભાવપણે જ અનુભવે છે, એટલે તે કર્મને જ અનુભવે છે. વ્યવહારનય આવા અશુદ્ધ આત્માને દેખે છે તેથી તે અભૂતાર્થ છે–અસત્યાર્થ છે, આત્માના સત્ય–ભૂતાર્થસ્વભાવને વ્યવહારનય નથી દેખતો; આત્માને દેખવા માટે તો અતીન્દ્રિયદ્રષ્ટિરૂપ શુદ્ધનય જોઈએ.

આત્માનું જીવન તો સમ્યગ્દર્શનમાં છે; રાગમાં કે દેહમાં કાંઈ આત્માનું જીવન નથી. ભાઈ! તારું જીવન જીવતાં તને આવડ્યું નથી. તારું ખરું સ્વરૂપ બતાવીને સાચું જીવન જીવવાની રીત તને સંતો બતાવે છે. પહેલાં તો ચેતનથી અન્ય જે પરભાવો તે બધાયને શુદ્ધનય વડે તારાથી જુદા કર; અને સર્વ પરભાવથી રહિત એક ભૂતાર્થ શુદ્ધાત્માને દેખ. શુદ્ધાત્મા ઉપર દ્રષ્ટિ રાખીને જે નિર્મળ જ્ઞાન–આનંદધામમાં પવિત્ર

જીવન છે તે આત્માનું સાચું જીવન છે. તે જીવનમાં અનંત ગુણોની શુદ્ધતા પ્રગટ અનુભવાય છે.

જ્યાં તું છો ત્યાં રાગ અને શરીર નથી. જ્યાં શરીર અને રાગ છે ત્યાં તું નથી. તું તારા ચેતનધામમાં છો; ચેતનમાં રાગ નથી ને રાગાદિમાં ચેતન નથી. શરીર તો અચેતન છે, તેમાં જીવ કેવો? ને જીવમાં શરીર કેવું?

સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થાય, અને તેની પ્રાપ્તિ થતાં આત્મામાં શું થાય, તેની આ વાત છે. અહો! આત્માના હિતની મીઠી મધુરી આ વાત છે. આવું પરમ વીતરાગી સત્ય અત્યારે બહાર આવ્યું છે ને હજારો જીવો જિજ્ઞાસાથી તે સાંભળે છે. આવા સત્યનો પક્ષ કરવા જેવો છે. આત્માના સ્વભાવની આ સત્ય વાત લક્ષમાં લઈને તેનો પક્ષ કરવા જેવો છે, ને પછી વારંવાર તેના અભ્યાસ વડે તેમાં દક્ષ થઈને અનુભવ વડે પ્રત્યક્ષ કરવા જેવું છે. તદ્દન સહેલી શૈલીથી સૌને સમજાય તેવું આ સત્ય છે. જ્ઞાનપ્રભાવનાની ઉત્તમ લાગણીપૂર્વક ગુરુદેવ કહે છે કે–અત્યારે તો લોકોને આવું સત્ય મળે તે માટે સહેલું અને સસ્તું સાહિત્ય ખૂબ પ્રચાર કરવા જેવું છે. બીજે ઠેકાણે મોટા ખર્ચા કરવા કરતાં આવા પરમ સત્યનો પ્રચાર થાય તેવું સાહિત્ય ‘સહેલું અને સસ્તું’ ખૂબ બહાર આવે તે કરવા જેવું છે. જોકે સોનગઢથી ઘણું સાહિત્ય બહાર આવ્યું છે ને લોકો પણ ખૂબ વાંચે છે. દશ લાખ પુસ્તકો તો બહાર પડી ગયાં છે, છતાં હજી ઘણું સાહિત્ય સૌને સમજાય તેવી સહેલી ભાષામાં ને સસ્તી કિંમતમાં વધુ ને વધુ બહાર આવે ને સાચા જ્ઞાનનો પ્રચાર થાય તેવું કરવા જેવું છે. અત્યારે તત્ત્વના જિજ્ઞાસુ ઘણા લોકો તૈયાર થયા છે, ને આત્માના સ્વભાવની આવી ઊંચી વાત પ્રેમથી સાંભળે છે. જિજ્ઞાસુ લોકોના ભાગ્યે આવું વીતરાગી સત્ય બહાર આવ્યું છે.

અહા! હું પોતે જ્ઞાનસ્વભાવ આત્મા છું એવો પહેલાં અંદર નિર્ણય કરવો જોઈએ. જ્ઞાન છે તે રાગને જાણે છે પણ પોતે રાગરૂપ થતું નથી. જ્ઞાનની તાકાતમાં રાગ જણાઈ જાય છે; પણ અંતરમાં ઉપયોગને જોડીને

શુદ્ધઆત્માને જે અનુભવે છે તેને તો તે કાળે શુદ્ધનયથી શુદ્ધ પરમભાવનો જ અનુભવ છે. તે વખતે તો વ્યવહારનું લક્ષ પણ નથી. વ્યવહારના કાળે વ્યવહારનું જ્ઞાન હોય છે, તેથી તે કાળે તે વ્યવહારનું જ્ઞાન પ્રયોજનવાન છે. પણ શુદ્ધઆત્માની અનુભૂતિના નિર્વિકલ્પ આનંદ ટાણે તો વ્યવહારનું કાંઈ પ્રયોજન નથી, તેમાં તો અભેદનો જ સાક્ષાત્ અનુભવ છે. પર્યાયમાં ભલે રાગાદિ હો, પણ શુદ્ધનય વડે જોતાં રાગ એકકોર રહી જાય છે ને શુદ્ધાત્મા પરમભાવરૂપે અનુભવાય છે. આવો અનુભવ તે આત્માનું જીવન છે, તે સમ્યગ્દર્શન છે. જેમ સોની સોનું અને લાખને ભેગાં ગણીને કિંમત નથી ગણતો, પણ લાખને જુદી પાડીને એકલા સોનાની કિંમત ગણે છે, તેમ શુદ્ધનયવાળા જ્ઞાની, આત્માને અને રાગને ભેળસેળ ગણીને આત્માની કિંમત નથી ગણતા, પણ રાગને બાદ કરીને એકલા જ્ઞાન–આનંદરૂપે થયેલા શુદ્ધઆત્માની કિંમત ગણે છે; તે જ શુદ્ધનયની દ્રષ્ટિથી સાચા આત્માને અનુભવે છે; તે જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે; તે જ મુમુક્ષુ જીવનું જીવન છે.

પરભાવોથી ભિન્ન આત્માના ભૂતાર્થસ્વભાવની અનુભૂતિ તે સમ્યગ્દર્શન છે. કર્મ સાથે ભેળસેળવાળા અશુદ્ધભાવો છે તે અભૂતાર્થ છે; અને નિર્મળગુણ–પર્યાયના ભેદો પણ વ્યવહારનયના વિષયમાં છે, શુદ્ધઆત્માની અનુભૂતિમાં તે ભેદો નથી, માટે તે બધા ભેદો અભૂતાર્થ છે. વસ્તુનું સ્વરૂપ સમજાવવા માટે ભેદરૂપ વ્યવહારનો ઉપદેશ તો ઘણો આવે, પણ તેમાં તે વ્યવહારનો આશ્રય કરવાનું પ્રયોજન નથી. અભેદસ્વભાવ બતાવવા માટે વ્યવહારી જીવની ભાષામાં વ્યવહારથી ભેદ પાડીને કહેવામાં આવ્યું છે; પણ કહેનારનો આશય પરમાર્થ સ્વરૂપ બતાવવાનો છે, અને શ્રોતા પણ જો એવો આશય સમજીને પરમાર્થસ્વરૂપને લક્ષમાં લ્યે તો તેણે સાચું શ્રવણ કર્યું છે.

પરમાર્થસ્વરૂપ અભેદ આત્માને દ્રષ્ટિમાં લઈને તેનો અનુભવ કરતાં તેમાં ગુણભેદ કે પર્યાયભેદ દેખાતા નથી, તેમાં રાગ કે પરદ્રવ્યનો સંબંધ નથી. આવી દ્રષ્ટિપૂર્વક પર્યાયનું પણ જ્ઞાન ધર્મી કરે છે તે વ્યવહાર છે.

પોતાની શુદ્ધપર્યાયને ભેદ પાડીને જાણવી તે પણ વ્યવહાર છે. અને તે ભૂમિકામાં જિનેન્દ્રભગવાનની ભક્તિનો ભાવ, ગુરુના બહુમાનનો ભાવ, શાસ્ત્રરચના વગેરેનો ભાવ, ગૃહસ્થને જિનપૂજા, આહારદાન વગેરેનો ભાવ—એવા ભાવોને તે–તે કાળે ધર્મી જાણે છે તે વ્યવહાર છે. જ્ઞાનમાં જ્ઞેયપણે તે તે પ્રકારનો વ્યવહાર જણાય છે. વ્યવહારમાં તન્મય થયા વગર સાધક તેને જાણે છે. શુદ્ધ દ્રવ્યના જ્ઞાન સાથે પોતાની પર્યાયનું પણ જ્ઞાન હોય છે, અને તે જ્ઞાન સાધકને તે–તે કાળે પ્રયોજનવાન છે. તે કાળે એટલે જ્યારે વિકલ્પ છે, પર્યાય ઉપર લક્ષ જાય છે ત્યારે તે પર્યાયનું જ્ઞાન કરે છે. જેને શુદ્ધાત્માના અનુભવમાં લીનતા જ છે, તેને તો વિકલ્પ જ નથી, પર્યાયના ભેદનું લક્ષ જ નથી, એટલે તેને તે વ્યવહારને જાણવાનું પ્રયોજન રહ્યું નથી, તે તો સાક્ષાત્ પરમાર્થ શુદ્ધઆત્માને જ અનુભવે છે.

સમ્યગ્દ્રષ્ટિજીવની નાનામાં નાની દશાને જ્ઞાનની જઘન્ય દશા કહેવાય છે, કેવળજ્ઞાન થાય તે જ્ઞાનનો ઉત્કૃષ્ટભાવ છે. એ સિવાયના સાધકદશાના જેટલા પ્રકારો છે તે બધા મધ્યમભાવ છે. હવે વ્યવહારનય તો પરદ્રવ્યના સંબંધથી અશુદ્ધભાવને કહેનારો છે, એટલે પર્યાયની અશુદ્ધતાને તે દેખાડે છે. પરમાર્થમાં શુદ્ધ આત્માનો જ અનુભવ છે. સાધકને આવા શુદ્ધ આત્માનો અનુભવ થયો છે એટલે પર્યાયમાં પણ કેટલીક શુદ્ધતા પ્રગટી છે, અને હજી પર્યાયમાં કેટલીક અશુદ્ધતા પણ છે, સવિકલ્પદશામાં રાગાદિ ભાવો થાય છે.–આમ બંને પ્રકાર સાધકને એક સાથે વર્તે છે. તેમાં જ્યારે પરમ શુદ્ધ સ્વભાવના અનુભવમાં સ્થિર નથી ને વિકલ્પદશામાં છે ત્યારે પર્યાયની શુદ્ધતા–અશુદ્ધતા વગેરે પ્રકારોરૂપ વ્યવહારને પણ તે જાણે છે,—વ્યવહારમાં ઉત્સુકતા ન હોવા છતાં વ્યવહારના પ્રકારો તેના જ્ઞાનમાં જ્ઞેયપણે જણાઈ જાય છે.–આવું સ્વ–પર પ્રકાશક જ્ઞાન પ્રયોજનવાન છે; રાગનો કે વ્યવહારનો આશ્રય કરવા જેવો છે–એવો આનો અર્થ નથી; પણ જ્ઞાનમાં જણાયેલો તે વ્યવહાર પ્રયોજનવાન છે. 'તે કાળે પ્રયોજનવાન' એમ કહીને તેનું જ્ઞાન કરાવ્યું છે પણ તેનો આશ્રય તો છોડવા જેવો છે. વ્યવહારના ભાવોથી જુદો પડીને પરમાર્થ આત્માની દૃષ્ટિ કરી ત્યારે જ

વ્યવહારનું જ્ઞાન સાચું થયું. જે પરમાર્થની દૃષ્ટિ ન કરે, અને વ્યવહારના આશ્રયની બુદ્ધિ રાખે તેને તો વ્યવહારનું પણ સાચું જ્ઞાન થતું નથી, તેને તો શાસ્ત્રોએ વ્યવહારમૂઢ કહ્યો છે.

ભાઈ! તારા આત્મામાં જે નિશ્ચય અને વ્યવહાર છે તેનું આ રહસ્ય શાસ્ત્રોએ ખુલ્લું કર્યું છે; તેને તું ઓળખ તો ખરો. નિશ્ચય શું? ને પર્યાયમાં વ્યવહાર કેવો હોય? તેને જાણવું જોઈએ. વ્યવહારનય પણ જાણવા યોગ્ય છે, પરંતુ ગ્રહણ કરવા યોગ્ય નથી. સમ્યક્ત્વાદિને માટે ગ્રહણ કરવા યોગ્ય એક પરમ જ્ઞાયકભાવ જ છે.

આત્માનું શુદ્ધસ્વરૂપ એક પ્રકારનું છે, તેને શુદ્ધનય દેખે છે; વ્યવહારમાં પર્યાયના અનેક પ્રકારો પડે છે, તેને વ્યવહારનય દેખાડે છે. આવા નિશ્ચય–વ્યવહારનયો સાધકને જ હોય છે; અજ્ઞાનીને હોતા નથી, કેવળીને હોતા નથી. અજ્ઞાનીને તો શુદ્ધઆત્માની દૃષ્ટિ જ ન હોવાથી સાધકભાવ શરૂ જ થયો નથી; અને કેવળજ્ઞાનીને તો પૂર્ણતા થઈ ગઈ છે; વચ્ચે જે સાધક છે, જેણે શુદ્ધઆત્માની દૃષ્ટિથી સાધકદશા શરૂ થઈ છે, પણ હજી પૂરી થઈ નથી તે સાધક જીવ બંને નયોના જ્ઞાનપૂર્વક શુદ્ધસ્વભાવના આશ્રયે શુદ્ધતાને સાધતો જાય છે.—આનું નામ ધર્મ અને મોક્ષમાર્ગ છે. જેણે આ રીતે નિશ્ચય–વ્યવહાર જાણીને શુદ્ધઆત્માની દૃષ્ટિ કરી તેણે પોતાના આત્મામાં મોક્ષ માટેનું મંગલ–શિલાન્યાસ કર્યું. હવે અલ્પકાળમાં તે જીવ મોક્ષમંદિરમાં અનંત આનંદ સહિત સાદિ અનંતકાળ બિરાજમાન થશે.

❁

★ જ્ઞાન જગતનું શિરતાજ છે; જ્ઞાન આનંદનું ધામ છે.

★ જ્ઞાનની અચિંત્ય મહાનતા પાસે રાગાદિ પરભાવોનું કાંઈ જોર ચાલતું નથી; જ્ઞાનથી તે સર્વે પરભાવો જુદા જ રહે છે. જ્ઞાન તો કોઈ પરભાવથી ન દબાય એવું મહાન છે. આવા જ્ઞાનપણે જ હે જીવ! તું તને ચિંતવ.

# ભૂતાર્થદષ્ટિથી સાચો આત્મા દેખાય છે
## ને અપૂર્વ આનંદ થાય છે

હે જીવ! આત્માના આનંદની કમાણીની આ મોસમ છે. સત્સમાગમે આત્માની સમજણ કરીને સમ્યગ્દર્શન વડે તારા આત્મામાં મોક્ષમંદિરનું શિલાન્યાસ કર. હવે બીજે ક્યાંય રોકાઈશ મા. શીઘ્ર તારા ચૈતન્યરત્નની કમાણી કરી લેજે.

દેહ–દેવળમાં બિરાજમાન ચૈતન્યમૂર્તિ આત્મા પવિત્ર છે તે મંગળ છે. આવા આત્માનું લક્ષ કરીને તેનાં શ્રદ્ધા–જ્ઞાન કરતાં આત્માને અપૂર્વ શાંતિ મળે છે તે માંગળિક છે. આત્મા સિવાય શરીરાદિ પરવસ્તુમાં ‘આ હું છું, આ મારું છે’ એવો અહંભાવ અને મમત્વભાવ તે અમંગળ છે– દુઃખ છે. આત્માના ભાન વડે તે મમત્વના પાપને જે ગાળે, ને ‘મંગ’ એટલે કે સુખને લાવે તે સાચું માંગળિક છે. આનંદના સ્વભાવથી ભરેલો આત્મા, તેને જ્યાં અંતરના શ્રદ્ધા–જ્ઞાનમાં સ્થાપ્યો ત્યાં તે ધર્મીના અંતરમંદિરમાં બીજા કોઈ રાગાદિ પરભાવનો પ્રેમ રહેતો નથી. જેમ સતીના મનમાં પતિ સિવાય બીજાનો પ્રેમ હોતો નથી, તેમ સત્ એવો જે આત્મસ્વભાવ, તેને સાધનારા ધર્માત્માને પોતાના ચિદાનંદસ્વભાવ સિવાય બીજા કોઈ પરભાવનો રંગ હોતો નથી; ચૈતન્યનાથનો જે રંગ લાગ્યો તેમાં હવે ભંગ પડે નહીં. પ્રભો! સ્વભાવનું સ્મરણ અને વિભાવનું વિસ્મરણ કરીને અમે આપના માર્ગે આવનારા છીએ; અમે આપના કુળના છીએ, હે પ્રભુ! મોક્ષમાર્ગમાં જે પગલે આપ ચાલ્યા અને પૂર્ણસુખને પામીને અમને તે માર્ગ બતાવ્યો, તે જ માર્ગે આપના પગલે આવવું તે અમારો માર્ગ છે. અમારી પર્યાય હવે અંતરના પગલે વળી છે. ચિદાનંદ આત્માનો આવો પ્રેમ કરીને તેમાં અંતર્મુખ થવું તે મંગળ છે, તે મોક્ષમાર્ગ છે. તે મોક્ષમાર્ગમાં પ્રવેશવાની રીત સંતો બતાવે છે.

અહો! કુંદકુંદાચાર્યદેવ મદ્રાસ તરફ પોન્નૂરમાં રહેતા હતા ને ત્યાંથી વિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્માની સભામાં આવ્યા હતા; તેના 'અમે' સાક્ષી છીએ. જેઓ શુદ્ધાત્માના પ્રચુર આનંદના સ્વસંવેદનમાં લીન હતા, રાગ વગરના સ્વસંવેદનપ્રત્યક્ષથી આત્માને અનુભવતા હતા, તેઓ વિદેહક્ષેત્રમાં જઈ ભગવાન પાસેથી જે ભાતું લાવ્યા તે તેમણે આ સમયસાર દ્વારા સગાંવહાલાંને આપ્યું છે, એટલે કે મુમુક્ષુ જીવોને પીરસ્યું છે. આમાં જૈનશાસનની ઉત્કૃષ્ટ વાત છે, સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્ર કેમ થાય તેની રીત બતાવીને આચાર્યદેવે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને ભગવાનની વાણીની પ્રસાદી આપી છે. જેમ ઘરના કોઈ માણસ બહારગામ જાય ને પછી પાછા આવે ત્યારે સાથે ઘરનાં છોકરાં માટે ને સગાંવહાલાં માટે ભાગ લેતા આવે છે, ને પ્રેમથી સૌને આપે છે, તેમ કુંદકુંદાચાર્યદેવ વિદેહક્ષેત્રમાં જઈને સીમંધર ભગવાનની દિવ્યધ્વનિમાંથી જે ભાગ લઈ આવ્યા, આત્માના આનંદનું જે ભાતું લઈ આવ્યા,–તે તેમણે આ સમયસાર દ્વારા ભરતક્ષેત્રના ભવ્ય જીવોને આપીને મહાન ઉપકાર કર્યો છે.

આવા કુંદકુંદાચાર્યદેવે રચેલા સમયસારની આ ૧૧મી ગાથા વંચાય છે;—જૈનધર્મનું રહસ્ય આચાર્યદેવે આ ગાથામાં ભર્યું છે.

વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;
ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે.

નિશ્ચય–વ્યવહાર સંબંધી ઝઘડા ઊકલી જાય ને આત્માને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થાય એવા ભાવો આ ગાથામાં ભર્યા છે. વ્યવહારના જે અનેક પ્રકારના વિકલ્પો, તેમાં છેલ્લામાં છેલ્લો સૌથી સૂક્ષ્મ વ્યવહાર–'જ્ઞાનદર્શન–ચારિત્રસ્વરૂપ આત્મા' એવા ગુણ–ગુણીભેદરૂપ છે. આવા ગુણ–ગુણીભેદરૂપ વ્યવહાર પણ આશ્રય કરવા જેવો નથી, કેમ કે તેના લક્ષે પણ વિકલ્પ થાય છે, શુદ્ધાત્માનો અનુભવ થતો નથી. અભેદ અનુભૂતિરૂપ જે શુદ્ધઆત્મા, તેને દેખનારો શુદ્ધનય છે, તે જ ભૂતાર્થ છે, તેના જ અનુભવથી સમ્યગ્દર્શનાદિ થાય છે.

'જ્ઞાનસ્વરૂપ આત્મા છે,' એવા ગુણગુણી ભેદનો વિકલ્પ, આત્માનો

અનુભવ કરવા જતાં વચ્ચે આવશે ખરો, પણ તેનો આશ્રય સમ્યગ્દર્શનમાં નથી, સમ્યગ્દ્રષ્ટિ તે વિકલ્પરૂપ વ્યવહારનું શરણ લઈને અટકતા નથી, પણ તેનેય છોડવા જેવો સમજીને અંતરના શુદ્ધાત્માને તે વિકલ્પથી જુદો અનુભવે છે. આવો અનુભવ તે જ વીતરાગનો માર્ગ છે. મોક્ષને માટે આત્મામાં આ સમ્યગ્દર્શનરૂપી શિલાન્યાસ કરવાની વાત છે. ભૂતાર્થદ્રષ્ટિરૂપી ધ્રુવ પાયો નાંખીને આત્મામાં જેણે સમ્યગ્દર્શનરૂપી શિલા રોપી તેને અલ્પકાળમાં મોક્ષના પરમ આનંદરૂપી મહેલ થશે.

સમયસારની પહેલી ગાથામાં સર્વે સિદ્ધોને વંદન કર્યા.......એટલે પોતાની જ્ઞાનદશાના આંગણે અનંત સિદ્ધોને બોલાવીને સ્વાગત કર્યું; જે જ્ઞાને અનંત સિદ્ધોનો સ્વીકાર કર્યો તે જ્ઞાન રાગથી જુદું પડી ગયું છે. શરીરમાં કે રાગમાં સિદ્ધોને પધરાવી શકાય નહીં; પણ સાધક પોતાની જ્ઞાનપર્યાયમાં સિદ્ધોને પધરાવે છે;—કઈ રીતે? પર્યાયને રાગાદિથી ભિન્ન કરીને અંતરના જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર કરી, ત્યાં તે પર્યાયમાં શુદ્ધ આત્માનો સ્વીકાર થયો, ને શુદ્ધાત્માના સ્વીકારમાં અનંત સિદ્ધભગવંતોનો સ્વીકાર ને સત્કાર થયો. તેના આત્મામાં સિદ્ધપદ માટે સમ્યગ્દર્શનનું શિલાન્યાસ થઈ ગયું.

હે ભાઈ! સ્વભાવથી એકત્વરૂપ ને પરભાવથી વિભક્તરૂપ એવો જે શુદ્ધાત્મા, તેનું સ્વરૂપ પૂર્વે કદી તેં સાંભળ્યું નથી–વિચાર્યું નથી –અનુભવ્યું નથી, ને બહારની બંધકથાના જ શ્રવણ–મનન–અનુભવ વડે તું સંસારમાં દુઃખી થયો છે. હવે અમે તને એકત્વ–વિભક્ત એવો શુદ્ધ આત્મા દેખાડીએ છીએ, તેને તું સ્વાનુભવથી ઓળખજે......હા જ પાડીને તેનો અનુભવ કરજે. અમને પરમ આનંદથી ભરપૂર, શુદ્ધાત્માના અનુભવરૂપ જે નિજવૈભવ પ્રગટ્યો છે તે સમસ્ત નિજવૈભવથી શુદ્ધાત્મા અમે આ સમયસારમાં દેખાડીએ છીએ....તમે પણ તેને સ્વાનુભવમાં લેજો.

ભગવાન આત્મા એક જ્ઞાયકભાવ છે; તેમાં પ્રમત્ત–અપ્રમત્ત એવી જે પર્યાયો, તેટલો તે જ્ઞાયકભાવ નથી. પર્યાયના ભેદોથી પાર, અને ગુણના ભેદથી પણ પાર, પરમાર્થરૂપ એકવસ્તુપણે આત્માને દેખવો તે

સમ્યગ્દર્શન છે. આવા આત્માની દૃષ્ટિ તે અલૌકિક છે; ને બીજા બધા વિકલ્પો શુભભાવો તે તો લૌકિક છે. શુભરાગ કરવાની વાત તો લોકમાં બધાય જાણે છે, તેથી જે શુભરાગને ધર્મ માને છે તેને તો લૌકિક કહ્યા છે; આત્માનો ધર્મ તો રાગથી પાર અલૌકિક છે. આ તો સર્વજ્ઞભગવાનના ઘરેથી આવેલા આનંદનાં પીરસણાં છે.....વીતરાગી સ્વાદના પકવાન્ન છે.

અહો, સંતોની પરમ કૃપા છે કે આ આત્માને તેઓ 'પરમાત્મા' કહીને બોલાવે છે. પામરપણું પર્યાયમાં હોવા છતાં તેને મુખ્ય ન કરતાં સંતો કહે છે કે, હે જીવ! તું તો ભગવાન છો.......અતિ નિર્મળ છો.....આનંદ સ્વરૂપ છો. તું પણ તારા આત્માને આવો જ દેખ. તું રાગ જેટલો નથી, તું તો અનંતગુણના વૈભવથી ભરેલો છો. જૈનમાર્ગમાં આવું પરમાત્મપણું બતાવીને વીતરાગી સંતોએ મોટો ઉપકાર કર્યો છે.

એક માણસ પાસે નાનપણથી જ લાખો–કરોડો રૂા. ની મૂડી હતી; પણ એનો વહીવટ તેના મામા કરતા હતા, ને જરૂર પ્રમાણે થોડી થોડી રકમ વાપરવા આપતા, એટલે તે પોતાને થોડી મૂડીવાળો ગરીબ માની બેઠો હતો. કોઈએ તેને કહ્યું : ભાઈ! તું ગરીબ નથી, તું તો કરોડોની મિલ્કતનો સ્વામી છો! ત્યારે તે કહે કે–એ મૂડી તો મારા મામાની છે, તેઓ આપે તેટલું હું વાપરું છું. તેના હિતસ્વીએ કહ્યું–અરે ભાઈ! એ બધી મૂડી તો તારી જ પોતાની છે, મામા તો તેનો માત્ર વહીવટ કરે છે, પણ મૂડી તો તારી છે. તેમ આત્મામાં પોતાના અનંત ગુણનો વૈભવ પરિપૂર્ણ છે; શાસ્ત્રો ને સંતો તેનું વર્ણન કરે છે. પણ પર્યાયમાં ઓછું જ્ઞાન અને રાગ–દ્વેષ દેખીને અજ્ઞાની પોતાને તેટલો જ ગરીબ માની બેઠો છે. જ્ઞાની તેને સમજાવે છે કે બાપુ! તું નાનો નથી, તું રાગી નથી, તું તો પૂર્ણ આનંદ અને કેવળજ્ઞાનના નિધાનનો સ્વામી છો. ત્યારે તે કહે છે કે કેવળજ્ઞાન ને આનંદ વગેરે વૈભવ તો સિદ્ધભગવાન પાસે હોય ને અરિહંત ભગવાન પાસે હોય, તથા શાસ્ત્રમાં તે કહ્યો છે.–જ્ઞાની તેને કહે છે કે અરે! અરિહંત અને સિદ્ધભગવંતોનો વૈભવ એમની પાસે છે, ને

એમના જેવો જ તારો આત્મવૈભવ તારામાં છે. તારા જ્ઞાન–આનંદાદિ વૈભવો તારામાં પોતામાં જ છે. શાસ્ત્રો અને જ્ઞાનીઓ તો તે તને દેખાડે છે, પણ વૈભવ તો તારામાં છે; તારો વૈભવ કાંઈ તેમની પાસે નથી. માટે તું અંતર્મુખ થઈને તારા આત્માના વૈભવને દેખ.—આનું નામ ભૂતાર્થદૃષ્ટિ છે, આ સમ્યગ્દર્શન છે, આ જૈનધર્મના પ્રાણ છે, અને આ મોક્ષમાં પ્રવેશ કરવાનો દરવાજો છે.

સહજ એક જ્ઞાયકભાવ તે આત્મા છે. તેને શુદ્ધનય પરભાવોથી ભિન્નપણે અનુભવે છે.–આવા આત્મસ્વરૂપને જેણે લક્ષમાં લીધું તેઓ ન્યાલ થઈને કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા છે. પણ જેઓ આવા શુદ્ધ જ્ઞાયકભાવરૂપ આત્માને અનુભવતા નથી, અને કાદવવાળા પાણીની માફક કર્મ સાથે સંબંધવાળા અશુદ્ધભાવરૂપે જ આત્માને અનુભવે છે તેઓ શુદ્ધ આત્માને નહિ દેખતા હોવાથી સંસારમાં રખડે છે. શુદ્ધ આત્મા જે પરમ એક જ્ઞાયકભાવ, તેને અંતરમાં સમ્યક્પણે દેખનારા જીવો જ સમ્યગ્દૃષ્ટિ છે. વ્યવહારના અનેક પ્રકારો, પરનો સંયોગ, કર્મનો સંબંધ, રાગાદિ અશુદ્ધભાવો કે દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદરૂપ વ્યવહાર તે બધોય અભૂતાર્થ છે,–તેનો આશ્રય કરતાં રાગાદિ વિકલ્પની ઉત્પત્તિ થાય છે. ગુણ અને ગુણી જુદા તો નથી, છતાં તેને જુદા પાડીને ભેદથી કહેનારો વ્યવહાર તેના લક્ષે વસ્તુના અખંડ સત્યસ્વરૂપનો અનુભવ થતો નથી માટે તે વ્યવહારને અસત્ય કહ્યો છે. ભેદના વિકલ્પમાં ન અટકતાં અભેદને લક્ષમાં લઈ લ્યે તો તેને માટે 'વ્યવહાર દ્વારા પરમાર્થનું પ્રતિપાદન' કહેવામાં આવ્યું; શુદ્ધઆત્માના સ્વરૂપને જેઓ દેખવા માંગે છે તેઓએ વ્યવહારના વિકલ્પોમાં અટકવાનું નથી. ગુણભેદરૂપ વ્યવહાર વચ્ચે આવ્યો, પણ તે વ્યવહારમાં જ ઊભો રહીને કદી પરમાર્થ આત્માનો અનુભવ થતો નથી. પરમાર્થ આત્માને લક્ષમાં લેતાં ઉપયોગ તેમાં વિશ્રામરૂપ થઈને પરમ નિરાકુળ આનંદને અનુભવે છે–આનું નામ સમ્યગ્દર્શન છે. આવા નિર્વિકલ્પ ઉપયોગ વગર સમ્યગ્દર્શન કે આનંદનો અનુભવ થતો નથી.

આત્મા જ્ઞાન વડે આત્માને જાણે છે–એવો ભેદ પાડવો તે પણ વ્યવહારમાં જાય છે; તે ભેદ પણ અભૂતાર્થ છે, સાચા એટલે કે ભૂતાર્થ આત્માની અનુભૂતિમાં તો એવા કોઈ ભેદ રહેતા નથી; ત્યાં તો એક સહજ જ્ઞાયકભાવ જ અનુભવાય છે. આવો અનુભવ તે જ મોક્ષને સાધવાની મોસમ છે. શ્રીગુરુસંતોના પ્રતાપે અત્યારે એવી મોસમ આપણને પ્રાપ્ત થઈ છે.

આત્માનો સહજ એ જ્ઞાયક સ્વભાવ તે ત્રિકાળ ભૂતાર્થ છે; ને તેમાં અંતર્મુખ થઈને જે શુદ્ધપર્યાય થઈ તે પણ ભૂતાર્થ સાથે અભેદ થયેલી હોવાથી ભૂતાર્થ છે. આવા ભૂતાર્થ આત્માનો અનુભવ તે અપૂર્વ ભાવ છે, તે અપૂર્વ સમય છે. પર્યાયે પોતાના ઉપયોગની થાપ અંતરના ભૂતાર્થ સ્વભાવમાં મારી, તેના ઉપર દૃષ્ટિનું ત્રાટક લગાવ્યું, ત્યાં ભૂતાર્થને અવલંબનારી પર્યાય પણ ભૂતાર્થ થઈ. રાગાદિભાવો તે અભૂતાર્થ ધર્મ છે અને ભૂતાર્થના આશ્રયે પ્રગટેલી સમ્યગ્દર્શનાદિ પર્યાય તે ભૂતાર્થધર્મ છે. દ્રવ્યગુણ તો ત્રિકાળ ભૂતાર્થ છે ને તેનો અનુભવ કરનારી પર્યાય પણ ભૂતાર્થ થઈ. 'શુદ્ધનય ભૂતાર્થ છે' એમ દ્રવ્ય–પર્યાયને અભેદ કરીને વાત છે; કેમ કે શુદ્ધનય પોતે તો પર્યાય છે, પણ તેનો વિષય અખંડ આત્મા છે; તેમાં નય અને તેના વિષયનો ભેદ રહેતો નથી, તેથી શુદ્ધનય અને તેનો વિષય અભેદ ગણીને 'શુદ્ધનય ભૂતાર્થ છે' એમ કહ્યું છે. આવા શુદ્ધનય વડે આત્માનું સમ્યગ્દર્શન થાય છે, સમ્યગ્દર્શનરૂપી મોટો હીરો પ્રાપ્ત થાય છે અને તેની સાથે અનંત અતીન્દ્રિય આનંદનો લાભ થાય છે.–આવા લાભનો આ અવસર છે, આનંદની કમાણીની મોસમ છે. તેને હે જીવ! તું ચૂકીશ મા......પ્રમાદ કરીશ મા.....બીજામાં ક્યાંય રોકાઈશ મા.....શીઘ્ર તારા ચૈતન્યરત્નોની કમાણી કરી લેજે.

# અત્યંત મધુર ચૈતન્યરસ

જે ભેદજ્ઞાનરૂપી ચાવી વડે અંતરમાં ચૈતન્યના આનંદનિધાનના તાળાં ખોલીને સાધક થયા છે, જે મોક્ષના પંથે ચડ્યા છે, જેને અંતરમાં ચૈતન્યપ્રભુના ભેટા થયા છે, એવા જ્ઞાનીધર્માત્મા મતિ-શ્રુતજ્ઞાનથી ચૈતન્યના અતીન્દ્રિય રસનું સ્વસંવેદન કરે છે. અહા, જગતના રસથી જુદી જાતનો ચૈતન્યનો રસ છે. ઈન્દ્રપદના વૈભવમાં કે દેવોના અમૃતમાં પણ તે રસ નથી. આવા અત્યંત મધુર ચૈતન્યરસનું સંવેદન થતાં એવી તૃપ્તિ થઈ કે આખા જગતનો રસ ઊડી ગયો. શાંત ચૈતન્યરસનું મધુરું વેદન થયું ત્યાં આકુળતાજનક કષાયોથી ચૈતન્યનું અત્યંત ભિન્નપણું થયું. આવો મધુર ચૈતન્યરસ ચાખતાં દેવોના અમૃતના સ્વાદમાંથી પણ રસ ઊડી ગયો. મતિ-શ્રુતને સ્વસન્મુખ કરીને ધર્માત્મા આવા ચૈતન્યસ્વાદનું પ્રત્યક્ષ સ્વસંવેદન કરે છે, તેના અંતરમાં કોઈ અપૂર્વ શાંતભાવો ઉલ્લસે છે.

અહા, સાધકની અંદરની શું સ્થિતિ છે તેની જગતના જીવોને ખબર નથી; એના હૃદયના ગંભીર ભાવો ઓળખવાનું સાધારણ જીવોને મુશ્કેલ પડે તેવું છે. સમજવા માંગે તો બધું સુલભ છે. આ ભાવો સમજે તો શાંતરસરૂપી અમૃતના સાગર ઊછળે ને ઝેરનો (કષાયોનો) સ્વાદ છૂટી જાય. ભેદજ્ઞાનનો આ મહિમા છે. ભેદજ્ઞાન વડે જ શાંતરસ અનુભવાય છે. ભેદજ્ઞાની થતાં જ જીવની આવી દશા થાય છે. જ્ઞાની ધર્માત્મા ચૈતન્યરસના સ્વાદ પાસે જગતના બધા સ્વાદ પ્રત્યે સદાય ઉદાસીન છે. રાગ પ્રત્યે પણ અત્યંત ઉદાસીન છે—તેના સ્વાદને પોતાનો માનતા નથી; પોતાને એક જ્ઞાયકસ્વભાવપણે જ અનુભવે છે.-આવી દશાથી જ્ઞાની ઓળખાય છે.

# સંતોનો સાદ

સ્વાનુભવપૂર્વક અંતરમાં નિજપદને સાધી રહેલા ધર્માત્મા, બીજા જીવોને પણ શુદ્ધચૈતન્યપદ દેખાડીને મોક્ષમાર્ગમાં બોલાવે છે કે, અરે જીવો! આનંદમય નિજપદની સાધના કરવા માટે તમે પણ આ માર્ગે આવો....આ માર્ગે આવો.

આત્મા ચૈતન્યસ્વરૂપ છે; તે ચૈતન્યપદ પોતે આનંદરૂપ છે. પોતાના આવા ચૈતન્યપદને જે દેખતા નથી,–અનુભવતા નથી, ને રાગાદિને જ નિજપદ માની રહ્યા છે, તે જીવો આંધળા છે,–પોતે પોતાના સ્વરૂપને દેખતા નથી. એવા જીવોને જગાડીને તેમનું શુદ્ધપદ આચાર્યદેવ દેખાડે છે....અને સાદ પાડીને તેમને મોક્ષના માર્ગમાં બોલાવે છે.

રે પ્રાણીઓ! અશુદ્ધ રાગાદિ ભાવોને જ નિજરૂપ માનીને તેને જ તમે વેદી રહ્યા છો, તેટલો જ પોતાને માની રહ્યા છો,–પણ તે જૂઠું છે, જીવનું સ્વરૂપ તે નથી. જીવ તો શુદ્ધ ચૈતન્યમય છે, તેને ભૂલીને રાગાદિ પર્યાય જેટલો જ પોતાને ન અનુભવો. રાગ તો ઉપાધિ છે, દુઃખ છે. તે દુઃખના માર્ગે ન જાઓ, ન જાઓ; એ માર્ગ તમારો નથી, નથી; આ ચૈતન્યસ્વરૂપ તમે છો. આ તરફ આવો.....આ તરફ આવો. આ શુદ્ધ ચૈતન્યપદને જ અનુભવો.....એ જ તમારો માર્ગ છે. શુદ્ધ –શુદ્ધ (દ્રવ્યથી શુદ્ધ–પર્યાયથી શુદ્ધ) એવા ચૈતન્યપદમાં જ તમારો આનંદ છે, તેને છોડીને બીજાને ન અનુભવો.

અરે, જેમાંથી ચૈતન્યના આનંદની પરિણતિ ઝરે એવું ચૈતન્યપદ, તેને તો જે અનુભવતો નથી, ને રાગને જ નિજપદ સમજી રહ્યો છે

તે જીવ પોતાના ચૈતન્યભાવને ભૂલ્યો છે, ને ચારગતિના ભવમાં સૂતો છે. જે–જે ભવમાં જે પર્યાયને ધારણ કરે છે તે પર્યાયને જ અનુભવવામાં મશગુલ છે; હું દેવ છું, હું મનુષ્ય છું, હું રાગી છું –એમ અનુભવે છે, પણ એનાથી જુદા પોતાના શુદ્ધ જ્ઞાયકપદને અનુભવતો નથી તે અંધ છે. તે વિનાશી ભાવોરૂપે જ પોતાને અનુભવે છે પણ અવિનાશી નિજપદને દેખતો નથી. તે નિજપદનો માર્ગ ભૂલીને ઊંધા માર્ગે ચડી ગયો છે. સન્તો તેને હાકલ કરે છે કે અરે જીવ! થંભી જા! વિભાવના માર્ગેથી પાછો વળ....એ તારા સુખનો માર્ગ નથી, એ તો માયાજાળમાં ફસાવાનો માર્ગ છે.......માટે એ માર્ગેથી અટકી જા અને આ તરફ આવ.....આ તરફ આવ. તારું આનંદમય સુખધામ અહીં છે. આ તરફ આવ. દેવ તું નહિ, મનુષ્ય તું નહિ, રાગી તું નહિ, તું તો શુદ્ધ ચૈતન્ય છો. તારો અનુભવ તો ચૈતન્યમય છે. ચૈતન્યથી જુદું કોઈ પદ તારું નથી–નથી; તે તો અપદ છે, અપદ છે. માટે જાગ.......ને નિજપદને સંભાળ.

અરે, આવું ચૈતન્યપદ દેખીને તેને સાધવા આઠ આઠ વર્ષના કુંવરો રાજપાટ છોડીને વનમાં ચાલ્યા ગયા; અંતરમાં અનુભવેલા ચૈતન્યપદમાં લીન થવા માટે વીતરાગમાર્ગે વિચર્યા. જે ચૈતન્યપદના અનુભવ પાસે ઈન્દ્રાસન પણ અપદ લાગે, તેના મહિમાની શી વાત! અરે, તારું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જેવું છે તેવું જો તો ખરો! અમૃતથી ભરેલું આ ચૈતન્યસરોવર, તેને છોડીને ઝેરના સમુદ્રમાં ન જા. ભાઈ, દુઃખી થવાના રસ્તે ન જા......ન જા. એ પરભાવના માર્ગેથી પાછો વળ......પાછો વળ.......આ ચૈતન્યના માર્ગે આવ રે આવ. બહારમાં તારો માર્ગ નથી, અંતરમાં તારો માર્ગ છે, અંતરમાં આવ......આવ. સન્તો પ્રેમથી તને મોક્ષના માર્ગમાં બોલાવે છે. અત્યારે ઊંઘવાનો અવસર નથી, અત્યારે તો જાગીને મોક્ષને સાધવાનો અવસર છે.

અહા, આવા માર્ગે કોણ ન આવે!! કોણ વિભાવને છોડીને સ્વભાવમાં ન આવે? બહારના રાજવૈભવને છોડીને અંતરના ચૈતન્યવૈભવને સાધવા રાજાઓ ને રાજકુમારો અંતરના માર્ગમાં વળ્યા.

બહારના ભાવ અનંતકાળ કર્યા, હવે તે છોડીને મારું પરિણમન અંદર મારા નિજપદમાં વળે છે,–હવે એ પરભાવના પંથમાં હું નહિ જાઊં—નહિ જાઊં—નહિ જાઊં; અંતરના મારા ચૈતન્યપદમાં જ ઢળું છું.–આમ સ્વાનુભૂતિપૂર્વક ધર્મી જીવ નિજપદને સાધે છે......ને બીજા જીવોને પણ કહે છે કે હે જીવો! તમે પણ આ માર્ગે આવો રે આવો. અંતરમાં જોયેલો જે મોક્ષનો માર્ગ, આનંદનો માર્ગ તે બતાવીને સન્તો બોલાવે છે કે હે જીવો! તમે પણ અમારી સાથે આ માર્ગે આવો....આ માર્ગે આવો. અવિનાશીપદનો આ માર્ગ છે.....સિદ્ધપદનો આ માર્ગ છે.

આત્મા પોતે સત્ય અવિનાશી વસ્તુ છે, તેના અનુભવથી થયેલું સુખ શાશ્વત અવિનાશી છે. આત્માનો આનંદ તો પોતામાં છે, પરમાં ક્યાંય આનંદ નથી. જેમાં આનંદ ન હોય તેને નિજપદ કેમ કહેવાય? નિજપદ તો તેને કહેવાય કે જેમાં આનંદ હોય. જેનો સ્વાદ લેતાં, જેમાં રહેતાં, જેમાં ઠરતાં આત્માને સુખનો અનુભવ થાય તે નિજપદ છે. જેના વેદનમાં આકુળતા થાય તે નિજપદ નથી, તે તો પર પદ છે, આત્માને માટે અપદ છે. તેને અપદ જાણીને તેનાથી પાછા વળો, ને આ શુદ્ધ આનંદમય ચૈતન્યપદ તરફ આવો. સન્તો સાદ પાડીને બોલાવે છે કે આ તરફ આવો–આ તરફ આવો.

જેમાં કોઈ વિકલ્પ નથી એવું આ નિર્વિકલ્પ એક જ ચૈતન્યપદ આસ્વાદવા જેવું છે. સમ્યગ્દર્શનમાં ચૈતન્યનો સ્વાદ છે, સમ્યગ્જ્ઞાનમાં ચૈતન્યનો સ્વાદ છે, સમ્યક્ ચારિત્રમાંય ચૈતન્યનો સ્વાદ છે. રાગાદિ પરભાવનો સ્વાદ તો રત્નત્રયથી બહાર છે; નિજપદમાં રાગનો સ્વાદ નથી. રાગ એ તો દુ:ખ છે, વિપદા છે, ચૈતન્યપદમાં વિપદા નથી. જેમાં આપદા તે અપદ, જેમાં આપદાનો અભાવ ને સુખનો સદ્ભાવ તે સ્વપદ; આનંદસ્વરૂપ આત્માની સંપદાથી જે વિપરીત છે તે વિપદા છે. રાગ તે ચૈતન્યની સંપદા નથી પણ વિપદા છે; આત્માનું તે અપદ છે. જેમ રાજાનું સ્થાન મેલા ઉકરડામાં ન શોભે, રાજા તો સોનાના સિંહાસને શોભે; તેમ આ જીવ–રાજાનું સ્થાન રાગ–દ્વેષ–ક્રોધાદિ મલિનભાવોમાં નથી શોભતું, તેનું સ્થાન તો પોતાના શુદ્ધ ચૈતન્યસિંહાસને

શોભે છે. રાગમાં ચૈતન્યરાજા નથી શોભતા; એ તો અપદ છે, અસ્થિર છે, મલિન છે, વિરુદ્ધ છે; ચૈતન્યપદ શાશ્વત છે, શુદ્ધ છે, પવિત્ર છે, પોતાના સ્વભાવરૂપ છે. આવા શુદ્ધ સ્વપદને હે જીવો! તમે જાણો......તેને સ્વાનુભવ–પ્રત્યક્ષ કરો. આવી નિજપદની સાધના તે મોક્ષનો ઉપાય છે. અહા, નિજાનંદમાં ડોલતું ચૈતન્યપદ, શાંતરસના પિંડરૂપ નિજપદ આ આત્મા પોતે છે. બહારમાં જોવાનો રસ છોડીને પોતે પોતાના ચૈતન્યપદને નીહાળતાં પરમ આનંદ થાય છે. એવા આનંદમાર્ગમાં વીતરાગી સંતો બોલાવે છે, ને મુમુક્ષુઓ ઉત્સાહથી તે આનંદમાર્ગે જાય છે.

* જીવને સાચો સંતોષ ત્યારે જ થાય કે જ્યારે પોતાના પરમ તત્ત્વને પોતામાં જ દેખે ને પરને પોતાથી ભિન્ન દેખે.

* હે જીવ! જે કામ કરવાથી તને આત્માનો આનંદ પ્રાપ્ત થતો હોય–તે કાર્ય હમણાં જ કરી લે; તેમાં વિલંબ ન કર.

# સંતો બોલાવે છે–આનંદના ધામમાં

સંસારમાં રાગમાં સૂતેલા અજ્ઞાની પ્રાણીઓને જગાડીને, આનંદના ધામમાં બોલાવતાં શ્રીગુરુ કહે છે કે—

અરે જીવ! તું તો અતીન્દ્રિય આનંદરસનો સમુદ્ર છો, આનંદ જ તારું સ્વરૂપ છે, ને તેને ભૂલીને તું આ રાગાદિ દુઃખભાવોને નિજપદ માનીને તેમાં મોહી રહ્યો છે,–એ તે કાંઈ તને શોભે છે! તારું તો આનંદધામ છે, તે આનંદધામમાં તું આવ. રાગ તારું પદ નથી.

અરે, દેખતો–જાગતો ચૈતન્યસ્વભાવ તું પોતે, અને પોતાના સ્વરૂપને તું ન દેખે, ને રાગાદિ અજ્ઞાનભાવોને જ પોતાનું સ્વરૂપ માનીને તેનો જ અનુભવ કરે–એવું મોહાંધપણું કાંઈ તને શોભતું નથી. આવું અંધપણું હવે તું છોડ......ને તારા ચૈતન્યમય સ્વપદને દેખીને તેને અનુભવમાં લે.

અહા, ચૈતન્યપ્રભુ આત્મા! એ તે જ્ઞાનપદમાં વસે કે રાગમાં વસે? રાગ તો ચૈતન્યપ્રભુને રહેવા માટે અપદ છે, ચૈતન્યપ્રભુ તો એક જ્ઞાનપદમાં જ રહેનારા છે. અરે ચૈતન્યપ્રભુ! તને તારા ચૈતન્યપદના આનંદનું વેદન શોભે, રાગનું વેદન તને ન શોભે. 'રાગ' કહેતાં તેની સાથે દ્વેષ, ક્રોધ–માન–માયા–લોભ, હર્ષ–શોક, શુભ–અશુભ લાગણીઓ તે બધા પરભાવો સમજી લેવા. તે બધાય પરભાવોમાં ક્યાંય ચૈતન્યનું સ્થાન નથી, ચૈતન્યને માટે તે અસ્થાન છે, અપદ છે. ચૈતન્યપદ તો રાગ વગરનું છે.

ચૈતન્ય મહારાજા તો સુખના ધામમાં વસે તેવા છે; તે રાગાદિ દુઃખના ભાવમાં કેમ વસે? રાજા ઉકરડામાં સૂએ–એ તે કાંઈ તેને શોભે?–ના; એ તો તેને માટે અપદ છે. રાજાનું સ્થાન તો હીરાજડિત સિંહાસનમાં હોય, તેમ જગતમાં શ્રેષ્ઠ એવો આ આત્મભગવાન જ્ઞાન–આનંદમય પોતાના શાંતિધામમાં વસનારો છે; તે રાગાદિ અશુદ્ધભાવોના ઉકરડામાં લીન થઈને તેમાં સુખ માને–એ તે કાંઈ તેને શોભે?–ના, એ તો તેને માટે અપદ છે, દુઃખ છે, અશોભા છે. આત્મભગવાનનું સ્થાન

તો પોતાના અનંતગુણોની નિર્મળ પરિણતિમાં હોય.–આ રીતે નિજપદ બતાવીને શ્રીગુરુ તેને જગાડે છે કે અરે ભગવાન! તું જાગ રે જાગ! અપાર મહિમાથી ભરેલા તારા શુદ્ધ ચૈતન્યપદને તું સંભાળ! તું અનાદિ અજ્ઞાનથી પરપદમાં સૂતો.....નિજપદને ભૂલીને અંધ થયો....હે જીવ! હવે તો તું જાગ! ભેદજ્ઞાનચક્ષુ ખોલીને તારા અંતરમાં સુખધામને દેખ! તારું પદ કેવું સુંદર છે!

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ.

અહા, અનંતસુખનું ધામ એવું ચૈતન્યપદ, તેને સંતો દિનરાત પોતાના અંતરમાં ધ્યાવીને અપૂર્વ આનંદને અનુભવે છે. ભગવાન! તું પણ આવા તારા સુખધામમાં આવ. રાગના વેદનથી અનંતકાળ તું સંસારમાં રખડ્યો, હવે ત્યાંથી પાછો વળ......ને આ તરફ આવ.....આ તરફ આવ. તારું ચૈતન્યપદ મહા આનંદમય છે તેને તારા અંતરમાં તું દેખ. જાગ રે જાગ! અત્યારે આ જાગવાનો અવસર છે, નિજપદના આનંદને સાધવાનો આ અવસર છે.

આ સંસારના દુઃખના વેદનથી તારે છૂટવું હોય ને ચૈતન્યની પરમ વીતરાગી શાંતિનું વેદન કરવું હોય તો, અમે રાગથી ભિન્ન તારું સ્વપદ તને બતાવીએ છીએ તે ચૈતન્યમય સ્વપદને તું અંતરમાં દેખ......પરભાવથી પાછો વળીને આ સ્વભાવ તરફ આવ.

વાહ રે વાહ! વીતરાગી સંતો જગતના જીવોને મોક્ષના માર્ગમાં બોલાવે છે–આ તરફ આવો, આ તરફ આવો! અંતરનું આનંદમય શુદ્ધ ચૈતન્યપદ દેખાડીને કહે છે કે વાહ! આ તમારું સ્થિર ચૈતન્યપદ મહા આનંદસહિત શોભી રહ્યું છે–તે નિજપદમાં તમે આવો, તેને જ તમે અનુભવો, ને રાગાદિને પરપદ જાણીને તેનો અનુભવ છોડો. સ્વપદમાં આવતાં તમને કોઈ અદ્ભુત–અપૂર્વ આનંદ થશે.

પ્રભુ! તું આનંદનો ભંડાર; તારી પર્યાયમાં પણ આનંદ જ શોભે,

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



તારી પર્યાયમાં રાગ નથી શોભતો. રાગ તો અશુદ્ધ છે, તું તો શુદ્ધ ચૈતન્યમય છો; તારું કાર્ય પણ શુદ્ધ જ હોય, રાગાદિ અશુદ્ધતા તે ખરેખર તારું કાર્ય નથી, ચૈતન્યનું કાર્ય તો ચૈતન્યભાવરૂપ જ હોય, અચેતનરૂપ (રાગરૂપ) તેનું કાર્ય ન હોય. દ્રવ્યથી ને પર્યાયથી સર્વ પ્રકારે શુદ્ધ ચૈતન્યરસમય તારું નિજપદ છે. અનંતાનંત ગુણની શાંતિનો વૈભવ તારામાં ભર્યો છે. આવા નિજવૈભવથી ભરપૂર નિજપદને દેખીને તું આનંદિત થા. –આમ સંતો આનંદના ધામમાં બોલાવે છે.

**વાહ રે વાહ! કેવું સુંદર છે મારું આ આનંદધામ!**
**આનંદધામ બતાવીને સંતોએ મહાન ઉપકાર કર્યો છે.**

સહજ ચિદાનંદ.

ચૈતન્યસ્વરૂપની સ્વાનુભૂતિમાં રમતા
જ્ઞાનીઓને દેખીને મુમુક્ષુને
સ્વાનુભવની પ્રેરણા
જાગે છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સિંહના બચ્ચાની વાત

[આત્માનો સાચો સ્વાંગ]


સિંહનું એક નાનું બચ્ચું હતું. ભૂલથી તે બકરીના ટોળામાં ભળી ગયું; ને પોતાનું સિંહપણું ભૂલીને પોતાને બકરું જ માનવા લાગ્યું. એકવાર બીજા સિંહે તેને દીઠું, ને તેને તેના સિંહપણાનું ભાન કરાવવા સિંહનાદ કર્યો.

સિંહની ગર્જના સાંભળતાં જ બકરાં તો બધાંય ભાગ્યાં, પણ આ સિંહનું બચ્ચું તો નિર્ભયપણે ઊભું રહ્યું, સિંહના અવાજની બીક એને ન લાગી. ત્યારે બીજા સિંહે તેની પાસે આવીને પ્રેમથી કહ્યું– અરે બચ્ચા! તું બકરું નથી, તું તો સિંહ છો. દેખ, મારી ત્રાડ સાંભળીને બકરાં તો બધાં ભયભીત થઈને ભાગ્યાં, ને તને કેમ બીક ન લાગી?–કેમ કે તું તો સિંહ છો.....મારી જાતનો જ છો. માટે બકરાંનો સંગ છોડીને તારા સિંહ–પરાક્રમને સંભાળ.

વળી, વિશેષ ખાતરી કરવા તું ચાલ મારી સાથે, ને આ સ્વચ્છ પાણીના ઝરામાં તારું મોઢું જોઈ વિચાર કર કે તારું મોઢું કોના જેવું લાગે છે? મારા જેવું (એટલે કે સિંહ જેવું) લાગે છે કે બકરા જેવું?

હજી વિશેષ લક્ષણ બતાવવા સિંહે કહ્યું હતું કે તું એક અવાજ કર......અને જો કે તારો અવાજ મારા જેવો છે કે બકરાં જેવો? સિંહના બચ્ચાએ ત્રાડ પાડી ત્યાં તેને ખાતરી થઈ કે હું સિંહ છું; પાણીના સ્વચ્છ ઝરણામાં પોતાનું મોઢું જોઈને પણ તેને સ્પષ્ટ દેખાણું કે હું તો સિંહ છું. ભ્રમથી જ સિંહપણું ભૂલી, મારી નિજશક્તિને ભૂલીને હું મને બકરા જેવો માની રહ્યો હતો.

આ તો એક દ્રષ્ટાન્ત છે; તેમ, સિંહ જેવો એટલે કે સિદ્ધભગવાન જેવો જીવ પોતાના સાચા રૂપને ભૂલીને પોતાને બકરીનાં બચ્ચાં જેવો દીન–



હીન–રાગી–પામર માની રહ્યો છે. ધર્મકેસરી એવા સર્વજ્ઞ પરમાત્મા પોતે સર્વજ્ઞ થઈને દિવ્યવાણીરૂપી સિંહનાદથી તેને તેનું પરમાત્માપણું બતાવે છે. અરે જીવ! જેવા અમે પરમાત્મા છીએ એવો જ તું પરમાત્મા છો; બંનેની એક જ જાત છે. ભ્રમથી તેં પોતાને પામર માન્યો છે ને તારા પરમાત્માપણાને તું ભૂલ્યો છો. પણ અમારી સાથે તારી મુદ્રા (લક્ષણ) મેળવીને જો તો ખરો, તો તને ખાતરી થશે કે તું પણ અમારા જેવો જ છો. સ્વસંવેદન વડે તારા સ્વચ્છ જ્ઞાનસરોવરમાં દેખ તો તને તારી પ્રભુતા તારામાં સ્પષ્ટ દેખાશે. સ્વસન્મુખ વીર્ય ઉલ્લસાવીને શ્રદ્ધારૂપી સિંહનાદ કર, તો તને ખાતરી થશે કે હું પણ સિદ્ધપરમાત્મા જેવો છું. મારામાંય સિદ્ધ જેવું પરાક્રમ ભર્યું છે! પ્રભુતાથી ભરેલો તારો આત્મા પોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં અનંત સ્વભાવોસહિત પરિણમી રહ્યો છે. આવા ચૈતન્યતત્ત્વનું ભાન કરતાં જ નિજવીર્યથી આત્મા જાગી ઊઠે છે, ને પોતાના ચિદાનંદસ્વભાવની સન્મુખ થઈ ચાર ગતિનો અભાવ કરીને પોતાના સાચા સ્વાંગરૂપ સિદ્ધપદને પામે છે.

# નમસ્કાર હો.....જ્ઞાનચેતનાવંત મુનિભગવંતોને

આત્મા સ્વતંત્ર, દેહથી ભિન્ન, ચૈતન્યવસ્તુ છે; તે જાણનાર છે. જાણનારે પોતે પોતાને ન જાણ્યો તે અજ્ઞાન છે અને તે સંસાર છે. જાણનાર-સ્વભાવ તે જ્ઞાનચેતનામય છે. રાગ-દ્વેષને જાણવામાં જ્ઞાનને એકાગ્ર કર્યું તે અજ્ઞાનીની કર્મચેતના છે; અને હર્ષ-શોકરૂપ કર્મફળના વેદનમાં જ્ઞાનને એકાગ્ર કર્યું તે અજ્ઞાનીની કર્મફળચેતના છે; પણ તે રાગાદિથી ભિન્ન એવી જ્ઞાનચેતનાને તો તે અજ્ઞાની ઓળખતો પણ નથી.

જાણનારે પોતાને ન જાણ્યો તે અજ્ઞાનચેતના છે; પોતાને ભૂલીને બીજાને જાણ્યું, ને જેને જાણ્યું તેને પોતાનું માની લીધું;—આવી અજ્ઞાનચેતનાપૂર્વક જે કાંઈ વ્રત-તપ-શાસ્ત્રજ્ઞાન-દેવપૂજા વગેરે શુભભાવ કરે તે બધુંય સંસારહેતુ જ છે, તે મોક્ષનો હેતુ થતો નથી. જ્ઞાનીનેય કાંઈ રાગ તે મોક્ષનું કારણ નથી, તેને રાગથી ભિન્ન જે જ્ઞાનચેતના છે તે જ મોક્ષનું કારણ છે.

—આવું જ્ઞાન તો બહુ થોડા જીવોને થાય છે!

-ખરી વાત છે; પણ થોડા જીવોમાં એક પોતે પણ ભળી જવું.

પ્રશ્ન :—આપ કહો છો તે વાત તો સાચી છે, પણ આપ મુનિઓને માનતા નથી એમ લોકો કહે છે?

ઉત્તર :—અરે ભાઈ! રોજ સવારમાં ઊઠતાવેંત જ સર્વે મુનિવરોને નમસ્કાર કરીએ છીએ. **णमो लोए सव्व साहूणं** કહીને ત્રિકાળવર્તી સર્વે સાધુ ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે. અહો, મુનિદશા તો અલૌકિક પરમેષ્ઠીપદ છે. મુનિ તે તો ભગવાન છે, એને કોણ ન માને? પણ મુનિદશા જેને હોય તેને મુનિ મનાયને? મુનિદશા

તો મોક્ષનો માર્ગ છે, એ તો આત્માની શ્રદ્ધાસહિત મહા આનંદરૂપ વીતરાગદશા છે. જેને આવી મુનિદશા ન હોય, શ્રદ્ધા પણ સાચી ન હોય, મુનિને યોગ્ય આચરણ પણ ન હોય–એવાને મુનિ માની લેતાં તો ઊલટું સાચા મુનિભગવંતોનો અનાદર થાય છે. સાચા મુનિને પરમ આદરથી માનીએ છીએ. જેને અંતરમાં આત્માનું ભાન હોય, અને અંદર ઘણી લીનતારૂપ ચારિત્રદશામાં આત્માના પરમ આનંદના ઘૂંટડા પીતા હોય, તદ્દન દિગંબર દશા હોય–એવા મુનિ તે તો ભગવાન છે. અત્યારે એવા મુનિનાં દર્શન અહીં દુર્લભ છે,–પણ તેથી કાંઈ ગમે તેવા વિપરીત સ્વરૂપવાળાને મુનિ ન માની લેવાય. આ તો વીતરાગનો માર્ગ છે, તેમાં ગોટા ન ચાલે. પોતાના હિતને માટે સાચો નિર્ણય કરવાની આ વાત છે.

જેને ભવનાં દુઃખથી છૂટવું હોય ને આત્માનું મોક્ષસુખ અનુભવવું હોય તેને માટેની આ વાત છે. મિથ્યાત્વરૂપ જે મહાન રોગ, તેનાથી કેમ છૂટાય તેની આ રીત બતાવે છે. જેણે રાગાદિ પરભાવોમાં એકતા માની, ને તેનાથી ભિન્ન જ્ઞાનચેતનાને ન જાણી, તેને સમ્યગ્દર્શન પણ નથી, તો મુનિદશા ક્યાંથી હોય? ભાઈ! એકવાર તું પરભાવોથી જુદી તારી જ્ઞાનચેતનાવંત વસ્તુને અનુભવમાં લે તો તને સમ્યગ્દર્શન થશે ને તારા જન્મ–મરણનો છેડો આવશે. આવી જ્ઞાનચેતનાનો અનુભવ ગૃહસ્થનેય ચોથા ગુણસ્થાને થાય છે. આઠ વર્ષની દીકરી પણ આવો અનુભવ કરી શકે છે. ગમે તેટલા શુભભાવ કરે પણ આવા અનુભવરૂપ જ્ઞાનચેતના વગર કદી ધર્મ થાય નહીં.

પ્રશ્ન :—શુભરાગથી ધર્મ નથી થતો તો પછી બધો શુભભાવ છોડી દઈએ તો?

ઉત્તર :—બધો રાગ છોડવા જેવો છે એમ પહેલાં શ્રદ્ધા તો કરો.–એવી શ્રદ્ધા પછી પણ પૂજનાદિ શુભરાગ ભૂમિકા મુજબ થાય પણ ધર્મીજીવ તે રાગને જ્ઞાનચેતનાથી છૂટો જ જાણે છે, એટલે જ્ઞાનચેતનામાંથી તો બધો રાગ તેણે છોડી જ દીધો છે. જ્ઞાનચેતના સાથે

રાગના એક કણિયાને પણ ધર્મીજીવ ભેળવતા નથી.

જુઓ ભાઈ, રાગ હોય તે જુદી વાત છે, પણ તે રાગ રાગમાં છે–જ્ઞાનચેતનામાં તો રાગ નથી. આત્માના ભૂતાર્થસ્વભાવને અનુભવનારી જે ચેતના છે તે ચેતના સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ છે, તે રાગ વગરની છે, ને તેને જ પરમાર્થ ધર્મ કહ્યો છે, તે જ મોક્ષનો હેતુ છે. એ સિવાય જે વ્યવહારના શુભરાગ છે અને લોકો જેને ધર્મ માને છે તે કાંઈ પરમાર્થ ધર્મ નથી, તે મોક્ષના કારણરૂપ ધર્મ નથી, તે તો સ્વર્ગના કારણરૂપ એટલે કે સંસારના કારણરૂપ છે. તેને જ અજ્ઞાની પરમાર્થપણે અનુભવે છે, પણ જ્ઞાનચેતનારૂપ પરમાર્થ ધર્મને તે ઓળખતો નથી.

મુનિવરો તો આવી જ્ઞાનચેતનારૂપ પરમાર્થ ધર્મના સાધક છે, તેને ઓળખે તો જ મુનિને ખરેખર માન્યા કહેવાય. અજ્ઞાની વ્રતાદિના શુભરાગને જ દેખે છે એટલે મુનિ પણ તે રાગ જ કરતા હોય–એમ તે સમજે છે, પણ અંદરમાં (ફોતરાંથી ભિન્ન ચોખાની જેમ) રાગથી ભિન્ન જે ચોખ્ખી જ્ઞાનચેતના મુનિને વર્તે છે, તે જ મોક્ષનું સાચું કારણ છે, તેને અજ્ઞાની ઓળખતો નથી, એટલે ખરેખર તે મુનિને ઓળખતો નથી. મુનિનું ખરું સ્વરૂપ ઓળખે તો તો મોક્ષમાર્ગની ઓળખાણ થઈ જાય, ને પોતાને પણ જ્ઞાનચેતનારૂપ મોક્ષમાર્ગ પ્રગટે.

આવી જ્ઞાનચેતના તે ધર્મ છે. શુભરાગ તે ધર્મ નથી પણ કર્મ છે; ધર્મ તો તેને કહેવાય કે જેના ફળમાં આત્માનું સુખ મળે. શુભરાગના ફળમાં તો પુણ્યકર્મ બંધાય છે અને તેનાથી સંસારના ભોગ મળે છે, તે તરફના વલણમાં તો દુઃખ છે, સંસાર છે. ભાઈ! તારે ભગવાન થવું હોય તો મોક્ષના કારણરૂપ જ્ઞાનચેતનાનો અનુભવ કર.

પ્રશ્ન :—આવો અનુભવ અને સમ્યગ્દર્શન કરવા જેવું છે એ વાત ખરી, પણ તે ન થાય ત્યાં સુધી શું કરવું?

ઉત્તર :—ત્યાં સુધી તેના લક્ષે તેનો જ ઉદ્યમ કરવો; અંતરમાં વારંવાર તેનો વિચાર કરીને નિર્ણય કરવો. સાચો નિર્ણય કરે તો

અનુભવ થયા વગર રહે નહીં. રાગ હોય તે જુદી વાત છે પણ સર્વે રાગ વગરનો જ્ઞાનસ્વભાવ જ હું છું, એમ લક્ષમાં લેવું જોઈએ. આવા સ્વભાવને લક્ષમાં લઈને તેનો અભ્યાસ કરતાં, તેનો રસ વધતાં ઉપયોગ તેમાં વળે છે ને વિકલ્પથી પાર અતીન્દ્રિય આનંદના સ્વાદ સહિત સમ્યગ્દર્શન થાય છે. આવા સમ્યગ્દર્શન પછી મુનિપણું હોય; એ તો ઘણી નિર્મોહ વીતરાગદશા છે. ગમે તેવી ઠંડીમાંય શરીર ઉપર વસ્ત્ર ઢાંકવાની વૃત્તિ જ જેને ઊઠતી નથી, અંદર ચૈતન્યના શાંતરસમાં ઠરીને ઢીમ થઈ ગયા છે. આવા વીતરાગ દિગંબર મુનિવરો જ્ઞાનચેતના વડે મોક્ષને સાધી રહ્યા છે, તેઓ મહા પૂજનીક વંદનીક છે, પંચપરમેષ્ઠી ભગવાનમાં તેમનું સ્થાન છે.—નમસ્કાર હો જ્ઞાનચેતનાવંત તે મોક્ષમાર્ગી મુનિ ભગવંતોને.

**णमो लोए त्रिकालवर्ती सव्वसाहूणं**

વન–જંગલમાં વીતરાગી સંતો ક્ષણે ને પળે પોતાના અંતર્તત્ત્વને નિર્વિકલ્પ થઈને અનુભવે છે. અહા! ધન્ય છે તે અનુભવની પળ! ધર્મી–ગૃહસ્થ પણ ઘરમાં ક્યારેક આવો નિર્વિકલ્પ અનુભવ કરે છે. અહા, પોતાના અંતર્તત્ત્વનો નિર્ણય કરે તો અંતરમાં ઊતરીને અનુભવ કરવાનો અવસર આવે. સ્વદ્રવ્ય કેવું છે તેને ઓળખીને તે ઉપાદેય કરવા જેવું છે. ઉપાદેય કઈ રીતે કરવું?–તેની સન્મુખ થઈને અનુભવ કર્યો એટલે એ ઉપાદેય થયું; અને તેનાથી વિરુદ્ધ બધા વિભાગો હેય થઈ ગયા, તેમનું લક્ષ છૂટી ગયું......ને ચૈતન્યની મહા આનંદમય અનુભૂતિ રહી ગઈ.

# આત્માની કિંમત ઓછી ન આંકો

[ઓછી કિંમત કરનારા આત્માને છેતરે છે]

* એક બાળક પાસે રત્નોનો અમૂલ્ય હાર હતો. એક માણસે તેને કહ્યું : સાત લીંબોડીમાં આ હાર આપીશ?
* બીજાએ તેને કહ્યું કે પેંડાના બદલામાં હાર આપવો છે?
* ત્રીજાએ કહ્યું કે હજાર રૂપિયા લઈને આ હાર આપવો છે?

એ રીતે એ બધા માણસો ઓછી કિંમતમાં હાર પડાવીને તે છોકરાને છેતરવા માંગતા હતા. પણ કોઈ હિતસ્વી પ્રમાણિક માણસે તેને સમજાવ્યું કે ભાઈ, આ હાર તું કોઈ કિંમતે વેંચીશ મા; એની કિંમત તો ઘણી છે. અબજો રૂપિયે પણ તેની કિંમત પૂરી પડે તેમ નથી; તેની કિંમત તો જગતના ઊંચામાં ઊંચા ત્રણ સાચા રત્નો વડે જ થઈ શકે તેમ છે.

તેમ દરેક જીવ પાસે અનંત ચૈતન્યગુણ–રત્નોથી શોભતો અમૂલ્ય આત્મસ્વભાવ છે.

* કોઈ કુગુરુ તેને કહે છે કે તારે દેહની ક્રિયામાં આત્મા દેવો છે?
* બીજા કોઈ કહે છે કે તારે પુણ્યમાં ને સ્વર્ગના વૈભવમાં આત્મા આપવો છે?
* ત્રીજો કહે છે કે શુભરાગમાં તારે આત્મા વેચવો છે?

એ રીતે તે બધા અજ્ઞાની માણસો જીવના સ્વભાવની ઓછી કિંમત આંકીને તેને છેતરવા માંગે છે. પણ જીવના પરમ હિતસ્વી જ્ઞાની સંતો જીવને સમજાવે છે કે હે જીવ! તારા ચિદાનંદ સ્વભાવને તું જડની ક્રિયારૂપ, પુણ્યરૂપ કે રાગરૂપ માનીશ મા, જડ વડે કે રાગ વડે ચૈતન્યની કિંમત ટાંકીશ મા. એની કિંમત તો અચિંત્ય છે. એ તો ક્ષણે ક્ષણે કેવળજ્ઞાન અને સિદ્ધપદ આપે એવા નિધાનવાળો છે; રાગ વડે કે શરીર વડે તેની કિંમત થઈ શકે તેમ નથી. તેની કિંમત તો જગતમાં ઊંચામાં ઊંચા એવા

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ત્રણ સાચા રત્નો વડે જ થઈ શકે તેમ છે.

માટે હે જીવ! તારી કિંમત તું ઓછી આંકીશ મા; તું પરમાત્મશક્તિનો ભંડાર છો.

સંસારમાં મોટા માણસને કોઈ નાનો કહે, તો ગોઠતું નથી ને નારાજ થાય છે; રાજાને કોઈ ભિખારી કહે તો તેને ગમતું નથી; કરોડની મૂડીવાળાને કોઈ હજારની કે લાખની જ મૂડીવાળો કહે તો તેને તે ગમતું નથી.

તો પછી, આત્મા પોતે પૂર્ણસ્વભાવવાળો પરમાત્મા હોવા છતાં અજ્ઞાનીઓ તેને જડવાળો–શરીરવાળો–રાગવાળો ને અપૂર્ણ પામર મનાવે, તે તેને કેમ ગોઠે?—આત્માર્થીને તો તેનો નકાર આવે કે—અરે, એ મારું સ્વરૂપ નથી; હું તો સિદ્ધભગવાન જેવો પરમાત્મા છું.—એમ પોતાના પરમાત્મસ્વભાવનો ઉલ્લાસથી સ્વીકાર કરનાર જીવ અલ્પકાળમાં પરમાત્મા થાય છે.

* કોઈ શુભરાગની કિંમતમાં સમ્યગ્દર્શન માંગે એટલે કે શુભરાગથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું માને, તો તેને સમ્યગ્દર્શનની સાચી કિંમતની ખબર નથી.

* જેમ કોઈ ખોટા સિક્કા વડે સોનું લેવા જાય તો તે ગુન્નેગાર ગણાય; તેમ રાગ અને શરીરની ક્રિયા તે ખોટા સિક્કા છે, તેમાં ચૈતન્યની મુદ્રા નથી; તે ખોટા સિક્કા વડે કોઈ સમ્યગ્દર્શનાદિ ધર્મ પ્રાપ્ત કરવા માંગે તો જૈનશાસનમાં તે ગુન્હેગાર છે.

* જે વસ્તુ લેવી હોય તેની સાચી કિંમત જાણવી જોઈએ. આત્માને પ્રાપ્ત કરવાના ઈચ્છુક જીવે આત્માનું સાચું સ્વરૂપ જાણીને તેની કિંમત આંકવી જોઈએ. ને તેનાથી વિરુદ્ધ ભાવોને આત્મામાં ઘુસાડવા ન જોઈએ. એમ કરવાથી આત્મવસ્તુ પ્રાપ્ત થાય છે એટલે કે આનંદસહિત અનુભવમાં આવે છે.

*

# અત્યારે જ સમ્યક્ત્વને ગ્રહણ કર

[ तत्गृहाण अद्य सम्यक्त्वं तत्लाभे काल एष ते ]


## ભગવાન ઋષભદેવના જીવને ભોગભૂમિના અવતારમાં સમ્યગ્દર્શન–પ્રાપ્તિનું અદ્ભુત રોમાંચકારી વર્ણન

ભોગભૂમિમાં આર્ય–દંપતી તરીકે ઉપજેલા વજ્રજંઘ અને શ્રીમતી એકવાર કલ્પવૃક્ષની શોભા નીહાળતા બેઠા હતા. એવામાં આકાશમાં પસાર થઈ રહેલા સૂર્યપ્રભદેવનું વિમાન દેખીને તે બંનેને જાતિસ્મરણ થઈ ગયું. જાતિસ્મરણ વડે પૂર્વભવો જાણીને તેઓ વૈરાગ્યપૂર્વક સંસારનું સ્વરૂપ વિચારતા હતા; ત્યાં તો વજ્રજંઘના જીવે આકાશમાં દૂરથી આવી રહેલા બે મુનિઓને દેખ્યા. અને તે મુનિવરો પણ તેના ઉપર અનુગ્રહ કરીને આકાશમાર્ગથી નીચે ઊતર્યા. તેમને સન્મુખ આવતા દેખીને તુરત જ વજ્રજંઘનો જીવ ઊભો થઈને વિનયથી તેમનો સત્કાર કરવા લાગ્યો. સાચું જ છે,–પૂર્વજન્મના સંસ્કાર જીવોને હિતકાર્યમાં પ્રેરિત કરે છે. બંને મુનિવરોની સમક્ષ પોતાની સ્ત્રી સહિત ઊભેલો વજ્રજંઘનો જીવ એવો શોભતો હતો, કે સૂર્ય અને પ્રતિસૂર્યની સમક્ષ જેવું કમલિનીસહિત પ્રભાત શોભે. વજ્રજંઘના જીવે ભક્તિપૂર્વક બંને મુનિવોના ચરણમાં અર્ઘ ચડાવીને તેમને નમસ્કાર કર્યા; તે વખતે તેના નયનોમાંથી હર્ષનાં આંસુ નીકળી નીકળીને મુનિરાજના ચરણ ઉપર પડવા લાગ્યાં, જાણે કે નયનો વડે તે મુનિરાજના ચરણોનું પ્રક્ષાલન જ કરતો હોય! સ્ત્રી સહિત પ્રણામ કરતા આર્યવજ્રજંઘને આશીર્વાદ દઈને તે બંને મુનિવરો યોગ્યસ્થાન પર યથાક્રમે બેઠા.

ત્યારબાદ, સુખપૂર્વક બિરાજતા તે બંને મુનિવરો પ્રત્યે વિનયપૂર્વક વજ્રજંઘે આ પ્રમાણે પૂછ્યું : હે ભગવાન! આપ ક્યાં વસનારા છો? આપ ક્યાંથી અહીં પધાર્યા છો? આપના આગમનનું કારણ શું છે? તે કૃપા કરીને

કહો. હે પ્રભો! આપને જોતાં જ મારા હૃદયમાં સૌહાર્દભાવ ઉમટી રહ્યો છે, મારું ચિત્ત અતિશય પ્રસન્ન થઈ રહ્યું છે, અને મને એમ લાગે છે કે જાણે આપ મારા પૂર્વપરિચિત બંધુ હો! પ્રભો! આ બધાનું શું કારણ છે તે અનુગ્રહ કરીને મને કહો.

એ પ્રમાણે વજ્રજંઘનો પ્રશ્ન પૂરો થતાં જ મોટા મુનિરાજ તેને આ પ્રમાણે ઉત્તર દેવા લાગ્યા : હે આર્ય! તું મને એ સ્વયંબુદ્ધમંત્રીનો જીવ જાણ કે જેના વડે તું મહાબલના ભવમાં પવિત્ર જૈનધર્મનો પ્રતિબોધ પામ્યો હતો. તે ભવમાં તારા મરણ બાદ મેં જિનદીક્ષા ધારણ કરી હતી અને સંન્યાસપૂર્વક શરીર છોડીને સૌધર્મસ્વર્ગનો દેવ થયો હતો; ત્યારબાદ આ પૃથ્વીલોકમાં વિદેહક્ષેત્રની પુંડરિકીણી નગરીમાં પ્રીતિકર નામનો રાજપુત્ર થયો છું અને આ (બીજા મુનિ) પ્રીતિદેવ મારા નાનાભાઈ છે. અમે બંને ભાઈઓએ સ્વયંપ્રભજિનેન્દ્રની સમીપ દીક્ષા લઈને પવિત્ર તપોબળથી અવધિજ્ઞાન તથા આકાશગામિની ચારણઋદ્ધિ પ્રાપ્ત કરી છે. હે આર્ય! અમે બંનેએ અવધિજ્ઞાનરૂપી નેત્રથી જાણ્યું કે તમે અહીં ભોગભૂમિમાં ઉત્પન્ન થયા છો; પૂર્વભવે આપ અમારા પરમમિત્ર હતા, તેથી આપને પ્રતિબોધવા માટે અમે અહીં આવ્યા છીએ.



શ્રી મુનિરાજ પરમ કરુણાથી કહે છે—હે ભવ્ય! તું પવિત્ર સમ્યગ્દર્શન વગર કેવળ પાત્રદાનની વિશેષતાથી જ અહીં ઉત્પન્ન થયો છે– એ વાત નિશ્ચય સમજ. મહાબલના ભવમાં પણ તું મારી પાસેથી તત્ત્વજ્ઞાન પામ્યો હતો, પરંતુ તે વખતે ભોગોની આકાંક્ષાને વશ તું દર્શનશુદ્ધિ પામી

શક્યો ન હતો. હવે અમે બંને, સર્વશ્રેષ્ઠ તથા મોક્ષના સુખનું મુખ્ય સાધન એવું સમ્યગ્દર્શન દેવાની ઈચ્છાથી અહીં આવ્યા છીએ.......માટે હે આર્ય! આજે જ તું સમ્યગ્દર્શન ગ્રહણ કર!

અહા, મુનિરાજના શ્રીમુખેથી પરમ અનુગ્રહભર્યા આ વચનો સાંભળતાં જ વજ્રજંઘનો આત્મા કોઈ અનેરી પ્રસન્નતા અને અદ્ભુત શાંતિ અનુભવતો હતો.

પ્રીતિકર મુનિરાજ પરમ અનુગ્રહ પૂર્વક વજ્રજંઘના આત્માને સમ્યગ્દર્શન અંગીકાર કરાવતાં કહે છે કે હે આર્ય! તું હમણાં જ સમ્યગ્દર્શનને ગ્રહણ કર......આ તારો સમ્યક્ત્વના લાભનો કાળ છે. **तद्गृहाणाद्य सम्यक्त्वं तल्लाभे काल एष ते'**

'રે ગ્રહણ કર સમ્યક્ત્વને, તત્પ્રાપ્તિનો છે કાળ આ'

દેશનાલબ્ધિ વગેરે બહિરંગકારણ અને કરણલબ્ધિરૂપ અંતરંગકારણ વડે ભવ્યજીવ દર્શનવિશુદ્ધિ પામે છે. જેમ સૂર્યનો ઉદય થતાં રાત્રીસંબંધી અંધકાર દૂર થઈ જાય છે તેમ સમ્યક્ત્વરૂપી સૂર્યનો ઉદય થતાં મિથ્યાત્વ–અંધકાર નષ્ટ થઈ જાય છે. આ સમ્યગ્દર્શન જ સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રનું મૂળ કારણ છે, એના વિના તે બંને હોતાં નથી. સર્વજ્ઞે કહેલાં જીવાદિ સાત તત્ત્વોનું, ત્રણ મૂઢતારહિત તથા આઠ અંગસહિત યથાર્થ શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે. નિઃશંકતા, વાત્સલ્ય વગેરે આઠ અંગરૂપી કિરણોથી સમ્યગ્દર્શનરૂપી રત્ન બહુ જ શોભે છે. હે ભવ્ય! નિઃશંકતા આદિ આઠે અંગોથી સુશોભિત એવા વિશુદ્ધ સમ્યક્ત્વને તું ધારણ કર.

સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને તેનો પરમ મહિમા સમજાવીને તે સમ્યગ્દર્શન પ્રગટ કરવાની વારંવાર પ્રેરણા કરતાં શ્રી પ્રીતિકરમુનિરાજ કહે છે કે : હે આર્ય! જીવાદિ પદાર્થોના સ્વરૂપનું યથાર્થ શ્રદ્ધાન કરનારા આ સમ્યગ્દર્શનને જ તું ધર્મનું સર્વસ્વ સમજ. આ સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં, જગતમાં એવું કોઈ સુખ નથી કે જે જીવને પ્રાપ્ત ન થાય,–એટલે કે સર્વસુખનું કારણ સમ્યગ્દર્શન છે. આ સંસારમાં તે જ પુરુષ શ્રેષ્ઠ જન્મ પામ્યો છે......તે જ કૃતાર્થ છે......અને તે જ પંડિત છે......કે જેના હૃદયમાં

નિર્દોષ સમ્યગ્દર્શન પ્રકાશે છે. હે ભવ્ય! ચોક્કસપણે તું આ સમ્યગ્દર્શનને જ સિદ્ધિપ્રસાદનું પ્રથમ સોપાન જાણ. મોક્ષમહેલનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન જ છે; તે જ દુર્ગતિના દરવાજાને રોકનાર મજબૂત કમાડ છે, તે જ ધર્મના ઝાડનું સ્થિર મૂળિયું છે, તે જ મોક્ષના ઘરનો દરવાજો છે, અને તે જ શીલરૂપી હારની વચમાં લાગેલું શ્રેષ્ઠ રત્ન છે. આ સમ્યગ્દર્શન જીવને અલંકૃત કરનારું છે, દેદીપ્યમાન છે, સારભૂત રત્ન છે અર્થાત્ રત્નોમાં શ્રેષ્ઠ છે, સૌથી ઉત્કૃષ્ટ છે, અને મુક્તિશ્રીને વરવા માટેની તે વરમાળ છે.—હે ભવ્ય! આવા સમ્યગ્દર્શનને તું તારા હૃદયમાં ધારણ કર.....આજે જ ધારણ કર......અમે તને સમ્યક્ત્વ પમાડવા માટે જ આવ્યા છીએ.

જે પુરુષે અત્યંત દુર્લભ આ સમ્યગ્દર્શનરૂપી શ્રેષ્ઠ રત્ન પ્રાપ્ત કરી લીધું છે તે અલ્પકાળમાં જ મોક્ષ સુધીના સુખને પામી જાય છે. દેખો, જે પુરુષ એક મુહૂર્તને માટે પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લ્યે છે તે આ મોટી સંસારરૂપી વેલને કાપીને અત્યંત નાની કરી નાંખે છે. જેના હૃદયમાં સમ્યગ્દર્શન છે તે જીવ ઉત્તમ દેવ તથા ઉત્તમ મનુષ્યપર્યાયમાં જ ઉત્પન્ન થાય છે, એ સિવાય નરક–તિર્યંચના દુર્જન્મ તેને કદી થતા નથી. અહો, આ સમ્યગ્દર્શન સંબંધમાં અધિક શું કહેવું? એની તો એટલી જ પ્રશંસા બસ છે કે જીવને સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં અનંત સંસારનો પણ અંત આવી જાય છે, અને તે મોક્ષસુખનો પરમ સ્વાદ અત્યારે જ અનુભવે છે.

આ પ્રમાણે સમ્યગ્દર્શનનો પરમ મહિમા સમજાવીને શ્રી મુનિરાજ કહે છે કે હે આર્ય! તું મારાં વચનોથી જિનેશ્વરદેવની આજ્ઞાને પ્રમાણભૂત કરીને, અનન્યશરણરૂપ થઈને (એટલે કે તેનું એકનું જ શરણ લઈને) સમ્યગ્દર્શનનો સ્વીકાર કર. જેમ શરીરના હાથ–પગ વગેરે અંગોમાં મસ્તક પ્રધાન છે, અને મુખમાં નેત્ર મુખ્ય છે, તેમ મોક્ષના સમસ્ત અંગોમાં ગણધરાદિ આપ્તપુરુષ સમ્યગ્દર્શનને જ પ્રધાન અંગ જાણે છે. હે આર્ય! લોકમૂઢતા, ગુરુમૂઢતા અને દેવમૂઢતાનો પરિત્યાગ કરીને તું, મિથ્યાદ્રષ્ટિઓ જેને નથી પામી શકતા એવી સમ્યગ્દર્શનની ઉજ્જ્વળતાને ધારણ કર. સમ્યગ્દર્શનરૂપી તલવાર દ્વારા સંસારરૂપી લતાને તું છેદી નાખ. તું જરૂર

નિકટ ભવ્ય છે અને ભવિષ્યમાં તીર્થંકર થનાર છે. હે આર્ય! અરિહંતદેવના વચન અનુસાર મેં આ સમ્યગ્દર્શનની દેશના કરી છે, તે શ્રેયની પ્રાપ્તિ માટે તારે અવશ્ય ગ્રહણ કરવાયોગ્ય છે. એ પ્રમાણે આર્ય–વજ્રજંઘને પ્રતિબોધ્યા બાદ તે મુનિરાજ આર્યા–શ્રીમતીને સંબોધીને આ પ્રમાણે કહેવા લાગ્યા :

હે અંબા! હે માતા! તું પણ સંસારસમુદ્રથી પાર થવા માટે નૌકાસમાન એવા આ સમ્યગ્દર્શનને અતિ શીઘ્રપણે ગ્રહણ કર. આ સ્ત્રીપર્યાયમાં વૃથા ખેદખિન્ન શા માટે થાય છે? હે માતા! તું વિલંબ વગર સમ્યગ્દર્શનને ધારણ કર. સમ્યગ્દર્શન થયા પછી જીવને સ્ત્રીપર્યાયમાં અવતાર થતો નથી, તેમ જ નીચેની છ નરકોમાં, વૈમાનીકથી હલકા દેવોમાં, કે બીજી કોઈ નીચ પર્યાયોમાં તે ઉત્પન્ન થતો નથી. અજ્ઞાનજન્ય આ નિંદ્ય સ્ત્રીપર્યાયને ધિક્કાર છે કે જેમાં નિર્ગ્રન્થ મુનિધર્મનું પાલન થઈ શકતું નથી. હે માતા! હવે તું નિર્દોષ સમ્યગ્દર્શનની આરાધના કર, અને તેની આરાધના વડે આ સ્ત્રીપર્યાયનો છેદ કરીને ક્રમેક્રમે મોક્ષ સુધીના પરમ સ્થાનોને પ્રાપ્ત કર. તમે બંને થોડાક ઉત્તમ ભવોને ધારણ કરીને ધ્યાનરૂપી અગ્નિ દ્વારા સમસ્ત કર્મોને ભસ્મ કરીને પરમ સિદ્ધપદ પામશો.

—આ પ્રમાણે પ્રીતિંકરઆચાર્યના વચનોને પ્રમાણ કરીને આર્યવજ્રજંઘે પોતાની સ્ત્રીની સાથેસાથે પ્રસન્નચિત્ત થઈને સમ્યગ્દર્શન ધારણ કર્યું. તે વજ્રજંઘનો જીવ પોતાની પ્રિયાની સાથે સમ્યગ્દર્શન પામીને અતિશય સંતુષ્ઠ થયો; બરાબર છે,–અપૂર્વ વસ્તુનો લાભ પ્રાણીઓને મહાન સંતોષ ઉપજાવે જ છે. જેમ કોઈ રાજકુમાર સૂત્રમાં પરોવેલી મનોહર માળા પ્રાપ્ત કરીને પોતાની રાજલક્ષ્મીના યુવરાજપદ પર સ્થિત થાય છે, તેમ તે વજ્રજંઘનો જીવ પણ જૈનસિદ્ધાંતરૂપી સૂત્રમાં પરોવેલી મનોહર સમ્યગ્દર્શનરૂપી માળા પામીને મોક્ષરૂપી રાજસંપદાના યુવરાજપદ પર સ્થિત થયો, તેમ જ વિશુદ્ધ પુરુષપર્યાય પામીને મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છા કરતી થકી સતી આર્યા પણ સમ્યક્ત્વની પ્રાપ્તિથી અત્યંત સંતુષ્ઠ થઈ. પહેલાં કદી પણ જેની પ્રાપ્તિ થઈ ન હતી એવા સમ્યગ્દર્શનરૂપી રસાયણને આસ્વાદી (ચૈતન્યના અતીન્દ્રિય આનંદને અનુભવીને) તે બંને દંપતી કર્મ નષ્ટ કરનાર એવા જૈનધર્મમાં અતિશય દ્રઢતા પામ્યા.

આ રીતે ઋષભદેવનો આત્મા પૂર્વે સાતમા ભવે ભોગભૂમિમાં સમ્યક્ત્વ પામ્યો......ભવિષ્યમાં ભરતક્ષેત્રના આદિ–તીર્થંકર થઈને જેઓ ધર્મતીર્થની આદિ કરનાર છે એવા આદિનાથપ્રભુના આત્મામાં ધર્મની આદિ થઈ. તે ધર્મની શરૂઆત કરનાર ધર્માત્માને અમારા નમસ્કાર હો.

વજ્રજંઘ અને શ્રીમતીની સાથે સાથે, પૂર્વ ભવના સિંહ, વાંદરો, નોળિયો અને ભૂંડ એ ચાર જીવો–કે જેઓ આહારદાનનું અનુમોદન કરીને તેમની સાથે જ ભોગભૂમિમાં ઉપજ્યા હતા તેઓ પણ, ગુરુદેવ પ્રીતિકરમુનિરાજના ચરણકમળનો આશ્રય લઈને સમ્યગ્દર્શનરૂપી અમૃતને પામ્યા. આનંદસૂચક ચિહ્નો દ્વારા જેમણે પોતાના મનોરથની સિદ્ધિ પ્રગટ કરી છે એવા તે બંને દંપતીને તે 'બંને મુનિવરો' ઘણી વાર સુધી ધર્મપ્રેમથી વારંવાર દેખતા હતા,–કૃપાદૃષ્ટિ કરતા હતા. અને તે વજ્રજંઘનો જીવ પૂર્વભવના પ્રેમને લીધે આંખો ફાડી ફાડીને શ્રી પ્રીતિકરમુનિરાજના ચરણકમળ તરફ દેખી રહ્યો હતો તથા તેમના ક્ષણભરના સ્પર્શથી ઘણો જ પ્રસન્ન થઈ રહ્યો હતો.

આ પ્રમાણે તે બે મુનિભગવંતોએ પરમ અનુગ્રહપૂર્વક વજ્રજંઘ વગેરે જીવોને પ્રતિબોધીને અપૂર્વ સમ્યગ્દર્શન પમાડ્યું. ત્યારબાદ તે બંને ચારણમુનિવરો પોતાના યોગ્યદેશમાં જવા માટે તૈયાર થયા, ત્યારે વજ્રજંઘના જીવે તેમને પ્રણામ કર્યા અને પરમ ભક્તિપૂર્વક કેટલેક દૂર સુધી તેમની પાછળ પાછળ ગમન કર્યું.....જતાં જતાં બંને મુનિવરોએ તેને આશીર્વાદ દઈને હિતોપદેશ દીધો......અને કહ્યું કે આર્ય! ફરીને દર્શન હો......તું આ સમ્યગ્દર્શનરૂપી સત્યધર્મને કદી ભૂલીશ નહીં.–આટલું કહીને તે બંને ગગનગામી મુનિવરો તરત જ આકાશમાર્ગે અંતર્હિત થઈ ગયા.

જ્યારે બંને મુનિવરો ચાલ્યા ગયા ત્યારે તે વજ્રજંઘનો જીવ ક્ષણભર તો બહુ જ ઉત્કંઠિત થઈ રહ્યો. સાચું જ છે કે પ્રિયજનોનો વિયોગ મનને સંતાપ કરે છે. વારંવાર મુનિવરોના ગુણોના ચિંતન વડે પોતાના મનને આર્દ્ર કરીને તે વજ્રજંઘ ઘણા વખત સુધી ધર્મસંબંધી આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો : અહા! કેવું આશ્ચર્ય છે કે સાધુપુરુષોનો સમાગમ હૃદયના

સંતાપને દૂર કરે છે, પરમ આનંદને વધારે છે અને મનની વૃત્તિને સંતુષ્ઠ કરે છે. વળી તે સાધુઓનો સમાગમ પ્રાયઃ દૂરથી જ પાપને નષ્ટ કરે છે, ઉત્કૃષ્ટ યોગ્યતાને પુષ્ટ કરે છે અને કલ્યાણને ખૂબ જ વધારે છે. તે સાધુ પુરુષોએ મોક્ષમાર્ગના સાધનમાં જ સદા પોતાની બુદ્ધિ જોડી છે, લોકોને પ્રસન્ન કરવાનું કંઈ પ્રયોજન તેમને રહ્યું નથી. મહાપુરુષોનો આ સ્વભાવ જ છે કે માત્ર અનુગ્રહબુદ્ધિથી ભવ્યજીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે.

વજ્રજંઘનો જીવ વિચારી રહ્યો છે : અહા! મારા ધનભાગ્ય કે મુનિભગવંતો મારા ઉપર અનુગ્રહ કરીને અહીં પધાર્યા ને મને સમ્યક્ત્વ આપ્યું. ક્યાં એ અત્યંત નિસ્પૃહ સાધુઓ ને ક્યાં અમે? ક્યાં તો એમનું વિદેહધામ! ને ક્યાં અમારી ભોગભૂમિ! એ નિસ્પૃહ મુનિવરોનું ભોગભૂમિમાં આવવું અને અહીંના મનુષ્યોને ઉપદેશ દેવો એ કાર્ય સહજ નથી તોપણ તે મુનિવરોએ અહીં પધારીને મારા ઉપર મહાન ઉપકાર કર્યો.



જેમ આ ચારણઋદ્ધિધાક મુનિવરોએ દૂરથી આવીને અમને ધર્મ પમાડીને અમારા ઉપર મહાન ઉપકાર કર્યો, તેમ મહાપુરુષો ધર્મ પમાડીને બીજાનો ઉપકાર કરવામાં સદા પ્રીતિ રાખે છે. તપથી જેમનું શરીર કૃશ થઈ ગયું છે એવા એ બંને તેજસ્વી મુનિભગવંતો અત્યારે પણ મારી નજર સામે જ તરવરે છે, જાણે કે હજી પણ તેઓ મારી સામે જ ઊભા છે.....હું તેમના ચરણકમળમાં પ્રણામ કરું છું ને તે બંને મુનિવરો તેમનો કોમળ હાથ મારા મસ્તક ઉપર મૂકીને મને સ્નેહભીનો કરી રહ્યા છે! અહા! એ મુનિવરોએ મને—ધર્મના પ્યાસા માનવીને સમ્યગ્દર્શનરૂપી અમૃત પીવડાવ્યું

છે. તેથી મારું મન સંતાપરહિત અત્યંત પ્રસન્ન થઈ રહ્યું છે.........

આર્ય વજ્રજંઘ તે પ્રીતિંકર મુનિરાજના મહાન ઉપકારનું ફરીફરીને ચિંતન કરે છે : અહા, એ પ્રીતિંકર નામના મોટા મુનિરાજ ખરેખર 'પ્રીતિકર' જ છે, તેથી જ દૂરદૂરથી અહીં આવીને અને સમ્યગ્દર્શનનો ઉપદેશ દઈને તેમણે અમારા ઉપર અપાર પ્રીતિ દર્શાવી છે. તેઓ મહાબલના ભવમાં પણ મારા સ્વયંબુદ્ધ નામના ગુરુ હતા, અને આજે આ ભવમાં પણ મને સમ્યગ્દર્શન આપીને તેઓ મારા વિશેષ ગુરુ થયા છે. જો સંસારમાં આવી ગુરુઓની સંગતિ ન હોય તો ગુણોની પ્રાપ્તિ પણ ન થઈ શકે, અને સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ વગર જીવના જન્મની સફળતા પણ ન થાય. ધન્ય છે જગતમાં આવા ગુરુઓને કે જેમની સંગતિથી ભવ્યજીવોને સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે.

❁

## ❁ વાહ રે વાહ સંતોના પંથ! ❁

✻ વાહ રે વાહ, મોક્ષમાર્ગી સંતો! કેટલો તમારો મહિમા કરું? તમારી ચેતનાનો અગમ અપાર મહિમા તો સ્વાનુભૂતિગમ્ય છે......એવી સ્વાનુભૂતિ વડે આપનો સત્યમહિમા કરું છું. વિકલ્પ વડે તો આપના મહિમાનું માપ ક્યાં થઈ શકે છે?

✻ સ્વાનુભૂતિની નિર્મળપર્યાયરૂપ માર્ગ દ્વારા હે જીવ! તું તારા ચૈતન્યના આનંદસરોવરમાં પ્રવેશ કર. તારા ઉપયોગને તારા અંતરમાં લઈ જા—કે તરત જ તને આનંદની અનુભૂતિ થશે. આ અનુભૂતિના પંથ જગતથી ન્યારા છે.

✻ 'હું કોણ છું?' 'હું' એટલે જ્ઞાન ને આનંદ; હું એટલે રાગ કે શરીર નહીં—આવી અન્તર પરિણતિ વડે આત્મા પ્રાપ્ત થાય છે.

✻ મારે મારા આત્માના જ્ઞાનસ્વભાવ સાથે કામ છે. બીજા કોઈ સાથે મારે કામ નથી. મારા સ્વભાવમાં ઊંડો ઊતરીને તેને એકને જ હું સદાય ભાવું છું, તેનો જ વારંવાર પરિચય કરું છું.


# એક હાથીનું અદ્‌ભુત પરાક્રમ

## ભગવાન પારસનાથના જીવને સમ્યક્ત્વ–પ્રાપ્તિનું આનંદકારી વર્ણન

આપણા ત્રેવીસમા તીર્થંકર પારસનાથ ભગવાન પૂર્વે મરૂભૂતિ હતા; મરૂભૂતિ અને કમઠ એ બંને ભાઈ હતા. કમઠે ક્રોધથી મરૂભૂતિને મારી નાંખ્યો; મરૂભૂતિ મરીને હાથી થયો છે; ને કમઠનો જીવ સર્પ થયો છે. તેના રાજા અરવિંદ વૈરાગ્યથી મુનિ થયા છે.....મુનિરાજ અનેક તીર્થોની યાત્રા કરતા કરતા દેશોદેશ વિચરે છે ને ભવ્ય જીવોને પ્રતિબોધે છે.

સમ્મેદશિખર.......એ આપણા જૈનધર્મનું મહાન તીર્થ છે, અનંતા જીવો ત્યાંથી સિદ્ધપદ પામ્યા છે; તેની યાત્રા કરતાં સિદ્ધપદનું સ્મરણ થાય છે. અનેક મુનિઓ ત્યાં આત્માનું ધ્યાન કરે છે. આવા સમ્મેદશિખર મહાન તીર્થની યાત્રા કરવા માટે એક મોટો સંઘ ચાલ્યો જાય છે. શ્રી અરવિંદમુનિરાજ પણ આ સંઘની સાથે જ છે. ચાલતાં–ચાલતાં સંઘે એક વનમાં પડાવ નાખ્યો. શાંત વન હજારો મનુષ્યોના કોલાહલથી ગાજી ઊઠ્યું......જંગલમાં જાણે નગરી વસી ગઈ. અરવિંદ મુનિરાજ એક ઝાડ નીચે આત્માના ધ્યાનમાં બેઠા છે. એવામાં અચાનક એક ઘટના બની......શું બન્યું? તે સાંભળો.

એક મોટો હાથી ગાંડો થઈને ચારેકોર દોડાદોડ કરવા લાગ્યો, ને લોકો નાસભાગ કરવા લાગ્યા. કોણ છે એ હાથી? થોડાક ભવ પછી તો એ હાથી પારસનાથભગવાન થવાનો છે. જે પૂર્વભવમાં મરૂભૂતિ હતો ને મરીને હાથી થયો છે, તે જ હાથી આ છે. એનું નામ વજ્રઘોષ છે; તે હાથી આ વનનો રાજા છે, ને ભાન વગર જંગલમાં ભટકી રહ્યો છે. સુંદર વનમાં એક મોટું સરોવર છે; તેમાં હાથી રોજ નહાય છે, વનના મીઠાં ફળફૂલ ખાય છે, ને હાથણીઓ સાથે રમે છે. નિર્જન વનમાં માણસો ક્યારેક જ દેખાય છે.




'હાથી હું નહિ, ક્રોધ હું નહિ; શાંતચેતનારૂપ હું'
એવા અનુભવ વડે આત્મસાધના કરીને
હાથીનો જીવ પરમાત્મા બન્યો.

જે વનમાં આ હાથી રહેતો હતો તે જ વનમાં યાત્રાસંઘે પડાવ નાખ્યો એટલે ત્યાં મોટો કોલાહલ થવા લાગ્યો. નિર્જન વનમાં આટલાં બધાં માણસો ને વાહનો હાથીએ કદી જોયાં ન હતાં; તેથી માણસોને દેખીને હાથી રઘવાયો બન્યો ને ગાંડો થઈને ચારેકોર ઘૂમવા લાગ્યો, જે હડફેટમાં આવે તેને મારવા લાગ્યો. લોકો તો ચીસાચીસ કરીને ચારેકોર ભાગવા લાગ્યા. હાથીએ કોઈને પગ નીચે છૂંદી નાંખ્યા તો કોઈને સૂંઢથી પકડીને ઊંચે ઊલાળ્યા; રથને ભાંગી નાંખ્યા ને ઝાડને ઊખેડી નાંખ્યા. ઘણાં માણસો ભયભીત થઈને મુનિરાજના શરણમાં પહોંચી ગયા.

ગાંડો હાથી ચારેકોર ફરતો–ફરતો, જ્યાં અરવિંદ મુનિરાજ બિરાજતા હતા તે તરફ કિકિયારી કરતો દોડ્યો. લોકોને બીક લાગી કે અરે, આ હાથી મુનિરાજને શું કરી નાંખશે?


મુનિરાજ તો શાંત થઈને બેઠા છે. એમને જોતાં જ સૂંઢ ઊંચી કરીને હાથી તેમના તરફ દોડ્યો.....પણ..

–પણ મુનિરાજની છાતીમાં એક ચિહ્ન જોતાં જ તે હાથી એકદમ શાંત થઈ ગયો.....તેને થયું કે અરે! આમને તો મેં ક્યાંક જોયા છે......આ મારા કોઈ ઓળખીતા ને હિતસ્વી હોય એમ મને લાગે છે.–આવા વિચારમાં હાથી તો એકદમ શાંત થઈને ઊભો રહ્યો; એનું ગાંડપણ મટી ગયું ને મુનિરાજ સામે સૂંઢ નમાવીને બેસી ગયો.

લોકો તો આશ્ચર્ય પામી ગયા કે અરે! મુનિરાજ પાસે આવતાં જ આ ગાંડો હાથી એકાએક શાંત કેમ થઈ ગયો! આ બનાવ દેખીને ચારેકોરથી માણસો ત્યાં મુનિરાજ પાસે દોડી આવ્યાં. મુનિરાજે અવધિજ્ઞાન વડે હાથીના પૂર્વભવને જાણી લીધો; અને શાંત થયેલા હાથીને સંબોધીને કહ્યું : અરે બુદ્ધિમાન! આ પાગલપણું તને નથી શોભતું. આ પશુતા, અને આ હિંસા તું છોડ! પૂર્વભવમાં તું મરૂભૂતિ હતો; ત્યારે હું અરવિંદરાજા હતો તે મુનિ થયો છું; અને તું મારો મંત્રી હતો, પણ આત્માનું ભાન ભૂલીને આર્તધ્યાનથી તું આ પશુપર્યાય પામ્યો.....માટે હે ગજરાજ! હવે તો તું ચેત......અને આત્માને ઓળખ.

મુનિરાજનાં મીઠાં વચન સાંભળીને હાથીને ઘણો વૈરાગ્ય થયો, તેને પોતાના પૂર્વભવનું જાતિસ્મરણ જ્ઞાન થયું, પોતાના દુષ્કર્મ માટે તેને ઘણો પસ્તાવો થયો; તેની આંખોમાંથી આંસુની ધાર પડવા લાગી. વિનયથી મુનિરાજનાં ચરણોમાં માથું નમાવીને તેમની સામે જોઈ રહ્યો......કુદરતી તેનું જ્ઞાન એટલું ઊઘડી ગયું કે તે મનુષ્યની ભાષા સમજવા લાગ્યો......અને મુનિરાજની વાણી સાંભળવા તેને જિજ્ઞાસા જાગી.

મુનિરાજે જોયું કે આ હાથીના જીવના પરિણામ અત્યારે વિશુદ્ધ થયા છે, તેને આત્મા સમજવાની તીવ્ર જિજ્ઞાસા જાગી છે......અને તે એક હોનહાર તીર્થંકર છે.....એટલે અત્યંત પ્રેમથી (વાત્સલ્યથી) તે હાથીને ઉપદેશ દેવા લાગ્યા : અરે હાથી! તું શાંત થા. આ પશુપર્યાય એ કાંઈ તારું સ્વરૂપ નથી, તું તો દેહથી ભિન્ન ચૈતન્યમય આત્મા છો. આત્માના જ્ઞાન વગર ઘણા ભવમાં તેં ઘણાં દુઃખ ભોગવ્યાં. હવે તો આત્માનું સ્વરૂપ જાણ અને સમ્યગ્દર્શનને ધારણ કર. સમ્યગ્દર્શન જ જીવને મહાન સુખકર છે. રાગ અને જ્ઞાનને એકમેક અનુભવવાનો અવિવેક તું છોડ.....છોડ! તું પ્રસન્ન થા.....સાવધાન થા.....અને સદાય ઉપયોગરૂપ સ્વદ્રવ્ય જ મારું છે, એમ તું અનુભવ કર. તેથી તને ઘણો આનંદ થશે.



હાથી ખૂબ ભક્તિથી સાંભળે છે. મુનિરાજના શ્રીમુખથી આત્માના સ્વરૂપની અને સમ્યગ્દર્શનની વાત સાંભળતાં તેને ઘણો હર્ષોલ્લાસ થયો છે, તેનાં પરિણામ વધુ ને વધુ નિર્મળ થતાં જાય છે......તેના અંતરમાં સમ્યગ્દર્શનની તૈયારી ચાલી રહી છે.

મુનિરાજ તેને આત્માનું પરમ શુદ્ધસ્વરૂપ દેખાડે છે : રે જીવ! તારો આત્મા અનંત ગુણરત્નોનો ખજાનો છે......આ હાથીનું જાડું શરીર તે તો પુદ્‌ગલ છે, તે કાંઈ તું નથી. તું તો જ્ઞાનસ્વરૂપ છો. તારા જ્ઞાનસ્વરૂપમાં પાપ તો નથી ને પુણ્યનો શુભરાગ પણ નથી; તું તો વીતરાગી આનંદમય છો.–આવા તારા સ્વરૂપને તું અનુભવમાં લે.....ને તેની શ્રદ્ધા કરીને સમ્યગ્દર્શન ધારણ કર.

જગતમાં સમ્યગ્દર્શન જ જીવને સારરૂપ છે; તે જ મોક્ષનું પગથિયું છે, તે જ ધર્મનો પાયો છે, સમ્યગ્દર્શન વગર કોઈ પણ ધર્મક્રિયા હોતી નથી; સમ્યગ્દર્શન વગરની બધી ક્રિયાઓ નકામી છે. મિથ્યાત્વના દાવાનળમાં આખો સંસાર સળગી રહ્યો છે, તેમાંથી આ સમ્યગ્દર્શન જ જીવને ઉગારનાર છે. વીતરાગ–સર્વજ્ઞ અરિહંત દેવ, રત્નત્રયધારક દિગંબર મુનિરાજ ગુરુ અને હિંસા વગરનો વીતરાગભાવરૂપ ધર્મ,–આવા દેવ-ગુરુ -ધર્મને ઓળખીને શ્રદ્ધા કર, અત્યંત ભક્તિથી તેનો આદર કર અને તેમણે આત્માનું શુદ્ધસ્વરૂપ જેવું કહ્યું છે તેવું તું જાણ, તેની શ્રદ્ધા કર......આવા સમ્યગ્દર્શનથી તારું પરમ કલ્યાણ થશે.

–આમ ઘણા પ્રકારે મુનિરાજે સમ્યગ્દર્શનનો ઉપદેશ આપ્યો...... તે સાંભળીને હાથીનાં પરિણામ અંતર્મુખ થયાં.... અને અંતરમાં પોતાના આત્માનું સાચું સ્વરૂપ દેખીને તેને સમ્યગ્દર્શન થયું......પરમ આનંદનો અનુભવ થયો......તેને એમ થયું કે–'અહા, અમૃતના દરિયા મારા આત્મામાં ડોલી રહ્યા છે......પરભાવોથી ભિન્ન સાચું સુખ મારા આત્મામાં અનુભવાય છે. ક્ષણમાત્ર આવા આનંદના અનુભવથી અનંત ભવનો થાક ઊતરી જાય છે.' આવા આત્માનો વારંવાર અનુભવ કરવાનું તેને મન થયું......ઉપયોગ ફરી ફરીને અંતરમાં એકાગ્ર થવા લાગ્યો. આ અનુભવના અચિંત્ય અપાર

મહિમાનો કોઈ પાર ન હતો. વારંવાર તેને એમ થતું કે 'અહો! આ મુનિરાજે અદ્ભુત ઉપકાર કરી આત્માનું મૂળ સ્વરૂપ મને સમજાવ્યું. આત્મઉપયોગ સહજપણે ઝડપથી પોતાના સ્વસ્વરૂપ તરફ વળતાં સહજ નિર્વિકલ્પ સ્વરૂપ અનુભવાયું.....ચૈતન્યપ્રભુ પોતાના 'એકત્વ'માં આવીને નિજાનંદમાં ડોલવા લાગ્યા......વાહ! આત્માનું સ્વરૂપ કોઈ અદ્ભુત છે. એકલા શાંતરસનું જ તેમાં વેદન છે, અનંત ગુણનો રસ તેમાં સમાય છે.–આવા પરમ તત્ત્વને પામીને મારા ચૈતન્યપ્રભુને મેં મારામાં જ દેખ્યા.

–આમ સમ્યગ્દર્શન થતાં હાથીના આનંદનો કોઈ પાર નથી. તેની આનંદમય ચેષ્ટાઓ, તથા તેની આત્મશાંતિ દેખીને મુનિરાજને પણ ખ્યાલ આવી ગયો કે આ હાથીનો જીવ આત્મજ્ઞાન પામ્યો છે, ભવનો છેદ કરીને તે મોક્ષના માર્ગમાં આવ્યો છે. મુનિરાજે પ્રસન્ન થઈને હાથ ઊંચો કરીને હાથીને આશીર્વાદ આપ્યા.

સંઘના હજારો લોકો આ દૃશ્ય દેખીને બહુ ખુશ થયા. એક ક્ષણમાં આ બધું શું બની રહ્યું છે તે સૌ આશ્ચર્યથી જોવા લાગ્યા.

આત્માનું જ્ઞાન થતાં હાથી તો ઘણા જ ભક્તિભાવથી મુનિરાજનો ઉપકાર માનવા લાગ્યો......અરે, પૂર્વે આત્માના ભાન વિના આર્તધ્યાન કરવાથી હું પશુદશાને પામ્યો, પણ હવે આ મુનિરાજના પ્રતાપે મને આત્મભાન થયું છે, ને તે આત્માના ધ્યાન વડે હવે હું પરમાત્મા થઈશ–એમ વિચારીને તે હાથી સૂંઢ નમાવીને મુનિરાજને નમસ્કાર કરતો હતો. અપૂર્વ આત્મલાભથી તે અત્યંત તૃપ્ત–તૃપ્ત થયો હતો.

(જુઓ તો ખરા, બંધુઓ! આપણો જૈનધર્મ કેવો મહાન છે કે તેના સેવન વડે એક પશુ પણ આત્મજ્ઞાન કરીને પરમાત્મા બની શકે છે! દરેક આત્મામાં પરમાત્મા થવાની તાકાત છે–એમ આપણો જૈનધર્મ બતાવે છે. વાહ.....જૈનધર્મ......વાહ!)

મુનિરાજ પાસેથી સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજીને, હાથીની સાથે સાથે બીજા પણ ઘણાય જીવો સમ્યગ્દર્શન પામ્યા. જેમ તીર્થંકર એકલા મોક્ષમાં ન જાય, બીજા ઘણાય જીવો પણ તેમની સાથે મોક્ષ પામે, તેમ અહીં

તીર્થંકરનો આત્મા સમ્યગ્દર્શન પામતાં, બીજા ઘણાય જીવો પણ તેની સાથે સમ્યગ્દર્શન પામ્યા; અને ચારેકોર ધર્મનો જયજયકાર થઈ ગયો. થોડી વાર પહેલાં જે હાથી ગાંડો થઈને હિંસા કરતો હતો, તે જ હાથી હવે આત્મજ્ઞાની થઈને શાંત અહિંસક બની ગયો; અને મુનિરાજ પાસેથી ફરી ધર્મ સાંભળવા માટે આતુરતાથી તેમની સામે જોઈ રહ્યો. ઘણા શ્રાવકો પણ ઉપદેશ સાંભળવા બેઠા હતા.

મુનિરાજ પાસેથી ધર્મનો ઉપદેશ સાંભળીને ઘણા જીવોએ વ્રત ધારણ કર્યાં. હાથીને પણ ભાવના જાગી કે જો હું મનુષ્ય હોત તો હું પણ ઉત્તમ મુનિધર્મને અંગીકાર કરત; આમ મુનિધર્મની ભાવના સહિત તેણે શ્રાવકધર્મ અંગીકાર કર્યો; મુનિરાજના ચરણોમાં નમસ્કાર કરીને તેણે પાંચ અણુવ્રત ધારણ કર્યાં.....તે શ્રાવક બન્યો.

સમ્યગ્દર્શન પામીને વ્રતધારી થયેલો તે વજ્રઘોષ હાથી વારંવાર મસ્તક નમાવીને અરવિંદ મુનિરાજને નમસ્કાર કરવા લાગ્યો, સૂંઢ ઊંચી–નીચી કરીને ઉપકાર માનવા લાગ્યો. હાથીની આવી ધર્મચેષ્ટાઓ દેખીને શ્રાવકો બહુ રાજી થયા, અને જ્યારે મુનિરાજે પ્રસિદ્ધ કર્યું કે–આ હાથીનો જીવ આત્માની ઉન્નત્તિ કરતો કરતો ભરતક્ષેત્રમાં ૨૩ મો તીર્થંકર થશે, –ત્યારે તો સૌના હર્ષનો પાર ન રહ્યો; હાથીને ધર્માત્મા જાણીને ઘણા પ્રેમથી શ્રાવકો તેને નિર્દોષ આહાર દેવા લાગ્યા.

યાત્રાસંઘ થોડો વખત તે વનમાં રોકાઈને પછી સમ્મેદશિખર તરફ ચાલ્યો; હાથીનો જીવ થોડા ભવ પછી આ જ સમ્મેદશિખર ઉપરથી મોક્ષ પામવાનો છે. તેની યાત્રા કરવા સંઘ જાય છે. અરવિંદ મુનિરાજ પણ સંઘની સાથે વિહાર કરવા લાગ્યા. ત્યારે હાથી પણ અત્યંત વિનયપૂર્વક પોતાના ગુરુને વળાવવા માટે થોડે દૂર સુધી પાછળ પાછળ ગયો.......અંતે ફરી ફરીને મુનિરાજને નમસ્કાર કરીને ગદ્ગદ્ભાવે પોતાના વનમાં પાછો આવ્યો, ને ચૈતન્યની આરાધનાપૂર્વક અપૂર્વ શાંતિમય જીવન જીવવા લાગ્યો.

**વાહ! ધન્ય છે તે હાથીને.......કે જે મોક્ષનો આરાધક બન્યો.**

❀

## મહાવીર ભગવાનના જીવને
# સિંહપર્યાયમાં સમ્યગ્દર્શન

મહાવીર ભગવાનનો તે જીવ પૂર્વે આત્મજ્ઞાન પામ્યા પહેલાં તીવ્ર મિથ્યાત્વના સેવનથી સમસ્ત અધોગતિમાં જન્મ-મરણ કરી કરીને બહુ જ થાક્યો ને ખેદખિન્ન થયો. અંતે એકવાર રાજગૃહીમાં બ્રાહ્મણપુત્ર થયો. તે વેદપુરાણમાં પારંગત હતો, પણ સમ્યગ્દર્શનરહિત હોવાથી તેનું જ્ઞાન ને તપ બધું વ્યર્થ હતું. તે મરીને સ્વર્ગમાં ગયો, પછી રાજગૃહીમાં વિશ્વનંદી નામનો રાજપુત્ર થયો, જૈનદીક્ષા લઈને નિદાનસહિત મરીને સ્વર્ગમાં ગયો, ને ત્યાંથી બાહુબલીસ્વામીના વંશમાં ત્રિપુષ્ઠ નામનો અર્ધચક્રી (વાસુદેવ) થઈ, આર્તધ્યાનથી મરી સાતમી નરકે ગયો; અરે, એ નરકના ઘોર દુઃખોની શી વાત! સંસારભ્રમણમાં ભમતા જીવે અજ્ઞાનથી કયાં દુઃખ નહિ ભોગવ્યાં હોય!!


મહાકષ્ટે અસંખ્યાત્‌વર્ષની એ ઘોર નરકયાતનાનો ભોગવટો પૂર્ણ કરીને તે જીવ ગંગાકિનારે સિંહગિરિ પર સિંહ થયો.....પાછો ધગધગતા અગ્નિ જેવી પહેલી નરકે ગયો.....ને ત્યાંથી નીકળી જંબૂદ્વીપના હિમવન્‌ પર્વત ઉપર દેદીપ્યમાન સિંહ થયો.....મહાવીરનો જીવ આ સિંહપર્યાયમાં આત્મલાભ પામ્યો. કઈ રીતે પામ્યો? તે પ્રસંગ જોઈએ :

એકવાર તે સિંહ ક્રૂરપણે હરણને ફાડી ખાતો હતો, ત્યારે આકાશમાર્ગે જઈ રહેલા બે મુનિઓએ તેને દેખ્યો, ને 'આ જીવ ભરતક્ષેત્રમાં અંતિમ તીર્થંકર થવાનો છે' એવા વિદેહના તીર્થંકરના વચનનું સ્મરણ થયું. તેથી દયાવશ આકાશમાર્ગેથી નીચે ઊતરીને મુનિઓએ સિંહને ધર્મનું સંબોધન કર્યું :

'હે ભવ્ય મૃગરાજ! આ પહેલાં ત્રિપૃષ્ઠવાસુદેવના ભવમાં તેં ઘણા વાંછિત વિષયો ભોગવ્યા ને નરકના અનેક પ્રકારનાં ઘોર દુઃખો પણ અશરણપણે આક્રન્દ કરીકરીને તેં ભોગવ્યા, ત્યારે દશે દિશામાં શરણ માટે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦





તેં પોકાર કર્યો પણ ક્યાંય તને શરણ ન મળ્યું. અરે! હજી પણ ક્રૂરતાપૂર્વક તું પાપનું ઉપાર્જન કરી રહ્યો છે? તારા ઘોર અજ્ઞાનને લીધે હજી સુધી તેં તત્ત્વને ન જાણ્યું. માટે શાંત થા.......ને આ દુષ્ટ પરિણામ છોડ.'

આકાશમાર્ગેથી ઊતરીને પોતાની સન્મુખ નિર્ભયપણે ઊભેલા મુનિવરોને દેખીને સિંહ પણ આશ્ચર્ય પામ્યો. અરે, સામાન્ય મનુષ્યો તો મને દેખીને ભયથી દૂર ભાગે, તેને બદલે આ મુનિવરો તો આકાશમાંથી ઊતરીને નિર્ભયપણે મારી સામે આવીને ઊભા છે! દુનિયાના સાધારણ પ્રાણીઓ કરતાં આ કોઈ અલૌકિક પુરુષો છે. તેઓની શાંતિ કોઈ પરમ અદ્ભુત છે. તેઓ મારાથી ભય નથી પામતા, પણ ઊલ્ટા પ્રેમપૂર્વક મારા હિત માટે અત્યંત મધુર વચનથી મને સંબોધન કરી રહ્યા છે.

મુનિરાજનાં મધુર વચનો સાંભળતાં જ સિંહને પૂર્વભવોનું જ્ઞાન થયું, આંખોમાંથી આંસુની ધારા ટપકવા લાગી, પરિણામ વિશુદ્ધ થયા......ત્યારે મુનિરાજે જોયું કે આ સિંહના પરિણામ શાંત થયા છે ને તે મારા તરફ આતુરતાથી દેખી રહ્યો છે, તેથી અત્યારે જરૂર તે સમ્યક્ત્વ ગ્રહણ કરશે.

–એમ વિચારી મુનિરાજે તેને પુરુરવા ભીલથી માંડીને તેના અનેક ભવો બતાવીને કહ્યું કે હે શાર્દૂલ! હવેના દશમા ભવે તું ભરતક્ષેત્રનો તીર્થંકર થશે,–એમ શ્રીધરતીર્થંકરના શ્રીમુખથી વિદેહમાં અમે સાંભળ્યું છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250





માટે હે ભવ્ય! તું મિથ્યામાર્ગથી નિવૃત્ત થા ને આત્મહિતકારી એવા સમ્યક્ માર્ગમાં પ્રવૃત્ત થા. મોક્ષમાર્ગ બતાવીને અસંખ્ય જીવોનો તારણહાર તું અત્યારે આ નિર્દોષ જીવોનો ભક્ષક થઈ રહ્યો છે.–એ તને શોભતું નથી. માટે આ ક્રૂરતા છોડ ને શાંત થા. અરે, ક્યાં ચૈતન્યની શાંતિ! ને ક્યાં આ ક્રૂરતા? આ ક્રૂરતા, આ કષાય, આ હિંસા,–તેમાં અત્યંત દુઃખ અને અશાંતિ છે, તારું ચૈતન્યતત્ત્વ પરમ શાંત છે.....એ શાંતરસનો અપૂર્વ સ્વાદ હવે તું ચાખ. તારી ભવ્યતાથી પ્રેરાઈને અમે તને પ્રતિબોધ પમાડવા માટે જ આવ્યા છીએ......માટે અત્યારે જ તું પ્રતિબુદ્ધ થા.

મહાવીરનો જીવ (સિંહ), મુનિરાજના આવા ઉત્તમ વચનથી તરત પ્રતિબોધ પામ્યો; તેણે અત્યંત ભક્તિથી વારંવાર મુનિઓને પ્રદક્ષિણા દીધી ને તેમને ચરણોમાં નમ્રીભૂત થયો. રૌદ્રરસને બદલે તુરત જ શાંતરસ પ્રગટ કર્યો ને તે સમ્યક્ત્વ પામ્યો.....એટલું જ નહિ, તેણે નિરાહારવ્રત અંગીકાર કર્યું. અહા, સિંહની શૂર–વીરતા સફળ થઈ. શાસ્ત્રકાર કહે છે કે એ વખતે વૈરાગ્યથી તેણે એવું ઘોર પરાક્રમ પ્રગટ કર્યું કે, જો તિર્યંચગતિમાં મોક્ષ હોત તો જરૂર તે મોક્ષ પામ્યો હોત! તે સિંહપર્યાયમાં સમાધિમરણ કરીને સિંહકેતુ નામનો દેવ થયો. ત્યાર પછી આત્માની આરાધનામાં અનુક્રમે આગળ વધતાં વધતાં તે જીવ આ ભરતક્ષેત્રમાં ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર પરમાત્મા થયા. તેમને નમસ્કાર હો.

❁

# સમયસારનું મંગલાચરણ

## સિદ્ધના લક્ષે શરૂ થયેલો અપૂર્વ સાધકભાવ




સમયસારની પહેલી ગાથામાં આચાર્યદેવ કહે છે કે અહો સિદ્ધ ભગવંતો! પધારો....પધારો.....પધારો! મારા જ્ઞાનમાં હું નિર્વિકલ્પઅનુભૂતિના બળે સિદ્ધભગવંતોને પધરાવું છું. જે જ્ઞાનપર્યાયમાં સિદ્ધપ્રભુ બેઠા તે જ્ઞાનપર્યાયમાં રાગ રહી શકે નહીં. રાગથી છૂટી પડેલી મારી જ્ઞાનપર્યાયમાં એટલી મોકળાશ છે કે તેમાં અનંતા સિદ્ધભગવંતોને સમાડીને પ્રતીતમાં લઉં છું. અતીન્દ્રિય આનંદરૂપ થયેલા અનંતા સિદ્ધોને આમંત્રણ કરનાર સાધકનો આત્મા પણ એવડો જ મોટો છે.–આવા આત્માના લક્ષે સમયસારની અપૂર્વ શરૂઆત થાય છે.

—આવા સમયસારનો શ્રોતા પણ અપૂર્વ ભાવે શ્રવણ કરતાં કહે છે કે, હે પ્રભો! જેમ આપ સ્વાનુભૂતિના બળે સિદ્ધભગવંતોને આત્મામાં સ્થાપીને નિજવૈભવથી શુદ્ધાત્મા દેખાડો છો, તેમ અમે પણ, અમારા જ્ઞાનમાં સિદ્ધપ્રભુને પધરાવીને, અને જ્ઞાનમાંથી રાગને કાઢી નાંખીને, સ્વાનુભૂતિના બળથી, આપે બતાવેલા શુદ્ધાત્માને પ્રમાણ કરીએ છીએ.–આ રીતે ગુરુ–શિષ્યની સંધિના અપૂર્વભાવે સમયસાર સાંભળીએ છીએ.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## ચાલો ચાલો.....સૌ કુંદકુંદપ્રભુની સાથ સિદ્ધાલયમાં જઈએ....




અનંત સિદ્ધભગવંતોને આત્મામાં સ્થાપીને, તેમના જેવા સાધ્યરૂપ શુદ્ધાત્માના
અનુભવ વડે આરાધકભાવની ઝણઝણાટી બોલાવતું અપૂર્વ મંગલાચરણ
કરીને, આચાર્યદેવે સમયસારની શરૂઆત કરી છે.

અહો! આ સમયસાર જગતનું અજોડ ચક્ષુ છે તે આનંદમય આત્માને પ્રત્યક્ષ કરે છે. એટલે અતીન્દ્રિય પરમ આનંદનો અનુભવ તે આ સમયસારના શ્રવણનું ફળ છે. અહો, અદ્ભુત આનંદકારી આત્માનું જેમાં કથન છે એવા આ સમયસાર દ્વારા અમે શુદ્ધાત્મા દેખાડ્યો છે; તમે સ્વાનુભવથી તે પ્રમાણ કરજો. માત્ર પરલક્ષે હા પાડીને ન અટકશો, પણ તમારા પોતાના સ્વાનુભવમાં લઈને પ્રમાણ કરજો.

અહો, આવા સંતો અને આવા સમયસાર દ્વારા આવા શુદ્ધાત્માનું શ્રવણ મળ્યું તો હવે તેના અનુભવનો આ અવસર છે.–આમ સમજીને હે જીવ! આનંદમય ચૈતન્યતત્ત્વને તું આજે જ અનુભવમાં લે. બીજું બધું ભૂલી જા.....નિર્વિકલ્પ થઈને આત્માને અનુભવવાનો આ ઉત્તમ કાળ છે. માટે આજે જ અનુભવ કર.....ને સિદ્ધોની મંડળીમાં આવ.

અહો, મોટાનાં આમંત્રણ પણ મોટાં છે. સિદ્ધપરમેશ્વરના માર્ગે જવાની આ વાત છે. અહા, સિદ્ધોના લક્ષે આવા સમયસારનું શ્રવણ તે જીવનનો સોનેરી પ્રસંગ છે. હે ભવ્ય શ્રોતા! આ સમયસાર દ્વારા ચૈતન્યતત્ત્વનો અચિંત્ય મહિમા સાંભળીને, જ્ઞાનને અંદર એકાગ્ર કરીને શુદ્ધાત્માનું ઘોલન કરતાં–કરતાં તારી પરિણતિ શુદ્ધ થશે. સાંભળતી વખતે ઉપયોગનું જોર શ્રવણના વિકલ્પ ઉપર નથી પણ અંદર શુદ્ધાત્મા ઉપર જોર છે.–આવા શુદ્ધાત્મા તરફના જોરથી જે ઊપડ્યો તેનો મોહ તૂટી જશે ને સમ્યગ્દર્શનાદિ અપૂર્વ સાધકદશા ખીલી જશે. આવા કોલકરારપૂર્વક આ સમયસારની રચના છે. તેનું ભાવશ્રવણ કરતાં આત્મામાં આરાધકભાવની ઝણઝણાટી બોલે છે......ને આનંદનું વેદન કરતો–કરતો તે સાધક જીવ સિદ્ધપદ લેવા ચાલ્યો જાય છે.

# સાધકના અંતરમાં સમયસાર કોતરાયેલું છે

સોનગઢમાં વીર સં. ૨૪૯૯ ના માગશર વદ આઠમે શ્રી કુંદકુંદ પ્રભુની આચાર્યપદે પ્રતિષ્ઠાનો મંગલ દિવસ આનંદથી ઉજવાયો; અને તે દિવસે પૂ. ગુરુદેવના સુહસ્તે ઈટાલીના મશીન દ્વારા સમયસાર–પરમાગમ આરસમાં કોતરવાનો પ્રારંભ થયો, તે પ્રસંગે ભાવભીના પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે—

આજે કુંદકુંદાચાર્યદેવની આચાર્યપદવીનો મહાન દિવસ છે. તેઓ આત્માના આનંદમાં ઝુલતા મહાન સંત હતા. બેહજાર વર્ષ પહેલાં તેઓ આ ભરતભૂમિમાં મદ્રાસ પાસે પોન્નૂર પર્વત પર બિરાજતા હતા. તેઓ વિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્મા પાસે ગયા હતા, ને આઠ દિવસ રહીને ભગવાનની વાણી સાંભળી હતી; તેમણે આ સમયસારાદિ મહાન પરમાગમ દ્વારા શુદ્ધાત્મા દેખાડીને ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. સાધક સંતોની આત્માની અનુભવદશામાં ઝુલતાં ઝુલતાં શાસ્ત્રરચનાનો વિકલ્પ આવ્યો ને આ સમયસારાદિ શાસ્ત્રોની રચના થઈ ગઈ; તેમાં વિકલ્પનું કે શબ્દોનું કર્તૃત્વ તેમના જ્ઞાનમાં નથી. જ્ઞાનમાં વિકલ્પથી ભિન્ન જ્ઞાનનું ઘોલન ચાલી રહ્યું છે, તે જ મુખ્ય છે.

સમ્યગ્દષ્ટિ પોતાની જ્ઞાનચેતનારૂપે પરિણમે છે, તેમાં ચૈતન્યના અતીન્દ્રિય આનંદસ્વાદનું વેદન હોય છે; ને તે વેદન દ્વારા 'મારો આખો આત્મા આવો આનંદમૂર્તિ–ચૈતન્યમૂર્તિ છે' એવું ધર્મીને ભાન થાય છે. આ રીતે સ્વભાવમાં એકતા ને રાગથી ભિન્નતાના અનુભવસહિત આત્માની જે પ્રતીત થઈ તે સમ્યગ્દર્શન છે. એનું અચિંત્યસ્વરૂપ આચાર્યદેવે આત્માના વૈભવથી આ સમયસારમાં દેખાડ્યું છે. અહા, ચૈતન્યભગવાન જેમાં પૂર્ણાનંદપણે અનુભવમાં આવ્યો તે સમ્યગ્દર્શનની શી વાત! લોકોને સમ્યગ્દર્શન શું ચીજ છે તેની ખબર

નથી. ધર્મીને જ્યાં આનંદસ્વરૂપ આત્માના અનુભવસહિત અંતરમાં સમ્યગ્દર્શન થયું ત્યાં આત્મામાં ભગવાનની પ્રતિષ્ઠા થઈ; આત્મા પોતાના આનંદનો સ્વાદ લઈને જ્ઞાનરૂપ થયો ત્યાં હવે રાગ રહી શકે નહીં. તેની દૃષ્ટિમાં તો આનંદમય આત્મા જ બિરાજે છે. સમયસાર–પરમાત્માની તેણે પોતામાં પ્રતિષ્ઠા કરી. સાધકના અંતરમાં 'સમયસાર' બિરાજે છે.

અહો, સમયસાર તો સમયસાર છે! આ સંસારમાં બીજું બધું અસાર છે. અહો 'સમયસાર ભગવાન!' તારી બલિહારી છે. આવા આત્માના અદ્ભુત વૈભવની વાત વિદેહમાં સીમંધર પરમાત્મા પાસે જઈને કુંદકુંદાચાર્યદેવ લાવ્યા, ને ભરતક્ષેત્રના ભવ્ય જીવોને આ સમયસાર દ્વારા આપીને ન્યાલ કર્યા. સમયસારમાં કેવળી અને શ્રુતકેવળી ભગવંતોની વાણી છે, તેની એકેક ગાથામાં જ્ઞાનનો મોટો દરિયો ભર્યો છે, આનંદમય પરમ તત્ત્વને તે પ્રસિદ્ધ કરે છે. સ્વાનુભૂતિ વડે આવા જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનો અનુભવ કરનાર જીવ પોતે સમયસાર છે.

જય સમયસાર.......જય કુંદકુંદદેવ

ગુરુવચનથી નિજ આત્મપદને
દેખતાં મુજ આત્મમાં,
આહા! સીમંધરનાથના
ભેટા થયા આ ભરતમાં.

# करना सो जीना

✻ આપ સમ્યગ્દર્શનાદિ કરવાનું કહો છો, પરંતુ 'કરના સો તો મરના હૈ?'

અરે ભાઈ! જ્ઞાનાદિનું કરવું તેને મરવું કોણે કહ્યું? જ્ઞાનાદિ નિજભાવ કરવા એ તો જીવનું સાચું જીવન છે, ને તે જ જીવનું કાર્ય છે. કરના સો મરના–એ વાત તો રાગાદિ વિકાર માટે છે, એ કાંઈ જ્ઞાન માટે નથી. ભેદજ્ઞાન કરવું ને સમ્યક્ત્વાદિ પરિણમન કરવું–એ કાંઈ મરવું નથી, એ તો સાચું જીવન છે. વિકલ્પ વગર પોતાની નિર્મળ પર્યાયને સદા કર્યા કરે એવું કર્તૃત્વ તો આત્માનો સ્વભાવ છે.

રાગકા કરના સો મરના હૈ. જ્ઞાનકા કરના સો જીના હૈ.

ભેદજ્ઞાન અને વીતરાગતા કરવાં તે જ્ઞાનીનું સાચું જીવન છે.

## ❋ અગાધ શાંતિથી ભરેલો જ્ઞાનીનો માર્ગ ❋

ભેદજ્ઞાનની સાથે ચૈતન્યશાંતિની કોઈ અગાધ અનુભૂતિ થાય છે. અહા, આત્મા શાંતિના બરફની વચ્ચે બેઠો ત્યાં ચૈતન્યની અનુભૂતિના આનંદની શી વાત!

હે જ્ઞાની! તારી વાત દુનિયાને ન બેસે તો તું મૂંઝાઈશ નહિ. દુનિયાને ભલે ન બેસે, પંચપરમેષ્ઠી ભગવંતો તો તારી સાથે છે. અહો, અંતરનો અતીન્દ્રિય માર્ગ! એને દુનિયા સાથે મેળ ક્યાંથી ખાય? દુનિયા તો બાહ્ય ઈંદ્રિયજ્ઞાનથી દેખનારી છે, તેને અંદરની વસ્તુ ક્યાંથી દેખાય? અંતર્મુખ થયેલા જ્ઞાનીઓના માર્ગ સાથે મારા માર્ગનો મેળ છે.....એ માર્ગને અતીન્દ્રિય જ્ઞાનવંત જ્ઞાનીઓ જ દેખે છે. આત્માની અગાધ શાંતિથી ભરેલા આ માર્ગમાં પંચપરમેષ્ઠી ભગવંતો મારા સાથીદાર છે. પંચપરમેષ્ઠીના પ્રસાદથી આવો માર્ગ જગતમાં જયવંત વર્તે છે.

❑

# અનુભવરસ–ઘોલન

[ ચૈતન્યરસભરપૂર તત્ત્વચર્ચા ]

પ્રશ્ન :—આપ અનુભવની વાત કરો છો તે અમને બહુ જ ગમે છે, પણ આવો અનુભવ કેમ કરવો?

ઉત્તર :—વિકલ્પથી જ્ઞાનને જુદું ઓળખવાનો અભ્યાસ કરવો; જ્ઞાનની મહાનતા છે, જ્ઞાન અનંતા ચૈતન્યભાવોથી ભરેલું છે, ને રાગ–વિકલ્પો તો ચૈતન્યથી શૂન્ય છે–એમ ભેદજ્ઞાન કરતાં અનુભવ થાય છે.

પ્રશ્ન :—છટ્ઠાગુણસ્થાને મહાવ્રતના વિકલ્પ છે તે કેવા છે?

ઉત્તર :—છટ્ઠા ગુણસ્થાનના શુભવિકલ્પનેય પ્રમાદ કહ્યો છે, તો તે શુભવિકલ્પ જ્ઞાનની જાત કેમ હોય! અગ્નિનો કણ ભલે નાનો હોય પણ તે કાંઈ બરફની જાત તો ન જ કહેવાયને? તેમ કષાયઅંશ ભલે શુભ હોય પણ તે કાંઈ અકષાય–શાંતિની જાત તો ન જ કહેવાયને? વિકલ્પ અને જ્ઞાનની જાત જ જુદી છે. આવું જુદાપણું નક્કી કરવું તે જ્ઞાનસ્વભાવના અનુભવનું કારણ છે.

પ્રશ્ન :—રાગ પોતે દુઃખ છે, કે તેમાં એકત્વબુદ્ધિ તે દુઃખ છે?

ઉત્તર :—રાગ પોતે દુઃખ છે, તેથી તેમાં એકત્વબુદ્ધિ તે દુઃખ જ છે, દુઃખના ભાવમાં જેને એકત્વ ભાસે (એટલે કે તેમાં પોતાપણું ભાસે) તે દુઃખથી કેમ છૂટે?

–અને તેની સામે, રાગથી ભિન્ન આનંદસ્વભાવી આત્મા પોતે સુખરૂપ છે, તેથી તેમાં એકત્વપરિણતિ તે પણ સુખ છે.

પ્રશ્ન :—આત્મા પરને કરતો નથી તેમ પોતાની પર્યાયને પણ કરતો નથી,–એ ખરું?

ઉત્તર :—ના; એમ નથી. આત્મા પોતે કર્તા થઈને પોતાની

સમ્યક્ત્વાદિ પરિણતિને કરે છે, એવો તેનો કર્તાસ્વભાવ છે. અનુભવમાં વિકલ્પ વગર એવી નિર્મળ પર્યાય થઈ જાય છે તેનો કર્તા આત્મા છે. હા, તે અનુભવ ટાણે 'હું નિર્મળપર્યાયને કરું' એવો વિકલ્પ નથી, પણ પોતે પરિણમીને નિર્મળપર્યાયરૂપ થાય છે. તે નિર્મળપર્યાયના કર્તાપણે વિકલ્પરહિત તે આત્મા પરિણમે છે. વિકલ્પ વગર પણ પોતાની શુદ્ધપર્યાયના કર્તા–કર્મ–કરણ વગેરે છ કારકરૂપ પરિણમવાનો જીવનો સ્વભાવ છે; તે પરિણમન જીવનું પોતાનું છે. જેમ આત્મા પરને ન કરે અને વિકલ્પને ન કરે તેમ, આત્મા પોતાની જ્ઞાનાદિપર્યાયને પણ ન કરે– એમ કાંઈ કહેતાં નથી, પણ 'હું કર્તા ને પર્યાયને કરું' એવા ભેદના વિકલ્પને કરવાનું આત્માના સ્વભાવમાં નથી–એમ સમજવું.

પ્રશ્ન :—વિકલ્પથી ખસીને પરિણતિ અંતરમાં કેમ વળતી નથી?

ઉત્તર : કેમ કે અંતરના ચૈતન્યતત્ત્વનો ખરો મહિમા આવતો નથી, ને રાગનો મહિમા છૂટતો નથી. અંતરનું આનંદતત્ત્વ–કે જે રાગથી પાર છે તેનો ગંભીર મહિમા જો બરાબર જાણે તો તેમાં જ્ઞાન વળ્યા વગર રહે નહિ. અચિંત્ય અદ્ભુત સ્વતત્ત્વનું જ્ઞાન થતાં જ પરિણામ ઝડપથી તેમાં વળી જાય છે,–ક્ષણભેદ નથી. જ્યાં જ્ઞાન અંતરમાં વળ્યું ત્યાં બીજા અનંતગુણો પણ પોતપોતાના નિર્મળભાવપણે ખીલી ઊઠ્યા, ને અનંતગુણના વીતરાગી ચૈતન્યરસનો અચિંત્ય સ્વાદ આવ્યો.—આનું નામ સમ્યગ્દર્શન.

પ્રશ્ન : સમ્યક્ત્વની તૈયારીવાળા જીવને સમ્યક્ત્વની પૂર્વભૂમિકામાં કેવા વિચાર હોય?

ઉત્તર : પ્રથમ તો તે જીવે પોતાના જ્ઞાનસ્વભાવનો મહિમા લક્ષમાં લીધો છે, તેને તે સ્વભાવ તરફ ઢળતા વિચારો હોય છે, કોઈ અમુક જ પ્રકારનો વિચાર કે વિકલ્પ હોય એવો નિયમ નથી; પણ સમુચ્ચયપણે વિકલ્પનો રસ તૂટે ને ચૈતન્યનો રસ ઘૂંટાય એટલે પરિણતિ સ્વભાવ તરફ ઉલ્લસતી જાય–એવા જ પરિણામ હોય. કોઈને હું જ્ઞાયક છું એવા વિચાર હોય, કોઈને સિદ્ધ જેવું આત્મસ્વરૂપ છે એવા વિચાર હોય, કોઈને આત્માના અતીન્દ્રિય આનંદના વિચાર હોય, કોઈને જ્ઞાન અને

રાગની ભિન્નતાના વિચાર હોય, કોઈને આત્માની અનંત શક્તિના વિચાર હોય–એમ કોઈ પણ પડખેથી પોતાના સ્વભાવ તરફ ઝૂકવાના વિચાર હોય.

—પછી જ્યારે અંતરની કોઈ અદ્ભુત ઉગ્ર ધારાથી સ્વભાવ તરફ ઊપડે છે ત્યારે વિકલ્પો શાંત થવા માંડે છે ને ચૈતન્યરસ ઘૂંટાતો જાય છે,–તે વખતે વિશુદ્ધતાના અતિસૂક્ષ્મ પરિણામોની ધારા વડે અંતરમાં 'ત્રણ કરણ' થઈ જાય છે, એ ત્રણ કરણના કાળે જીવના પરિણામ સ્વરૂપના ચિંતનમાં વધુને વધુ મગ્ન થતા જાય છે, ને પછી તો ઝડપથી બીજી જ ક્ષણે નિર્વિકલ્પ વિજ્ઞાનઘન થઈને પરમ શાંત અનુભૂતિ વડે જીવ પોતે પોતાને સાક્ષાત્ અનુભવે છે.–આ સમ્યક્ત્વની વિધિ છે.

પ્રશ્ન :—હે ગુરુદેવ! સમ્યગ્દર્શનની વિધિ તો આપે સમજાવી, પણ તે સમજ્યા પછી પરિણતિની ગુલાંટ કેમ મારવી?

ઉત્તર :—વિધિ યથાર્થ સમજાય ત્યાં પરિણતિ ગુલાંટ માર્યા વગર રહે નહિ. વિકલ્પજાત અને સ્વભાવજાત એ બંનેને ભિન્ન જાણતાંવેત જ પરિણતિ વિકલ્પમાંથી છૂટી પડીને સ્વભાવમાં તન્મય થાય છે. વિધિને સમ્યક્પણે જાણવાનો કાળ અને પરિણતિને ગુલાંટ મારવાનો કાળ—બંને એક જ છે. વિધિ જાણે પછી તેને શીખવવું ન પડે કે તું આમ કર. જે વિધિ જાણી તે વિધિથી જ્ઞાન અંતરમાં ઢળે છે. સમ્યક્ત્વની વિધિને જાણનારું જ્ઞાન પોતે કાંઈ રાગમાં તન્મય નથી, સ્વભાવમાં તન્મય છે. અને એવું જ જ્ઞાન સાચી વિધિને જાણે છે. રાગમાં તન્મય વર્તતું જ્ઞાન સમ્યક્ત્વની સાચી વિધિને જાણતું નથી.

પહેલાં આત્માના સ્વભાવને લગતા અનેક પ્રકારના વિચાર હોય, તેના વડે સ્વભાવમહિમાને પુષ્ટ કરતો જાય.–પણ તે વખતે તેને સ્વભાવને પકડવા માટેના જ્ઞાનની મહત્તા છે, તે જ્ઞાન વિકલ્પથી આઘું ખસીને સ્વભાવ તરફ અંદર ઢળે છે. ત્યાં કાંઈ 'હું શુદ્ધ' વગેરે જે વિકલ્પો છે તે અનુભવ તરફ ઝૂકવાનું કારણ નથી, જ્ઞાન જ વિકલ્પથી અધિક થઈને (જુદું થઈને) અનુભવ કરે છે.

## ❋ ચૈતન્યની સ્ફૂરણા થતાં જ પરભાવો છૂટી જાય છે ❋

પ્રશ્ન :—અસંખ્યપ્રકારના પરભાવો,–તે બધાયથી છૂટવા શું કરવું? એક પરભાવથી બચીએ ત્યાં બીજો પરભાવ ઘૂસી જાય છે, તો શું કરવું?

ઉત્તર :—સ્વભાવમાં પ્રવેશ કરતાં બધાય પરભાવો એક સાથે છૂટી જાય છે. સ્વભાવના દરબારમાં પરભાવનો પ્રવેશ નથી. સ્વભાવમાં આવ્યા વિના, પરભાવના લક્ષે પરભાવોથી બચી શકાય નહીં. એટલે એક સાથે સમસ્ત પરભાવોથી બચવાનો ઉપાય એ છે કે ત્યાંથી ઉપયોગને પાછો વાળીને સ્વભાવમાં ઉપયોગ મૂકવો. આ આત્મા એવો આનંદમય ચૈતન્યપ્રકાશનો પૂંજ છે કે એનું સ્ફૂરણ થતાં જ (અર્થાત્ ઉપયોગ તેમાં ઝૂકતાં વેંત જ) સમસ્ત પરભાવોની ઈન્દ્રજાળ (વિકલ્પતરંગો) તત્ક્ષણ ભાગી જાય છે ને આનંદ થાય છે.

પ્રશ્ન :—સમ્યગ્દર્શન પામ્યો ત્યારે જે આનંદ અનુભવાયો તેનું ભાષામાં વર્ણન આવી શકે કે કેમ?

ઉત્તર :—એ વેદનનું વાણીમાં પૂરું વર્ણન ન આવે; અમુક વર્ણન આવે, તે ઉપરથી સામો જીવ 'જો તેવા લક્ષવાળો હોય તો' સાચી સ્થિતિ સમજી જાય.

## ❋ સમ્યગ્દર્શનની ઓળખાણ ❋

પ્રશ્ન :—કોઈ જીવ સમ્યગ્દર્શન પામ્યો છે તેને ઓળખવાનું લક્ષણ શું?–કે જેથી બીજા માણસ સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ વચ્ચેનો ફરક સમજી શકે?

ઉત્તર :—એકલા બહારની ક્રિયાના ચિહ્નથી સમ્યગ્દષ્ટિને ઓળખી શકાય નહિ. જેને પોતાને સમ્યક્ત્વનું સ્વરૂપ લક્ષગત થયું હોય તે જ સમ્યગ્દષ્ટિને ખરેખર ઓળખી શકે. સમ્યગ્દર્શન પોતે અતીન્દ્રિય વસ્તુ છે, એકલા ઈન્દ્રિયગમ્ય ચિહ્નો દ્વારા તેને ઓળખી ન શકાય. સમ્યગ્દષ્ટિની ખરી ઓળખાણ ત્યારે થાય કે જ્યારે પોતામાં તે જાતનો ભાવ પ્રગટ કરે. સમ્યગ્દષ્ટિની ઓળખાણનો ભાવ પણ અપૂર્વ છે. જેમ આત્મા અલિંગગ્રહણ

એટલે અતીન્દ્રિયગ્રાહ્ય છે તેમ તેની સમ્યક્ત્વાદિ શુદ્ધદશા પણ ખરેખર અલિંગગ્રહણ એટલે અતીન્દ્રિયગ્રાહ્ય છે, તેને એકલા ઈન્દ્રિયગમ્ય અનુમાનથી ઓળખી શકાય નહિ.

## ❋ તૈયારી અને પ્રાપ્તિ ❋

પ્રશ્ન :—સમ્યગ્દર્શન પામવાની તૈયારીવાળા જીવની દશા કેવી હોય છે? ને સમ્યગ્દર્શન પામ્યા પછી તેની દશા કેવી હોય છે?

ઉત્તર :—એક આત્મઅનુભવનો જ ઉમંગ, તેનો જ રંગ, વારંવાર સતત તેની જ ઘોલના, નિજસ્વરૂપની અતિશય મહત્તા, તેની એકની જ પ્રિયતા, ને એના સિવાય બધાય પરભાવોની અત્યંત તુચ્છતા સમજીને તેમાં તદ્દન નીરસતા, બીજે બધેથી પરિણામ હટાવીને એક આત્મસ્વરૂપમાં જ પરિણામને લગાવવાનો ઊંડો ઉગ્ર પ્રયત્ન;......સ્વરૂપની અપ્રાપ્તિનો પ્રથમ તીવ્ર અજંપો, તેની પ્રાપ્તિ માટે તીવ્ર જિજ્ઞાસારૂપ ધગશ, પછી નીકટમાં જ સ્વરૂપની પ્રાપ્તિના ભણકારનો પરમ ઉલ્લાસ–ઠંડક;–આમ ઘણા પ્રકારે અનેકવાર ગુરુદેવ સમ્યક્ત્વની ભૂમિકાનું વર્ણન કરે છે.

સ્વરૂપ પ્રાપ્ત થયું ને અપૂર્વતા થઈ, તે તો અપાર ગંભીરપણે અંદર ને અંદર જ સમાય છે. એ સમકિતીની પરિણતિમાં કોઈ પરમ ઉદાસીનતા, અદ્‌ભુત શાંતિ, જગતથી અલિપ્તતા, આત્માના અનુભવના આનંદની કોઈ અચિંત્ય ખુમારી,–વગેરે અનંતા ભાવોથી ભરેલી ઘણી ઘણી ગંભીરતા તો પોતાને જ્યારે સ્વાનુભવ થાય ત્યારે ખબર પડે.

# સમ્યક્ત્વ–પ્રેરક ૧૦૮ સુગમ પ્રશ્નોત્તર

(૧) પ્રશ્ન :—મોક્ષશાસ્ત્રનું પહેલું જ સૂત્ર શું છે?

ઉત્તર :—‘સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ’

(૨) પ્રશ્ન :—સમયસારમાં સમ્યગ્દર્શન કોને કહ્યું છે?

ઉત્તર :—ભૂતાર્થસ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન કહ્યું છે.

(જીવાદિ નવતત્ત્વોને ભૂતાર્થનયથી જાણવાં તે સમ્યક્દર્શન છે)

(૩) નવતત્ત્વને જાણે, પણ શુદ્ધાત્માને ન ઓળખે તો?

–તો તેને સમ્યગ્દર્શન ન થાય; તેનું નવતત્ત્વનું જ્ઞાન પણ સાચું ન હોય. નવ તત્ત્વોને ભૂતાર્થનયથી જાણે તો અવશ્ય સમ્યક્દર્શન થાય છે.

(૪) વીતરાગ ભગવંતો ક્યા માર્ગે મોક્ષમાં ચાલ્યા?

અંતર્મુખી શુદ્ધ રત્નત્રયના માર્ગે તેઓ મોક્ષમાં ગયા.

(૫) જીવને બહિરાત્મદશામાં શું હતું?

બહિરાત્મદશામાં તે એકાંત દુઃખી હતો કારણ કે તેને દેહથી ભિન્ન આત્માનું જ્ઞાન નહોતું.

(૬) હવે અંતરાત્મા થતાં શું થયું?

તેને દેહાદિથી ભિન્ન આત્મસ્વભાવનું જ્ઞાન થતાં આત્માનું સાચું સુખ અનુભવમાં આવ્યું.

(૭) આપણે પરમાત્માને ઓળખી શકીએ?

હા; અંતરાત્મા થઈને ઓળખી શકાય છે.

(૮) અંતરાત્માનું લક્ષણ શું?

સ્વ-પરના ભેદજ્ઞાનપૂર્વક જ્ઞાનચેતનાની અનુભૂતિ તે તેનું લક્ષણ છે.

(૯) જ્ઞાનચેતનાવંત અંતરાત્માને ખરેખર કોણ ઓળખી શકે?

અંતરાત્મા થવાનો સાચો જિજ્ઞાસુ હોય તે તથા જે પોતે અંતરાત્મા થાય તે.

(૧૦) એકલા અનુમાન વડે જ્ઞાનીને ઓળખી શકાય?

ના, ખરેખર તો સ્વસંવેદન–પ્રત્યક્ષપૂર્વક જ ઓળખી શકાય.

(૧૧) આત્માને અનુભવનારા અંતરાત્મા કેવા છે?

તેઓ પરમાત્માના પાડોશી છે એટલે કે તેઓ પરમાત્મપદના પથિક છે.

(૧૨) રાગ હોવા છતાં અંતરાત્મા શું કરે છે?

પોતાની જ્ઞાનચેતનાને રાગથી જુદી અનુભવે છે.

(૧૩) અંતરાત્માની ઓળખાણ કરતાં શું થાય?

જીવ-અજીવનું સાચું ભેદજ્ઞાન થઈ જાય.

(૧૪) સમ્યગ્દૃષ્ટિને અશુભભાવ હોય ત્યારે?

—ત્યારે પણ તે અંતરાત્મા છે.

(૧૫) મિથ્યાદૃષ્ટિ શુભભાવ કરતો હોય ત્યારે?

—ત્યારે પણ તે બહિરાત્મા છે.

(૧૬) રાગ વખતે અંતરાત્માની ચેતના કેવી છે?

ત્યારે પણ તેની ચેતના રાગથી અલિપ્ત જ છે.

(૧૭) અજ્ઞાનીને વ્યવહાર રત્નત્રય હોય છે?

ના, અજ્ઞાનીને તો માત્ર વ્યવહારાભાસ જ છે. તેથી જઘન્ય–અંતરાત્માથી પણ તે હલકો છે; તેનું સ્થાન તો સંસારતત્ત્વમાં જ છે.

(૧૮) સમ્યગ્દૃષ્ટિની પરિણતિ કેવી છે?

કોઈ અદ્ભુત–આશ્ચર્યકારી છે; જ્ઞાન–વૈરાગ્યસંપન્ન છે.

(૧૯) અવિરત–સમ્યગ્દૃષ્ટિને કેટલી કર્મપ્રકૃતિ બંધાય?

તેને કુલ ૪૩ કર્મપ્રકૃતિ બંધાતી જ નથી. (૪૧+૨)

(૨૦) નાનામાં નાના સમ્યગ્દૃષ્ટિની આત્મશ્રદ્ધા કેવી છે?

સિદ્ધ ભગવાન જેવી.

(૨૧) કુંદકુંદદેવે મોક્ષપ્રાભૃતમાં સમ્યગ્દૃષ્ટિને કેવો કહ્યો છે?

‘તે ધન્ય છે, કૃતકૃત્ય છે, શૂરવીર છે, પંડિત છે.’

(૨૨) સર્વજ્ઞનો ખરો સ્વીકાર કોણ કરે છે?

જ્ઞાનદૃષ્ટિવંત સમ્યગ્દૃષ્ટિ જ સર્વજ્ઞનો ખરો સ્વીકાર કરે છે.

(૨૩) સર્વજ્ઞના સ્વીકારમાં શું–શું આવે છે?

અહા! સર્વજ્ઞના સ્વીકારમાં તો જ્ઞાનસ્વભાવનો સ્વીકાર છે; તે ધર્મનો મૂળ પાયો છે; તેમાં તો અપૂર્વ તત્ત્વજ્ઞાન છે; રાગ અને જ્ઞાનની ભિન્નતાનો અનુભવ છે, વીતરાગી આનંદ છે.

(૨૪) સર્વજ્ઞતા કેવી છે?

અહો! એની શી વાત! એ તો અતીન્દ્રિય જ્ઞાનરૂપ છે, મહા આનંદરૂપ છે, રાગ–દ્વેષ વગરની છે, વિકલ્પાતીત એનો મહિમા છે.

(૨૫) સત્ય સમજવાની શરૂઆત કઈ રીતે કરવી?

વસ્તુનું પોતાનું સ્વરૂપ લક્ષમાં લઈને.

(૨૬) હાલે–ચાલે–બોલે તે જીવ—એ સાચું?

ના; જાણે તે જીવ; જ્ઞાન ન હોય તે અજીવ.

(૨૭) પુણ્ય–પાપના (શુભાશુભ) ભાવો કેવા છે?

જીવને દુઃખનાં કારણ છે, તેથી છોડવા જેવા છે.

(૨૮) દેડકું–સમ્યગ્દૃષ્ટિ હોય તેને તત્ત્વશ્રદ્ધા હોય?

હા; જિનમાર્ગ–અનુસાર તેને બરાબર તત્ત્વશ્રદ્ધા હોય છે.

(૨૯) તત્ત્વોને જાણીને શું કરવું?

હિતરૂપ તત્ત્વોને ગ્રહણ કરવા, ને દુઃખરૂપ તત્ત્વોને છોડવા.

(૩૦) પરમેશ્વર કેવા છે?

તેઓ જગતને જાણનારા છે, પણ જગતના કર્તા નથી.

(૩૧) જગતના પદાર્થો કેવા છે?

સ્વયં સત્ છે. બીજો કોઈ તેનો કર્તા નથી.

(૩૨) આત્માના અનુભવ વગર સર્વજ્ઞને ઓળખી શકાય?

—ના.

(૩૩) શરીર છેદાય–ભેદાય ત્યારે જીવ શાંતિ રાખી શકે?

હા; જીવને શરીરથી જુદો જાણે–અનુભવે તો જીવ શાંતિ રાખી શકે.

(૩૪) જીવની ભૂલ કેમ છૂટે?

પોતાની ભૂલને, તેમ જ પોતાના ગુણને (સ્વભાવને) જાણે ત્યારે.

(૩૫) આત્માનો સ્વભાવ દુઃખનું કારણ થાય?

ના; આત્માનો સ્વભાવ સુખનું જ કારણ છે.

(૩૬) રાગ કે પુણ્ય કદી સુખનું કારણ થાય?

ના; રાગ અને પુણ્ય તો સદાય દુઃખનું જ કારણ છે.

(૩૭) આમ જાણનાર જીવ શું કરે છે?

પુણ્ય–પાપથી જુદો પડી આત્મા તરફ વળે છે.

(૩૮) પુણ્યથી ભવિષ્યમાં સુખ મળશે–એ સાચું?

ના. અનુકૂળ સંયોગ મળે તે કાંઈ સાચું સુખ નથી.

(૩૯) અજ્ઞાનીઓ કોને આદરે છે?

પુણ્યને (તથા પુણ્યના ફળને).

(૪૦) જ્ઞાની કોને આદરે છે?

પુણ્ય–પાપ વગરની જ્ઞાનચેતનાને.

(૪૧) આત્માને એકકોર મૂકીને ધર્મ થઈ શકે?

કદી ન થાય; આત્માને ઓળખીને જ ધર્મ થાય.

(૪૨) સમ્યગ્દર્શનનાં નિમિત્ત કોણ છે?

સાચા દેવ–ગુરુ–ધર્મ જ સમ્યક્ત્વનાં નિમિત્ત છે.

(૪૩) વીતરાગી દેવ કોણ?

—અરિહંત અને સિદ્ધ.

(૪૪) નિર્ગ્રન્થ ગુરુ કોણ?

—આચાર્ય–ઉપાધ્યાય–સાધુ.

(૪૫) સાચો ધર્મ કયો?

—સમ્યક્ત્વાદિ વીતરાગભાવ. (સમ્યકદર્શન-જ્ઞાન-ચારિત્ર)

(૪૬) વીતરાગમાર્ગમાં અહિંસા કોને કહે છે?

રાગાદિ ભાવોરહિત શુદ્ધભાવ તે અહિંસા છે.

(૪૭) હિંસા કોને કહે છે?

જેટલા રાગાદિભાવો છે તેટલી ચૈતન્યની હિંસા છે. કેમકે રાગાદિભાવોથી જીવની શાંતિ-સુખ હણાય છે.

(૪૮) હિંસા–અહિંસાનું આવું સ્વરૂપ ક્યાં છે?

સર્વજ્ઞદેવના મતમાં જ છે; બીજે ક્યાંય નથી.

(૪૯) આવા અહિંસા–ધર્મને કોણ ઓળખે છે?

સમ્યગ્દૃષ્ટિ જ ઓળખે છે.

(૫૦) જીવ કઈ વિદ્યા પૂર્વે કદી નથી ભણ્યો?

વીતરાગ વિજ્ઞાનરૂપ સાચી ચૈતન્યવિદ્યા ભણ્યો નથી.

(૫૧) જ્ઞાન આત્માથી કદી જુદું કેમ નથી પડતું?

કેમ કે જ્ઞાન તે આત્માનું સ્વરૂપ જ છે.

(૫૨) કર્મ અને શરીર કેવાં છે?

આત્માથી જુદી જાતનાં છે, તે આત્માનું સ્વરૂપ નથી. તે પુદ્‌ગલનાં પરિણામ છે.

(૫૩) પુણ્ય–પાપવાળો આત્મા તે ખરો આત્મા છે?

ના, ખરો આત્મા ચેતનારૂપ ને આનંદરૂપ છે.

(૫૪) મુમુક્ષુજીવને શું સાધ્ય છે?

મુમુક્ષુજીવને મોક્ષસુખ સિવાય બીજું કાંઈ સાધ્ય નથી.

(૫૫) સાચો આનંદ (મોક્ષનો આનંદ) કેવો છે?

‘સ્વયંભૂ’ છે, આત્મા જ તે–રૂપ થાય છે.

(૫૬) સાધકદશાનો સમય કેટલો?

અસંખ્ય સમય.

(૫૭) સાધ્યરૂપ મોક્ષસુખનો કાળ કેટલો?

અનંત.

(૫૮) સિદ્ધદશા–મોક્ષદશા કેવી છે?

મહા આનંદરૂપ, સમ્યક્‌ત્વાદિ સર્વગુણસહિત, અને દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મ રહિત.

(૫૯) ચોથાગુણસ્થાને સમ્યગ્દર્શન છે તે રાગવાળું છે?

ના; ત્યાં રાગ હોવા છતાં સમ્યગ્દર્શન તો રાગ વગરનું જ છે.

(૬૦) સમ્યક્‌ત્વ સાથેનો રાગ કેવો છે?

તે બંધનું જ કારણ છે; સમ્યક્‌ત્વ તે મોક્ષનું કારણ છે.

(૬૧) ચૈતન્યતત્ત્વ કેવું છે?

અહા! એનો અદ્‌ભુત મહિમા છે, એમાં અનંત સ્વભાવો છે.

(૬૨) સમ્યગ્દર્શન ક્યા પ્રકારે પ્રગટે છે?

આનંદના અપૂર્વ વેદનસહિત જ સમ્યગ્દર્શન પ્રગટે છે.

(૬૩) સમ્યગ્દર્શનની સાથે ધર્મીને શું હોય છે?

નિઃશંકતાદિ આઠ ગુણ હોય છે; તેમ જ ચૈતન્યના અનંત ગુણોનો રસ સમ્યગ્દર્શનની સાથે વેદાય છે.

(૬૪) જેણે ચૈતન્યસુખ ચાખ્યું નથી તેને શું હોય છે?

તેને ઊંડે ઊંડે રાગની–પુણ્યની–ભોગની ચાહના હોય છે.

(૬૫) સમ્યગ્દષ્ટિ જીવ ક્યાં વર્તે છે?

ચેતનામાં જ તન્મય વર્તે છે, રાગમાં વર્તતો નથી.

(૬૬) ધર્મથી શું મળે?

ધર્મથી આત્માનું વીતરાગી સુખ મળે.

(૬૭) પુણ્યરૂપ ધર્મ કેવો છે?

તે સંસાર–ભોગનો હેતુ છે, તે મોક્ષનો હેતુ નથી.

(૬૮) તે પુણ્યને કોણ ઈચ્છે છે?

અજ્ઞાની.

(૬૯) ધર્મી કોને વાંછે છે?

તે પોતાના ચૈતન્ય–ચિંતામણિ સિવાય કોઈને વાંછતો નથી.

(૭૦) સ્વર્ગનો દેવ આવે તો?

—તે કાંઈ ચમત્કાર નથી. ખરો ચમત્કાર તો ચૈતન્યદેવનો છે.

(૭૧) વીતરાગતાનો સાધક ધર્મી કોને નમે?

વીતરાગી દેવ સિવાય બીજા દેવને તે નમે નહિ.

(૭૨) અરિહંતના શરીરમાં રોગ કે અશુચિ હોય?

ના. અરિહંતને જેમ રાગ નથી તેમ રોગ પણ નથી.

(૭૩) સાધકના શરીરમાં રોગાદિ હોય?

હા; પણ અંદર આત્મા સમ્યક્ત્વાદિથી શોભી રહ્યો છે.

(૭૪) મુનિઓનો શણગાર શું?

રત્નત્રય તેમનો શણગાર છે.

(૭૫) એવા મુનિઓને દેખતાં આપણને શું થાય છે?

અહો, બહુમાનથી તેમના ચરણોમાં શિર નમી પડે છે, ને મોક્ષમાર્ગ પ્રત્યે ઉલ્લાસ જાગે છે.

(૭૬) ધર્મી એકલો હોય તો?

તોપણ મૂંઝાય નહીં; સત્યમાર્ગમાં તે નિઃશંક છે.

(૭૭) જેમ માતાને પુત્ર વહાલો છે તેમ ધર્મીને શું વહાલું છે?

ધર્મીને વહાલા સાધર્મી; ધર્મીને વહાલા રત્નત્રય.

(૭૮) ધર્મની સાચી પ્રભાવના કોણ કરી શકે?

જેણે પોતે ધર્મની આરાધના કરી હોય તે.

(૭૯) ધર્મીને ચક્રવર્તીપદનોય મદ કેમ નથી?

કેમ કે ચૈતન્ય-તેજ પાસે ચક્રવર્તીપદ ઝાંખું લાગે છે.

(૮૦) મનુષ્યનો ઉત્તમ અવતાર પામીને શું કરવું?

ચૈતન્યની આરાધના વડે ભવના અંતનો ઉપાય કરવો.

(૮૧) શરીરના સુંદર રૂપનો મદ ધર્મીને કેમ નથી?

કેમ કે સૌથી સુંદર એવું ચૈતન્યરૂપ તેણે દેખ્યું છે.

(૮૨) આત્મા શેનાથી શોભે છે?

સમ્યગ્દર્શનરૂપ આભૂષણથી.

(૮૩) સૌથી ઊંચામાં ઊંચું ભણતર કયું?

જે જ્ઞાન વડે આત્માની અનુભૂતિ થાય તે.

(૮૪) સાચા શ્રુતજ્ઞાનનું ફળ શું?

આનંદ અને વીતરાગતા.

(૮૫) ભરત અને બાહુબલી લડ્યા ત્યારે શું થયું?

તે વખતેય બંનેની જ્ઞાનચેતના જુદી જ હતી.

(૮૬) સમ્યગ્દર્શન તો ગમે તે ધર્મમાં થાય ને?

ના; જૈનમાર્ગ સિવાય બીજે સમ્યગ્દર્શન હોતું નથી.

(૮૭) સમ્યગ્દર્શન થતાં જીવને શું થયું?

તે પંચપરમેષ્ઠીની નાતમાં ભળ્યો.

(૮૮) સમ્યગ્દર્શન વગરની શુભકરણી પણ કેવી છે?

તે પણ જીવને દુઃખકારી છે.

(૮૯) જૈનમાર્ગ કેવો છે?

એ ભગવાન થવાનો માર્ગ છે.

(૯૦) ત્રણકાળ ને ત્રણલોકમાં જીવને શ્રેય શું છે?

સમ્યક્ત્વ સમાન કોઈ શ્રેય નથી.

(૯૧) ચૈતન્યના જેટલા ધર્મો છે તે બધાનું મૂળ શું છે?

સર્વેધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે—**दंसणमूलो धम्मो**'

(૯૨) જીવે શીઘ્ર શું કરવા જેવું છે?

'હે જીવ તું સમ્યક્ત્વને શીઘ્ર ધારણ કર......નકામો કાળ ન ગુમાવ. સમ્યક્ત્વના લાભનો આ ઉત્તમ અવસર છે.

(૯૩) રાગના રસ્તે મોક્ષમાં જવાય?

ના; રાગ તો સંસારમાર્ગ છે.

(૯૪) મોક્ષનો રસ્તો શું છે?

સમ્યક્ત્વ સહિત સ્વાનુભૂતિ ને વીતરાગતા.

(૯૫) સમ્યક્ત્વને અને શુભરાગને કાંઈ સંબંધ છે?

ના; બંને ભાવો તદ્દન જુદા છે.

(૯૬) સમ્યક્ત્વ થતાં શું થયું?

જ્ઞાનની ધારા રાગથી છૂટીને મોક્ષ તરફ ચાલી.

(૯૭) સંસારમાં ભમતો જીવ પૂર્વે શું નથી પામ્યો?

એક તો જિનવરસ્વામી, અને બીજું સમ્યક્ત્વ.

(૯૮) ભગવાન પાસે તો જીવ અનંતવાર ગયો છે ને?

હા,–પણ તેણે ભગવાનને ઓળખ્યા નથી.

(૯૯) ભગવાનને ઓળખે તો શું થાય?

શુદ્ધ આત્મા ઓળખાય ને સમ્યગ્દર્શન થાય જ.

(૧૦૦) અનંતા જીવ મોક્ષ પામ્યા–તે બધા શું કરીને મોક્ષ પામ્યા છે?

સમ્યગ્દર્શન કરીને જ અનંતા જીવો મોક્ષ પામ્યા છે.

(૧૦૧) સમ્યગ્દર્શન વગર કોઈ મોક્ષ પામ્યું છે?

ના.

(૧૦૨) સમ્યક્ત્વનો સરસ મહિમા સાંભળીને શું કરવું?

હે જીવો! તમે જાગો......સાવધાન થાઓ........ને સ્વાનુભવ કરો. (સમ્યક્ત્વ પ્રાપ્તિનો યથાર્થ ઉપાય કરવો)

(૧૦૩) ઋષભદેવના જીવને સમ્યક્ત્વ પમાડવા મુનિઓએ શું કહ્યું?

હે આર્ય! આ સમ્યક્ત્વની પ્રાપ્તિનો અવસર છે, માટે તું આજે જ સમ્યક્ત્વને ગ્રહણ કર.

(૧૦૪) તે સાંભળીને ઋષભદેવના જીવે શું નક્કી કર્યું?

મુનિઓની હાજરીમાં તે જ વખતે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું.

(૧૦૫) આ ઉદાહરણ ઉપરથી શું નક્કી કરવું?

સમ્યક્ત્વ ગ્રહણ કરો.......'કાલ વૃથા મત ખોવો.'

(જે સમ્યક્ત્વનો સાચો પુરુષાર્થ કરે તેને અવશ્ય તેની પ્રાપ્તિ થાય જ.)

(૧૦૬) દેવોના અમૃત કરતાંય ઊંચો રસ કયો છે?

સમ્યક્ત્વનો અતીન્દ્રિય આત્મરસ અમૃતથી પણ ઊંચો છે.

(૧૦૭) સમ્યગ્દર્શન થતાં શું થયું?

અહા, સમ્યગ્દર્શન થતાં આત્મામાં મોક્ષનો સિક્કો લાગી ગયો. આનંદરસની અપૂર્વ ધારા ઉલ્લસી.

(૧૦૮) આ કાળે સમ્યગ્દર્શન પામી શકાય?

હા. અનેક જીવો પામ્યા છે, ને પામી શકાય છે.

**–માટે હે જીવ!**

**તું આજે જ સમ્યક્ત્વને ધારણ કર!**

**હવે આપ વાંચશો સમ્યગ્દર્શન સંબંધી લેખમાળા—**

સમ્યગ્દર્શન પામ્યા પહેલાં મુમુક્ષુનું જીવન કેવી પાત્રતાવાળું હોય? ને સમ્યગ્દર્શન પામ્યા પછીનું જીવન કેવું અદ્ભુત હોય? તે સંબંધી નિબંધ–યોજનામાં ૧૦૦ લેખો આવેલા, તેમાંથી આઠ લેખો પસંદ કરીને, સુધારા–વધારા સહિત અહીં આપવામાં આવે છે; તે સમ્યક્ત્વ માટેના અભ્યાસમાં જિજ્ઞાસુઓને ખૂબ ઉપયોગી થશે.

# સમ્યક્ત્વના પિપાસુની એક જ ધૂન

## સમ્યક્ત્વના શાંતરસનું ફરી ફરીને ઘોલન

[૧]

તેને બસ એક આત્માનો રસ પીવાની જ ધગશ લાગી છે.......અહા, જ્ઞાનીઓ જેના આટલા વખાણ કરે છે તે આત્મતત્ત્વ કેવું છે?–એમ ફરી ફરીને આત્માનું મંથન કરી કરીને તે ઊંડો ઊતરતો જાય છે......અને છેવટે કોઈ પરમ શાંતિના વેદનસહિત તે પોતાના સ્વરૂપને જાણી લે છે–શ્રદ્ધી લે છે. અહા, આનંદધામ મારા આ આત્મામાં કોઈ આકુળતા નથી. નિર્વિકલ્પ થતાં આનંદરસનાં ઝરણાં વહેવા લાગે છે. અહા, ધન્ય આ દશા! ધન્ય આ અનુભૂતિ!

✲ ✲ ✲

આત્મસન્મુખ જીવને નિર્વિકલ્પદશા ન થઈ હોય ત્યારે તે પોતાની ચૈતન્યવસ્તુના ઊંડા–ઊંડા ચિંતન દ્વારા નિર્વિકલ્પ દશા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે; એક ચિદાનંદ, વિજ્ઞાનઘન સ્વભાવનું ઘોલન તે તેનું ધ્યેય રહે છે.

પ્રથમ જ્ઞાયકસ્વભાવના લક્ષે વિચારધારામાં તે જીવ સ્વરૂપધ્યાનમાં સ્થિત રહેવાનો ઉદ્યમી થાય છે. તે નોકર્મ, દ્રવ્યકર્મ અને ભાવકર્મથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્માને લક્ષમાં લઈને સ્વ–પરનું ભેદવિજ્ઞાન કરે છે.

તે પોતાને વિજ્ઞાનઘન સ્વભાવરૂપે લક્ષમાં લઈ, નોકર્મ એટલે જડ, શરીર, બાહ્યના સંયોગો, સ્ત્રી, પુરુષ, મિલ્કત આદિ જેને પોતાનાં માનતો હતો તેમાંથી દ્રષ્ટિ ઉઠાવી લે છે. સંયોગો તેને તુચ્છ લાગે છે, અને તે હું નહિ તેમ તેને ભાસવા લાગે છે; તેનાથી ભિન્ન હું કંઈક જુદી ચીજ

છું અને સાચી શાંતિ મારામાં જ છે–તેમ લાગ્યા કરે છે. તેને આત્માની જ ધૂન લાગે છે.

દ્રવ્યકર્મ તે જડ છે; તે જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય આદિ આઠ કર્મોને તે પોતાનાં માનતો નથી, તેનું લક્ષ ત્યાંથી ખસી જાય છે અને ચેતનારૂપ આત્માનું લક્ષ કરે છે. કર્મ જે જડરૂપ છે તે મારાં કેમ હોઈ શકે? હું તો ચેતન છું–એમ તે નિર્ણય કરે છે.

છેવટે ભાવકર્મ પુણ્ય–પાપ આદિના ભાવો, જેને જીવે અજ્ઞાનથી પોતાના (સ્વાભાવિક) માન્યા હતાં તેને પણ ચૈતન્યથી જુદા સમજે છે,–અને વિકારરહિત આત્મતત્ત્વ પકડવાની તેને ધૂન લાગે છે. વિકલ્પ હોવા છતાં તેનો (રુચિમાંથી) નિષેધ કરીને, જ્ઞાનમાં ચૈતન્યજ્ઞાયક આત્માને લક્ષમાં લઈ (મુખ્ય કરી) તેના અનુભવનો ઉદ્યમ કરે છે.....હું વિજ્ઞાનઘનસ્વરૂપ આત્મા, વિકલ્પરહિત કેવો છું–તે તરફ જ્ઞાનને સન્મુખ કરવા ઉદ્યમ કરે છે.

હું તો ચૈતન્યચમત્કારરૂપ છું, એટલે સ્વ-પરને જાણનારો છું; હું મને પોતાને જાણતાં પરને (પરરૂપે) જાણી લઉં તેવો ચમત્કારિક છું;–આમ અંદર ને અંદર ઊતરતો જાય છે અને વિકલ્પરહિત આત્માના જ વિચારમાં લીન રહે છે. જેમ જેમ ઊંડો ઊતરતો જાય છે તેમ તેમ ચૈતન્યની શાંતિની તેને ઝાંખી થતી જાય છે ને વિશ્વાસ આવે છે કે શાંતિનો કોઈ અગાધસમુદ્ર મારામાં જ ભર્યો છે.

પહેલાં પરવસ્તુમાં ને રાગમાં અહંબુદ્ધિ કરતો હતો તે હવે વિચાર દ્વારા પોતાના ચૈતન્યપુંજમાં અહંબુદ્ધિ કરે છે. હું ચિદાનંદ છું, શુદ્ધ છું, બુદ્ધ છું, આનંદની ખાણ છું, ચૈતન્યનું નૂર છું–તેવા નિર્મળ વિચારો આવ્યા કરે. જડનો કે અચેતન વિકલ્પોનો મારી શુદ્ધ અનુભૂતિમાં પ્રવેશ નથી, તે તો ચૈતન્યની જાતથી જુદા છે.

આત્મસન્મુખ જીવને નિર્વિકલ્પ દશા થયા પહેલાં, આત્માની એવી ધૂન ચડે છે કે ચૈતન્યની શાંતિ સિવાય બીજા કોઈ ભાવમાં તેને ચેન નથી પડતું; સૂક્ષ્મ વિકલ્પો પણ એને ભારરૂપ લાગ્યા કરે છે, ને ચેતનાને તેનાથી પણ જુદી કરીને અંદર લઈ જવા મથે છે; તેમાં જ તેને સુખ દેખાય છે.

મુમુક્ષુને વિકલ્પથી થાક લાગે ને ચૈતન્યની કંઈક શાંતિ દેખાય ત્યારે જ તે નિર્વિકલ્પ થઈને અંદર જવાનો પ્રયત્ન કરેને?

સમ્યક્‌દર્શન પ્રગટ કરનાર જીવ પહેલાં તો જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરે છે. જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય તે વિકલ્પ વડે નહિ પરંતુ જ્ઞાન વડે જ કરે છે. તે આત્માર્થની સિદ્ધિમાં બાધક તેવા પરિણામોને ઉગ્રપણે છોડે છે. તેને બસ! એક આત્માનો રસ પીવાની જ ધગશ લાગી છે. તેને આત્મસ્વરૂપ કેવું છે? તે સમજવાની જ લગન લાગી છે. તેને થાય છે કે અહા, જ્ઞાનીઓ જેનાં આટલા વખાણ કરે છે તે આત્મદ્રવ્ય કેવું છે? તે ફરી ફરીને અંદર મંથન કરી કરીને પોતાના આત્મા સંબંધીનો નિર્ણય પાકો કરે છે, અને ગમે તેવા સંકટ આવે તોપણ તેનો સત્‌નો નિર્ણય અફર રહે છે. તે આત્માર્થીનું કાર્ય અને ધ્યેય બસ, આત્માર્થને સાધવો તે જ રહે છે. તે આત્માના કાર્યથી ડગતો નથી. તે પોતાની બધી શક્તિને, જ્ઞાનને, ઉત્સાહને, પોતાના સર્વસ્વને આત્મામાં જોડીને જરૂર આત્માર્થને સાધવામાં તત્પર થાય છે. તે સાચા જ્ઞાનીને ઓળખવાનો પ્રયત્ન કરે છે; ને તે સાચા જ્ઞાની જે ભેદજ્ઞાનથી કહેવાણા તેના જેવું ભેદજ્ઞાનનું સ્વરૂપ જાણી (લક્ષમાં લઈ) તેનો પ્રયત્ન કરે છે. તે તેવા સાચા જ્ઞાની પાસેથી આત્માના અનુભવનું વર્ણન અત્યંત પ્રીતિપૂર્વક સાંભળે છે, ને તેમાંથી પોતાના પ્રયોજનભૂત જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરે છે.

તે આત્માનો સાધક જીવ, જેઓ સાચી વસ્તુ બતાવે ને સત્‌સ્વરૂપ આત્માનો નિર્ણય કરાવે–તેવા જ દેવ–ગુરુ–શાસ્ત્રને માને છે. સત્‌ વસ્તુનો નિર્ણય ન કરાવે તેવા કુદેવ–કુગુરુ–કુશાસ્ત્રને આત્માર્થી માને નહિ. આ રીતે નિર્ણય કરીને તે પોતાના ઉપયોગને શુદ્ધસ્વભાવ તરફ ઢાળતો જાય છે.

તે એમ માને છે કે હું બધાથી ભિન્ન, એક ત્રિકાળ જ્ઞાનસ્વભાવમાત્ર જ છું, અને તે જ મારી ચીજ છે; તેને જ્ઞાનના ઘોલનમાં તે ભાસવા લાગે છે. 'હું શુદ્ધ ચિદ્રૂપ છું'—તેવી તેને ધૂન ચડે છે; આત્માના ચિંતનમાં તેને સહજ જ આનંદતરંગ ઊઠે છે, ને રોમાંચ ઉલ્લસિત થાય છે. આમ હજી સવિકલ્પદશા હોવા છતાં તેને સ્વભાવના મહિમાનું લક્ષ વધતું જાય છે,

ને તે જીવ શુદ્ધઆત્માના લક્ષના જોરે આત્મા તરફ આગળને આગળ વધે છે. તેને હવે એક જ ખ્યાલ ઘૂમ્યા કરે છે કે હું આવો અદ્ભુત જ્ઞાનસ્વભાવી આત્મા છું. મારું જ્ઞાનતત્ત્વ વિકલ્પરૂપ નથી, અને જ્ઞેયઆશ્રિત મારું જ્ઞાન નથી, જ્ઞાનસ્વરૂપ હું પોતે છું. આમ પોતાના પરિણામમાં જ્ઞાનસ્વભાવને સર્વતરફથી નક્કી કરીને, તે બીજા બધાથી ભેદજ્ઞાન કરે છે ને અંદર ઢળે છે.

અંદર ને અંદર જ્ઞાનસ્વભાવનું ઘોલન કરતાં કરતાં, તેને જે શુદ્ધસ્વભાવના રાગમિશ્રિત વિચારો આવતા હતા તે પણ છૂટી જાય છે, અને પોતાનું સ્વરૂપ કેવળ ચિન્માત્ર ભાસવા લાગે છે.....ત્યારે સર્વ પરિણામ તે સ્વરૂપ વિષે એકાગ્ર થઈને પ્રવર્તે છે; ત્યારે તેને દર્શન–જ્ઞાનાદિકના, કે નય–પ્રમાણ આદિના વિકલ્પો વિલય થઈ જાય છે અને અભેદ–અખંડ ચૈતન્યરસમય નિજસ્વરૂપનું લક્ષ થાય છે......કોઈ પરમ શાંતિના વેદનસહિત પોતાનું સ્વરૂપ તેને જણાય છે અને શ્રદ્ધાય છે : અહા! આનંદધામ મારા આ આત્મામાં કોઈ વિકલ્પની આકુળતા નથી. આવો સાક્ષાત્કાર થતાં, શુદ્ધ પરિણતિ આનંદકંદ જ્ઞાનસ્વભાવમાં જ ઘૂસી ગઈ છે. જ્ઞાનસ્વભાવમાં તન્મય પરિણમતો તે આત્મા સમસ્ત વિકલ્પથી જુદો પડી જાય છે, તેને આત્મા જ પરમાત્મારૂપે દેખાય છે; તેને જ્ઞાન અને વિકલ્પની અત્યંત ભિન્નતા ભાસે છે; જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન થાય છે. આ રીતે જ્ઞાનસ્વભાવી આત્માનો જે નિર્ણય કરે છે તે નિર્ણય કરનારું જ્ઞાન અંતર્મુખ અતીન્દ્રિય થઈને ભગવાન આત્માને વિકલ્પથી જુદો આનંદસ્વરૂપે પ્રસિદ્ધ કરે છે. તે જ આત્માનું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. પહેલાં જે ચૈતન્યસ્વરૂપ–સ્વભાવનો નિશ્ચય કર્યો હતો, તે જ જ્ઞાનસ્વભાવી આત્મામાં અનુભવ ટાણે એવો વ્યાપ્ય–વ્યાપકરૂપ થઈને પ્રવર્તે છે કે જ્યાં ધ્યાતા–ધ્યેયનો ભેદ પણ રહેતો નથી; ત્યારે નિર્વિકલ્પ આનંદ દશા હોય છે. અહા, ધન્ય છે એ દશા! ધન્ય છે એ અનુભૂતિ! નિર્વિકલ્પ દશા થતાં અહો! આનંદનાં ઝરણાં વહેવા લાગે છે. પછી તેને બહારમાં ક્યાંય ચેન પડતું નથી. તેને શુભરાગમાં પણ હેયબુદ્ધિ રહે છે. બસ, ઉપાદેય ફક્ત એક પોતાનું જ્ઞાયકતત્ત્વ જ રહે છે.

સમ્યગ્દષ્ટિ જીવ પરિણામમાં સવિકલ્પ અને નિર્વિકલ્પ બન્ને ભાવે પરિણમે છે. સવિકલ્પદશા વખતેય તેને આત્માનાં સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન તો રહે જ છે. સમ્યક્‌દષ્ટિ આત્માને શુભાશુભ ભાવો વર્તે છે તોપણ તેને અંદર તો શ્રદ્ધાન હોય જ છે કે 'આ કાર્ય મારાં નથી, પર વસ્તુનો હું કર્તા નથી; ને રાગ સાથે મારી ચેતનવસ્તુ એકમેક નથી.' તે પોતાના જ્ઞાનને રાગ સાથે એકમેક નથી કરતો; સદાય બંનેને ભિન્ન જ જાણે છે. તે રાગાદિને જુદા જાણતો થકો તેનો કર્તા થતો નથી પણ તેનો જ્ઞાતા જ રહે છે.

સમ્યગ્દષ્ટિને અનુભવમાં બહુ જ આનંદ આવે છે. તે શ્રુતજ્ઞાન દ્વારા કેવળજ્ઞાન સાથે કેલિ કરે છે–તેમ કહ્યું છે. તેના જ્ઞાને રાગ સાથે મિત્રતા (એકત્વ) છોડીને કેવળજ્ઞાનસ્વભાવ સાથે મિત્રતા કરી છે ને કેવળજ્ઞાનને સાદ પાડીને બોલાવ્યું છે.

જ્ઞાનને આત્મસન્મુખ કરતાં, નિજરસથી ભરેલો, પરની અપેક્ષાએ અરસ, આત્મા તેને સાચા સ્વરૂપે વેદાય છે. તે આત્મા કોઈ નયપક્ષ વડે ખંડિત થતો નથી; જ્ઞાનીનું જ્ઞાન હંમેશા વિકલ્પોથી ને સંયોગોથી જુદું જ રહે છે. વિકલ્પ હોવા છતાં વિકલ્પોથી ભિન્ન પરિણમતું આ જ્ઞાન (જ્ઞાન પરિણતિ) એવું છે કે વિકલ્પાતીત થઈને જીવને ઠેઠ મોક્ષ સુધી પહોંચાડે જ છે.

ભેદજ્ઞાન થતાં આ જીવ સકળ વિકારના કર્તૃત્વરહિત થઈ જ્ઞાયકપણે શોભે છે. ભેદજ્ઞાન થતાં જીવ આસ્રવોથી પાછો વળે છે; બંધભાવથી છૂટી મોક્ષમાર્ગ તરફ વળતો જાય છે. સમ્યક્‌જ્ઞાની અસાર અને અશરણ એવા સંસારથી પાછો વળે છે, ને પરમસારભૂત શરણરૂપ એવા પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ ઝૂકે છે. ભેદજ્ઞાન થતાં ચૈતન્યપરમેશ્વર પુરાણપુરુષ પ્રકાશમાન થાય છે, અને અતીન્દ્રિય શાંતિસહિત જ્ઞાનજ્યોતિ ઝળહળી ઊઠે છે. આવું સમ્યગ્દર્શન છે–તે આત્મા જ છે. આ સમ્યગ્દર્શન થતાં વિકલ્પ તૂટીને ઉપયોગ તરફ વળે છે, એટલે ભેદજ્ઞાન થઈ પ્રમાણજ્ઞાન થઈ ગયું છે, પછી હવે તેનો ઉપયોગ પર તરફ જાય ત્યારે પણ તે ભેદજ્ઞાન–પ્રમાણ તો સાથે ને સાથે જ વર્તે છે. વિકલ્પથી

છૂટું પડીને ચૈતન્યમાં તન્મય થયેલું જ્ઞાન ફરીને કદી વિકલ્પમાં એકમેક થતું નથી, છૂટું ને છૂટું જ રહે છે તેથી તેને મુક્ત કહ્યું છે : 'स हि मुक्त एव.'

આ તો ધર્મીની અંતરની વાતો થઈ; પરંતુ બાહ્યના કષાયો પણ ઘણા નરમ પડી ગયા હોય છે, સાત વ્યસનનો ત્યાગ હોય છે, બાહ્ય સંયોગોથી તેનું ચિત્ત ઉદાસ રહે છે, ચૈતન્યની પરમશાંતિ પાસે પુણ્ય–પાપના ભાવો તેને ભઠ્ઠી જેવા લાગે છે. સમ્યક્દ્રષ્ટિને ઓળખાણપૂર્વક જેવું બહુમાન સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર ઉપર હોય તેવું મિથ્યાદ્રષ્ટિને હોતું નથી. સમ્યક્દ્રષ્ટિના વ્યવહારપરિણામ પણ ચારે પડખેથી મેળવાળા હોય છે.

સમ્યક્દર્શનની સાથે તેનામાં નિઃશંકતા, નિઃકાંક્ષા, સાધર્મીપ્રેમ, ધર્મ પ્રભાવના વગેરે આઠ અંગો પણ અપૂર્વ હોય છે. તેને આત્માના સ્વભાવમાં નિઃશંકતાને લીધે મૃત્યુ વગેરે સંબંધી સાત ભય હોતા નથી. જ્ઞાનચેતનારૂપ થયેલો હોવાથી તે કર્મોને તેમ જ કર્મનાં ફળને પોતાથી અત્યંત ભિન્ન જાણે છે.

આવા અપૂર્વ મહિમાવંત સમ્યગ્દર્શનની જેને શરૂઆત થઈ તે જીવ સાધક થયો એટલે ઈષત્‌સિદ્ધ–નાનકડો સિદ્ધ થયો, અને હવે અલ્પકાળમાં પૂર્ણ શુદ્ધતા પ્રગટાવીને તે સાક્ષાત્ સિદ્ધ પરમાત્મા થઈ જશે.

**આવું અદ્‌ભુત મહિમાવંત સમ્યક્દર્શન પામેલા સર્વ આરાધકોને કોટી–કોટી વંદન.**

[એક મુમુક્ષુ]

# સ્વભાવના મહિમાનું ઘોલન કરતો-કરતો

## અંતે તેમાં મગ્ન થઈને મુમુક્ષુ સ્વાનુભવ કરે છે

[૨]

**સમ્યગ્દર્શન થતાં પહેલાં આત્મ-સન્મુખ જીવની રહેણીકરણી તથા વિચારધારા પોતાના આત્મહિતને પોષણ આપે તે પ્રકારની હોય છે. કોઈપણ પ્રકારે આત્માનો મહિમા લાવી-લાવીને તે પોતાના સ્વભાવ તરફ ઝૂકતો જાય છે અને અંતર્સ્વભાવ તરફની કોઈ અદ્ભુત ધારા વડે સ્વાનુભવ કરીને નિર્વિકલ્પ થઈ જાય છે.**

સમ્યગ્દર્શન થતાં પહેલાં આત્મસન્મુખ જીવની રહેણીકરણી તથા વિચારધારા પોતાના આત્મહિતને પોષણ આપે તે પ્રકારની હોય છે. જેને સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું છે તેવી તૈયારીવાળા જીવે સૌથી પ્રથમ પોતાના જ્ઞાનસ્વભાવનો મહિમા લક્ષમાં લેવો જોઈએ. હું એક આત્મદ્રવ્ય છું, મારામાં જ્ઞાન છે, ને મારા જ જ્ઞાન વડે હું મારા આત્માનું ભાન કરી શકું છું,-તેવા પ્રકારની ભાવનાથી પ્રથમ જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરવું તે વિચારે છે. તે માટે કોઈ જ્ઞાની પાસે રહીને અગર તો ગુરુગમઅનુસાર પોતે સત્શાસ્ત્રોનો જેમ બને તેમ જિજ્ઞાસુ થઈને અભ્યાસ કરે છે, એટલે કે તત્ત્વોનો બરાબર અભ્યાસ કરે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે 'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્' તેથી જીવાદિ સાત તત્ત્વોને જેમ છે તેમ જાણવા; એટલે કે જીવને જીવ તરીકે, અજીવને અજીવ તરીકે, પુણ્ય-પાપ-આસ્રવને આસ્રવ તરીકે—એમ સાતે તત્ત્વોને બરાબર જાણીને શ્રદ્ધા કરવી. સમ્યગ્દર્શન થવામાં પ્રથમ આ સાત તત્ત્વની ઓળખાણ ખાસ જોઈએ.

આ સાત તત્ત્વનું સ્વરૂપ વિચારતાં સમુચ્ચયપણે વિકલ્પનો રસ

તૂટે છે ને ચૈતન્યનો રસ ઘૂંટાય છે, એટલે આત્માની પરિણતિ સ્વભાવ તરફ ઉલ્લસતી જાય છે. તે વખતે પોતાના વિચારો એટલે આત્માનું મનન કરતાં હું એક આત્મા છું, જ્ઞાયક છું, સિદ્ધ છું, બુદ્ધ છું,– ઈત્યાદિ વિચાર હોય; અગર તો અતીન્દ્રિય છું, સર્વથી ભિન્ન છું, જ્ઞાન મારો સ્વભાવ છે, રાગ મારો સ્વભાવ નથી,–એવા સ્વ અને પરની ભિન્નતાના વિચાર હોય; અગર તો આત્માની અનંતી શક્તિઓના વિચાર હોય છે. એવી રીતે અનેક પ્રકારથી આત્માના મહિમાના અને સ્વ–પરના ભેદજ્ઞાનના વિચારો હોય છે. એમ કોઈ પણ પ્રકારે પોતાના સ્વભાવ તરફ ઝૂકવાના વિચાર હોય છે. આવી રીતે જ્યારે અંતરની કોઈ અદ્ભુત સ્વભાવ તરફની ઉગ્ર ધારા ઊપડે છે તે વખતે પછી બધા પ્રકારના વિકલ્પો શાંત થવા માંડે છે, ને ચૈતન્યરસ ઘૂંટાતો જાય છે. તે વખતે વિશુદ્ધતાના અતિ સૂક્ષ્મ પરિણામોની ધારા વડે અંતરમાં ત્રણ કરણ થઈ જાય છે; એ ત્રણ કરણના કાળે જીવના પરિણામ સ્વરૂપના ચિંતનમાં વધુને વધુ મગ્ન થતા જાય છે. આ રીતે આત્માના સ્વરૂપમાં મગ્ન થતાં નિર્વિકલ્પદશા થઈને પરમશાંત અનુભૂતિ વડે જીવ પોતે પોતાને સાક્ષાત્ અનુભવે છે......આનું નામ સમ્યગ્દર્શન.

–આવું સમ્યગ્દર્શન થતાં પહેલાં જીવની રહેણીકરણી વિષયોથી વિરક્ત, સંસારી કાર્યોથી ઉદાસીન, સ્વભાવ તરફના ઢોળાવવાળી, સાધુ–સંતોના–જ્ઞાનીઓના સંગમાં રહેવાની અગર તો વિશેષતા કરી એકાંતમાં આત્મચિંતન કરવાની હોય છે. આવી બહારની પણ તેની પ્રવૃત્તિ હોય છે અને અંતરમાં સ્વભાવના રસનું ઘોલન હોય છે. આવા જીવને ઉપશમ સમ્યક્ત્વ થાય છે, પછી ક્ષયોપશમ અને ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે. પછી અલ્પકાળમાં તે સંસારપરિભ્રમણથી છૂટીને સમ્યક્ત્વના પ્રતાપે અપૂર્વ મોક્ષસુખ પામે છે. માટે મોક્ષાર્થીએ આવા સમ્યક્ત્વની ભાવના ભાવવી, અને સર્વ ઉદ્યમથી તે પ્રગટ કરવું.

❑

## ❋ સમ્યગ્દર્શનની અદ્ભુત તાકાત ❋

હું જ્યાં જઈશ ત્યાં સમ્યક્ત્વના પ્રતાપે સુખને જ ભોગવીશ.
સમ્યગ્દર્શને તો મોક્ષનું સુખ ચખાડ્યું, ત્યાં હવે દુઃખ કેવું?

ભગવાન શ્રી કુંદકુંદસ્વામી અષ્ટપ્રાભૃતમાં કહે છે કે–શ્રાવકોએ પહેલાં તો સુનિર્મલ સમ્યક્ત્વ પ્રગટ કરવું. અત્યંત નિર્મળ અને મેરૂસમાન નિષ્કંપ એવું સમ્યગ્દર્શન પ્રગટ કરીને તેનું નિરંતર ધ્યાન કરવું. ચલ–મલ અને અગાઢ દોષરહિત એવું અચલ નિર્મળ અને દૃઢ સમ્યગ્દર્શન પ્રગટ કરીને દુઃખના ક્ષય માટે તેને જ ધ્યાનમાં ધ્યાવવું. જેમ મહા સંવર્તક વાયરાથી પણ મેરૂપર્વત ડગતો નથી, તેમ જગતની ગમે તેવી પ્રતિકૂળતાથી પણ સમ્યગ્દષ્ટિનું શ્રદ્ધાન ડગે નહિ; દેવો પરીક્ષા કરવા આવે તોપણ સમ્યક્ત્વથી ડગે નહિ. શ્રાવકે આવું દૃઢ સમ્યક્ત્વ ગ્રહણ કરી નિર્વિકલ્પ આનંદનો ફરી ફરીને અનુભવ કરવો,–જેથી દુઃખનો ક્ષય થાય. દુઃખનો ક્ષય કરવા અચલપણે દૃઢપણે સમ્યક્ત્વને નિરંતર ધ્યાવો–એટલે કે શુદ્ધ આત્માને ધ્યાવો. ગૃહસ્થપણામાં જે ક્ષોભ–કલેશ–દુઃખ હોય તે આવા સમ્યક્ત્વના પરિણમન વડે નાસી જાય છે. જુઓ, આ દુઃખના નાશનો ઉપાય! આવું સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી ધર્મ થાય છે, ને આત્મામાં નિર્મળતા વધતી જાય છે. ગમે તેવા ઉપસર્ગો આવી પડે પણ આવા સમ્યક્ત્વથી અંદર શુદ્ધાત્મા ઉપર જ્યાં નજર કરે ત્યાં ધર્માત્મા આખા સંસારને ભૂલી જાય છે. આવું સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી તેણે સર્વજ્ઞઅનુસાર સર્વે વસ્તુનું સ્વરૂપ યથાર્થ જાણ્યું છે, તેથી હવે બહારનાં કોઈ પણ કાર્યો બગડે કે સુધરે પણ તે પોતાના સમ્યક્ત્વથી ડગતો નથી. આવી સમ્યક્ત્વની નિષ્કંપતા વડે નિઃશંકપણે યથાર્થ વસ્તુસ્વરૂપ ચિંતવે છે, કે સર્વજ્ઞદેવે વસ્તુસ્વરૂપ જે રીતે જાણ્યું છે તે જ રીતે તેનું પરિણમન થાય છે; કોઈ તેને ફેરવવા સમર્થ નથી. માટે તેના પરિણમનમાં ઈષ્ટ–અનિષ્ટપણું માનીને રાગી–દ્વેષી થવું તે નિરર્થક

છે. પરનું પરિણમન પરને આધારે છે, તેમાં મને કંઈ ઈષ્ટ કે અનિષ્ટ નથી, એટલે તેમાં ક્યાંય રાગ–દ્વેષ કરવાનું મારું કામ નથી, હું તો માત્ર જ્ઞાનસ્વભાવી છું. આવી વસ્તુના સ્વરૂપની ભાવનાથી દુઃખ મટે છે, –તે પ્રત્યક્ષ અનુભવગોચર છે. માટે શ્રાવકે દુઃખના ક્ષયને અર્થે સમ્યક્ત્વ ગ્રહણ કરીને મેરૂ જેવી દ્રઢતાથી તેને નિરંતર ભાવવું, ધ્યાવવું. ગૃહસ્થપણામાં રહેલા શ્રાવકે પણ ચૈતન્યનું નિર્વિકલ્પ ધ્યાન કરવું–જેથી નિર્મળપણે મેરૂસમાન અકંપપણું આવે છે. ગમે તેવી પ્રતિકૂળતામાં પણ તેની શ્રદ્ધા ડગતી નથી. આવું સમ્યક્ત્વરૂપે પરિણમન કરી રહેલ જીવનાં દુષ્ટ અષ્ટ કર્મોનો ક્ષય થાય છે.

જુઓ, આ સમ્યક્ત્વનું સામર્થ્ય! સમ્યક્ત્વ થતાં અનંતા કર્મો ખરવા માંડે છે, ગુણશ્રેણી નિર્જરા શરૂ થાય છે. મોક્ષને માટે તેને આત્માનું જ અવલંબન રહ્યું. સંસારનું મૂળ કપાઈ ગયું. મોક્ષનું બીજ રોપાયું ને અંકૂરા ફૂટ્યા. કર્મો તરફનું વલણ ન રહ્યું એટલે કર્મો નિર્જરતા જાય છે. આવી રીતે મિથ્યાત્વરૂપી બીજ નાશ થયું ત્યાં કર્મનું વિષવૃક્ષ અલ્પકાળમાં સુકાઈ જાય છે. અનંતાનુબંધીના કષાયો તો નષ્ટ થયા, બાકીનાં કષાયો પણ ઘણા મંદ થઈ ગયા. તેને ક્રમે–ક્રમે શુદ્ધતા વધતી જાય છે, ને અનુક્રમે ચારિત્ર તથા શુક્લધ્યાનનો સહકાર મળતાં સર્વે કર્મો નષ્ટ થઈ, કેવળજ્ઞાન અને મોક્ષ પ્રગટે છે. આ બધો સમ્યગ્દર્શનનો મહિમા છે. જેને સમ્યગ્દર્શન થયું તેના મોક્ષના દરવાજા ખુલી ગયા; જે ઉત્તમપુરુષો પૂર્વે સિદ્ધિ પામ્યા છે. અત્યારે પામે છે, અને ભવિષ્યમાં પામશે તે બધું આ સમ્યક્ત્વનું જ માહાત્મ્ય જાણી, સમ્યક્ત્વને જ સિદ્ધિનું મૂળકારણ જાણી, તેને પ્રાપ્ત કરી, તેમાં જ એકાગ્રતા કરવી. આ સમ્યગ્દર્શન ધર્મનું બીજ છે, કલ્પવૃક્ષ છે, ચિન્તામણિ છે, કામધેનું છે, છ ખંડના રાજવૈભવ વચ્ચે રહેલા ચક્રવર્તી પણ આવા સમ્યગ્દર્શનની આરાધના કરે છે. સમ્યક્ત્વી જાણે છે કે અહો, મારી ઋદ્ધિ–સિદ્ધિ મારા ચૈતન્યમાં છે. જગતની ઋદ્ધિમાં મારી ઋદ્ધિ નથી. જગતથી નિરપેક્ષપણે મારામાં જ મારી સર્વે રિદ્ધિ–સિદ્ધિ ભરેલી છે.

રિદ્ધિ–સિદ્ધિ–વૃદ્ધિ દીસે ઘટમેં પ્રગટ સદા,
અંતરકી લક્ષ્મીસો અજાચી લક્ષપતિ હૈ;
દાસ ભગવંતકો ઉદાસ રહે જગતસોં,
સુખીઆ સદૈવ ઐસે જીવ સમકિતી હૈં.

સમકિતી ધર્માત્મા ગૃહસ્થપણામાં રહ્યા છતાં પોતાના આત્માને આવો અનુભવે છે. મારી ચૈતન્યરિદ્ધિ–સિદ્ધિ સદાય મારા અંતરમાં વૃદ્ધિગત છે. મારા અંતરની ચૈતન્યલક્ષ્મીનો હું સ્વામી છું. જગત પાસેથી કાંઈ લેવું નથી. તે જિનભગવાનનો દાસ છે, અને જગતથી ઉદાસ છે. સમ્યગ્દર્શન જ ધર્મના સર્વે અંગોને સફળ કરે છે. ક્ષમા–જ્ઞાન–આચરણ વગેરે સમ્યગ્દર્શન વગર ધર્મ નામ પામતાં નથી. સમ્યગ્દર્શન વગરનું જ્ઞાન તે અજ્ઞાન છે, આચરણ તે મિથ્યાચારિત્ર છે, અને ક્ષમા તે અનંતાનુબંધી ક્રોધસહિત છે; –માટે સમ્યગ્દર્શનથી જ ક્ષમા–જ્ઞાન–ચારિત્ર વગેરેની સફળતા છે.

ધર્માત્માને સ્વપ્નામાં પણ ચૈતન્ય અને આનંદનો મહિમા ભાસે છે. સમ્યક્ત્વમાં કોઈપણ દોષ સ્વપ્ને પણ આવવા દેતા નથી. આવા સમકિતી ધર્માત્માને જગતમાં ધન્ય છે, તે જ સુકૃતાર્થ છે, તે જ શૂરવીર છે, તે જ પંડિત અને મનુષ્ય છે. ભલે શાસ્ત્રો ભણ્યો ન હોય, વાંચતાં કે બોલતાં ન આવડતું હોય છતાં તે મોટો પંડિત છે; બાર અંગનો સાર તેણે જાણી લીધો છે; કરવા યોગ્ય ઉત્તમકાર્ય તેણે કર્યું છે તેથી તે સુકૃતાર્થ છે; યુદ્ધમાં હજારો યોદ્ધાઓને જીતનારો લોકમાં શૂરવીર કહેવાય છે, પણ હજારો યોદ્ધાઓને જીતવા છતાં અંતરમાં મિથ્યાત્વને જે જીતી શક્યો નથી તે ખરેખર શૂરવીર નથી. મિથ્યાત્વને જીતી લીધું તે સમકિતી જ ખરા શૂરવીર છે. સમ્યગ્દર્શન વગરના મનુષ્યોને પશુસમાન કહ્યા છે, અને સમ્યગ્દર્શનસહિતના પશુઓને દેવસમાન કહ્યા છે. લાખો કરોડો રૂપીયા ખરચવાથી કે અનેક પ્રકારના પુણ્યના શુભભાવ કરવાથી પણ જે સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થાય તેવું દુર્લભ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી તેને અચલપણે સાચવી રાખવું એ જ કાર્ય કરવા જેવું છે. આવા સમ્યગ્દષ્ટિને મરણ વગેરે સાત પ્રકારના ભય હોતા નથી. આત્માની આરાધનામાં તે નિઃશંક છે,

એટલે પરલોકમાં મારી ગતિ કેવી થશે?—મારે નરકનાં દુઃખ ભોગવવાં પડશે, અગર તો બીજાં શું–શું દુઃખ ભોગવવાં પડશે?–તેવો ભય તેને હોતો નથી. હું જ્યાં જઈશ ત્યાં સમ્યક્ત્વના પ્રતાપે મારા ચૈતન્યના સુખને જ ભોગવીશ, એનાથી જુદો બીજો કોઈ ભોગવટો મારા જ્ઞાનમાં નથી.—એમ તેને વિશ્વાસ છે. તે બધી કર્મકૃત ઉપાધિને પોતાથી જુદી અનુભવે છે, તેથી કર્મકૃત સંસારી સુખ–દુઃખને તે પોતાનાં ગણતો નથી. વળી જન્મ–મરણનો ભય તેને નથી, કારણ કે આત્મા તો અજર–અમર છે, તેને જન્મ કે મરણ નથી; આવા જન્મ–મરણ વગરના અવિનાશી આતમરામને અનુભવ્યો પછી જન્મ–મરણ કેવાં? ને જન્મ–મરણનો ભય કેવો? વળી મારી ચૈતન્યલક્ષ્મી મારા આત્મામાં એવી અભેદ છે કે કોઈ તેને લૂંટી શકે નહિ; આત્મા સ્વયં પોતે પોતામાં ગુપ્ત છે–પોતે સ્વયં રક્ષિત છે, કોઈ તેનો નાશ કરી શકે નહિ, તેને હરી શકે નહીં.–આમ સમ્યગ્દષ્ટિ નિજસ્વરૂપમાં સર્વપ્રકારે નિઃશંક છે. તેમ જ ચૈતન્યની અપાર મહત્તા પાસે બીજા કોઈની મહત્તા તેને ભાસતી નથી તેથી તેને શરીરાદિ સંબંધી મદ હોતાં નથી. આ રીતે આઠ ગુણસહિત, ને આઠ મદ વગેરે સર્વ દોષરહિત શુદ્ધ સમ્યક્ત્વ વડે પોતાના આત્માની સાધનામાં આગળ વધતાં વધતાં તે ધર્માત્મા પોતાના ધારેલા અનંતસુખમય મોક્ષધામને અલ્પકાળમાં પામે છે. તેને અમારા નમસ્કાર હો.

[એક મુમુક્ષુ]

# સમ્યગ્દર્શન : તે સંબંધી મુમુક્ષુઓનું ઘોલન

[૩]

"સમ્યગ્દર્શન થતાં પહેલાં અને થયા પછી જીવની રહેણીકરણી તથા વિચારધારા કેવા પ્રકારની હોય?' તે સંબંધી બે નિબંધ આપે વાંચ્યા. આ ત્રીજો નિબંધ છે. આ નિબંધો દ્વારા સમ્યક્ત્વભાવનાનું ઘોલન કરતાં દરેક જિજ્ઞાસુને પ્રસન્નતા થશે.

"રજકણ તારાં રખડશે, જેમ રખડતી રેત;
નરભવ પાછો નહિ મળે, ચેત, ચેત જીવ ચેત!"

અનંતકાળે ક્યારેક મહાભાગ્યના ઉદયથી આ જીવને મનુષ્યપણું મળે છે, અને તેમાં પણ ઉત્તમકુળ તથા જૈનધર્મના સંસ્કાર મળવા બહુ દુર્લભ છે. આ બધું મળ્યા પછી પણ જીવને કોઈ આત્મજ્ઞાની સંત–ગુરુનો સમાગમ પ્રાપ્ત થાય તો તે ખરેખર સોનામાં સુગંધ મળવા જેવો ઉત્તમ યોગ થાય. ત્યારબાદ આવા સત્સમાગમ દ્વારા સીંચાતા ધર્મસંસ્કારથી જીવને એમ થાય કે અરે! આ મનુષ્યગતિ અને ઉત્તમ જૈનધર્મનો સુયોગ મળ્યો તેનો સદુપયોગ જો આત્મહિતાર્થે નહિ કરી લઉં, તો આ દેહનાં રજકણો છૂટા પડીને પવનમાં ઊડતી રેતીની માફક વીંખાઈ જશે–પછી ફરીને આવો મનુષ્યઅવતાર કોણ જાણે ક્યારે મળશે! જો આત્માની દરકાર વગર આ અવસર ગુમાવ્યો તો પછી પસ્તાવાનો પાર નહિ રહે, અને દુઃખી થઈને ચોરાશીના ફેરામાં રખડવું પડશે. માટે હે જીવ! તૂં ચેત! અને સાવધાન થા!! તારે સમજણ કરવાનાં ટાણાં આવી પહોંચ્યાં છે. પ્રમાદ તજ અને મિથ્યાત્વરૂપી ભ્રમને ભાંગીને આત્માને ઓળખ.

આવી તીવ્ર લાગણી જિજ્ઞાસુ જીવને થતાં જ તેના વિચારોમાં પરિવર્તન આવે છે અને તેને સંસારનું સુખ ખારૂં–ખારૂં લાગે છે. તેને ક્યાંય શાંતિ લાગતી નથી. કુટુંબ–સગાંસંબંધી વગેરે બધું તેને પારકું લાગે છે, અને સત્સમાગમ તથા વૈરાગ્યપ્રેરક પ્રસંગો તેને વિશેષ ગમે છે તેને ક્ષણે ક્ષણે એમ થતું હોય છે કે હું શું કરૂં!–ક્યાં જાઉં? કોનું શરણું શોધું કે જેથી મને શાંતિ થાય; કોનો સત્સંગ કરું કે જેથી આત્માની સમજ પડે! અરે, આ સંસારની ઘટમાળામાં મને ક્યાંય ચેન નથી.—

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરિહરું?

—એમ વિવેકપૂર્વક અંદરમાં શાંતભાવે વિચાર કરે છે. તથા તે સમજવા ગુરુવચનનું શ્રવણ–મનન, સ્વાધ્યાય કરે છે; સંસારથી ચિત્તને પાછું વાળી દેવ–ગુરુની ભક્તિમાં લીન કરે છે; પુરુષાર્થને દઢ કરવા પોતાની વૃત્તિઓને આમતેમ રખડતી રોકીને આત્મવિચારમાં જોડવા મથે છે.

અંતરનો માર્ગ શોધવા જ્ઞાની–ગુરુ પાસે જઈ પોતાના દિલની વેદના ઠાલવે છે, અને ચૈતન્યના હિતની રીત સમજવા માટેની ઝંખનાપૂર્વક પ્રશ્ન પૂછી, પોતાના મનનું સમાધાન શોધવા તત્પર થાય છે. તે અત્યંત આર્દ્રભાવે શ્રી ગુરુને વિનંતિ કરે છે કે : હે પ્રભો! આ સંસારભ્રમણથી હવે હું થાક્યો છું, સંસારસુખ મને વહાલું નથી; સંસારથી છૂટીને મારો આત્મા પરમસુખને પામે એવો ઉપાય કૃપા કરીને મને બતાવો. સંસારનાં વમળમાં જીવ હવે થાક્યો છે. તો હવે સાચું સુખ ક્યાંથી મળે એવું પરમ તત્ત્વ મને બતાવો, આમ અંતરની જિજ્ઞાસાપૂર્વક ગુરુ પાસેથી સ્વ–પરની ભિન્નતાનું સ્વરૂપ સાંભળતાં–સાંભળતાં તેને વધારે વિચારવાનું મન થાય છે; જેમ જેમ વિચાર કરે છે તેમ તેમ ઊંડાણમાં તે વાત તેને રુચતી જાય છે, અને ગુરુવચનમાં દઢતાપૂર્વક આસ્થા થાય છે; અંતે તત્ત્વપ્રતીતિ થાય છે અને કોઈ અદ્ભુત ચમત્કારિક ચૈતન્યતત્ત્વ તેને કંઈક લક્ષગત થાય છે, પછી તેમાં જ વધારે ઊંડો ઊતરીને ને તેના મનન–ચિંતનમાં મશગૂલ બને છે; સ્વ–પરનો અત્યંત ભેદ લક્ષમાં લઈ રાગરહિત, શુદ્ધ આત્મદ્રવ્ય કેવું

હોય તે વિચારે છે. આવી વિચારધારાથી, તેને પહેલાં જે અશાંતિ અને આકુળતા હતી તે હવે કંઈક ઓછી થતાં તેના પુરુષાર્થને વેગ મળે છે, અને વિશ્વાસ જાગે છે કે આ જ માર્ગે મને આત્માની શાંતિ મળશે.–પછી પુરુષાર્થની સ્વસન્મુખ ગતિને વેગ આપે તેમ સંસારથી વિરક્તતા–પ્રેરક બાર ભાવના વિચારે છે. પુણ્ય–પાપની શુભાશુભ લાગણીઓ, તેને આકુળતા સમજીને તેનાથી પાર ચૈતન્યમાં ચિત્ત જોડવા મથે છે, જેમ જેમ મથે છે તેમ તેમ તેની મૂંઝવણ મટતી જાય છે ને આત્માનો ચિતાર સ્પષ્ટ થતો જાય છે.

વ્યવહારના પ્રસંગોથી અલગ રહી, અંદર જ્ઞાન અને રાગની ભિન્નતાને અનુભવવા વારંવાર પ્રયત્ન કરે છે.–શોકના બાહ્ય પ્રસંગોમાં આજ સુધી તીવ્ર ગતિએ જતી વૃત્તિઓ હવે શમવા માંડે છે, અને વિચારની દિશા વારંવાર ચૈતન્ય તરફ વળ્યા કરે છે એટલે બાહ્ય પ્રસંગોમાં તેનું ચિત્ત ઉદાસ રહેતું હોવાથી જાણે ખોવાયેલું–ખોવાયેલું રહ્યા કરે છે.

તે દ્રઢતાપૂર્વક જાણે છે કે જડ–ચેતન તમામ દ્રવ્યો લક્ષણભેદથી જુદાં છે. જીવનું કાર્ય માત્ર જાણવું અને પોતાનાં નિજપરિણામ કરવા તે છે. જગતના અન્ય પદાર્થો અને તેમનાં કાર્ય તે મારાં નથી; છતાં તેને મારાં માનું તો સ્વધર્મની મર્યાદા લોપાય ને મિથ્યાત્વરૂપી મહાપાપ થાય.—એવું હું કેમ કરું? અનાદિથી અજ્ઞાનવશ અન્ય પદાર્થો અને તેમનાં પરિણામનો પ્રત્યે અનેક પ્રકારનાં અભિપ્રાયો આપતો આવ્યો, એટલું જ નહિ પરંતુ તેમને નિજ અભિપ્રાય મુજબ ફેરવવાની બુદ્ધિથી અનંતા રાગ–દ્વેષ કરી કરીને દુઃખી થયો. અરેરે! અજ્ઞાનભાવથી તો મેં અત્યાર સુધી દુઃખ દુઃખ ને દુઃખ જ વેદ્યું છે. પણ હવે શ્રીગુરુ–સંતોના પ્રતાપે એ દુઃખનો આરો આવ્યો છે. શ્રી તીર્થંકર ભગવાનનો ઉપદેશ મહાભાગ્યે મને મળ્યો, અને હવે મને ખબર પડી કે હું તો માત્ર મારાં પરિણામોનો જ કર્તા છું. પર સાથે મારે કાંઈ સંબંધ નથી, તેથી તેમાં રાગ–દ્વેષ કરવા નિરર્થક છે. તત્ત્વજ્ઞાનપૂર્વક આમ વર્તવાથી જગતમાં થતા અન્ય ફેરફારો પ્રત્યે હવે તેને કંઈ પણ લેવા–દેવાની વૃત્તિ કે સુખ–દુઃખની વૃત્તિ રહેતી નથી; એટલે

મિથ્યા ક્લેશ–કષાયથી છૂટવાનું સહજ બની જાય છે. વળી તે પોતાના ચૈતન્યસ્વરૂપનો અચિંત્ય મહિમા વિચારી પોતાનો ઉપયોગ સ્વઆત્મા તરફ ઘુમાવવાનો પુરુષાર્થ કરે છે; અને બાહ્ય તરફ ઝૂકતી પરિણતિને પાછી વાળે છે. શાંતિ અનુભવવા માટે શાંતિસ્વરૂપ જે પોતાની વસ્તુ છે તેમાં જ ઉપયોગને દોરી જાય છે; કારણ કે નિજ આત્મા સિવાય બહારથી ક્યાંયથી શાંતિ મળતી નથી–એની તેને ખાતરી છે. જેમાં મારી શાંતિ નથી એવા જગતનાં તમામ નિમિત્તો–સાધનો વગેરે પદાર્થોથી મારે શું પ્રયોજન છે? મારે તો મારા આત્મા સાથે જ પ્રયોજન છે. આમ સ્વ–પરનું અત્યંત પૃથક્કરણ કરી, સ્વાનુભૂતિ માટે તે ચિંતવે છે કે—

હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાન દર્શનમય ખરે,
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે!

મારું સ્વરૂપ શુદ્ધસ્વરૂપ હોઈ તેને અન્ય કોઈ વસ્તુ સાથે કાંઈ સંબંધ નથી; હું સદૈવ એક ચૈતન્યમાત્ર છું, અખંડ–આનંદકંદ છું; સુખધામ અને જ્ઞાનસાગર છું. ચૈતન્યનો ફૂવારો છું; સત્–ચિત્–આનંદમય હું જ પોતે છું–પછી બીજાનું મારે શુ કામ છે? આવી રીતે નિજસ્વરૂપનો નિર્ણય કરીને તે અન્ય વિકાર ભાવો તરફથી પાછો ફરી જાય છે–જુદો પડી જાય છે. વચ્ચે પરિણામ ઢીલા થાય તો પશ્ચાત્તાપપૂર્વક ફરી ફરી ઉગ્ર પ્રયત્નથી ચિત્તને આત્મામાં જોડે છે. તત્ત્વપ્રતીતિની આવી પ્રયત્નદશા વખતે તે જીવના અંતરમાં સહેજે અત્યંત કોમળતા–સમતા–ધર્મવાત્સલ્ય–અહિંસાભાવ–સંસારના વિષયોથી વિરક્તિ, ને ચૈતન્ય પ્રત્યેનો મહાન ઉલ્લાસ હોય છે. બીજે ક્યાંય તેનું ચિત્ત ચોટતું નથી. વૈરાગ્ય અને તત્ત્વજ્ઞાનપૂર્વક તેનો તમામ પ્રયત્ન પોતાના આત્મસ્વભાવમાં ધ્યાન કેન્દ્રિત કરવા તરફ ઢળેલો હોય છે; આવા ટાણે બહારમાં તીવ્રપણે હિંસા–ચોરી–જૂઠું–પરિગ્રહ અને અબ્રહ્મચર્યના ભાવોમાં ડૂબી જવાનું તેને સંભવે નહિ; જ્યાં–જ્યાં કષાયવાળું વાતાવરણ જણાય ત્યાંથી તેનું ચિત્ત ઝડપભેર દૂર ભાગે. અહા, જ્યાં અંતરમાં લક્ષ ફરવાનું ટાણું આવ્યું, જ્યાં ચૈતન્યની મહાઅતીન્દ્રિય શાંતિના ધોધ ઊછળવાની તૈયારી થઈ ત્યાં કષાયના પ્રસંગમાં તે જીવ કેમ ઊભો

રહે?—આમ બાહ્યમાં ઉદાસીનતા ને અંતરમાં ચૈતન્યની પ્રસન્નતા વર્તતી હોય. પોતાનો પુરુષાર્થ સ્વતરફ ઊપડી રહ્યો છે, એમ તેને દેખાય.

આ પ્રસંગે બહારની કોઈ પણ અડચણોથી તે જરાયે મૂંઝાતો નથી, તે તરફ તેનું લક્ષ જતું નથી, તેના લક્ષમાં તો ચૈતન્ય ભગવાન જ ઘોળાયા કરે છે.....પરિણતિ વેગપૂર્વક સ્વઘર તરફ આવી રહી છે; ને ઉપયોગની વધુ ને વધુ સૂક્ષ્મતા દ્વારા બધી સૂક્ષ્મ વિપરીતતાને પણ તોડતો જાય છે.

—આ રીતે જ્ઞાનસ્વભાવના મહિમાને ઘૂંટતાં-ઘૂંટતાં છેવટે, નિજપુરુષાર્થની પ્રચંડ તાકાત વડે એક ક્ષણે એ જિજ્ઞાસુ જીવની ચેતનામાં સ્વભાવ તરફની કોઈ અપૂર્વ ધારા ઉલ્લસતાં તેની જ્ઞાનપરિણતિ અંતર્મુખ થઈને અજ્ઞાનઅંધકારને ભેદતી, દર્શનમોહને તોડતી, નિર્વિકલ્પ મહાઆનંદપૂર્વક અતીન્દ્રિય સ્વસંવેદન વડે શાંતિના સમુદ્ર પોતાના ભગવાન આત્માને પ્રત્યક્ષ કરી લે છે. અહા, તે અવસરને ધન્ય છે. ત્યારે અપૂર્વ એવા સમ્યગ્દર્શનથી તેના સર્વપ્રદેશ આનંદરસમાં તરબોળ થઈ જાય છે. આત્મામાં આનંદ-આનંદની ધારા વહે છે; ને અપૂર્વ પ્રસન્નતાથી તેના રોમેરોમ પણ પુલકિત થઈ જાય છે. અહા! ચૈતન્યના અખંડ સુખનો નમૂનો ચાખવા મળ્યો. મુક્તિના દરવાજા ખુલી ગયા......એ ધન્ય પળની શી વાત!!

મહાભયંકર તોફાની સાગરમાં મધદરિયે ડૂબતા, ને મગરમચ્છથી પકડાયેલા મુસાફરને અનાયાસે તરવા માટેનો કોઈ આધાર પ્રાપ્ત થઈ જાય ને મહાપ્રયત્ને તે કિનારે આવી પહોંચતાં તેને જે અકલ્પ્ય આનંદ થાય, તેવો આનંદ આત્મામાં સમ્યક્ત્વ થતાં થઈ જાય. (ઉપમા માટે સ્થૂળ દૃષ્ટાંત છે, બાકી તો સમ્યક્ત્વના અતીન્દ્રિય મહાઆનંદને બહારની કોઈ ઉપમા લાગી શકતી નથી.) એકવાર આવા આનંદનો સ્વાદ ચાખ્યો પછી તેને જગત સાવ જુદું જુદું લાગે છે. પર્વત પર વીજળી પડતાં જેમ મોટી ઊંડી તીરાડ પડી જાય તેમ ભેદજ્ઞાનરૂપી વીજળી વડે જ્ઞાન અને રાગ વચ્ચે, સ્વ અને પર વચ્ચે મોટી તીરાડ પડતાં તેમની અત્યંત જુદાઈ સ્પષ્ટ ભાસે છે. હવે તેઓ કદી એકપણે ભાસતા નથી. અનાદિકાળના દુ:ખના દરિયામાંથી બહાર

નીકળી સાદિઅનંત સુખના મહાસમુદ્રમાં પ્રવેશ થઈ ગયો–એના પરમ આહ્‌લાદની શી વાત!! એની અધિકતા આશ્ચર્યકારી હોય છે. જગતની તમામ પ્રકારની દ્વિધાઓમાંથી નીકળવાનો માર્ગ તેને હાથ આવી ગયો. અહા!

“મન શાંત ભયો, મિટ સકલ દ્વંદ;
ચાખ્યો સ્વાતમ–રસ, દુઃખ નિકંદ.”

આવા સ્વાત્માનો આનંદરસ ચાખ્યો ત્યાં તમામ દ્વંદ–ફંદ વગેરે મટી ગયા, ને પરમ શાંતદશા થઈ. તેને હવે રાગ અને દ્વેષનો રસ છૂટી ગયો, મધ્યસ્થતા–વીતરાગતા પ્રિય લાગી. “મારા શાંતરસપૂર્ણ આત્મામાં જ હું છું, બીજે ક્યાંય હું નથી”–એમ હંમેશા રહ્યા કરે છે. લક્ષ તો બસ! આત્માનું.......આત્માનું.....ને આત્માનું! વચ્ચે ગમે તે પ્રસંગ આવે, ગમે તે યોગ બને, પરંતુ આત્મા સિવાય કાંઈ ઈષ્ટ ન લાગે, ક્યાંય મન ચોંટે જ નહિ. વેપારાદિ યોગ્ય ધંધા તેને સ્વ–પોષણ અર્થે કરવા પડે તેમાં પણ તે મધ્યસ્થતાપૂર્વક અને આત્માના લક્ષપૂર્વક જ વર્તતો હોય. જળકમળવત્ રહેવાનું તેનું સાહજિક જીવન હોય. અને તેવા સહજ જીવનને વધારે વેગ આપે તેવા ધર્મચર્ચા–તીર્થયાત્રા–સ્વાધ્યાય–જિનમહિમા વગેરે પ્રસંગોમાં તેને પ્રેમ હોય. તેના વિચાર–વાણી અને વર્તન હંમેશા તત્ત્વથી અવિરુદ્ધ રહ્યા કરતા હોય. જિનમાર્ગથી વિપરીત કોઈ માર્ગને પુષ્ટિ આપે નહીં. વળી બોલવું–ચાલવું વગેરે પ્રવૃત્તિમાં પણ તેને આત્મસ્વભાવની ને જૈનધર્મની મહત્તા નીતરતી હોય. સાધર્મી જ્ઞાનીને દેખતાં તેના હૃદયમાં આનંદ ઉલ્લસી આવે.

આવી અપૂર્વ સમ્યક્‌ત્વદશા પછી પણ વિશેષ આગળ વધવા માટે તેનું ચિત્ત હવે સંયમ તરફ ઢળતું જાય. બાહ્ય સુખ અને સગવડો તેને સુખનાં કિંચિત્ પણ કારણભૂત ન લાગવાથી સંયમિત જીવનની ભાવના તેના હૃદયમાં સદાય વર્તતી હોય છે. દેહાત્મબુદ્ધિ ટળી જવાથી તેને ઘણી આકુળતા ઓછી થયેલી જણાય.–આમ સમ્યગ્દર્શનના પ્રત્યક્ષ ફળને તે આત્મામાં નિરંતર અનુભવતો હોય; સમ્યગ્દર્શન વડે ભવાટવીમાંથી બહાર

**નીકળીને સિદ્ધાલયમાં પ્રસ્થાન કરવાનું મંગળમુહૂર્ત કરીને હવે તે સમ્યગ્દર્શનના આધારે–આધારે જીવનને ઉજ્જવળ કરતો–કરતો મુક્તિપુરીમાં ચાલ્યો જાય છે.**

[નોંધ : સમ્યગ્દર્શન જેને થયું હોય તે જ તેના દ્વારા થતા અનુભવનું વર્ણન યથાર્થ કરી શકે. અમારાથી તો વાંચેલું–સાંભળેલું કે તેવા જીવને જોવાથી થયેલા ભાવોનું જ વર્ણન શક્ય બને. આ લખતાં–લખતાં એવા સમ્યક્ત્વ સંબંધી ભાવોનું જે ખૂબ–ખૂબ ઘોલન થયું ને તેનો ઊંડો મહિમા જાગ્યો તે જ મહાન લાભ છે.]

એક વાર ગુરુદેવ 'આદિપુરાણ' વાંચતા હતા, ત્યારે રાત્રિચર્ચામાં વૈરાગ્યથી કહ્યું કે–અરે, આ શરીર ધારણ કરવું તે દુઃખ છે, ને શરીર રહિત મુક્તદશા તે સુખ છે. છતાં આશ્ચર્ય એ છે કે શરીરમાં પ્રવેશ કરતાં જીવોને ખેદ કે શરમ નથી થતી, પરંતુ શરીરથી છૂટતાં તેને ખેદ થાય છે! શરીરથી છૂટકારો એને નથી ગમતો ને શરીરના બંધનમાં રહેવું એને ગમે છે.–એ કેવું આશ્ચર્ય છે!

**શુદ્ધોપયોગી જીવ રે! કદી દેહ ધારણ નહીં કરે,**
**મમતા તજી દેહાદિની તે શીઘ્ર સિદ્ધપદને વરે.**

# આત્મસન્મુખ જીવની સમ્યક્ત્વ–સાધના

[૪]

[એક મુમુક્ષુ]

જૈનમાર્ગને ભૂલીને ભૌતિક પદાર્થોમાં સુખ માનનારા દુનિયાના જીવો ભોગસન્મુખ દોડી રહ્યા છે, અને તેમના મનમાંની જ્વાળાઓ ભભૂકી રહી છે; હવે તેમાંથી કોઈક વિરલ જીવ–કે જેને જ્ઞાની–ગુરુઓના પ્રતાપે આધ્યાત્મિક સુખની ભાવના જાગી છે, જેને અપૂર્વ આત્મશાંતિનો માર્ગ પ્રાપ્ત કરવો છે, આત્માને ઓળખીને તેની સાધના કરવી છે, એ રીતે દુઃખમય સંસારથી દૂર થઈને સમ્યગ્દર્શન વડે મુક્તિના મહાન સુખનો માર્ગ લેવો છે, તેવા આત્મસન્મુખ જીવની રહેણીકરણી અને વિચારધારા અનોખી હોય છે.

સમ્યક્ત્વની તૈયારીવાળો તે જીવ સમ્યક્ત્વની પૂર્વભૂમિકામાં પ્રથમ તો પોતાના જ્ઞાનસ્વભાવનો મહિમા લક્ષમાં લ્યે છે; તેને તે સ્વભાવ તરફ ઢળતા વિચારો હોય છે. કોઈ અમુક જ પ્રકારનો વિચાર કે વિકલ્પ હોય એવો નિયમ નથી, પણ સમુચ્ચયપણે વિકલ્પનો રસ તૂટીને ચૈતન્યનો રસ ઘૂંટાય–એટલે તેની પરિણતિ સ્વભાવ તરફ ઉલ્લસતી જાય એવા જ પરિણામ હોય. કોઈને હું જ્ઞાયક છું એવા વિચાર હોય, કોઈને સિદ્ધ જેવું આત્મસ્વરૂપ છે એવા વિચાર હોય, કોઈને આત્માની અનંત શક્તિના વિચાર હોય–એમ કોઈ પણ પડખેથી જીવને પોતાના સ્વભાવ તરફ ઝૂકવાના વિચાર હોય છે. પછી જ્યારે અંતરની કોઈ અદ્‌ભુત ઉગ્ર ધારાથી સ્વભાવ તરફ ઊપડે છે ત્યારે વિકલ્પો શાંત થવા માંડે છે, ને ચૈતન્યરસ ઘૂંટાતો જાય છે. તે વખતે વિશુદ્ધતાના અતિ સૂક્ષ્મ પરિણામોની ધારા વહે છે, જીવના પરિણામ સ્વરૂપના ચિંતનમાં વધુ ને વધુ મગ્ન થતા જાય છે. પહેલાં આત્માના સ્વભાવને લગતા અનેક પ્રકારના વિચાર હોય, તેના વડે સ્વભાવ–મહિમાને પુષ્ટ કરતો જાય છે; પણ તે વખતે સ્વભાવને પકડવા

માટે જ્ઞાનની મહત્તા છે; તે જ્ઞાન વિકલ્પથી આઘું ખસીને સ્વભાવ તરફ ઢળે છે ત્યારે તેને પોતાના સાચા સ્વરૂપની મહત્તા સમજાય છે, અને પોતે કેવો છે–તેનું ભાન થાય છે. તે એમ જાણે છે કે—

હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન–દર્શનમય ખરે,
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે!
શુદ્ધાતમ હૈ મેરા નામ, માત્ર જાનના મેરા કામ;
મુક્તિપુરી હૈ મેરા ધામ, મિલતા જહાં પૂર્ણ વિશ્રામ.

હું શુદ્ધ એક છું; રાગાદિ ભાવોથી અત્યંત જુદી મારી ચેતના છે. અગ્નિનો કણ ભલે નાનો હોય પણ તે કાંઈ બરફની જાતનો તો ન જ કહેવાય ને? તેમ કષાય–અંશ પણ ભલે શુભ હોય પણ તે કાંઈ અકષાય–શાંતિની જાત તો ન જ કહેવાય ને? એમ તે જીવ વિકલ્પ અને જ્ઞાનની જાતને તદ્દન જુદી સમજે છે. રાગ એ પોતે દુઃખ છે તેથી તેમાં એકત્વબુદ્ધિ કરવી તે દુઃખનું મૂળ છે. આત્મસન્મુખ થવા ઈચ્છતો જીવ તેનાથી અલિપ્ત રહેવા પ્રયત્ન કરે છે. તે વિચારે છે કે હું કોણ છું? ક્યાંથી થયો છું? મારું ખરૂં સ્વરૂપ શું છે? ક્યા કારણે મારે આ સંસારની પળોજણ છે હું તેને કઈ રીતે તજું? તે જાણે છે કે પરપદાર્થ પ્રત્યેના મોહને લીધે જ હું મારા આત્મસ્વરૂપને ભૂલ્યો છું; તેથી સૌથી પહેલાં આત્માને ઓળખીને મોહને છોડું. એમ વિચારી એકાંતમાં બેસી શાંતચિત્તે આત્મસ્વરૂપનું ચિંતન કરે છે, અંદર તેને જોવાનો (ઓળખવાનો) પ્રયત્ન કરે છે. તરત થોડા દિવસોમાં જ તેને ન દેખાય (ઓળખાય) તોપણ આળસ કર્યા વગર, રુચિ ને ધૂન છોડ્યા વગર, તે દૃઢ પ્રયત્ન ચાલુ જ રાખે છે.

પુણ્યમય ભાવોથી જીવને સ્વર્ગાદિની પ્રાપ્તિ થાય છે, અને પાપમય ભાવોથી નરકાદિ ગતિની પ્રાપ્તિ થાય છે. સંસારની ચારે ગતિથી છૂટવા માટે તે મુમુક્ષુ પુણ્ય–પાપ બંનેથી રહિત એવા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરે છે. તે જાણે છે કે વિકલ્પથી નિર્ણય તે સાચો નિર્ણય નથી; જ્ઞાનમાં વસ્તુ-સ્વભાવનો સ્વીકાર આવીને જે નિર્ણય થાય તે જ સાચો નિર્ણય છે. તે નિર્ણય ક્યારે થાય?–કે જ્ઞાનપર્યાય રાગથી જુદી થઈને (રાગરૂપ પરિણમન

ને જ્ઞાનરૂપ સમ્યક્ પરિણમનથી ભિન્ન જાતિનું છે એમ ભેદ પાડીને) અંતર્મુખ થઈને પોતાના સ્વભાવને અખંડસ્વરૂપે લક્ષમાં લ્યે ત્યારે જ આત્મસ્વરૂપનો સાચો નિર્ણય થાય છે, અને આવા નિર્ણયપૂર્વક જ્ઞાનનો ઝુકાવ શુદ્ધાત્મા તરફ વળે છે. આ રીતે આત્મસન્મુખ થવાથી જ સિદ્ધિનો માર્ગ ખૂલે છે. સિદ્ધપદની આરાધના આત્માની અંદર જ થાય છે.

આત્મા પોતે જ્ઞાન–દર્શન સુખસ્વભાવી મહાન પદાર્થ છે, તેમાં કોઈ કલેશ નથી. અહા, નીરાલંબી આત્મવસ્તુ! એને સાધનારા સંતોની દશા પણ અંતરમાં ઘણી નીરાલંબી હોય છે. તેઓ કહે છે કે હે જીવ! તારે પરમેશ્વરને જોવા હોય ને પરમેશ્વર થવું હોય તો પરમેશ્વરની શોધ અંતરમાં જ કર. પરમેશ્વરપણું આત્મામાં જ છે. આ રીતે મુમુક્ષુજીવ અંતર્શોધમાં વર્તે છે.

જીવાદિ પદાર્થોના સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા કરનારું સમ્યગ્દર્શન તે ધર્મનું મૂળ છે. તે પ્રાપ્ત થતાં જગતમાં એવું કોઈ જ સુખ નથી કે જે જીવને પ્રાપ્ત ન થાય; એટલે સમ્યગ્દર્શનને જ સર્વસુખનું મૂળ કારણ જાણીને તેને સેવો. આ સંસારમાં તે જ પુરુષ શ્રેષ્ઠ છે, તે જ કૃતાર્થ છે અને તે જ પંડિત છે કે જેના હૃદયમાં નિર્દોષ સમ્યગ્દર્શન પ્રકાશે છે. સમ્યગ્દર્શન જ સિદ્ધિપ્રસાદનું પ્રથમ સોપાન છે, મોક્ષમહેલનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન છે; તે જ દુર્ગતિનાં દ્વારને રોકનાર મજબૂત કમાડ છે, તે જ ધર્મના ઝાડનું સ્થિર મૂળિયું છે, તે જ મોક્ષપુરીનું પ્રવેશદ્વાર છે, અને તે જ શીલરૂપી હારની વચમાં લાગેલું શ્રેષ્ઠ રત્ન છે; સંસારની મોટી વેલને તે મૂળમાંથી ઊખેડી નાંખે છે. આવો સમ્યક્ત્વનો મહિમા આત્મસન્મુખ જીવ જાણે છે તેથી તેને માટે તે અત્યંત પુરુષાર્થ કરે છે. સમ્યગ્દર્શન થતાં અનંત સંસારનો અંત આવી જાય છે ને અનંત મોક્ષસુખનો પ્રારંભ થાય છે. જેમ શરીરના સર્વે અંગોમાં મસ્તક પ્રધાન છે અને મુખમાં નેત્ર મુખ્ય છે તેમ મોક્ષને પ્રાપ્ત કરવા માટે સર્વ ધર્મોમાં સમ્યગ્દર્શન જ મુખ્ય છે.

ધર્મીજીવ ચૈતન્યના સ્વાદના બળે રાગાદિ સમસ્ત પરભાવોને જુદા જાણે છે; અનાદિથી રાગમાં જે કદી નહોતું આવ્યું એવું નવીન વેદન ધર્મીને

ચૈતન્યસ્વાદમાં આવે છે. તેને આત્માની અનુભૂતિમાં અતીન્દ્રિય ચૈતન્યરસનો જે અત્યંત મધુર સ્વાદ આવ્યો તેમાં અનંત ગુણનો રસ સમાઈ જાય છે. આવા વેદનપૂર્વક પર્યાયમાં જે ચૈતન્યધારા પ્રગટે છે તેમાં રાગાદિ અન્ય ભાવોનો અભાવ છે. એટલે રાગનો અને જ્ઞાનનો સ્વાદ અત્યંત સ્પષ્ટ જુદો જણાય છે. રાગ વગરનો એ ચૈતન્યસ્વાદ અત્યંત મધુર અને જગતના બીજા બધા રસોથી જુદી જાતનો છે. આનંદપર્યાયસહિતના દ્રવ્યમાં વ્યાપેલો આત્મા તે હું છું—એમ ધર્મીજીવ અનુભવે છે. વિકલ્પો બધા તે અનુભૂતિથી જુદા રહી જાય છે, તે વિકલ્પો વડે આત્મા પમાતો નથી. આત્મસન્મુખ જીવ ચેતનસ્વાદના અનુભવમાં રાગને ભેળવતો નથી, તે આત્માને સ્વરસમાં જ રાખે છે, અને પર્યાય પણ તેવી જ થઈને પરિણમી રહે છે. મોહ જરાપણ સારો નથી, હું તો દ્રવ્યમાં તેમ જ પર્યાયમાં સર્વત્ર એક ચૈતન્યરસથી ભરેલો છું; સર્વપ્રદેશે શુદ્ધ ચૈતન્યપ્રકાશનો નિધાન છું –એમ તે અનુભવે છે.

—આવા ચૈતન્યસ્વભાવને સ્વીકારનારાં શ્રદ્ધા–જ્ઞાન તે રાગાદિ પરભાવોથી જુદાં ને જુદાં જ રહે છે અને તે અંદરના આનંદ અને અનંતગુણની નિર્મળ પરિણતિ સાથે એકરસપણે પરિણમે છે. અનંતગુણના સ્વાદથી એકરસ ભરેલો ચૈતન્યરસ ધર્મીને અનુભવમાં સ્વાદમાં આવે છે. સ્ત્રી–પુત્ર, માન–અપમાન વગેરે સંબંધી અનેક પ્રકારનાં દુઃખોથી અને રાગ –દ્વેષથી છૂટવા માટે આવા આત્માની ભાવના જ એક અપૂર્વ ઔષધ છે.

દુઃખથી છૂટવા ને સુખ પામવા આત્મસ્વભાવની આરાધના એ મુમુક્ષુજીવનું ધ્યેય છે. તે ધ્યેયની સફળતા માટે આરાધક–ધર્માત્માઓનો સત્સમાગમ કરીને તે પોતાની આત્માર્થિતાને પુષ્ટ કરે છે. એવા આરાધક જીવોનો સત્સમાગમ પ્રાપ્ત થવો બહુ દુર્લભ છે કેમ કે જગતના જીવોમાં આરાધક જીવો અનંતમા ભાગના જ છે;–આમ છતાં, આત્માને સાધવા માટે જાગેલા મુમુક્ષુને કોઈને કોઈ પ્રકારે તેનો માર્ગ બતાવનારા જ્ઞાની મળી જાય છે. રાગાદિથી ભિન્ન જ્ઞાનચેતનારૂપે પરિણમેલા જ્ઞાનીને ઓળખીને તે તેનો સમાગમ કરે છે, ને તે જ્ઞાનીના જ્ઞાનભાવોની ઓળખાણ થતાં તે

આત્માર્થીજીવનાં પરિણામ આત્મસ્વભાવ તરફ ઝૂકે છે. તેની આત્માર્થિતા પુષ્ટ થાય છે ને રાગનો રસ તૂટતો જાય છે. એમ થતાં કદી નહિ અનુભવાયેલી એવી અપૂર્વ આત્મશાંતિના ભાવો તેને પોતામાં જાગે છે. જ્ઞાનીના સાચા સમાગમનું આવું ફળ જરૂર આવે જ છે.

આત્માર્થી જીવને મોંઘા સત્સમાગમની પ્રાપ્તિનો અને આત્માર્થની પુષ્ટિ કરીને શાંતિના વેદનનો આ સોનેરી અવસર છે. તેને એમ થાય છે કે હવે મારું કામ એક જ છે કે-બધામાંથી રસ છોડીને, સમયે સમયે સ્વની સંભાળ કરીને, બધા પ્રકારથી આત્મવસ્તુનો મહિમા ઘૂંટીઘૂંટીને રાગથી જુદા ચૈતન્યભાવનું અંતરવેદન કરવું. તે વિચારે છે કે હવે હું મારા પ્રયત્નમાં ઊંડો ઊતરીશ; મારો આત્મા જ આનંદનો મહાસાગર છે તેમાં ડૂબકી મારીને તેના એક ટીપાંનો સ્વાદ લેતાં પણ રાગાદિ સમસ્ત પરભાવોનો સ્વાદ છૂટીને ચૈતન્યના આનંદનો કોઈ અપૂર્વ સ્વાદ વેદાય છે, તો આખા આનંદના દરિયાની શી વાત! કોઈ ધગધગતા તાપમાંથી શીતળ પાણીના સરોવરમાં ડૂબકી મારે અને તેને ઠંડક અનુભવાય, તેમ આ સંસારમાં અનાદિથી અજ્ઞાન અને કષાયના તાપમાં બળતો અજ્ઞાની જીવ ચૈતન્યતત્ત્વનું ભાન કરીને શાંત સરોવરમાં ડૂબકી મારે છે, ત્યાં તેને અપૂર્વ શાંતિ અનુભવાય છે.

ધર્મીજીવ ગમે તેવા અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો વચ્ચે પણ પોતાના ચૈતન્યતત્ત્વની શાંતિને ચુકતા નથી. જેમ સોનું અગ્નિમાં તપે છતાં સોનું જ રહે છે, તેમ સંયોગ અને રાગ-દ્વેષ વચ્ચે પણ ધર્માત્માનું જ્ઞાન તે જ્ઞાન જ રહે છે. રાગથી જુદા જ્ઞાનતત્ત્વની અનુભૂતિ ધર્મીને સદાય વર્તે છે, અને તે જ મોક્ષનું સાધન છે. તે ધર્મીજીવને ચૈતન્યના આનંદની એવી ખૂમારી હોય છે કે, દુનિયા કેમ રાજી થશે ને દુનિયા મારે માટે શું બોલશે-તે જોવા રોકાતા નથી; લોકલાજને છોડીને એ તો પોતાની ચૈતન્યસાધનામાં મશગૂલ છે.

જેમ આકાશની વચ્ચે અદ્ધર અમૃતનો કૂવો હોય તેમ મારું ચૈતન્યગગન નિરાલંબી ને આનંદના અમૃતથી ભરેલું છે; તે આનંદનો સ્વાદ

લેવામાં વચ્ચે રાગાદિના આલંબનની જરૂર રહેતી નથી. પોતાના કાર્ય માટે બીજાનું આલંબન માંગવું તે તો કાયરનું કામ છે; મોક્ષના સાધકો શૂરવીર હોય છે, કોઈના આલંબન વગર પોતાના સ્વાવલંબને જ તેઓ પોતાના મોક્ષકાર્યને સાધે છે.

જેને આત્માની લગન લાગી છે એવા જીવને આત્માની અનુભૂતિ સિવાય બીજા કોઈ પરભાવોમાં કે સંયોગોમાં ક્યાંય ચેન પડતું નથી. તેને પોતાના ચૈતન્યની જ ધૂન લાગેલી હોય છે. દુનિયા મારે માટે શું માનશે ને શું કહેશે— એ જોવા તે રોકાતો નથી; તે કહે છે કે દુનિયા દુનિયાને ઘેર રહી, મારે તો દુનિયાને એકકોર મૂકીને મારું આત્મહિત કરી લેવાનું છે.–આ રીતે આત્મસન્મુખ જીવને દુનિયાનો રસ છૂટી જાય છે ને ચૈતન્યનો સ્વાદ લેવામાં ઉપયોગ વળે છે. તેને જ્ઞાન અને વિકલ્પની ભિન્નતા ભાસે છે કે વિકલ્પનો એક અંશ પણ મારા જ્ઞાનનું કાર્ય નથી. વિકલ્પના સ્વાદ કરતાં મારા જ્ઞાનની જાત જ જુદી છે. રાગનો એક અંશ પણ જ્ઞાનપણે ભાસતો નથી. આવા નિર્ણયના જોરે એકવાર જેને આત્માનો રંગ ચડી જાય તે જીવ રાગથી છૂટો પડીને જ્ઞાનસ્વભાવનો સાક્ષાત્ અનુભવ કરે છે. વિકલ્પોથી અત્યંત રિક્ત થઈને જ્ઞાનસ્વભાવમાં તન્મયપણે પરિણમ્યો તે જીવ પોતાને પરમાત્માપણે અનુભવે છે; અને આવો અનુભવ કરનાર જીવ અલ્પકાળમાં સાક્ષાત્ પરમાત્મદશાને પામે છે. આત્મઅનુભૂતિ થવાના કાળે આત્મા પોતાના નિજરસથી જ અનંતગુણના શાંત–અનાકુળ સ્વાદરૂપે પરિણમે છે; તેમાં વિકલ્પનો સ્વાદ નથી, એકલા ચૈતન્યરસનો સ્વાદ છે.

આવા આત્મસન્મુખ જીવની રહેણીકરણી જુદી જાતની હોય છે. દુનિયાની વચ્ચે રહેતો હોવા છતાં દુનિયાથી જુદું તેનું અંતર કામ કરતું હોય છે. દુનિયાના વિષયોનો રસ છૂટીને તેને તો માત્ર આત્માની ધૂન લાગે છે. કષાયના પ્રસંગો તેને ગમતા નથી; દુનિયાની પંચાત તે પોતાને માથે રાખતો નથી. પોતાના મહાન આત્મતત્ત્વને લક્ષમાં લેવા સિવાય બીજા કોઈ કાર્યોમાં આત્માની શક્તિ ખરચવાનું તેને પાલવતું નથી, એટલે સર્વ શક્તિથી પોતાના

પરિણામને તે આત્મા તરફ જ વાળતો જાય છે. અરે, અનંતકાળથી મારું કિંમતી સ્વરૂપ સમજ્યા વગર મેં મારા આત્માનું બગાડ્યું છે, પણ હવે આ ભવમાં તો મારે મારા આત્માનું સુધારી લેવું છે. અપૂર્વ સત્સમાગમ મળ્યો છે તે મારે સફળ કરવો છે. હવે ભવદુઃખનો મને થાક લાગ્યો છે. જગતની મોટાઈ મારે જોઈતી નથી. મારે તો મારા આત્માની શાંતિ જોઈએ છે–એમ વિચારીને તે અંતર્મુખ થાય છે. એક આત્માર્થ સાધવો એ જ એનું લક્ષ છે.

હાલ વર્તમાનકાળમાં પણ આવા આત્મસન્મુખ જીવો દેખવામાં આવે છે. તેઓનો પુરુષાર્થ ચાલુ છે અને તેઓ પણ આત્મઅનુભવ પ્રાપ્ત કરશે. આવા આત્મ–સન્મુખ જીવો બીજા જિજ્ઞાસુને પણ આત્માનો અપાર મહિમા સમજાવીને સાચો માર્ગ બતાવે છે, ને કુમાર્ગોથી છોડાવે છે. અરેરે, અત્યારે તો દુનિયામાં કુગુરુઓ અનેક જાતની કુયુક્તિથી ભોળા જીવોને કુમાર્ગમાં ફસાવે છે. દુનિયા તો સદાય એમ ચાલવાની છે; પણ હે જિજ્ઞાસુ બંધુઓ! તમે આવો મજાનો જૈનધર્મ અને વીતરાગમાર્ગ પામ્યા, આત્મસ્વરૂપ સમજાવનારા સંતોનો તમને યોગ મળ્યો, તો હવે કુગુરુઓ સામે કે અન્યમત સામે ભૂલેચૂકે ઝાંખીને પણ જોશો મા,–કેમ કે તેમાં આત્માનું ઘણું જ બૂરું થાય છે. આવા સરસ વીતરાગ–જૈનમાર્ગને જ પરમ બહુમાનથી આદરજો, તે જ એક આ જગતમાં પરમ હિતકર છે. હે ભાઈ! આ અવસર પામીને તું જાગ. હવે ઊંઘવાનો સમય પૂરો થયો....માટે જાગૃત થઈ, આત્માને સંભાળી, ભવદુઃખથી છૂટવાનો ને મોક્ષસુખને પામવાનો ઉદ્યમ કર. સમ્યક્ત્વ–પ્રાપ્તિનો આ સોનેરી અવસર છે.

## સમ્યગ્દર્શન પછી—

શ્રીગુરુના ઉપદેશથી જે જીવ જાગ્યો, આત્માનું સ્વરૂપ સંભાળીને સ્વસન્મુખ થયો ને સમ્યગ્દર્શન પામ્યો, તે જીવનું આખું જીવન પલટી જાય છે. જેમ અગ્નિમાંથી બરફ બની જાય તેમ તેનું જીવન અશાંતિમાંથી છૂટીને પરમ શાંત બની જાય છે. અલબત્ત, બહારના જીવો એ દેખી નથી શકતા

પણ એની અંદરની આત્મતૃપ્તિ, એનો ચૈતન્યપ્રાપ્તિનો પરમ સંતોષ, અને સતત ચાલી રહેલી મોક્ષસાધના–એને તો એ પોતે પોતાના સ્વસંવેદનથી સદાય જાણે છે. તેનો આખો આત્મા ઉલટ–સુલટ થઈ જાય છે. અહા! એ અદ્‌ભુત દશાને વાણીથી વર્ણવવાનું મુશ્કેલ છે.

મુમુક્ષુ લોકોનું સદ્‌ભાગ્ય છે કે અત્યારે આવા કળિયુગમાં પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો પંથ બતાવનારા, ભાવિતીર્થંકર સંત મળ્યા છે, –જેમણે અજ્ઞાન અંધકારમાં ભટકતા જીવોને જ્ઞાનનો પ્રકાશ આપ્યો છે; માર્ગ ભૂલેલા જીવોને સત્ય રાહ બતાવ્યો છે; દુનિયામાં ચાલતા કુદેવ–કુગુરુ સંબંધી અનેક ભ્રમણા અને કુરીવાજોમાંથી અંધશ્રદ્ધા છોડાવી છે, ને સીધી સડક જેવો સત્ય માર્ગ નિઃશંકપણે બતાવ્યો છે. તેમના પ્રતાપે આત્મહિતના સાચા માર્ગને ઓળખીને અનેક જીવો આત્મસન્મુખ થયા છે, તો કોઈ કોઈ જીવો એવા પણ છે કે જેમણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે.

સમ્યગ્દર્શન થયા પછી આત્મસન્મુખ જીવની અંતર્‌દશા તથા વિચારધારા પહેલાં કરતાં તદ્દન જુદી જાતની હોય છે. તે પોતાને રાગથી ભિન્ન ચૈતન્યની અનુભૂતિસ્વરૂપ માને છે. તે જાણે છે કે મારું ચૈતન્યસ્વરૂપ જ જગતમાં સૌથી શ્રેષ્ઠ છે. આત્મા દેહથી ભિન્ન એક મહાન ચૈતન્યતત્ત્વ છે; આત્માનું સ્વરૂપ ઈંદ્રિયોથી કે રાગથી માપી શકાય તેવું નથી. આત્મા શુદ્ધ–બુદ્ધ–નિર્વિકલ્પ–ઉદાસીન–જ્ઞાનઆનંદસ્વરૂપ છે. શુભાશુભરાગનું સેવન હું અનાદિથી કરતો હતો પણ તે–રૂપે મારો આત્મા થઈ ગયો નથી. મારો આત્મા તો સુખનો ભંડાર ચૈતન્યરાજા છે; તેને ઓળખીને તથા તેની શ્રદ્ધા કરીને, હવે તેની જ સેવાથી મારા આત્માને મોક્ષની સિદ્ધિ થશે.

સમ્યગ્દર્શન થતાં સુખના ભંડાર ખુલી જાય છે. સમ્યગ્દર્શન સાથેનું સ્વસંવેદનજ્ઞાન અતીન્દ્રિય હોય છે; તેથી તે જ્ઞાનમાં પરમ સૂક્ષ્મતા આવી જાય છે; ચૈતન્યના ગંભીર ભાવોને તે પકડી લ્યે છે. નયપક્ષના વિકલ્પો પણ તેને અત્યંત સ્થૂળ લાગે છે; તેને વિકલ્પાતીત અતીન્દ્રિય આનંદ હોય છે. તે જ્ઞાનને ઈન્દ્રિયોથી ભિન્ન જાણે છે અને નિજરસમાં રમતો હોય છે. આત્માની તેને ખરેખરી પ્રીતિ લાગી હોય છે.—

'આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને
આનાથી બન તું તૃપ્ત તુજને સુખ અહો! ઉત્તમ થશે.'

–કુંદકુંદસ્વામીએ આ ગાથામાં કહ્યા મુજબની તેની દશા થઈ ગઈ હોય છે. સમ્યક્‌ત્વરૂપે પરિણમેલો તે આત્મા આખા જગત ઉપર તરતો છે. કોઈ પરભાવોથી કે સંયોગથી તેનું જ્ઞાન દબાતું નથી પણ તે છૂટું ને છૂટું જ્ઞાનપણે જ રહે છે, તેથી તે તરતો છે. પર્વત ઉપર વીજળી પડે ને બે કટકા થાય તે ફરી સંધાય નહીં તેમ ભેદજ્ઞાન વડે સ્વાનુભૂતિરૂપી વીજળી પડતાં જ્ઞાન અને રાગની ભિન્નતા થઈને બે કટકા જુદા થયા, તે હવે કદી એક થાય નહીં. ભેદજ્ઞાન પછીના વિકલ્પોથી તેનું જ્ઞાન જુદું જ રહે છે; તેનું જ્ઞાન કદી રાગ સાથે એક થઈને પરિણમે નહીં. જ્ઞાનીનું જ્ઞાન સદાય વિકલ્પોથી જુદું છે. આવા જ્ઞાનસ્વરૂપ આત્માની અનુભૂતિ સાતમી નરકના પ્રતિકૂળ સંયોગો વચ્ચે પણ જીવ કરી શકે છે. સંયોગનું લક્ષ છોડીને જ્ઞાનની દશાને અંતરમાં આનંદના દરિયામાં વાળી દીધી ત્યાં સંયોગ સંયોગમાં રહ્યા, ને આત્મા પોતાના આનંદસ્વરૂપમાં આવ્યો.

ચૈતન્યના અનુભવમાં જ્ઞાનની કોઈ અદ્‌ભુત ધીરજ અને ગંભીરતા હોય છે; ચૈતન્યદરિયો અંદરથી પોતે જ પર્યાયમાં ઉલ્લસે છે. ત્યાં કોઈ વિકલ્પો રહેતા નથી. અંતરના ઊંડાણમાંથી તેને પોતાના ચૈતન્યતત્ત્વનો અપરંપાર મહિમા હોય છે. અહા! આત્મા અનંતા ગંભીર ભાવોથી ભરેલો છે. સમ્યગ્દર્શનરૂપ થયેલા આત્માની અંદરની સ્થિતિ ખૂબ જ ગંભીર હોય છે. હું જ્ઞાયકભાવથી ભરેલો, પરમ આનંદથી પૂરો અને ઈન્દ્રિયોથી પાર એવો મહાન પદાર્થ છું. ચૈતન્યતત્ત્વથી ઊંચી કે સુંદર વસ્તુ બીજી જગતમાં કોઈ નથી. આત્માનું વીતરાગી સામર્થ્ય અચિંત્ય છે; એના ગુણોની વિશાળતા અનંત છે; તે પરમ શાંતરસની ગંભીરતાથી ભરેલો છે. સમ્યગ્દર્શન થયા પછી તે જીવ પોતાને સદાય આવો જ દેખે છે. મતિ–શ્રુતજ્ઞાનને અંતર્મુખ કરીને અંતરમાં આનંદના નાથનો તેને ભેટો થયો છે. જ્ઞાન સીધું ચૈતન્યસ્વભાવને સ્પર્શીને તેમાં એકત્વરૂપ પરિણમ્યું ત્યાં નયપક્ષના બધા વિકલ્પોથી તે છૂટું પડી ગયું; અને નિર્વિકલ્પ સ્વાનુભવના

આનંદથી તે આત્મા સ્વયમેવ શોભી ઊઠ્યો. જેમ તીર્થંકરદેવનું શરીર આભૂષણ વગર જ સ્વયમેવ શોભે છે તેમ ચૈતન્યતત્ત્વ પોતે સ્વભાવથી જ, વિકલ્પ વગર જ, જ્ઞાન–આનંદ વડે સ્વયમેવ શોભે છે; એની શોભા માટે કોઈ વિકલ્પનાં આભૂષણની જરૂર નથી. વિકલ્પના લક્ષણ વડે ભગવાન આત્મા લક્ષિત થતો નથી, વિકલ્પથી ભિન્ન થયેલું જે જ્ઞાન તે જ્ઞાનના આભૂષણ વડે આત્મા શોભે છે, તે જ્ઞાનલક્ષણ વડે આત્મા લક્ષિત થાય છે. આવી આત્મવિદ્યા તે સાચી વિદ્યા છે, તે મોક્ષ દેનારી છે.

અહા, સમ્યગ્દર્શન થતાં આત્મા ભગવાન થઈ ગયો, અનંતા ગુણો તેનામાં ખીલી ઊઠ્યા. સમ્યગ્દર્શન થતાં આત્મા સ્વસંવેદનજ્ઞાનમાં પ્રત્યક્ષ વેદાય છે.......વિકલ્પનું તરણું ખસી જતાં આનંદનો મોટો પહાડ દેખાય છે, અને તેને એવું વેદન થાય છે કે વાહ રે વાહ! મેં મારા ચૈતન્યભગવાનને, મારા આનંદના દરિયાને દેખી લીધો. વિકલ્પ વગર આત્મા સ્વયં આસ્વાદમાં આવે છે; આત્માના આનંદનો સ્વાદ લેવા માટે વચ્ચે વિકલ્પની જરૂર પડે તેવો આત્મા નથી. તેથી આવા આત્માની દૃષ્ટિવાળો ધર્મી જીવ તે વિકલ્પને કરતો નથી, તે વિકલ્પથી છૂટો ને છૂટો જ્ઞાનભાવરૂપે રહે છે; એટલે તે જ્ઞાતા છે પણ વિકલ્પનો કર્તા નથી.–આમ જ્ઞાન અને વિકલ્પ વચ્ચે કર્તા–કર્મપણું છૂટી ગયું છે. હવે જ્ઞાન પોતાના સ્વરસમાં જ મગ્ન રહેતું થકું, વિકલ્પોના માર્ગેથી દૂરથી જ પાછું વળી ગયું છે. વિકલ્પના કાળે જ્ઞાન તો જ્ઞાનરસપણે જ રહે છે, તે વિકલ્પરૂપ જરાપણ થતું નથી. જ્ઞાનને જ્ઞાનરસમાં આવવું એ તો સહજ છે, વિકલ્પનો બોજો એમાં નથી. આવા જ્ઞાનરસમાં આનંદ છે, શાંતિ છે. જેમ પાણીને ઢાળ મળતાં તે સહજપણે ઝડપથી તેમાં વળી જાય છે, તેમ આત્માની ચૈતન્યપરિણતિને ભેદજ્ઞાનરૂપી અંતરમાં જવાનો ઢાળ મળ્યો ત્યાં વિકલ્પના વનમાં ભટકવાનું મટી ગયું ને સહજપણે અંતરમાં વળીને તે પોતાના આનંદ સમુદ્રમાં મગ્ન થયું. ત્યાં તે આત્માની ચેતનામાંથી રણકાર ઊઠે છે કે—

થઈ રસિક હું મારા ચૈતન્ય નાથની રે,
રાગનો રસ હવે હું નહીં કરું રે.......

લગની લાગી મારા ચૈતન્યદેવની સાથ,
હવે રાગનાં મીંઢળ નહીં બાંધું રે......

અંતરના ચૈતન્યમાં વળેલું જ્ઞાન તો મહા ગંભીર છે. સમ્યગ્દર્શન થયા પછી જીવ પોતાના આનંદરસના એક અંશનેય વિકલ્પમાં જવા દેતો નથી. ચૈતન્યરસ તો પરમ શાંત, તેને રાગના આકુળરસ સાથે મેળ ખાય નહીં. હિમના ઢગલા જેવા ચૈતન્યરસમાં વિકલ્પોની ભઠ્ઠી હોય નહીં.— પોતામાં ચૈતન્યની આવી શાંતિનો સ્વાદ ચાખ્યો, પછી દુનિયા શું બોલશે? નિંદા કરશે કે પ્રશંસા કરશે? તે જોવા જ્ઞાની રોકાતા નથી. તેને દુનિયા પાસેથી પ્રમાણપત્ર લેવું નથી; તેને પોતાના અનુભવજ્ઞાન વડે પોતાના આત્માનું પ્રમાણપત્ર મળી ગયું છે; પોતાના આત્મામાંથી શાંતિનું વેદન આવી ગયું છે, હવે બીજાને પૂછવાપણું રહ્યું નથી. તે નિઃશંક છે કે અંતરમાં ચૈતન્યના આનંદને દેખ્યો–અનુભવ્યો તે જ હું છું, મારી ચૈતન્યજાત રાગ સાથે મેળવાળી નથી. ચૈતન્ય સાથે તો અતીન્દ્રિય આનંદ ને વીતરાગતા શોભે, ચૈતન્યની સાથે રાગ ન શોભે. આવા આત્માની અનુભૂતિ સમ્યગ્દષ્ટિને હોય છે. અનુભૂતિના વિશેષ સ્વાદ વડે આત્માનું અદ્‌ભુત સ્વરૂપ તેણે સાક્ષાત્ કરી લીધું છે. અહા, આત્માની અનુભૂતિમાં સમકિતી જે અતીન્દ્રિય આનંદને અનુભવે છે તેના જેવો સ્વાદ જગતના કોઈ પદાર્થમાં કે રાગમાં ક્યાંય નથી. આવી અંતર્‌અનુભૂતિ વડે ધર્મી જીવ આત્માની સિદ્ધિને સાધે છે.

જુઓ, ભગવાન આત્માને સાધવાની આ અલૌકિક રીત! મહાવિદેહમાં સીમંધરતીર્થંકર બિરાજી રહ્યા છે, ત્યાં જઈને દિવ્યધ્વનિમાંથી આ ઊંચો માલ લાવીને ભગવાનના આડતિયા તરીકે કુંદકુંદસ્વામી ભવ્ય જીવોને આપે છે. માટે હે જીવો! તમે ભગવાનના આ સન્દેશને આનંદથી સ્વીકારીને જીવનમાં ઉતારો. અહો! ચૈતન્યતત્ત્વ તો આવું સરસ...રાગ વગર શોભી રહ્યું છે, તેને દેખીને સર્વપ્રકારે પ્રસન્ન થાઓ. અંદર ચૈતન્યપાતાળમાં શાંતરસનો આખો સમુદ્ર ભર્યો છે; તે એટલો મહાન છે કે તેને દેખતાં જ સર્વે વિકલ્પો તૂટી જાય છે, ને જ્ઞાનના અતીન્દ્રિય કિરણોથી ઝગમગતું આનંદપ્રભાત ખીલે છે.

અહા, જેને આવો મહાન આત્મા સાધવો છે તેને જગતની પ્રતિકૂળતા કેવી? આત્માર્થી જીવ સંયોગના આધારે હતાશ થઈને બેસી નથી રહેતો. તે જાણે છે કે, બહારમાં અનંતી પ્રતિકૂળતાના ગંજ હોય તોપણ, મારું આનંદનું ધામ મહાન ચૈતન્યતત્ત્વ છે, તે તો મને અનુકૂળ જ છે, તેમાં જરાય પ્રતિકૂળતા નથી. પોતાના આનંદધામમાં અંદર ઊતરીને તે ધર્મી મોક્ષના પરમ સુખને અનુભવે છે. ચૈતન્યને જાણીને સ્વઘરમાં આવ્યો ત્યાં તેના અનંતકાળના પરિભ્રમણના થાક ઊતરી ગયા.

સમ્યગ્દર્શન થયા પછી આત્મસન્મુખ જીવની રહેણી–કરણી બહારમાં કદાચ પહેલાં જેવી લાગે પણ અંદરમાં તો આકાશપાતાળ જેવો મોટો ફેર પડી ગયો છે. હવે તેને સંસારમાં કે રાગમાં રસ નથી; તેને પોતાના આત્મામાં જ રસ છે. તીવ્ર પાપપરિણામો હવે તેને આવતાં નથી; તેના આહારાદિ પણ યોગ્ય મર્યાદાવાળા હોય છે. વિષયાતીત ચૈતન્યની શાંતિ પાસે હવે તેને વિષય–કષાયોનું જોર તૂટી ગયું છે. ચૈતન્યપ્રાપ્તિના મહાન ઉલ્લાસથી તેનું જીવન ભરેલું હોય છે. વીતરાગવાણીરૂપી સમુદ્રના મંથનથી જેણે શુદ્ધ ચિદ્રૂપ–રત્ન પ્રાપ્ત કર્યું છે એવો તે સમ્યગ્દૃષ્ટિ જીવ ચૈતન્યપ્રાપ્તિના પરમ ઉલ્લાસથી કહે છે કે અહો, મને સર્વોત્કૃષ્ટ ચૈતન્યરત્ન મળ્યું. સર્વજ્ઞભગવાનની વાણીરૂપી શ્રુતસમુદ્રનું મંથન કરીને, કોઈપણ પ્રકારે વિધિથી મેં, પૂર્વે કદી નહીં પ્રાપ્ત કરેલું અને પરમ પ્રિય એવું શુદ્ધ ચૈતન્યરત્ન પ્રાપ્ત કરી લીધું છે. ચૈતન્યરત્નની પ્રાપ્તિથી મારી મતિ સ્વચ્છ થઈ ગઈ છે, તેથી મારા ચૈતન્ય સિવાય અન્ય કોઈ દ્રવ્ય મને મારું ભાસતું નથી. આ ચૈતન્યરત્નને જાણી લીધા પછી હવે મને જગતમાં મારા ચૈતન્યરત્નથી ઊંચો બીજો કોઈ એવો પદાર્થ નથી–કે જે મારે માટે રમ્ય હોય. જગતમાં ચૈતન્યથી શ્રેષ્ઠ બીજું કોઈ વાચ્ય નથી, બીજું કોઈ ધ્યેય નથી, બીજું કાંઈ શ્રવણ યોગ્ય નથી, બીજું કાંઈ પ્રાપ્ય નથી, બીજું કોઈ આદેય નથી. આવું સૌથી શ્રેષ્ઠ ચૈતન્યતત્ત્વ મેં પ્રાપ્ત કરી લીધું છે. વાહ, કેવું અદ્ભુત છે–મારું ચૈતન્યરત્ન!

અહો, મારું ચૈતન્યતત્ત્વ આવું સુંદર, પરમ આનંદથી ભરેલું, તેમાં

રાગની આકુળતા કેમ શોભે? સુંદર ચૈતન્યભાવને મલિન રાગ સાથે એકતા કેમ હોય? જેમ સજ્જનના મોઢા પર માંસના લપેટા શોભે નહિ તેમ સત્ એવા ચૈતન્ય ઉપર રાગના લપેટા શોભે નહિ; ચૈતન્યભાવમાં રાગનું કર્તૃત્વ હોય નહીં.—ધર્મી આવી ભિન્નતા જાણે છે તેથી પોતાના ચૈતન્યભાવમાં રાગના કોઈ અંશને તે ભેળવતો નથી. સુખ ચૈતન્યસ્વભાવમાં છે તેને જાણે—અનુભવે તો જ ચૈતન્યસુખનો સ્વાદ આવે ને ત્યારે જ રાગાદિનું કર્તૃત્વ છૂટે.—સમ્યગ્દ્રષ્ટિની દશા આવી હોય છે. જે રાગનો કર્તા થશે તે રાગ વગરના ચૈતન્યનો સ્વાદ લઈ શકશે નહિ અને રાગ વગરના ચૈતન્યનો સ્વાદ જેણે ચાખ્યો તે કદી રાગનો કર્તા થશે નહીં. એક સૂક્ષ્મ વિકલ્પના સ્વાદને પણ તે જ્ઞાનથી ભિન્ન જ જાણે છે; તેથી કહ્યું છે કે—

**કરે કરમ સોહી કરતારા, જો જાને સો જાનનહારા;**
**જાને સો કરતા નહીં હોઈ, કર્તા સો જાને નહીં કોઈ.**

—આવા સમકિતી–સંત જગતમાં સુખીયા છે.
તેમને નમસ્કાર હો.

સહજ ચિદાનંદ.

આ જીવને પોતાના શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિથી જે સંતોષ થાય છે, તેવો સંતોષ આ જગતમાં કલ્પવૃક્ષ–ચિંતામણિ–કામધેનુ–અમૃત કે ઈંદ્રપદ વગેરે કોઈ પણ પદાર્થની પ્રાપ્તિથી થતો નથી.

[૫]

# પરમાત્મસ્વરૂપના પડકાર કરતું સમ્યગ્દર્શન પ્રગટે છે

ધર્મી જીવ કોઈ સંયોગમાં આત્મસ્વરૂપને અન્યથા માને નહીં.

[એક મુમુક્ષુ]

સમ્યગ્દર્શન માટે આત્મસન્મુખ મુમુક્ષુ જીવના ભાવ વિશુદ્ધ થતા જાય છે; આત્મસ્વરૂપ સમજાવનારા સાચાં દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે તેને પ્રેમ જાગે છે, ધર્માત્માને દેખીને પ્રમોદ આવે છે. તેની વિચારધારા આત્માના સ્વભાવ તરફ ઢળે છે. પોતે પોતાના જ્ઞાયકસ્વભાવનો મહિમા લક્ષમાં લ્યે છે. પોતાના ચૈતન્યસ્વભાવી આત્માના અતીન્દ્રિય આનંદના વિચારોમાં ચિત્ત રમતાં તેને વિકલ્પોનો રસ ઓછો થતો જાય છે. હું જ્ઞાનસ્વભાવી છું, રાગ મારાથી જુદો છે—એમ ભિન્નસ્વરૂપે રાતદિવસ વિચારે છે, હું પરમાત્મા છું–એમ પોતાના સ્વભાવને પ્રતીતમાં લઈને તેનો અગાધ મહિમા ચિંતવે છે. આ રીતે જ્ઞાનના બળે પોતાના પરમાત્મસ્વરૂપની પ્રતીતના પડકાર કરતો જે આત્મા જાગ્યો તેને રાગની રુચિ રહે નહીં; હવે ક્યાંય અટક્યા વગર રાગથી જુદો થઈ, અંદર જઈ, પરમાત્મતત્ત્વની અનુભૂતિ કર્યે જ છૂટકો.

આ રીતે સર્વજ્ઞસમાન પોતાના પૂર્ણસ્વરૂપને સાધવા જે જીવ ઊપડ્યો તેની પ્રતીતના પડકાર છાના રહે નહીં. જેવી રીતે રણે ચડેલા શૂરવીરો કાયરતાની વાતો કરતા નથી, તેવી રીતે વીરના માર્ગે ચૈતન્યની પરમાત્મદશાને સાધવા માટે રણે ચડેલા મુમુક્ષુઓ રાગની રુચિમાં રોકાતા નથી; રાગ નહિ, અલ્પતા નહિ, હું પૂર્ણાનંદથી ભરેલો ભગવાન છું–એમ સત્સ્વભાવના રણકાર કરતો જે જાગ્યો તેની શૂરવીરતા છાની રહે નહીં.

'હું પરમાત્મા છું'–એમ સ્વસન્મુખ થઈને પોતાને જે અનુભવે તે જ બીજા પરમાત્માને સાચા સ્વરૂપે ઓળખી શકે છે. પોતામાં રાગ વગરનું પરમાત્મપણું દેખ્યા વગર બીજા પરમાત્માના સ્વરૂપની સાચી ઓળખાણ થઈ શકે નહિ. ધર્મી જીવ બધા વિકલ્પોથી જુદો પડી, સર્વે ગુણથી પૂરો પરમાત્મા હું છું–એમ ઉપયોગને અંતરમાં જોડીને આત્માને પરમાત્મસ્વરૂપે અનુભવે છે. 'હું રાગી–દ્વેષી' એવા સ્વરૂપે આત્માને ચિંતવતાં પરમાત્મપણું પ્રગટ થતું નથી; પણ હું રાગી–દ્વેષી નહિ, હું તો ચૈતન્યભાવથી પૂરો પરમાત્મા છું' એમ આત્માને પરમાત્મસ્વરૂપે ચિંતવતાં પરમાત્મપણું પ્રગટે છે. વીતરાગમાર્ગનો સાધક ધર્મી જીવ, લોકો મને શું કહેશે–તે જોવા રોકાતો નથી, લોકોમાં મોટા ગણાતા માણસો કે વિદ્વાનો બીજું કહે તેથી તે શંકામાં પડતો નથી, માત્ર શાસ્ત્રના વિકલ્પમાં અટકતો નથી, પણ શાસ્ત્રોએ બતાવેલું વિકલ્પોથી પાર પોતાનું ચૈતન્યતત્ત્વ તેને પ્રતીતમાં લઈને પોતાના અંતરમાં ચિંતવે છે.

હું સર્વજ્ઞસ્વભાવથી ભરપૂર ભગવાન છું–એવા અનુભવના જોરે વીરના પંથે મોક્ષમાર્ગ સાધવા નીકળ્યો તે સાધક જીવ અફરગામી છે, તે પાછો નહિ ફરે. હું વિકલ્પની જાતનો નહિ, હું તો સિદ્ધપરમાત્માની જાતનો છું—એમ પોતાના આત્માને સિદ્ધસ્વરૂપે ધ્યાવતાં સાધકના અંતરમાં પરમ આનંદરૂપી અમૃતધારા છૂટે છે. વચનથી પાર, અને મનના વિકલ્પોથીયે પાર, અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા તે સ્વભાવનો વિષય છે. અહા, પરમ અચિંત્ય એનો મહિમા છે, તેને તું અંતરમાં નજર કરીને, તેમાં ઉપયોગ જોડીને અનુભવમાં લે; તારા અંતર્‌સ્વભાવને જોતાં તું ન્યાલ થઈ જઈશ. અંતર્મુખ ઉપયોગ વડે પરમાત્મા જેવા સ્વરૂપને લક્ષમાં લઈ ધર્મી એનું ચિંતન કરે છે; એ ચિંતનમાં પરમ આનંદનો ઉત્પાદ થાય છે ને વિકલ્પોના કોલાહલનો વ્યય થાય છે. વિકલ્પો વગરનું આત્મસ્વરૂપ છે, તે વિકલ્પ વડે અનુભવમાં આવે નહીં. આવા વિકલ્પાતીત પરમાત્મસ્વભાવને સાધવા જે જીવ જાગ્યો તે સાધકની રુચિના રણકાર કોઈ જુદી જ જાતના હોય છે. રાગની જાતથી એની જાત જુદી છે.

સમ્યક્ત્વ માટેના પ્રયત્નશીલ જીવની રહેણીકરણી કોઈ જુદા જ પ્રકારની હોય છે; તેના પરિણામ શાંત હોય છે; ધર્મસંબંધી ઘણી નમ્રતા હોય છે, તેને કોઈ હઠાગ્રહ હોતો નથી, લોકભય હોતો નથી, કે લોકરંજન અર્થે તેનું જીવન હોતું નથી; તેની બાહ્યવૃત્તિઓ ઘણી નરમ થઈ જાય છે. શાંતભાવ અને આત્માની ઊંડી વિચારણાપૂર્વક, આત્મા કેમ સધાય તેની ધૂનમાં તે વર્તે છે.

સમ્યગ્દર્શન થતાં આત્માના ભાવ નિર્મળ થાય છે, તેના પરિણામ પોતાના સ્વભાવમાં ઊંડે-ઊંડે ઊતરેલા હોય છે. પરથી હું જુદો, રાગ મારો સ્વભાવ નહિ, જ્ઞાતાદ્રષ્ટા ભાવરૂપ હું છું-એવું નિજસ્વભાવનું ભાન તેને વર્તે છે. તે આત્મા જાણે છે કે હું જ્ઞાન ને આનંદસ્વરૂપે શાશ્વત છું; આ જડ-શરીરના નાશથી મારો નાશ નથી, તેમ દેહની સાથે આત્માને એકતાનો સંબંધ નથી; શરીર આત્માથી છૂટી જાય છે પણ જ્ઞાન કદી આત્માથી છૂટું પડતું નથી, તેમ જ રાગ છૂટતાં આત્મા એવો ને એવો રહે છે પણ જ્ઞાન વગર આત્મા કદી હોતો નથી.—આમ જ્ઞાનસ્વરૂપે જ તે પોતાને અનુભવે છે. તેથી મરણ વગેરે સંબંધી સાત ભયો તેને હોતા નથી. દેહ છૂટવાનો સમય આવતાં 'હું મરી જઈશ' એવો ભય કે શંકા તેને થતા નથી. તે જાણે છે કે અસંખ્યપ્રદેશી મારું ચૈતન્યશરીર અવિનાશી છે, તેનો કદી નાશ થતો નથી. જ્ઞાની કે અજ્ઞાની બંનેને દેહ તો છૂટે જ છે, પણ જ્ઞાનીએ દેહને જુદો જાણ્યો છે તેથી તેને ચૈતન્યલક્ષે દેહ છૂટી જાય છે, એટલે તેને સમાધિમરણ છે; અજ્ઞાનીને આત્માને ભૂલીને દેહબુદ્ધિપૂર્વક દેહ છૂટે છે તેથી તેને અસમાધિ જ છે.

ગમે તેવી પ્રતિકૂળતામાંય 'હું સ્વયંસિદ્ધ ચિદાનંદસ્વભાવી પરમાત્મા છું' એવી નિજાત્માની અંતર્પ્રતીત ધર્મીને કદી ખસતી નથી. આત્મસ્વભાવની આવી પ્રતીત તે સમ્યગ્દર્શન છે; સમ્યગ્દષ્ટિને અતીન્દ્રિય આત્મસુખનો સ્વાદ આવી ગયો છે, તેથી બાહ્યવિષયોના સુખ—કે જે આત્માના સ્વભાવથી પ્રતિકૂળ છે—તેમાં તેને રસ આવતો નથી. ધર્મી કદાચ ગૃહસ્થ હોય, રાજા હોય, છતાં ચૈતન્યસુખના સ્વાદથી વિપરીત એવા વિષયસુખોમાં તેને રસ નથી; અંતરના ચૈતન્યસુખની ગટાગટી પાસે

વિષયસુખોની આકુળતા તેને વિષ જેવી લાગે છે, એટલે તે તો 'સદનનિવાસી તદપિ ઉદાસી' છે.

સમ્યગ્દર્શન વગરનું ગમે તેટલું જાણપણું કે ગમે તેવાં શુભ –આચરણ તે કોઈ સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર કહેવાતાં નથી, એટલે તે મિથ્યા છે. માટે સમ્યગ્દર્શન જ સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રનું બીજ છે. રાગથી ને બહારના જાણપણાથી સમ્યગ્દર્શનની જાત જ જુદી છે. સમ્યગ્દર્શન પોતે સવિકલ્પ અને નિર્વિકલ્પ એવા બે ભેદવાળું નથી; સમ્યક્ત્વ તો વિકલ્પોથી પાર, શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપે જ વર્તે છે, તે કદી વિકલ્પને સ્પર્શતું નથી. સવિકલ્પદશાના કાળે પણ ધર્મીનું સમ્યક્ત્વ તો વિકલ્પ વગરનું જ છે.

જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે, અને એ રીતે સંપૂર્ણ સ્વરૂપનો જે સાધક થયો છે તે કોઈપણ સંયોગોમાં ભયથી, લજ્જાથી કે લાલચથી, કોઈપણ પ્રકારે અસત્‌ને પોષણ નહિ જ આપે. એ માટે કદાચ દેહ છૂટવા સુધીની પ્રતિકૂળતા આવી પડે તોપણ તે સત્‌થી ચ્યુત નહિ જ થાય, આત્મસ્વરૂપને અન્યથા નહિ માને, ને અસત્‌નો આદર નહિ કરે. આ રીતે સ્વરૂપના સાધકો નિઃશંક અને નીડર હોય છે. સત્‌સ્વરૂપની શ્રદ્ધાના જોરમાં, અને આત્માના પરમ મહિમા પાસે તેને કોઈ પ્રતિકૂળતા છે જ નહીં. જો સત્‌થી ચ્યુત થાય તો તેને પ્રતિકૂળતા આવી કહેવાય. પણ ક્ષણેક્ષણે સત્‌માં જે વિશેષ દ્રઢતા કરી રહ્યો છે તેને તો પોતાના બેહદપુરુષાર્થ પાસે જગતમાં કોઈપણ પ્રતિકૂળતા નથી. એ તો પોતાનાં પરિપૂર્ણ સત્‌સ્વરૂપ સાથે અભેદ થઈ ગયો, તેમાંથી તેને ડગાવવા જગતમાં કોણ સમર્થ છે?—અહો, આવા સમ્યગ્દ્રષ્ટિને ધન્ય છે.....ધન્ય છે.

સમ્યગ્દ્રષ્ટિ પોતાના જ્ઞાયકસ્વભાવને જ સ્વતત્ત્વપણે અનુભવતો થકો તેનો વિસ્તાર કરે છે, અને તેને પોતાની પર્યાયમાં પ્રસિદ્ધિ કરે છે. તેને આત્મશુદ્ધિની વૃદ્ધિ થાય છે, અશુદ્ધતાની હાનિ થાય છે, ને કર્મો છૂટતા જાય છે. સમ્યગ્દ્રષ્ટિજીવનો આત્મા શાંતરસનો સમુદ્ર છે. જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં જ્ઞાનબીજ ઊગી, તે વધીને કેવળજ્ઞાન–પૂર્ણિમારૂપે અનંતકળાએ ખીલી ઊઠશે.

સમ્યગ્દર્શન થતાં ધર્મી જીવ પોતાના આત્માને આવો અનુભવે છે કે—

કેવલદરશ, કેવલવીરજ, કેવલ્યજ્ઞાનસ્વભાવી છે,
વળી સૌખ્યમય છે જેહ તે હું–એમ જ્ઞાની ચિંતવે.
નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે,
જાણે–જુએ જે સર્વ, તે હું—એમ જ્ઞાની ચિંતવે.
મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;
બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે.

જ્ઞાનદર્શનલક્ષણ સિવાય બીજા જે કોઈ સંયોગાશ્રિત રાગાદિ ભાવો છે તે મારાથી બહાર છે; મારામાં તે નથી ને તેનામાં હું નથી; હું તેનાથી જુદો શુદ્ધ જ્ઞાન–દર્શનમય છું; મારું જ્ઞાન દર્શનલક્ષણ શાશ્વત છે ને રાગ–દ્વેષાદિ તો ક્ષણિક સંયોગાશ્રિત ભાવો છે, તે કાંઈ મારા આત્મામાંથી ઉત્પન્ન થયેલા નથી, તેથી તે હું નથી. સમ્યગ્દર્શન થતાં મારા સ્વરસનો અપૂર્વ આનંદ અનુભવમાં આવ્યો, આત્માની સહજ શાંતિ પ્રગટી, આનંદના દરિયામાં આત્મા મગ્ન થયો, અંદરમાં આત્મશાંતિનું અદ્ભુત–અપૂર્વ–અચિંત્ય વેદન થયું. અંતરમાં સુખમય અનંતા ભાવોના વેદનથી સમ્યગ્દર્શન ભરેલું છે. હું ભગવાન આત્મા છું—એમ જે નિર્વિકલ્પ શાંતરસપણે અનુભવાય છે તે જ સમ્યગ્દર્શન છે. સ્વાનુભૂતિના અનંતા ભાવોથી ઉલ્લસતો શાંતરસનો સમુદ્ર આત્મા પોતે સમ્યગ્દર્શનસ્વરૂપ છે.

પરભાવોથી ભિન્ન અને નિજસ્વભાવોથી પરિપૂર્ણ એવા આત્માને અનુભવમાં લેતું સમ્યગ્દર્શન પ્રગટે છે. આવા પૂર્ણ શુદ્ધ આત્માને અનુભવમાં દેખતાં જ સમસ્ત વિકલ્પજાળ વિલય પામે છે, એટલે જ્ઞાનપર્યાય અંતર્મુખ લીન થઈને અભેદપણે આત્માને અનુભવે છે. સમ્યગ્દર્શન થતી વખતે અનુભવમાં આવેલું અચિંત્ય ચૈતન્યતત્ત્વ ધર્મી જીવની પ્રતીતમાંથી કદી છૂટતું નથી; તે જ તત્ત્વની પ્રતીતપૂર્વક આગળ વધતો–વધતો તે પરમાત્મા થાય છે.

આવી પરમાત્મદશાનું કારણ સમ્યગ્દર્શન જયવંત વર્તો. ✶❑✶

# સાચી શાંતિની શોધમાં...

જેમ તરસ્યા જીવને પાણી પીધા પહેલાં પણ સરોવરના કિનારે આવતાં પાણીની ઠંડક વેદાય છે....તેમ સમ્યક્‌ત્વસન્મુખ જીવ શાંતિના સમુદ્રના કિનારે આવેલો છે.....તેને શું થાય છે? તેનું આ વર્ણન છે.

[એક મુમુક્ષુ]

સમ્યગ્દર્શન થતાં પહેલાં આત્મસન્મુખ જીવની રહેણીકરણી તથા વિચારધારા કેવા પ્રકારની હોય? તથા સમ્યગ્દર્શન થયા પછી તેની રહેણી–કરણી અને વિચારધારા કેવા પ્રકારની હોય?–આ સંબંધમાં સૌથી પ્રથમ વાત એ છે કે 'ખરેખર સમ્યગ્દૃષ્ટિ જ સમ્યગ્દૃષ્ટિના અંતરને જાણી શકે છે.' સમ્યક્‌ત્વના જિજ્ઞાસુ જીવો તેને ઓળખવા માટે પ્રયત્ન કરે છે, ને તેવી દશાની ભાવના ભાવે છે. તેમની ઓળખાણ તે ભેદજ્ઞાનનું કારણ છે.

જીવ અનંતકાળથી દુઃખી થઈ રહ્યો છે; તે દુઃખ પરના કારણે નથી, પણ પોતાના સ્વભાવને ભૂલીને પરભાવથી તે દુઃખી થઈ રહ્યો છે.–આમ જેને અંતરમાં દુઃખનું વેદન લાગે છે તે સુખપ્રાપ્તિનો પુરુષાર્થ કરે છે. તેને કોઈ ને કોઈ પ્રકારે સત્‌ દેવ–ગુરુ–શાસ્ત્રનું નિમિત્ત મળી જાય છે; અને તેમણે બતાવેલા માર્ગને તે જીવ ઉત્સાહથી આદરે છે. તે આત્મસન્મુખ જીવ માત્ર બાહ્યનિમિત્તમાં અટકતો નથી, પણ તે ગુરુવાણી, શાસ્ત્રસ્વાધ્યાય વગેરે દ્વારા અંતરમાં સુખ–પ્રાપ્તિનો રસ્તો ખોજે છે. જેમ જેમ રસ્તો મળતો જાય છે તેમ તેમ તેનો પ્રમોદ વધતો જાય છે; હજી ખરેખર શાંતિ મળી નથી હોતી છતાં પણ શાંતિ લાગતી હોય છે. જેમ તરસ્યા જીવને પાણી મળ્યા પહેલાં પણ સરોવરના કિનારે આવતાં પાણીની ઠંડક વેદાય છે. તેમ સમ્યક્‌ત્વસન્મુખ જીવ શાંતિના સમુદ્રના કિનારે આવેલો છે, તેને તે પ્રકારની

શાંતિ પોતામાં દેખાય છે. જેમ જેમ ચૈતન્યનો મહિમા ભાસતો જાય છે તેમ તેમ જગતના પદાર્થો પ્રત્યે તે ઉદાસીન થતો જાય છે. મારે આ જગતથી કશું કામ નથી, અને હું પણ આ જગતને કાંઈ કરી દઉં તેમ નથી. આ જગત માટે હું, અને મારે માટે આ જગત, કંઈ પણ કાર્યકારી નથી.—આવા વૈરાગ્યવિચાર દ્વારા પરથી જુદાઈ જાણીને તે પોતાના આત્માને સાધવા તરફ વળે છે.

આત્માનું સ્વરૂપ શું, લક્ષણ શું, અને કાર્ય શું, તે મુમુક્ષુ જીવ નક્કી કર છે. મારા આત્માના આશ્રયે જ મને સુખ થશે–એમ તેને ખ્યાલમાં આવે છે. ત્યારબાદ તે ચિંતન–મનન દ્વારા ગુરુઉપદેશ સાથે પોતાના વિચારો સરખાવે છે; ઉપદેશઅનુસાર વસ્તુ તેને પોતામાં ભાસતી જાય છે. જ્ઞાનાદિ સ્વગુણોથી પૂરો, અને અન્ય સર્વ પદાર્થોથી ભિન્ન, કર્મ–નોકર્મથી જુદો, રાગાદિ વિકારી ભાવોથી પણ જુદી જાતનો એવો આત્મસ્વભાવ, શુદ્ધ ચૈતન્ય–આનંદકારી અનંત ચૈતન્યલક્ષ્મીવાન હું જ છું, એમ નિજસ્વરૂપનો નિર્ણય કરીને તેમાં ઊંડો ઊતરતો જાય છે.

—આવા જીવની વિચારધારા ક્ષણે ક્ષણે આત્મસન્મુખ થતી જાય છે. શાસ્ત્રવાંચન ગુરુઉપદેશ તથા અંતરમાં પોતાના જ્ઞાન–વિચારના ઉદ્યમ વડે તેને પોતાનું સમ્યક્દર્શનરૂપી કાર્ય કરવાનો ઘણો જ હર્ષ અને ઉત્સાહ છે. સ્વકાર્યને સાધવા તે ઉત્સાહપૂર્વક પ્રયત્ન કરે છે, તેમાં પ્રમાદ કરતો નથી. તત્ત્વવિચારના ઉદ્યમ વડે તેને સ્વ-પરની સ્પષ્ટ ભિન્નતા ભાસે, અને સ્વસંવેદનપૂર્વક કેવળ પોતાના જ્ઞાનમય આત્મા વિષે જ 'આ હું છું' એવી અહંબુદ્ધિ થાય ત્યારે તે જીવ સમ્યગ્દષ્ટિ થાય છે. પહેલાં જેમ શરીરમાં મિથ્યા અહંબુદ્ધિ હતી કે 'મનુષ્યાદિ હું જ છું' તેમ હવે દેહથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્મામાં સ્વાનુભવપૂર્વક એવી સમ્યક્ અહંબુદ્ધિ થઈ કે, 'આ ચૈતન્પણે અનુભવાતો આત્મા જ હું છું.' સમ્યગ્દર્શન થતાં અંતરમાં જ્ઞાનની અનુભૂતિપૂર્વક આત્માના આનંદનું વેદન થઈ જાય છે. જ્યાં સુધી આવો અનુભવ ન થાય ત્યાં સુધી ઊંડા તત્ત્વવિચારનો ઉદ્યમ કર્યા જ કરે–તે જીવનું કર્તવ્ય છે; અને ત્યાં કર્મના સ્થિતિ–અનુભાગ વગેરેમાં પણ સમ્યક્ત્વ થવાને યોગ્ય ફેરફાર સ્વયમેવ થઈ જાય છે.

દેહથી ભિન્ન ચૈતન્યમય મારું અસ્તિત્વ–વસ્તુત્વ વગેરે અનંત શક્તિઓ મારામાં રહેલી છે; જ્ઞાન–આનંદરૂપે પરિણમન કરવું તે મારો સ્વભાવ છે. જડના કોઈ પણ પરિણામરૂપે હું થતો નથી, તેથી તેનું કાંઈ હું કરી શકું નહીં. આવી વિચારધારાથી પર પ્રત્યેનો રસ ઊડી જાય છે, ને ચૈતન્ય તરફનો રસ વધતો જાય છે. હું અસંખ્યપ્રદેશી એક અખંડ પદાર્થ છું અને મારામાં દર્શન–જ્ઞાન–આનંદ વગેરે અનંતગુણો સર્વપ્રદેશે ઓતપ્રોત થઈને રહેલાં છે, તેઓ જ શ્રદ્ધા–જ્ઞાન–સુખપર્યાયરૂપે થાય છે, તેનો કર્તા આત્મા જ છે.–આમ આત્માના સ્વભાવને જાણે છે અને તેના ધ્યાનનો અભ્યાસ કરે છે. આવા અભ્યાસ વડે તે સમ્યક્ત્વસન્મુખ જીવ થોડા કાળમાં સમ્યગ્દર્શન પામે છે; કોઈ કોઈ આ ભવમાં જ પામે છે; અગર આ ભવના સંસ્કાર લઈને જ્યાં જાય ત્યાં પામે છે. નરક–તિર્યંચમાં પણ કોઈ જીવ પૂર્વના સંસ્કાર જાગૃત કરીને સમ્યક્ત્વ પામી જાય છે. મૂળ તો અંતરમાં સ્વરૂપસન્મુખ થવાનો અભ્યાસ જ સમ્યગ્દર્શનનું કારણ છે.

શુદ્ધોપયોગ ચોથા ગુણસ્થાને કોઈક જ વાર થાય છે અને થોડો જ કાળ રહે છે; પણ તેને જે શુદ્ધાત્મપ્રતીત થઈ છે તે તો નિરંતર ચાલુ જ રહે છે. શુદ્ધોપયોગ સિવાયના કાળમાં આત્મપ્રતીતિપૂર્વક સ્વાધ્યાય–મનન–જિનપૂજા–ગુરુસેવા વગેરે શુભ પ્રવૃત્તિમાં વર્તે છે, તેમ જ ગૃહસંબંધી વ્યાપારાદિ કાર્યોમાં પણ વર્તે છે, પણ તેની દૃષ્ટિમાં આવેલું આત્મતત્ત્વ તો તે બધા રાગથી જુદું ને જુદું જ રહે છે. આવા સમ્યગ્દર્શન માટે ઉદ્યમી જીવ સાચી ધગશથી તેના પ્રયત્નમાં લાગ્યો રહે છે. કદાચિત્ સમ્યગ્દર્શન જલ્દી ન થાય તો વધુ ને વધુ પ્રયત્ન કરે છે, પણ તેમાં થાકતો નથી, તેમ જ આકુળ–વ્યાકુળ બનીને પ્રયત્ન છોડી દેતો નથી, પણ ધીરજથી ઉત્સાહથી પોતાનું મહાન કાર્ય સાધવાનો ઉદ્યમ કર્યા કરે છે, ને તે સાધીને જ જંપે છે.

સમ્યગ્દર્શન થતાં દેવ–ગુરુ–શાસ્ત્રની સાચી ઓળખાણ થઈ હોવાથી, તેમની ઉપાસનામાં પરમ પ્રમોદ અને ભક્તિ આવે છે. સાધર્મી પ્રત્યે ઊંડું વાત્સલ્ય, ધર્મપ્રભાવના અને દાનાદિ પણ કરે છે. ચૈતન્યતત્ત્વના ગંભીર મહિમાનું વારંવાર પરમ પ્રેમપૂર્વક ઊંડું ઘોલન કરતાં તેને આનંદ થાય છે.

તેમાં જેટલા રાગના અંશો છે તેને રાગરૂપે જ ગણીને, જ્ઞાનથી ભિન્ન જાણે છે, અને તેથી તેનો કર્તા નહીં બનતા જ્ઞાયકભાવરૂપે જ રહે છે.

જેમ રાજા વગેરે પુણ્યવંત પુરુષ જ્યાં પધારે તે ઘર તો સુંદર હોય, ને તેનું આંગણું પણ ચોખ્ખું હોય; તેમ ત્રણલોકમાં શ્રેષ્ઠ એવા સમ્યગ્દર્શન–રાજા જેના અંતરમાં પધાર્યા તેના અંતરમાં સ્વઘરની શુદ્ધતાની તો શી વાત! એમાં તો શુદ્ધ ચૈતન્ય પરમાત્મા બિરાજી રહ્યા છે, ને તેનું આંગણું એટલે કે બાહ્ય વ્યવહાર પણ ચોખ્ખો હોય છે; સમ્યગ્દષ્ટિના શુભપરિણામ પણ બીજા કરતાં જુદી જાતના હોય છે; તીવ્ર કલુષતાનો તેને અભાવ હોય છે.

જેમ બાળકને સાકરનો સ્વાદ મીઠો લાગતાં તેને ફરી ફરીને સાકર ખાવાની ઈચ્છા થાય છે, તેમ સમ્યગ્દર્શન વડે એક વાર ચૈતન્યના અતીન્દ્રિય આનંદનો મીઠો સ્વાદ ચાખ્યા પછી ધર્મીને ફરી ફરીને તે આનંદ અનુભવવાનું મન થાય છે; તે પોતાનો ઉપયોગ ફરી–ફરીને આત્મા તરફ વાળવા માંગે છે, આત્માના આનંદ સિવાય બીજે ક્યાંય તેનું ચિત્ત ઠરતું નથી. સહજાનંદી જ્ઞાયક આત્માની રમણતામાં મસ્ત રહેવા સિવાય બીજી કોઈ આકાંક્ષા તેને નથી. સંસારના બાહ્ય વિષયોમાં કે પરભાવમાં તેને ચેન પડતું નથી. જ્ઞાનસમુદ્રમાંથી આત્મજ્ઞાનનું અમૃત પીધું તેને જ વધુ ને વધુ પીવાની પીપાસા છે. અંતરમાં જ્ઞાન...જ્ઞાન...જ્ઞાન આનંદ...આનંદ... આનંદ જ મારું સ્વરૂપ છે, તે જ હું છું–એવા ભણકારા વાગ્યા કરે છે. રાગ અને વિકલ્પ આવે તો તેને હંમેશા જ્ઞાનથી બહાર જ રાખે છે. વિકલ્પનું વેદન એને દુઃખરૂપ લાગતું હોય છે. વિકલ્પોને પોતાનું સ્વરૂપ માનતા નથી, તેથી તે વિકલ્પોથી ખસીને પોતાની શાંતચેતનાનો આશ્રય લ્યે છે.

—બહારમાં વ્યાપાર–ધંધા વગેરે કરતા જણાય, અશુભરાગ પણ હોય,–તોપણ તે વખતે સ્વતત્ત્વને તે બધાથી જુદા જ્ઞાયકભાવરૂપે જ જાણે છે. કુટુંબ કે સમાજની વચ્ચે રહેલા જણાય પણ તે સમાજ કે કુટુંબની સાથે આત્મહિતનો સંબંધ જરાય માનતા નથી. અરે, પુણ્યની પણ જ્યાં રુચિ નથી ત્યાં બીજાની શી વાત! બહારમાં ભલે પુણ્યસામગ્રીના ગંજ હોય, કે કોઈ

કારણવશ મોટી પ્રતિકૂળતા આવી પડે, છતાં બંનેથી પાર અંદરની ચૈતન્યશાંતિ છૂટતી નથી. તે જાણે છે કે જગતનો કોઈ પદાર્થ મારી શાંતિનો દાતાર કે હણનાર નથી. મારું સુખનું વેદન મને અંતરમાંથી આવ્યું તે કોઈ સંયોગોમાં છૂટે નહિ, કેમ કે તે શાંતિનું વેદન કાંઈ બહારથી નથી આવ્યું. જેટલી બાહ્યવૃત્તિ જાય છે તેટલું દુઃખ છે. આ રીતે દુઃખને દુઃખરૂપ જાણે છે, ને તેનાથી ભિન્ન અંતરાત્માને પકડી તેના આશ્રયે અંતરમાં આનંદ–સુખનો સ્વાદ પણ લીધા જ કરે છે.

**આવી અપૂર્વ અંતરદશા સહિત ઉત્તમ વિચારધારા તથા ઉત્તમ રહેણીકરણી સમ્યગ્દષ્ટિ જીવોની હોય છે..... તેમનું જીવન ધન્ય છે.**

### ❋ પ્રભુનો મારગ છે શૂરાનો ❋

શ્રીગુરુ શિખામણ આપે છે કે હે ભવ્ય! આત્માના અનુભવ માટે સાવધાન થાજે....શૂરવીર થાજે......જગતની પ્રતિકૂળતા દેખીને કાયર થઈશ નહિ.....પ્રતિકૂળતાની સામે ન જોઈશ, શુદ્ધઆત્માના આનંદ સામે જોજે. શૂરવીર થઈને ઉદ્યમી થઈને આનંદનો અનુભવ કરજે. 'હરિનો મારગ છે શૂરાનો......'......તે પ્રતિકૂળતામાં કે પુણ્યની મીઠાશમાં ક્યાંય અટકતા નથી; એને એક પોતાના આત્માર્થનું જ કામ છે. તે ભેદજ્ઞાન વડે આત્માને બંધનથી સર્વથા પ્રકારે જુદો અનુભવે છે. આવો અનુભવ કરવાનો આ અવસર છે–ભાઈ! તેમાં શાંતિથી તારી ચેતનાને અંતરમાં એકાગ્ર કરીને ત્રિકાળી ચૈતન્યપ્રવાહરૂપ આત્મામાં મગ્ન કર......ને રાગાદિ સમસ્ત બંધભાવોને ચેતનથી જુદા અજ્ઞાનરૂપ જાણ. આમ સર્વ પ્રકારે ભેદજ્ઞાન કરીને તારા એકરૂપ શુદ્ધઆત્માને શોધ. મોક્ષને સાધવાનો આ અવસર છે.

[૭]

# સમ્યક્ત્વ–સન્મુખ જીવની અદ્ભુત દશા

પ્હો’ ફાટ્યો છે......હમણાં ઝળહળતો સૂર્ય ઊગશે.

[એક મુમુક્ષુ]

અહાહા! હજી જ્યાં ઝળહળતો સૂર્યનો પ્રકાશ થયો નથી પણ પરોઢનો પો’ ફાટફાટ થઈ રહ્યો છે, દિશાઓ ખૂલી ગઈ છે અને હમણાં જ અંધકારના વાદળને ભેટીને સૂર્યનો પ્રકાશ દશે દિશાને ઝળહળતી કરશે,–તે દશાની શી વાત! સમ્યગ્દર્શનવસ્તુ જ એટલી અલૌકિક અને ગૂઢાર્થભાવવાળી છે કે એનું વર્ણન શું કરવું અને શું ન કરવું!! તેના ગંભીરભાવ ઘૂંટાયા કરે છે. સમ્યગ્દર્શનરૂપી સૂર્ય હજી ઊગ્યો નથી પણ તેની સન્મુખ થયેલા જીવની રહેણીકરણી અન્ય મિથ્યાત્વી કરતાં ઘણી અલૌકિક હોય છે; તે જીવને આત્માના પ્રેમ સાથે સરળતા, કષાયની મંદતા, મોક્ષની અભિલાષા, સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે અનન્ય ભાવ, વગેરે ભાવો બીજા કરતાં જુદી જાતના હોય છે.—

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ–અભિલાષ,
ભવે ખેદ, અંતર દયા, ત્યાં આત્માર્થ–નિવાસ.

—શ્રીમદ્ રાજચંદ્રજીએ આ ગાથામાં આત્માર્થી જીવની દશા બતાવી છે. તેને પરિણામમાં એટલી બધી મંદતા–શાંતપણું–ગંભીરતા હોય છે કે તે અંદર ને અંદર ઊતરતો જાય છે, કષાયનું ઉગ્રપણું તેને આવી જતું નથી. એકદમ શાંતિ અને ધીરજપણે તે મૂળમાર્ગ ઉપર ડગ માંડી રહ્યો છે, તેથી પરિણામમાં ચપળતા બહુ ઓછી થાય છે. –ક્યારેક થઈ જાય છે તોપણ ભાવની વિશુદ્ધતા વડે તરત પાછો વળી જાય છે. તે હજી વેપાર વગેરે સંબંધી કાર્યોમાં જોડાતો હોવા છતાં તેના ભાવો બીજા જીવો કરતાં જુદા હોય છે. કોઈપણ બહારના વિષયમાં કે કુતૂહલમાં તેની વૃત્તિઓ ઊછાળા મારતી નથી; કારણ કે બહારના વિષયો ઉપરની જે લોલુપતા કે તીવ્રતા

હતી તે હવે ચૈતન્યપ્રેમ વડે અંદરના માર્ગે ચડતાં ઘણી ઘટી ગઈ છે. સંસારની કે સંસારના સંયોગોની અભિલાષી છૂટીને મહા આનંદરૂપ મોક્ષની અભિલાષા મુખ્ય થઈ ગઈ છે. મોક્ષ એટલે આત્માનું સંપૂર્ણ સુખ, તેની જ ભાવના રહ્યા કરે છે. એમ જ થયા કરે છે કે બહારમાં હવે મારે કાંઈ નથી જોઈતું, અનંતકાળ બહારના ભાવો કર્યા પણ મને જરાય સુખ ન મળ્યું. મારે તો મારું સાચું સુખ જોઈએ છે. કેમ અપૂર્વ સુખ મળે ને અનાદિના દુઃખ કેમ ટળે? તેનો જ ઉપાય મારે કરવો છે. અનંતકાળથી ભવભ્રમણમાં રખડી–રખડીને અનંત દુઃખો મેં ભોગવ્યા, હવે હું થાક્યો છું, કંટાળ્યો છું. હવે તે દુઃખીસંસાર કે તેના કારણરૂપ પરભાવ મારે નથી જોઈતા, પણ સાચું મોક્ષસુખ જ જોઈએ છે. આવા–આવા અનેક પ્રકારના સાચા ભાવની શ્રેણીએ ચડતાં તે મુમુક્ષુ જીવની રહેણીકરણીમાં જગતના જીવો કરતાં કુદરતી તફાવત પડી જાય છે.

તે આત્મસન્મુખ જીવને પ્રથમ સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર ઉપર અનન્ય બહુમાન–ભક્તિ અને અર્પણતાના એટલા તીવ્ર ભાવ હોય છે કે, અન્ય મિથ્યાદ્રષ્ટિજીવો કરોડોની સંપત્તિ અર્પણ કરશે તોપણ આ જીવ જેવી અર્પણતાના ભાવ નહિ લાવી શકે. પરમ મહિમાવંત ચૈતન્યતત્ત્વ બતાવનારા દેવ–ગુરુ પ્રત્યે તેને નિઃશંકતા આવી ગઈ છે, તેથી તેમની પાસેથી ચૈતન્યનો જે ઉપદેશ સાંભળવા મળે છે તે દેશના અંદર સોંસરવી જ્ઞાનમાં આરપાર ઉતરીને પોતાનું કાર્ય કરી લ્યે છે.

જીવાદિ છ દ્રવ્ય તથા નવતત્ત્વની યથાર્થતા તથા સ્વતંત્રતા તે જીવના વિચારમાં એવા બેસી ગયાં છે કે તેમાં ક્યાંય ગોટાળો ઉત્પન્ન થતો નથી, તેથી એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે ભેળસેળ કરતો નથી; હજી સમ્યક્–પરિણમન થયું ન હોવા છતાં વિચારમાં સ્વતંત્રતા બરાબર સમજાઈ ગઈ છે, ને પરથી ભિન્નતાના ભાવની દ્રઢતા વધતી જાય છે, ચૈતન્યનો પ્રેમ વધતો જાય છે. આ પ્રકારે ભેદજ્ઞાનનો ભાવ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ આકુળતા ઓછી થતી જાય છે ને શાંતિ–ધીરજ વધતાં જાય છે. તે એમ વિચારે છે કે અરે, બહારમાં કે શરીરમાં મારું ધાર્યું થતું નથી; અને થાય તોપણ મને શું? તે મારાથી જુદા છે, પછી શા માટે મારે તેના

કર્તાપણાના ખોટા ભાવ કરી કરીને દુઃખી થવું?—હું તો જ્ઞાન છું.–આમ વિચારી અકર્તા સ્વભાવની સન્મુખ એટલે કે જ્ઞાનસ્વભાવની સન્મુખ થવાનો વિશેષ પ્રયત્ન અને મુખ્યતા વધારતો જાય છે. નવતત્ત્વસંબંધી વિચારમાં તેને દરેક તત્ત્વનું જ્ઞાન એટલું બધું ચોખ્ખું અને દૃઢ થઈ ગયું છે કે તેમાં હવે ભૂલ થતી નથી; મૂળ બે તત્ત્વો, અને બાકીનાં પર્યાયરૂપ સાત તત્ત્વો, તેનું બરાબર જ્ઞાન વર્તે છે. શુભ–અશુભ ભાવોનો ક્યા તત્ત્વમાં સમાવેશ થાય છે, અને ધર્મદશાનો ક્યા તત્ત્વમાં સમાવેશ થાય છે, તેની ભિન્નતાને બરાબર જાણે છે, અને પોતાના મૂળ તત્ત્વને જ્ઞાનમાં તારવી લ્યે છે. હું પોતે શુદ્ધ જીવતત્ત્વ ઉપયોગરૂપ કેવો છું? કેવડો મહાન છું? કેવું મારું કાર્ય છે? —એમ પોતાના આત્મા સંબંધી અનેક પ્રકારના વિચારમાં જ્ઞાનને લંબાવે છે. જેમ જેમ વિચારધારા લંબાવતો જાય છે તેમ તેમ જ્ઞાનની દૃઢતા વધતી જાય છે ને વિકલ્પ તરફનું જોર તૂટતું જાય છે તથા નિર્ણયમાં અસ્તિરૂપ જ્ઞાનસ્વભાવ તરફનું જોર વધતું જાય છે; અને વધુ ને વધુ સ્પષ્ટ ભાવભાસન થતું જાય છે કે–અહા! આવું ચૈતન્યતત્ત્વ હું જ છું; અનંતગુણોના પિંડરૂપ એક સ્વરૂપ ચેતનામય જ હું છું; હું ફક્ત ચેતના–ચેતનામય જ છું. મારી ચેતનામાં આનંદ વગેરે અનંત સ્વભાવો સમાય છે, પણ રાગાદિ કોઈ પરભાવો તેમાં સમાતા નથી, તે તો ચેતનાથી જુદા જ સ્વરૂપવાળા છે, એકસ્વરૂપ નથી. આવા વિચાર વડે ભેદજ્ઞાનની દૃઢતા થતી જાય છે. પહેલાં તો વિચારમાં ગુણ–પર્યાયના વિચાર આવતા હતા, તથા ‘હું આવો નથી એટલે કે રાગવાળો, શરીરવાળો, કર્મવાળો કે ભેદવાળો હું નથી’ એમ નાસ્તિના વિચાર આવતા હતા, પણ હવે તો તે વિચારો ગૌણ થઈને અસ્તિસ્વભાવના વિચારની જ મુખ્યતા વર્તે છે—એટલે ‘આવો સ્વભાવ છું’ એમ ગંભીર મહિમાપૂર્વક સ્વસન્મુખ થતો જાય છે ને તે સ્વભાવનું સાક્ષાત્ વેદન કરવા માટે તે જીવ એવો ઓતપ્રોત બની જાય છે કે તેને ક્યાંય ચેન પડતું નથી, બીજે ક્યાંય બહારમાં લક્ષ થંભતું નથી, સૂક્ષ્મ વિકલ્પોય છૂટતા જાય છે ને જ્ઞાન વધુ ને વધુ ગંભીર થતું જાય છે. આત્માના ચિંતનની ધૂનમાં ઉપયોગ એવો સૂક્ષ્મ થતો જાય છે કે બહારમાં તો ક્યાંય ગમતું નથી, પણ અંદર સૂક્ષ્મ વિકલ્પો રહે તેમાં પણ

ચેન પડતું નથી; તેનાથી છૂટીને અંદરના સ્વભાવમાં એકમેક થવા માટે ઉપયોગ ફરીફરીને અંદર ઉતરવા મથે છે. અહાહા! આવા જ્ઞાનાનંદસ્વભાવનો અપાર મહિમા લાવીને તેના ચિંતનની ધૂનમાં તે જીવને અંતરમાં શાંતિ અને અનાકુળતા વધતી જાય છે. જેમ સુવર્ણની શુદ્ધતા કરવા માટે તેને અગ્નિમાં તપાવવામાં આવે છે, અને તે સોનું જેમજેમ તપતું જાય છે તેમતેમ તેની શુદ્ધતા અને પીળાશ વગેરે વધતા જાય છે; તેમ આ જિજ્ઞાસુ જીવ પણ જ્ઞાન અને રાગની ભિન્નતાના વિચારરૂપી તાપમાં તપતાં–તપતાં શુદ્ધતા તરફ આગળ વધતો જાય છે; હવે શ્રદ્ધાની શુદ્ધતા થવાને વાર નથી. અહાહા, આવા વિચારની અને નિર્ણયની અપૂર્વ ભૂમિકામાં આવતાં તે મુમુક્ષુને બાહ્યચેષ્ટાઓ પણ શાંત–ગંભીર અને સ્થિર થતી જાય છે. સમ્યગ્દર્શનરૂપી સૂર્ય ઊગતા પહેલાં સ્વસન્મુખ વિચારધારા આવવી તે પણ બલિહારી છે; અને આવી વિચારધારાના અંતે પરિણામ અંતરમાં એકાગ્ર થતાં આનંદના વેદનસહિત સમ્યગ્દર્શનનો પ્રકાશ થાય છે.

## —ધન્ય તે દશા!.......ધન્ય તે વેદન!

અહા, આવા અપૂર્વ સમ્યગ્દર્શન થયા પછીની રહેણીકરણી અને વિચારધારાનું શું કહેવું? જ્યાં સમ્યગ્દર્શનરૂપી સૂર્ય અનંત ચૈતન્યકિરણો સહિત પ્રકાશી રહ્યો છે તે અપૂર્વદશાની અપૂર્વતાનું વર્ણન વાણી તો કેટલુંક કરી શકે? શ્રીમદ્‌રાજચંદ્રજીએ કહ્યું છે કે 'દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત'–સમ્યગ્દર્શન પણ દેહાતીત દશા છે, તેમાં દેહભાવ છૂટીને અપૂર્વ આત્મભાવ જાગ્યો છે. અહો, આવી દશા જેને પ્રગટ થઈ તેની બાહ્ય રહેણીકરણી પણ ઉત્તમ અને જ્ઞાન–વૈરાગ્યસંપન્ન હોય છે. તે જ્ઞાની જીવને જ્યાં આત્માના દર્શન થયા, અને હું ચૈતન્યમય આત્મા જ છું, અન્ય કાંઈ પણ હું નથી–એમ નિર્વિકલ્પ ભેદજ્ઞાન વડે નક્કી કર્યું, ત્યાં તેને સર્વ જીવ પ્રત્યે સમભાવરૂપ એવી દૃષ્ટિ થઈ ગઈ છે કે મારી જેમ જગતના સર્વે જીવો પણ જ્ઞાનસ્વરૂપી ભગવાન છે.–આમ સર્વે જીવોમાં આત્મવત્ બુદ્ધિને લીધે તેને કોઈ પ્રત્યે રાગ–દ્વેષનો અભિપ્રાય રહ્યો નથી, એટલે રાગ–દ્વેષ ઘણા જ મંદ પડી ગયા છે; અને જગત પ્રત્યે સહજ ઉદાસીનભાવ આવી ગયો

છે. બાહ્યસંયોગની અપેક્ષાએ કદાચ એને ઘણી નિર્ધનતા હોય, રોગાદિ હોય, બહારમાં અપમાન થતું હોય, છતાં પણ અંતરમાં ચૈતન્યના અનંત–અનંત વૈભવથી ભરેલા પોતાના આત્માની મહત્તા પોતે સાક્ષાત્ જાણતો હોવાથી તેને દીનતા થતી નથી; બાહ્યવસ્તુની આકાંક્ષાની મુખ્યતા ક્યારેય થતી નથી. મનમાં એવો વિકલ્પ પણ આવતો નથી કે મને પર વસ્તુ મળે તો હું સુખી થાઉં. સમયેસમયે ભેદજ્ઞાનધારા ચાલુ જ હોવાથી આત્મસ્વભાવના પરમ ગંભીર મહિમા પાસે તેને બહારની કોઈ વસ્તુ મહિમાવંત લાગતી નથી. ચૈતન્યની અકષાય–શાંતિના વેદનપૂર્વક અનંતાનુબંધી કષાયભાવનો અભાવ થઈ ગયો છે, તેથી કોઈ પ્રસંગે કષાયભાવની તીવ્રતા થતી નથી; આત્મશાંતિની કોઈ અપૂર્વ મસ્તી વર્તે છે. તેની સાથે જગત પ્રત્યે નિસ્પૃહતા–સરળતા–ભદ્રિકતા, દેવગુરુશાસ્ત્ર પ્રત્યે બહુમાન–ભક્તિ–પ્રભાવના અને સાધર્મીજનો પ્રત્યે પરમ વત્સલતા ઈત્યાદિ ભાવો પણ હોય છે. આ રીતે તેને અનેક ગુણો બાહ્ય અને અંતરંગપણે ખીલી નીકળ્યા છે. પોતાની આત્મદશામાં તે પરમ નિઃશંક છે. પોતાને અપૂર્વ શાંતિના વેદનની જે દશા પ્રગટ થઈ છે તે દશાને અન્ય જીવો સ્વીકારે કે ન સ્વીકારે, તેની અપેક્ષા નથી; પોતાને તો પોતાના વેદનપૂર્વક આરાધના ચાલી જ રહી છે, તેમાં તે નિઃશંક છે 'આ સાચું હશે કે નહીં?' એવી શંકારૂપી વિકલ્પ તેને ઉત્પન્ન થતો નથી. બાહ્ય અનેક કાર્યોમાં જોડાતો દેખાય છતાં તે તો તેનાથી અલિપ્ત જ છે. અજ્ઞાની જીવોને એમ થાય છે કે આ ધર્મી જીવ સાંસારિક કાર્યમાં જોડાય છે ને ક્રોધાદિક કરે છે; પરંતુ ખરેખર અંતરમાં રાગથી ભિન્ન પડેલી તેની ચેતના બાહ્ય એક પણ કાર્યમાં જોડાતી નથી, તેમ જ ક્રોધાદિકથી પણ તે જુદી જ રહે છે. સ્વભાવ–સન્મુખ તલ્લીન થયેલી શ્રદ્ધા–જ્ઞાનાદિની વીતરાગી પરિણતિ બહારના કોઈ પણ વિકલ્પને કે કામને પોતાના કાર્ય તરીકે સ્વીકારતી નથી; એટલે ધર્મી તેનો અકર્તા જ છે. એકવાર નિર્વિકલ્પ શુદ્ધોપયોગી થઈને મહા આનંદનો જે અનુભવ કર્યો પછી વિકલ્પમાં આવવા છતાં પણ તે વિકલ્પથી ભિન્ન જ્ઞાન–આનંદની પરિણતિમાં તે જીવ રમી રહ્યો છે. અહાહા! આવો આનંદમય અખંડ આત્મા હું છું,–એક ક્ષણ પણ એનું વિસ્મરણ થતું નથી. ભેદજ્ઞાનની

અપૂર્વ કળા ખીલી ગઈ છે. ભલે જ્ઞાનઉપયોગ બહારમાં હોય, ને શુભ–અશુભ પરિણામ વર્તતા હોય, છતાં સ્વ–પરના વિવેકરૂપ ભેદજ્ઞાન સદાય વર્તી રહ્યું છે, શુદ્ધ આત્મતત્ત્વમાં એકત્વબુદ્ધિરૂપ નિર્વિકલ્પ શ્રદ્ધા પણ વર્તે જ છે, અને ચૈતન્યના વેદનનું પરમ સુખ પણ આત્માની અખંડ આરાધનામાં અભેદપણે વર્તી જ રહ્યું છે. જ્ઞાનીને આવી અદ્ભુતદશા સહિતની જ બધી રહેણીકરણી હોય છે. તેની સર્વે રહેણીકરણીમાં 'જગત ઈષ્ટ નહિ આત્મથી' એવો ભાવ વર્તે છે; કેમ કે જ્યાં આત્મામાંથી અતીન્દ્રિય આનંદરસના ઘૂંટડા પીધા હોય ત્યાં જગતમાં બીજું કાંઈ ઈષ્ટ ક્યાંથી લાગે? બસ, આત્માની ધૂન એવી લાગી છે કે ક્યારે તેમાં વિશેષપણે લીન થાઉં! એવી જ ભાવના ઘૂંટાયા કરે છે. શુભ–અશુભ પરિણામમાં ઉપયોગ જતો હોવા છતાં તેનાથી પાર જ્ઞાનદશા જેને નિરંતર વર્ત્યા કરે છે—

**'તે જ્ઞાનીના ચરણમાં વંદન હો અગણિત.'**

### ❈ શાંતિનું વેદન ❈

ચિદાનંદી પરમતત્ત્વના અનુભવ પહેલાં શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાય વગેરેના વિચારમાં સાથે વિકલ્પ આવે છે, તે વિકલ્પોનો ખેદ છે, તેની હોંશ નથી, તેના પ્રત્યે ઉત્સુકતા નથી, શુદ્ધસ્વભાવ તરફની જ હોંશ ને ઉત્સુકતા છે. સીધેસીધા પરમસ્વભાવમાં જ પહોંચી જવાની ભાવના છે, તેના જ અનુભવનું લક્ષ છે, પણ વચ્ચે ભેદ–વિકલ્પો આવી જાય છે તેની ભાવના નથી; તે વિકલ્પ વખતેય જ્ઞાન તો તેનાથી મોટું થઈને ચૈતન્યની શાંતિ તરફ જ ઝૂકી રહ્યું છે. વિકલ્પમાં તો અશાંતિ છે; જે શાંતિનું વેદન આવે છે તે તો સ્વભાવ તરફ જઈ રહેલા જ્ઞાનમાંથી આવે છે, વિકલ્પમાંથી નહીં.

[૮]

## અત્યંત વહાલી ચૈતન્યવસ્તુનો અદ્ભુત મહિમા ચિંતવી–ચિંતવીને
# અંતે તેનો સાક્ષાત્ અનુભવ કરે છે

[એક મુમુક્ષુ]

અહો! મારી ચૈતન્યવસ્તુનો કોઈ અચિંત્ય–અપૂર્વ મહિમા છે; એની નિર્વિકલ્પ પ્રતીતને કોઈ રાગનું આલંબન નથી. શુભભાવો પૂર્વે અનંતવાર કર્યા છતાં આ ચૈતન્યવસ્તુ લક્ષમાં ન આવી, માટે તે બધા રાગથી પાર ચૈતન્યવસ્તુ કોઈ અંતરની અદ્ભુત ચીજ છે—કે જેની સન્મુખના વિચાર પણ આવી શાંતિ આપે છે.–તો એ વસ્તુના સાક્ષાત્ વેદનની શી વાત!

જીવ અનાદિકાળથી પોતાના સ્વરૂપને ભૂલી સંસારમાં રખડી રહ્યો છે. જીવને ધર્મ પામવાનો મુખ્ય અવસર મનુષ્યપણામાં છે. મનુષ્ય થઈને પણ જો જીવ ધર્મ સમજે તો જ સુખી થાય, ને તેનું દુઃખ મટે. અરે, મનુષ્યભવ પામીને પણ ઘણા જીવો તો ધર્મની જિજ્ઞાસા પણ કરતા નથી. કદાચ જિજ્ઞાસા કરે તો અનેક પ્રકારના મિથ્યામાર્ગમાં ધર્મ માનીને, મિથ્યા માન્યતાથી ધર્મના બહાને પણ અધર્મ જ સેવતા હોય છે. અને કુદેવ–કુગુરુ–કુધર્મમાં જ ફસાઈ રહે છે; અથવા તો 'બધા ધર્મો સરખાં છે'—એમ માની લઈને સત્–અસત્ વચ્ચે વિવેક કરતા નથી, અને ઉલટા એવી અવિવેકી બુદ્ધિને વિશાળબુદ્ધિ માનીને તેઓ અસત્માર્ગને જ દૃઢ કરે છે. ક્યારેક મહાભાગ્યથી જીવને સુદેવ–સુગુરુ અને સુશાસ્ત્ર મળ્યા અને તેમનું બાહ્યસ્વરૂપ સમજ્યો, તોપણ પોતાનું ખરૂં સ્વરૂપ ન સમજે ત્યાં સુધી તેને

સમ્યગ્દર્શન થતું નથી; ને સમ્યગ્દર્શન વગર ફરી ફરીને તે સંસારચક્રમાં રખડે છે. માટે હે જીવ! તું એમ વિચાર કે અત્યારે સમ્યગ્દર્શન પામીને ભવભ્રમણના દુઃખથી છૂટવાનો મહાન અવસર આવ્યો છે. તો આ અવસરમાં સર્વ પ્રકારે જાગૃત થઈને હું મારું આત્મહિત કરી લઉં.

આત્મહિતના મૂળ કારણરૂપ સમ્યગ્દર્શન, એ આત્માના શ્રદ્ધાગુણની નિર્વિકારી શુદ્ધપર્યાય છે. અંતરમાં અખંડ આત્મતત્ત્વ જેવું છે તેવું લક્ષગત કરતાં સમ્યગ્દર્શન પ્રગટે છે. સમ્યગ્દર્શનને કોઈ વિકલ્પનું અવલંબન નથી, પણ વિકલ્પાતીત ચૈતન્યસ્વભાવના અવલંબને સમ્યગ્દર્શન પ્રગટે છે. આ સમ્યગ્દર્શન જ આત્માના સર્વ સુખનું કારણ છે. 'હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું, બંધરહિત છું'—એવા શુભરાગમય વિકલ્પનું અવલંબન પણ સમ્યગ્દર્શનમાં નથી; તે શુભ વિકલ્પને અતિક્રમીને જ્ઞાન અનુભૂતિ વડે આત્માને પકડતાં સમ્યગ્દર્શન થાય છે. આ રીતે સમ્યગ્દર્શનનું સ્વરૂપ શું છે–તે બરાબર જાણવું જોઈએ. દેહની કોઈ ક્રિયાથી તો સમ્યગ્દર્શન નથી; શુભરાગથી પણ સમ્યગ્દર્શન નથી; હું જ્ઞાયક છું, પુણ્ય–પાપથી જુદો છું– એવા વિચારો પણ સમ્યગ્દર્શન કરાવવા સમર્થ નથી. જે વિચારમાં અટક્યો તે ભેદના વિકલ્પમાં અટક્યો છે; તેનાથી આગળ વધીને સ્વરૂપનો સીધો અનુભવ અને પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે.

—આવું અપૂર્વ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટેની તૈયારીવાળા જીવની યોગ્યતા પણ જેવી તેવી નથી હોતી. હજી ભલે એ મિથ્યાત્વમાં છે છતાંય સામાન્ય મિથ્યાદૃષ્ટિ કરતાં એ જુદો છે. સમ્યગ્દર્શનની તૈયારીવાળા જીવને કષાયરસની ઘણી મંદતા, તથા ચૈતન્યસન્મુખ થવા માટે પરપ્રત્યે વૈરાગ્યપરિણતિ હોય છે; તેના અંતરમાં ચૈતન્યનો રસ વધતો જાય છે ને રાગનો રસ ઘટતો જાય છે. આવો જીવ સ્વરૂપ પ્રગટ કરવા માટે સત્સમાગમે શ્રુતજ્ઞાનથી આત્માનો નિર્ણય કરવાની જ્ઞાનક્રિયા કરે છે. તેને કુદેવ–કુગુરુ–કુધર્મ તરફનો આદર અને તે તરફનું વલણ તો છૂટી જ ગયું છે, તથા વિષયાદિ પરવસ્તુમાં સુખબુદ્ધિ પણ છૂટતી જાય છે, ને ચૈતન્યસુખની મીઠાશ ભાસતી જાય છે. એટલે બધા તરફથી રુચિને હટાવી,

પોતાના સ્વભાવ તરફ રુચિ વાળે છે; વીતરાગી દેવ–ગુરુને બરાબર ઓળખી તેમણે કહેલા આત્મસ્વરૂપનો આદર કરે છે. તેને આ બધું સ્વભાવના લક્ષે થયેલ હોય છે. તેને સત્ દેવ–ગુરુની એવી લગની લાગી છે કે, સત્પુરુષો મારું સ્વરૂપ શું કહે છે તે સમજવાનું જ લક્ષ છે. અહા, અલ્પકાળે મોક્ષ જનાર આત્માર્થી જીવની જ આ વાત છે. બધી વાતની હા–જી–હા ભણે પણ અંદર એક્કેય વાતનો પોતાના જ્ઞાનમાં નિર્ણય કરે નહીં એવા અનિર્ણયી–ડામાડોળ જીવો આત્માને સાધી શકતા નથી. જેમ નાટકના પ્રેમવાળો જીવ નાટકમાં પોતાની પ્રિય વસ્તુને વારંવાર જુએ છે, તેમાં કંટાળતો નથી, તેમ જે ભવ્યજીવને આત્મા વહાલો લાગ્યો છે, આત્માની રુચિ થઈ છે ને આત્માનું હિત કરવા માટે જાગ્યો છે તે વારંવાર રુચિપૂર્વક દરેક વખતે સૂતાં–બેસતાં, ખાતાં–પીતાં, બોલતાં–ચાલતાં, વાંચતાં–વિચારતાં નિરંતર અત્યંત વહાલા એવા ચૈતન્યતત્ત્વને જ દેખવાની ને અનુભવવાની ભાવના કરે છે; સ્વભાવના મહિમાનું લક્ષ એક ક્ષણ પણ તેને છૂટતું નથી, તેને માટે કોઈ કાળની કે ક્ષેત્રની મર્યાદા કરતો નથી. ગમે ત્યાં ને ગમે ત્યારે એ જ વસ્તુનો મહિમા વર્તે છે. સાચા તત્ત્વની રુચિને લીધે તેને બીજા સર્વે કાર્યોની પ્રીતિ ગૌણ થઈ જાય છે, ને એક આત્માને અનુભવવારૂપ કાર્યને જ મુખ્ય ગણીને તેમાં સર્વ શક્તિને જોડે છે.–અરે! આવા જીવને વિષય–કષાયનો રસ ક્યાંથી રહે? કુદેવાદિ પ્રત્યેનો રાગ કે વિષયકષાયોનો તીવ્ર અશુભરાગ ટાળીને, સાચા દેવ–ગુરુ પ્રત્યેની ભક્તિ આદિનો શુભરાગ કરવાનું પણ જે જીવને ઠેકાણું નથી તે જીવ તદ્દન રાગરહિત આત્મસ્વરૂપનો અનુભવ કઈ રીતે કરશે? વીતરાગી ચૈતન્યતત્ત્વ તરફ વળવા માટે ઉદ્યમી જીવને સહેજે તીવ્ર વિષયકષાયો છૂટીને પરિણામ એકદમ શાંત થતા જાય છે.

—સમ્યક્ત્વસન્મુખ થયેલા તે જીવને પોતાની પર્યાયમાં પામરતા ભાસે છે ને સ્વભાવનો કોઈ અચિંત્ય મહિમા ભાસે છે......તે સ્વભાવને પકડવા માટે એકાંતમાં શાંતચિત્તે વારંવાર અંતર્મંથન કરે છે : અહો! મારી ચૈતન્યવસ્તુનો કોઈ અચિંત્ય–અપૂર્વ મહિમા છે; એની નિર્વિકલ્પ પ્રતીતિને કોઈ રાગનું આલંબન નથી; શુભભાવો પૂર્વે અનંતવાર કર્યા છતાં આ

ચૈતન્યવસ્તુ લક્ષમાં ન આવી, માટે તે બધા રાગથી પાર ચૈતન્યવસ્તુ કોઈ અંતરની અદ્ભુત ચીજ છે, —કે જેની સન્મુખના વિચાર પણ આવી શાંતિ આપે છે,–તો એ વસ્તુના સાક્ષાત્ વેદનની શી વાત!—આમ અત્યંત ચાહનાપૂર્વક ચૈતન્યવસ્તુને પકડવાનો ઉદ્યમી વર્તે છે......ને પરિણામને શાંત કરીને આત્મામાં એકાગ્ર કરે છે. –આ સમ્યગ્દર્શનની રીત છે.

પ્રથમ તો આત્માનું કલ્યાણ કરવાની બુદ્ધિ જાગવી જોઈએ કે કોઈ પણ રીતે મારે મારા આત્માનું હિત કરવું છે. તે માટે સત્યધર્મની શોધ, સંસારના અશુભનિમિત્તો પ્રત્યેની આસક્તિમાં મંદતા, બ્રહ્મચર્યાદિનો રંગ, કુદેવાદિના સેવનનો ત્યાગ, સાચા દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ઉલ્લાસ–ભક્તિ, સાધર્મીઓનો પ્રેમ–આદર, સત્યધર્મની પરમ રુચિ અને આત્માની તીવ્ર જિજ્ઞાસા,—આવા ભાવોની ભૂમિકા તે સમ્યક્ત્વ માટેની ક્ષેત્રવિશુદ્ધિ છે; અને અંતરમાં રાગથી ભિન્ન જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને વારંવાર તેનું ઘોલન તે સમ્યક્ત્વ માટેનું બીજ છે. જીવોની દયા પાળવી વગેરે શુભપરિણામવાળા ઘણા જીવો હોય છે પણ તેઓ બધા કાંઈ આત્મજ્ઞાન પામતા નથી, માટે દયા વગેરે શુભપરિણામ તે કાંઈ સમ્યગ્જ્ઞાનનું કારણ નથી.—તો હિંસા, અસત્ય વગેરે પાપભાવોમાં ડૂબેલા જીવોને તો આત્મહિતનો વિચાર જ ક્યાં છે? ભાઈ, આત્માનું હિત તો અશુભ ને શુભ બધાય રાગથી પાર, અંતરના જ્ઞાનાનંદ સ્વભાવના આશ્રયે છે.

સમ્યક્ત્વસન્મુખ જીવ જાણે છે કે, રાગ મારી પર્યાયમાં હોવા છતાં એટલો જ હું નથી. ભૂતાર્થસ્વભાવથી જોતાં રાગ વગરના ચિદાનંદ-સ્વભાવનો મને અનુભવ થશે. જે વખતે ક્ષણિક પર્યાયમાં રાગાદિ છે તે વખતે જ ત્રિકાળી સ્વભાવ આનંદથી પરિપૂર્ણ છે, તે સ્વભાવનો સ્વીકાર અને સત્કાર કરતાં પર્યાયમાં પણ રાગ અને જ્ઞાનની ભિન્નતા અનુભવાય છે; ત્યાં એકલો રાગ નથી વેદાતો, રાગથી જુદું અતીન્દ્રિય જ્ઞાન ને સુખ પણ અનુભવાય છે. રાગ હોય તે અલ્પ દોષ છે, રાગ વગરના સ્વભાવનો આદર હોવાથી તે રાગ છૂટી જશે. પણ રાગને મોક્ષમાર્ગ માને તો તેમાં વીતરાગસ્વભાવનો અનાદર થાય છે એટલે તે તો મિથ્યાત્વરૂપ મહા દોષ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



છે. રાગને જ મોક્ષમાર્ગ માન્યો તો તે રાગથી છૂટો પડીને વીતરાગસ્વભાવને કઈ રીતે સાધશે? માટે પ્રથમ રાગથી અત્યંત જુદા ચૈતન્યસ્વભાવને જાણીને ભેદજ્ઞાન કરવું ને વારંવાર અંતરમાં તેની જુદાઈનો અભ્યાસ કરવો, તે મુમુક્ષુનું કર્તવ્ય છે. આવો જીવ અંતરમાં ચૈતન્યના અનુભવનો એકધારો અભ્યાસ કરતાં અંતર્મુહૂર્તમાં, અથવા વધુમાં વધુ છ મહિનામાં જરૂર આત્માના આનંદને પામે છે. તે જીવ જગતની નકામી પંચાતમાં ક્યાંય રોકાતો નથી, મારા આત્માને હું કેમ દેખું—એમ એક આત્માનો જ અર્થી થઈને તેની જ લગની વડે ઝડપથી મોહ છોડીને ચૈતન્યવિલાસી આત્માને અનુભવે છે.

ભાઈ, દુનિયા શું માને, ને શું કરે, —એ વાત એના ઘરે રહી; આ તો દુનિયાની દરકાર છોડીને પોતે પોતાના આત્માનું હિત કરી લેવાની વાત છે. જેને આત્માની ધૂન લાગે એનું મન દુનિયામાં ક્યાંય ઠરે નહીં. આત્માના અનુભવ વિના ક્યાંય એને જંપ ન વળે. દુનિયાનો રસ છૂટીને આત્મરસની એવી ધૂન ચડી જાય કે ઉપયોગ ઝડપથી પોતામાં એકાગ્ર થઈને સમ્યગ્દર્શન કરી લ્યે. અહાહા! સમ્યગ્દર્શન થતાં આત્મામાં જે મહા આનંદનું વેદન થયું તેની શી વાત! અનંતગુણની અતીન્દ્રિય શાંતિનો દરિયો આત્માના વેદનમાં ઉલ્લસે છે.

**ધન્ય છે એવું સ્વરૂપ સાધનારા જીવોને.**

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# જય હો સમ્યગ્દર્શન–ધર્મનો!

કે જેણે અત્યારે જ મોક્ષસુખનો સ્વાદ ચખાડ્યો છે

અહો મોક્ષાર્થી જીવો! મોક્ષના આનંદમહેલનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન છે.....આવા સમ્યગ્દર્શનને જીવનમાં એક ક્ષણ પણ નકામી ગુમાવ્યા વગર તુરત જ ધારણ કરો. આવો અવસર ફરી ફરી મળવો મોંઘો છે.... માટે ચેતો....જાગૃત થાઓ......ને આત્મહિતના આ અવસરને ઉત્સાહથી વધાવી લ્યો. સમ્યગ્દર્શન વડે તમારું જીવન અચિંત્ય આનંદરૂપ બની જશે.

સમ્યગ્દર્શનનો ઘણો મહિમા બતાવીને તેની અત્યંત પ્રેરણા આપતાં શ્રી ગુરુ કહે છે કે હે ભવ્ય! આ સમ્યગ્દર્શનને ઓળખીને અત્યંત મહિમાપૂર્વક તું તેને શીઘ્ર ધારણ કર.... જરાપણ કાળ નકામો ગુમાવ્યા વગર તું ચેતી જા અને આવા સમ્યગ્દર્શનને ધારણ કર. કેમ કે આ સમ્યગ્દર્શન જ મોક્ષનું પ્રથમ પગથિયું છે; જ્ઞાન કે ચારિત્ર કાંઈ આ સમ્યગ્દર્શન વગર સાચું હોતું નથી. સમ્યગ્દર્શન વગરનાં બધાં જાણપણાં ને બધાં આચરણ તે મિથ્યાજ્ઞાન ને મિથ્યા આચરણ છે. જો સમ્યક્ત્વ વગર જીવન ગુમાવ્યું તો ફરીને આવો નરભવ ને આવા જૈનધર્મનો ઉત્તમયોગ મળવો કઠણ છે. અવસર ગુમાવી દઈશ તો તારા પસ્તાવાનો પાર નહીં રહે. માટે હે ભવ્ય જીવ! તું અત્યંત સાવધાન થઈને ચેતી જા ને અત્યંત ઉદ્યમપૂર્વક શીઘ્ર આવા પવિત્ર સમ્યગ્દર્શનને ધારણ કર.

મોક્ષમહેલમાં ચઢવા માટે રત્નત્રયરૂપ જે સીડી છે તેનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન છે; તેના વગર ઉપરનાં પગથિયાં (શ્રાવકપણું, મુનિપણું વગેરે) હોય નહિ. સીડીનું એક પગથિયું પણ જેનાથી નથી

ચડાતું તે આખી સીડી ચડીને મોક્ષમાં ક્યાંથી પહોંચશે? સમ્યગ્દર્શન વગરની બધી ક્રિયાઓ એટલે કે શુભભાવો તે કાંઈ ધર્મનું પગથિયું નથી, તે તો સંસારમાં ઉતરવાનો રસ્તો છે. રાગને જેણે રસ્તો માન્યો તે તો સંસારના રસ્તે છે. રાગના રસ્તે કાંઈ મોક્ષમાં ન જવાય. મોક્ષનો રસ્તો તો સ્વાનુભવસહિત સમ્યગ્દર્શન છે. આત્માની પૂર્ણ શુદ્ધ વીતરાગદશા તે મોક્ષરૂપી આનંદમહેલ; અંશે શુદ્ધતારૂપ સમ્યગ્દર્શન તે મોક્ષમહેલનું પહેલું પગથિયું. અંશે શુદ્ધતા વગર પૂર્ણ શુદ્ધતાના માર્ગે ક્યાંથી જવાશે? અશુદ્ધતાના માર્ગે ચાલતાં કાંઈ મોક્ષનગર ન આવે.

મોક્ષ શું છે?—મોક્ષ તે કાંઈ ત્રિકાળી દ્રવ્ય કે ગુણ નથી, પણ તે જીવના જ્ઞાનાદિ ગુણોની પૂર્ણ શુદ્ધ અવસ્થારૂપ કાર્ય છે; તેનું પહેલું કારણ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનનું લક્ષ્ય પૂર્ણ શુદ્ધ આત્મા છે, તે પૂર્ણતાના ધ્યેયે પૂર્ણ તરફની ધારા ઊપડે છે; વચ્ચે રાગાદિ હોય, વ્રતાદિ શુભભાવ હોય, પણ સમ્યગ્દૃષ્ટિ તેને આસ્રવ જાણે છે, તે કાંઈ મોક્ષની સીડી નથી. સમ્યક્તા કહો કે શુદ્ધતા કહો, જ્ઞાન-ચારિત્ર વગેરેની શુદ્ધિનું મૂળ સમ્યગ્દર્શન છે. શુભરાગ તે કાંઈ ધર્મનું પગથિયું નથી. રાગનું ફળ સમ્યગ્દર્શન નથી, ને સમ્યગ્દર્શનનું ફળ શુભરાગ નથી; બંને ચીજો જ જુદી છે.

આત્મા શાંત-વીતરાગસ્વભાવ છે; તે પુણ્ય વડે, રાગ વડે, વ્યવહાર વડે પ્રાપ્ત થતો નથી એટલે કે અનુભવમાં આવતો નથી; પણ સીધો પોતે પોતાના ચેતનભાવ વડે અનુભવમાં આવે છે; આવો અનુભવ થાય ત્યારે સમ્યગ્દર્શન થાય ને ત્યારે મોક્ષમાર્ગ ઊઘડે. અનંત જન્મ-મરણના નાશના ઉપાયમાં ને મોક્ષના પરમ આનંદની પ્રાપ્તિમાં સમ્યગ્દર્શન જ પહેલું પગથિયું છે. તેના વગર જ્ઞાનનું જાણપણું કે શુભરાગની ક્રિયાઓ તે બધું નિરર્થક છે, ધર્મનું ફળ તેના વડે જરાય આવતું નથી માટે તે નિરર્થક છે. નવતત્ત્વોની એકલી વ્યવહારશ્રદ્ધા, જાણપણું કે પંચમહાવ્રતાદિ શુભઆચાર, તે કોઈ રાગ આત્માના સમ્યગ્દર્શન માટે જરાય કારણરૂપ નથી; વિકલ્પની મદદ વડે નિર્વિકલ્પતા કદી પમાતી નથી. સમ્યક્ત્વાદિની ભૂમિકામાં તેને યોગ્ય

વ્યવહાર હોય છે એટલી તેની મર્યાદા છે. પણ તે વ્યવહાર છે માટે તેને લઈને નિશ્ચય છે–એમ નથી. વ્યવહારના જેટલા વિકલ્પો છે તે બધાય આકુળતા અને દુઃખ છે, આત્માના નિશ્ચય–રત્નત્રય જ સુખરૂપ અનાકુળ છે. જ્ઞાનીનેય વિકલ્પ તે દુઃખ છે, વિકલ્પ વડે કાંઈ આત્માનું કાર્ય જ્ઞાનીને થતું નથી; તે વખતે જ તેનાથી ભિન્ન એવા નિશ્ચય શ્રદ્ધા–જ્ઞાનાદિ પોતાના આત્માના અવલંબને તેને વર્તે છે અને તે જ મોક્ષમાર્ગ છે. આવા નિરપેક્ષ નિશ્ચયસહિત જે વ્યવહાર હોય તે વ્યવહાર વ્યવહાર તરીકે સાચો છે.

સમ્યગ્દર્શન વગર જ્ઞાન કે ચારિત્રમાં સાચાપણું આવતું નથી, એટલે જૂઠાપણું રહે છે. સમ્યગ્દર્શન વગર બધુંય ખોટું?–હા, મોક્ષને માટે તો બધુંય નિરર્થક, ધર્મને માટે બધું નકામું; શાસ્ત્રજ્ઞાનની વાત કરીને ગમે તેટલું લોકરંજન કરે, ધારાવાહી ભાષણમાં ન્યાયોની ઝપટ બોલાવે, કે વ્રતાદિ આચરણરૂપ ક્રિયાઓ વડે લોકમાં વાહ–વાહ થાય, પણ સમ્યગ્દર્શન વગર તેનું જ્ઞાન ને આચરણ બધુંય મિથ્યા છે, તેમાં જરાય આત્માનું હિત નથી; તેમાં માત્ર લોકરંજન છે, આત્મરંજન નથી, આત્માનું સુખ નથી.

વ્યવહાર શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર તે બધાય સમ્યગ્દર્શન વગર કેવાં છે?—તો કહે છે કે તે **सम्यकता न लहे** એટલે કે સાચાં નથી પણ ખોટાં છે, તેના વડે મોક્ષમાર્ગ જરાય સધાતો નથી. સમ્યગ્દર્શનપૂર્વક જ સાચાં જ્ઞાન–ચારિત્ર હોય છે ને મોક્ષમાર્ગ સધાય છે; માટે તે ધર્મનું મૂળ છે.

અહો, આવા પવિત્ર સમ્યગ્દર્શનને હે ભવ્ય જીવો! તમે ધારણ કરો, બહુમાનથી તેની આરાધના કરો. હે સૂજ્ઞ સમજુ આત્મા! તું સમજ, તું ચેતી જા, તું સાવધાન થા, અને પ્રમાદ વગર શીઘ્ર સમ્યગ્દર્શન પ્રગટ કર. સમ્યગ્દર્શનનો આ ઉત્તમ અવસર છે, ફરી ફરી આવો અવસર મળવો દુર્લભ છે. માટે આવો ઉત્તમ ઉપદેશ સાંભળીને, એક ક્ષણ પણ ગુમાવ્યા વગર અત્યારે જ અંતરમાં પોતાના શુદ્ધ આત્માની અખંડ અનુભૂતિસહિત શ્રદ્ધા કરીને સમ્યગ્દર્શનના આનંદમય દીવડા પ્રગટાવ. હે

ભવ્ય! હે સુખના અભિલાષી મુમુક્ષુ! સુખ માટે તું આવા ઉત્તમ કાર્યને શીઘ્ર કર.—

'રે આત્મ તારો, આત્મ તારો! શીઘ્ર એને ઓળખો.'

પરદ્રવ્યથી ભિન્ન આત્માની રુચિ તે સમ્યગ્દર્શન છે. મોક્ષાર્થીએ પહેલાં આવું સમ્યગ્દર્શન જરૂર પ્રગટ કરવું જોઈએ. જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા હું છું;—આ શરીરાદિ અજીવ હું નથી; રાગાદિ આસ્રવ પણ હું નથી;—આ રીતે દેહાદિથી તથા રાગાદિથી ભિન્ન પોતાના આત્માની અનુભૂતિ કરતાં સમ્યગ્દર્શન થાય છે. ને સમ્યગ્દર્શન થયું ત્યારે શાસ્ત્રભણતર કે સંયમ ન હોય તો પણ મોક્ષમાર્ગ શરૂ થઈ જાય છે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે—

**'અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને ક્ષણમાત્રમાં જાત્યંતર કરીને જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર.'**

આવા સમ્યગ્દર્શનનું સાચું સ્વરૂપ જીવ અનંતકાળમાં સમજ્યો નથી ને વિકારને જ આત્મા માનીને તેના જ અનુભવમાં રોકાઈ ગયો છે. બહુ તો પાપ છોડીને શુભરાગમાં આવ્યો, પરંતુ શુભરાગ પણ અભૂતાર્થધર્મ છે, તે કાંઈ મોક્ષનું કારણ નથી, ને તેના અનુભવથી કાંઈ સમ્યગ્દર્શન થતું નથી. **भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी** છે. બધા તત્ત્વોનો સાચો નિર્ણય સમ્યગ્દર્શનમાં સમાય છે. ચૈતન્યપ્રકાશી સૂર્ય આત્મા છે, તેના કિરણોમાં રાગાદિ અંધારા નથી; શુભાશુભરાગ તે જ્ઞાનનું સ્વરૂપ નથી. આવા રાગરહિત જ્ઞાનસ્વભાવને જાણીને તેની પ્રતીત અને અનુભૂતિ કરવી તે અપૂર્વ સમ્યગ્દર્શન છે, તે સર્વનો સાર છે.

પરમાત્મપ્રકાશમાં કહે છે કે અનંતકાળથી સંસારમાં રખડતો જીવ બે વસ્તુ પામ્યો નથી—એક તો જિનવરસ્વામી, અને બીજું સમ્યક્ત્વ; બહારમાં તો જિનવરસ્વામી મળ્યા પણ પોતે તેનું ખરૂં સ્વરૂપ ન ઓળખ્યું, માટે તેને જિનવરસ્વામી મળ્યા નથી—એમ કહ્યું. જિનવરનું

સ્વરૂપ ઓળખતાં સમ્યગ્દર્શન થાય જ. સમ્યગ્દર્શન વગરના જ્ઞાન–ચારિત્રને ભગવાનના માર્ગની એટલે કે સચ્ચાઈની છાપ મળતી નથી. સમ્યગ્દર્શન વડે શુદ્ધઆત્માને શ્રદ્ધામાં લીધો ત્યારે જ્ઞાન સાચું થયું, ને આવા શ્રદ્ધા–જ્ઞાન વડે અનુભવમાં લીધેલા પોતાના શુદ્ધાત્મામાં લીન થતાં ચારિત્ર પણ સાચું થયું. માટે કહ્યું કે મોક્ષમહલકી પરથમ સીડી.....સમ્યક્ ધારો ભવ્ય પવિત્રા. ધર્મનું પહેલું પગથિયું પુણ્ય નથી પણ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વગર પુણ્ય પણ અનંતવાર જીવ કરી ચૂક્યો પણ તે સંસારનું જ કારણ થયું, ધર્મનું કારણ જરાપણ ન થયું. ધર્મ અને મોક્ષનું કારણ સમ્યગ્દર્શન જ છે. સમ્યગ્દર્શન કરી કરીને અનંતા જીવો મોક્ષમાં પધાર્યા છે; સમ્યગ્દર્શન વગર કોઈ જીવ મોક્ષને પામ્યો નથી.

આત્મા શું છે તેને જાણ્યા વગર જે રાગને જ આત્મા માને છે તેને સમ્યગ્દર્શન નથી, સમ્યગ્દર્શન વગર જ્ઞાન નથી ને ચારિત્ર પણ નથી. સમ્યગ્દર્શન સહિત જ જ્ઞાન ને ચારિત્ર શોભે છે. માટે હે ભવ્ય! આવા પવિત્ર સમ્યક્ત્વને એટલે નિશ્ચય સમ્યક્ત્વને તું શીઘ્ર ધારણ કર; કાળ ગુમાવ્યા વગર આવું સમ્યક્ત્વ પ્રગટ કર. આત્મબોધ વગર શુભરાગથી તો માત્ર પુણ્યબંધન છે, તેમાં મોક્ષમાર્ગ નથી, અને સમ્યગ્દર્શન પછી પણ કાંઈ રાગ તે મોક્ષનો માર્ગ નથી. રાગ વગરના જે રત્નત્રય તે જ મોક્ષમાર્ગ છે; જેટલો રાગ છે તેટલું તો બંધન છે. વ્યવહારસમ્યગ્દર્શન તે રાગ છે, વિકલ્પ છે, તે પવિત્ર નથી, નિશ્ચય સમ્યગ્દર્શન તે પવિત્ર છે, વીતરાગ છે, નિર્વિકલ્પ છે. વિકલ્પથી જુદો પડીને, ચેતના વડે જ્ઞાનાનંદસ્વરૂપ આત્માના અનુભવપૂર્વક પ્રતીત કરવી તે સાચું સમ્યક્ત્વ છે, તે મોક્ષનું સોપાન છે. માટે શુદ્ધાત્માને અનુભવમાં લઈને આવા સમ્યક્ત્વને ધારણ કરવાનો ઉપદેશ છે. હે જીવો! આવો સરસ સમ્યક્ત્વનો મહિમા સાંભળીને હવે તમે જાગો, જાગીને ચેતો! સાવધાન થાઓ! ને આવા પવિત્ર સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજીને પોતાના પુરુષાર્થ વડે તેને ધારણ કરો. તેમાં પ્રમાદ ન કરો. આ દુર્લભ અવસરમાં સમ્યગ્દર્શન જ પ્રથમ કર્તવ્ય છે. ફરી ફરી આવો અવસર મળવો મુશ્કેલ

છે. સમ્યગ્દર્શન ન કર્યું તો આ દીર્ઘસંસારમાં જીવનો ક્યાંય પત્તો ખાય તેમ નથી. માટે હે શાણા સમજુ જીવો! તમે ઉદ્યમ વડે શીઘ્ર સમ્યગ્દર્શનને ધારણ કરો. સાવધાન થઈને તમારી સ્વપર્યાયને સંભાળો! તેને અંતર્મુખ કરીને સમ્યગ્દર્શનરૂપ કરો. તમારી પર્યાયના કર્તા તમે છો; ભગવાન તમારી પર્યાયના દેખનાર છે પણ કાંઈ કરનાર નથી, કર્તા તો તમે જ છો. માટે તમે પોતે આત્માના ઉદ્યમ વડે શીઘ્ર સમ્યગ્દર્શન-પર્યાયરૂપ પરિણમ્યો.

પોતાનો આત્મા શું છે તેને જાણ્યા વગર અનંતવાર જીવ સ્વર્ગમાં ગયો પણ ત્યાં જરાય સુખ ન પામ્યો, સંસારમાં જ રખડ્યો. સુખનું કારણ તો આત્મજ્ઞાન છે. અજ્ઞાનીને કરોડો જન્મના તપથી જે કર્મો ખપે છે તે જ્ઞાનીને આત્મજ્ઞાન વડે એકક્ષણમાં ખપી જાય છે. તેથી કહ્યું છે કે 'જ્ઞાનસમાન ન આન જગતમેં સુખકો કારણ.' ત્રણલોકમાં સમ્યગ્દર્શન સમાન સુખકારી બીજું કોઈ નથી. આત્માના સમ્યગ્દર્શન–જ્ઞાન વગર જીવને સુખનો છાંટોય અનુભવમાં ન આવે, એટલે કે ધર્મ ન થાય. માટે હે સમજદાર જીવો! તમે આ સાંભળીને સમજીને ચેતો, ને શીઘ્ર સમ્યગ્દર્શન ધારણ કરીને આત્મહિત કરો. આ તમારા હિતના ટાણાં આવ્યા છે. તમે કાંઈ મૂર્ખ નથી, તમે તો સમજદાર જ્ઞાનના ભંડાર છો; માટે ચેતીને સમજો, ને સમ્યગ્દર્શનને ધારણા કરો. આ સમ્યક્ત્વની પ્રાપ્તિનો અવસર છે, તેને વૃથા ન ગુમાવો.

જે સમજદાર છે, જે આત્મા ભવદુ:ખથી છૂટવા માટે ને મોક્ષસુખના અનુભવ માટે સમ્યક્ત્વનો પિપાસુ છે, એવા ભવ્ય જીવને સંબોધીને સમ્યગ્દર્શનની પ્રેરણા આપે છે. પ્રભુ! આ તારા હિતનાં ટાણાં છે. તું કાંઈ મૂઢ નથી પણ સમજુ છો, શાણો છો, હિત–અહિતનો વિવેક કરનાર છો, જડ–ચેતનનો વિવેક કરનાર છો; માટે તું શ્રીગુરુનો આ ઉત્તમ ઉપદેશ સાંભળીને હવે તરત સમ્યગ્દર્શન ધારણ કર. આટલે સુધી આવીને હવે વિલંબ ન કર. દેહાદિથી ભિન્ન આત્માનો અનુભવ કર, તેનો ઊંડો ઉદ્યમ કર.

**समज! सुन! चेत! सयाने!** હે શાણા જીવ! તું સાંભળ, સમજ ને સાવધાન થા. ચેતીને વિલંબ વગર સમ્યક્ત્વને ધારણ કર. એકલું સાંભળીને ન અટક, પણ તે સમજી સાવધાન થા, ને તારી જ્ઞાનચેતા વડે તારા શુદ્ધ આત્માને ચેત....તેનો અનુભવ કર. સર્વજ્ઞ પરમાત્મામાં જે છે તે બધુંય તારા આત્મામાં પણ છે—એમ જાણી, પ્રતીત કરી, સ્વાનુભવ કર. મૃગની માફક બહારમાં ન ઢૂંઢ; અંદરમાં છે તેને અનુભવમાં લે.

અરે! સંસારમાં રૂલતાં રૂલતાં અનંતકાળે માંડમાંડ આ મનુષ્યઅવતાર મળ્યો, તેમાંય આવો જૈનધર્મ ને સત્સંગ મળ્યો, સમ્યગ્દર્શનનો આવો ઉત્તમ ઉપદેશ મળ્યો, તો હવે કોણ એવો મૂર્ખ હોય કે આવો અવસર નકામો ગુમાવે? ભાઈ! કાળ ગુમાવ્યા વગર અંતરમાં ઉદ્યમ વડે તું નિર્મળ સમ્યગ્દર્શનને ધારણ કર. ચાર ગતિનાં દુઃખ તેં ઘણાં સહ્યાં, હવે એ દુઃખથી છૂટવા આત્માની આ વાત સાંભળ. સમ્યગ્દર્શનની આવી ઉત્તમ વાત સાંભળીને હવે તું જાગૃત થા ને તરત સમ્યગ્દર્શન પ્રગટ કર. આ તારો સમજવાનો કાળ છે, સમ્યગ્દર્શનનો અવસર છે, માટે અત્યારે જ સમ્યગ્દર્શન ધારણ કર! જુઓ, કેવું સંબોધન કર્યું છે! ભોગભૂમિમાં ઋષભદેવના જીવને સમ્યગ્દર્શન માટે ઉપદેશ આપીને મુનિરાજે પણ એમ કહ્યું હતું કે હે આર્ય! હમણાં અત્યારે જ તું આ સમ્યક્ત્વને ગ્રહણ કર. તને સમ્યક્ત્વની પ્રાપ્તિનો આ કાળ છે. અને ખરેખર તે જીવે તત્ક્ષણે જ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું. એ રીતે અહીં પણ કહે છે કે હે ભવ્ય! વિલંબ વગર હમણાં જ તું સમ્યક્ત્વને ધારણ કર! અને સુપાત્ર જીવ જરૂર સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે.

હે જીવ! જેટલો ચૈતન્યભાવ છે તેટલો જ તું છો. અજીવથી તારો આત્મા ભિન્ન છે, રાગાદિ મમતાથી પણ આત્માનો સ્વભાવ ભિન્ન છે; આ આત્માના ભાન વગર અનંતકાળ વ્યર્થ ગુમાવ્યો, પણ હવે આ ઉપદેશ સાંભળ્યા પછી તું એક ક્ષણ પણ ન ગુમાવીશ. તરત અંદરમાં સમ્યગ્દર્શનનો ઉદ્યમ કરજે. એકેક ક્ષણ અત્યંત કિંમતી છે. ઊંચા

મણિરત્ન કરતાંય મનુષ્યપણું મોંઘું છે અને તેમાંય આ સમ્યગ્દર્શનરત્નની પ્રાપ્તિ મહા દુર્લભ છે. અનંતવાર મનુષ્ય થયો ને સ્વર્ગમાંય ગયો પણ સમ્યગ્દર્શન ન પામ્યો. આમ જાણીને હવે તું નકામો કાળ ગુમાવ્યા વગર સમ્યગ્દર્શન પ્રગટ કર. તું ઉદ્યમ કર ત્યાં તારી કાળલબ્ધિ આવી જ ગયેલી છે. પુરુષાર્થથી કાળલબ્ધિ જુદી નથી. માટે હે ભાઈ! આ અવસરમાં આત્માને સમજીને તેની શ્રદ્ધા કર! બીજા નકામા કાર્યોમાં સમય ન ગુમાવ.

પરનાં કામ તારાં નથી ને પરચીજ તારા કામની નથી. આનંદકંદ આત્મા જ તારો છે, તેને જ કામમાં લે, શ્રદ્ધા–જ્ઞાનમાં લે. પરચીજ કે પુણ્ય–પાપ તારા હિતના કામમાં નહીં આવે; તારો જ્ઞાનાનંદસ્વભાવ શ્રદ્ધામાં લે, તે જ તને મોક્ષને માટે કામમાં આવશે. સમયસારમાં આત્માને ભગવાન કહીને બોલાવ્યો છે. જેમ માતા પારણું ઝુલાવે ને હાલરડું ગાય કે 'મારો દીકરો ડાહ્યો.....' તેમ જિનવાણી માતા કહે છે કે હે જીવ! તું ડાહ્યો એટલે શાણો સમજદાર છો. માટે હવે મોહ છોડીને તું જાગ, ચેત......ને તારા આત્મસ્વભાવને દેખ. આત્માના સ્વભાવનું સમ્યક્દર્શન તે મોક્ષનું દાતા છે. સમ્યગ્દર્શન થયું એટલે મોક્ષ જરૂર થવાનો. તારા ગુણનાં ગાણાં ગાઈને સંતો તને જગાડે છે.....ને સમ્યગ્દર્શન પમાડે છે. 'વાહ! જ્ઞાની–સંતોનો કેવો અચિંત્ય અપૂર્વ ઉપકાર છે!'

આત્મા અખંડ જ્ઞાનદર્શનસ્વરૂપ છે તે પવિત્ર છે; પુણ્ય-પાપ તો મેલાં છે, સ્વ–પરને જાણવાની તાકાત તેનામાં નથી, ને ભગવાન આત્મા તો પોતે પોતાને તેમ જ પરને પણ જાણે એવો ચેતકસ્વભાવી છે.—આવા આત્માની સન્મુખ થઈને તેની શ્રદ્ધા અને અનુભવ કરતાં જે સમ્યગ્દર્શન થયું તેનો મહાન પ્રતાપ છે. સમ્યગ્દર્શન વગરનું બધું તો એકડા વગરના મીંડાં જેવું છે, ધર્મમાં તેની કાંઈ કિંમત નથી. સમ્યગ્દષ્ટિને અંદર ચૈતન્યના શાંતરસનું વેદન છે. અહા, એ શાંતિના અનુભવની શી વાત? શ્રેણીકરાજા અત્યારે નરકમાં રહ્યા છતાં સમ્યગ્દર્શનના પ્રતાપે ત્યાંના

દુઃખથી ભિન્ન એવા ચૈતન્યસુખનું વેદન પણ તેમને વર્તી રહ્યું છે. પહેલાં મિથ્યાત્વદશામાં મહાપાપથી તેમણે સાતમી નરકનું અસંખ્ય વર્ષોનું આયુ બાંધી લીધું, પણ પછી મહાવીરપ્રભુના સમવસરણમાં તેઓ ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા ને સાતમી નરકનું આયુ તોડીને પહેલી નરકનું અને તે પણ માત્ર ૮૪૦૦૦ વર્ષનું કરી નાંખ્યું. તેઓ રાજગૃહીના રાજા ગૃહસ્થાશ્રમમાં અવ્રતી હતા છતાં ક્ષાયિક સમ્યગ્દર્શન પામ્યા; નરકગતિ ન ફરી પણ તેની સ્થિતિ તોડીને અસંખ્યાતમાં ભાગની કરી નાંખી. નરકની ઘોર યાતનાઓ વચ્ચે પણ તેનાથી અલિપ્ત એવી સમ્યગ્દર્શન–પરિણતિનું સુખ તે આત્મા વેદી રહ્યો છે,–'બાહર નારકીકૃત દુઃખ ભોગે, અંતર સુખરસ ગટાગટી.' આ રીતે સમ્યગ્દર્શન સહિત જીવ નરકમાં પણ સુખી છે; ને સમ્યગ્દર્શન વગર તો સ્વર્ગમાં પણ જીવ દુઃખી છે. તેથી પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે સમ્યગ્દર્શન સહિત તો નરકવાસ પણ ભલો છે ને સમ્યગ્દર્શન વગરનો દેવલોકમાં વાસ પણ ઈષ્ટ નથી, એટલે કે જીવને સર્વત્ર સમ્યગ્દર્શન જ ઈષ્ટ છે, ભલું છે, સુખકર છે; એના વિના ક્યાંય જીવને સુખ નથી. સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આત્મરસનું વેદન છે; દેવોના અમૃતમાં પણ તે આત્મરસનું સુખ નથી. મનુષ્યજીવનની સફળતા સમ્યગ્દર્શનથી જ છે; સ્વર્ગ કરતાંય સમ્યગ્દર્શન શ્રેષ્ઠ છે.......ત્રણલોકમાં સમ્યગ્દર્શન શ્રેષ્ઠ છે. જ્ઞાન અને ચારિત્ર પણ સમ્યગ્દર્શન સહિત હોય ત્યારે જ શ્રેષ્ઠતાને પામે છે.

નરકમાં પણ શ્રેણીકને ભિન્ન આત્માનું ભાન છે ને સમ્યક્ત્વના પ્રતાપે નિર્જરા થયા કરે છે; તથા ત્યાં પણ નિરંતર તેમને તીર્થંકરપ્રકૃતિ બંધાયા કરે છે. નરકમાંથી નીકળીને તેઓ ભરતક્ષેત્રમાં હવેની ચોવીશીમાં પહેલા તીર્થંકર થશે. તેમના ગર્ભાગમન પહેલાં છ મહિને અહીં ઈંદ્ર–ઈંદ્રાણી તેમના માતા–પિતાની સેવા કરવા આવશે ને રત્નવૃષ્ટિ કરશે; તે તો હજી નરકમાં હશે. પછી માતાના પેટમાં આવશે ત્યારે પણ સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન સહિત હશે, તેમ જ અવધિજ્ઞાન પણ હશે. હું દેહ નહીં, નારકી હું નહીં, દુઃખ હું નહીં, આ દેહના છેદન-ભેદનથી

મારો આત્મા છેદાતો ભેદાતો નથી, હું તો ચૈતન્યસુખનો અખંડ પિંડ શાશ્વત છું—આવી આત્મશ્રદ્ધા નરકમાંય તેને સદાય વર્તે છે, ને તે મોક્ષમહેલની સીડી છે. નરકમાં હોવા છતાં સમ્યગ્દર્શનના પ્રતાપે તે આત્મા મોક્ષના માર્ગમાં જ પરિણમી રહ્યો છે. અહો, સમ્યગ્દર્શનનો કોઈ અચિંત્ય અદ્ભુત મહિમા છે. આવા સમ્યગ્દર્શનને ઓળખીને હે જીવો! તમે પોતામાં તેની આરાધના કરો.

રે જીવ! દુનિયા દુનિયામાં રહી; તું તારું આત્મભાન કરીને તારા હિતને સાધી લે. સમ્યગ્દર્શન શું છે તેની દુનિયાને ખબર નથી; સમ્યગ્દર્શન બીજાને ઈંદ્રિયજ્ઞાનથી દેખાય તેવું નથી. અહા, સમ્યગ્દર્શન થયું ત્યાં આત્મામાં મોક્ષનો સિક્કો લાગી ગયો, ને પરમ સુખનું નિધાન ખુલી ગયું. એનો તો જે અનુભવ કરે એને ખરી ખબર પડે. હાથમાં આવેલ ચિંતામણિને કોઈ મૂર્ખ દરિયામાં ફેંકી દે તો ફરી તે હાથમાં આવવો જેમ મુશ્કેલ છે, તેમ ચિંતામણિ જેવો આ મનુષ્યઅવતાર જો સમ્યગ્દર્શન વગર ગુમાવી દીધો તો ભવના દરિયામાં ફરીને તેની પ્રાપ્તિ થવી બહુ કઠણ છે; માટે આ દુર્લભ અવસરમાં બીજી બધી પંચાત છોડીને સમ્યગ્દર્શન કરી લેવા જેવું છે. આ અવસર ચુકવા જેવું નથી.

આવું સમ્યગ્દર્શન જેનું મૂળ છે—એવો વીતરાગીધર્મ **'दंसणमूलो धम्मो'**—જિનવરદેવે ઉપદેશ્યો છે. અઢી હજાર વર્ષ પહેલાં મહાવીરતીર્થંકર આ ભરતક્ષેત્રમાં એવો જ ઉપદેશ દેતા હતા ને તે સાંભળીને અનેક જીવો સમ્યક્ત્વ પામતા હતા; અત્યારે સીમંધરાદિ તીર્થંકર ભગવંતો વિદેહક્ષેત્રમાં એવો જ ઉપદેશ આપે છે, ને તે ઝીલીને કેટલાય જીવો સમ્યગ્દર્શન પામે છે. અત્યારે અહીં પણ આવું સમ્યગ્દર્શન પામી શકાય છે. દરેક આત્માર્થી જીવે આવું ઉત્તમ કલ્યાણકારી સમ્યગ્દર્શન અવશ્ય કરવું જોઈએ. માટે હે વિવેકી આત્મા! તું આ અવસરમાં સમ્યગ્દર્શનનું આવું માહાત્મ્ય સાંભળીને સાવધાન થા ને સમ્યગ્દર્શન પ્રાપ્ત કર.....અનુભવી જ્ઞાની પાસેથી સમજીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું—તે આ મનુષ્યજીવનનું અમૂલ્ય કાર્ય છે, તેના વગર જીવનને વ્યર્થ ન ગુમાવ.

શરીર ને આત્મા ભિન્ન છે, રાગ ને આત્મા ભિન્ન છે; શરીર અને રાગ વગરનું તારું ચૈતન્યતત્ત્વ અખંડ એવું ને એવું તારામાં છે. ચૈતન્યમય તારા સ્વતત્ત્વને પરથી ભિન્ન દેખીને પ્રસન્નતા વડે અનુભવમાં લે, ને મોક્ષમાર્ગમાં આવી જા. લાખ–કરોડ રૂપિયા દેતાંય જેની એક ક્ષણ મળવી મુશ્કેલ છે એવું આ મનુષ્યજીવન વૃથા ન ગુમાવ. મનુષ્યપણાની શોભા સમ્યગ્દર્શનથી છે માટે આ જન્મમાં સમ્યગ્દર્શન પ્રગટ કરી લે, જેથી આત્મામાં મોક્ષમાર્ગ શરૂ થઈ જાય. અમૂલ્ય જીવનમાં તેનાથી પણ અમૂલ્ય એવું સમ્યગ્દર્શન પ્રાપ્ત કર. કરોડો રૂપિયા કે કુટુંબ તે કોઈ શરણ નથી, પુણ્ય પણ શરણ નથી, સમ્યગ્દર્શન જ શરણ છે; તે સમ્યગ્દર્શન વડે જ જીવનની સફળતા ને જીવની શોભા છે. આવો સારો યોગ પુનઃપુનઃ નથી મળતો, માટે તેમાં સમ્યગ્દર્શન જરૂર પ્રગટ કરો.

અંતમાં ફરીને કહીએ છીએ કે હે જીવ! આત્માને સમજીને શ્રદ્ધા કરવાનો અવસર આવ્યો છે તેને વધાવી લેજે. ભાઈ, આત્માનુ સ્વરૂપ સમજીને હિત કરવા જેટલો ઉઘાડ તને થયો છે, તો તે ઉઘાડને પરમાં (સંસારનાં કાર્યોમાં) વ્યર્થ ન ગુમાવ. તેને આત્મામાં લગાવ. ઉપયોગને અંતર્મુખ કરીને વીતરાગવિજ્ઞાન પ્રગટ કર. તારી બુદ્ધિને આત્મામાં જોડીને સમ્યગ્દર્શન પ્રગટ કર. તું પોતે શુદ્ધ ચૈતન્યમૂર્તિ છો. બીજું તને શું કહીએ?

ચેત! ચેત! ચેત!

# પરમાત્માનો પુત્ર

અહો, સમ્યગ્દૃષ્ટિ તો પરમાત્માનો પુત્ર થઈ ગયો, સાધક થઈને તે સર્વજ્ઞપરમાત્માના ખોળે બેઠો; હવે તેને કેવળજ્ઞાન-વારસો લેવાની તૈયારી છે. મોક્ષમહેલની સીડી ઉપર ચડવાનું તેણે શરૂ કરી દીધું છે. તેની દશાનું આ વર્ણન છે.

સમ્યક્ત્વનો અપાર મહિમા બતાવીને શ્રીગુરુ કહે છે કે અહો! આવા પવિત્ર સમ્યગ્દર્શનને બહુમાનથી ધારણ કરો. જરાપણ કાળ નકામો ગુમાવ્યા વિના, પ્રમાદ છોડીને, અંતરમાં શુદ્ધાત્માનો અનુભવ કરીને સમ્યગ્દર્શનને ધારણ કરો. દેવો પણ સમ્યગ્દૃષ્ટિની પ્રશંસા કરે છે કે—

**વાહ! ધન્ય તમારો અવતાર ને ધન્ય તમારી આરાધના!**
**ભવનો કર્યો અભાવ......એવો ધન્ય તમારો અવતાર!**
**સમ્યગ્દર્શન વડે તમારો માનવજન્મ તમે સફળ કર્યો!**
**તમે જિનેશ્વરના પુત્ર થયા, તમે મોક્ષના સાધક થયા.**

ઈન્દ્ર પોતે સમ્યગ્દૃષ્ટિ છે, અવધિજ્ઞાની છે, સમકિતનો મહિમા પોતે અંદર અનુભવ્યો છે એટલે અસંયમી મનુષ્યના કે તિર્યંચના પણ સમકિતની તે પ્રશંસા કરે છે. ભલે વસ્ત્ર હોય, પરિગ્રહ હોય, તેથી કાંઈ સમ્યગ્દર્શનરત્નની કિંમત ઘટી ન જાય. ચીંથરે વીંટેલું રત્ન હોય તેની કિંમત કાંઈ ઘટી ન જાય, તેમ ગૃહસ્થનું સમ્યગ્દર્શનરૂપી રત્ન અસંયમરૂપી મેલી ચીંથરે વીંટેલું હોય તેથી કાંઈ તેની કિંમત ઘટી ન જાય. સમ્યગ્દર્શનને લીધે તે ગૃહસ્થ પણ મોક્ષનો પંથી છે.

સમ્યગ્દૃષ્ટિ આત્માના આનંદમાં રહેનાર છે; જ્યાં આત્માના

આનંદનો સ્વાદ ચાખ્યો ત્યાં જગતના વિષયોનો પ્રેમ તેને ઊડી ગયો છે; એની દશા કોઈ પરમ ગંભીર છે, તે બહારથી ઓળખાય તેવી નથી. એકલો ચિદાનંદ સ્વભાવ અનુભવીને જેણે ભવનો અભાવ કર્યો છે તે સમકિતનો અચિંત્ય મહિમા છે; અનાદિના દુઃખનો નાશ કરીને અપૂર્વ મોક્ષસુખને તે દેનાર છે; અનંતકાળમાં જે નહોતું કર્યું તે તેણે કર્યું. આવા સમકિતનું સ્વરૂપ ને તેનો મહિમા તો અંદર સમાય છે; કાંઈ દેવો દ્વારા પૂજાને લીધે તેનો મહિમા નથી, તેનો મહિમા તો અંદર પોતાના આત્માની અનુભૂતિથી છે. એ અનુભૂતિનો મહિમા તો વચનાતીત છે.

જેને રાગમાં એકત્વ છે એવા મિથ્યાદષ્ટિ–મહાવ્રતી કરતાં તો રાગથી ભિન્ન ચૈતન્યને અનુભવનાર સમકિતી અવ્રતી પણ પૂજ્ય છે–મહિમાવંત છે–પ્રશંસનીય છે. અહો! તમે આત્માનાં કામ કર્યાં, આત્માની અનુભૂતિ વડે તમે ભગવાનના માર્ગમાં આવ્યા;–એમ ઈન્દ્રને પણ પોતાના સાધર્મી તરીકે તેના પ્રત્યે પ્રેમ આવે છે. આવા મનુષ્યદેહમાં પંચમકાળની પ્રતિકૂળતા વચ્ચે પણ તમે આત્માને સાધ્યો.....તમને ધન્ય છે–એમ ‘સુરનાથ જજે હૈ’ એટલે કે સમ્યક્ત્વનું બહુમાન કરે છે, અનુમોદન કરે છે, પ્રશંસા કરે છે. શ્રી કુંદકુંદસ્વામી જેવા વીતરાગી સંત પણ અષ્ટપ્રાભૃતમાં કહે છે કે—

‘સમ્યક્ત્વ સિદ્ધિકર અહો સ્વપ્નેય નહીં દૂષિત છે,
તે ધન્ય છે, કૃતકૃત્ય છે, શૂરવીર ને પંડિત છે.’

શ્રી સમન્તભદ્રસ્વામી રત્નકરંડશ્રાવકાચારમાં કહે છે કે—ભલે ચંડાળશરીરમાં ઊપજ્યો હોય તોપણ જે જીવ સમ્યક્દર્શનસંપન્ન છે તેને ગણધરદેવ ‘દેવ’ કહે છે; ભસ્મથી ઢંકાયેલા તેજસ્વી અંગારની જેમ તે જીવ સમ્યક્ત્વ વડે શોભે છે. સમ્યગ્દષ્ટિ તિર્યંચપર્યાયમાં હોય કે સ્ત્રીપર્યાયમાં હોય તોપણ સમ્યક્ત્વના પ્રતાપે તે શોભે છે. તિર્યંચપર્યાય ને સ્ત્રીપર્યાય લોકમાં સામાન્યપણે નિંદનીય છે, પણ જો સમ્યગ્દર્શન-સહિત હોય તો તે પ્રશંસનીય છે, તેણે સ્વાનુભવ વડે સ્વ–પરની

વહેંચણી કરી નાંખી છે કે જ્ઞાનાનંદસ્વરૂપ જ હું, ને શુદ્ધાત્માના વિકલ્પથી માંડીને આખી દુનિયા તે પર;–આવી દૃષ્ટિનો અપાર મહિમા છે, તેનું અપાર સામર્થ્ય છે, તેમાં અનંત કેવળજ્ઞાનના પૂંજ આત્માનો જ આદર છે. અહા, એની અંદરની પરિણમનધારામાં એણે આનંદમય સ્વઘર જોયું છે. તે પોતાના આનંદઘરમાં જ રહેવા ઈચ્છે છે; રાગને પરઘર માને છે, તેમાં જવા ઈચ્છતો નથી. ચૈતન્યધામ કે જ્યાં મન ચોંટ્યું છે ત્યાંથી ખસતું નથી, ને જ્યાંથી જુદું પડ્યું છે ત્યાં જવા માંગતું નથી.

આઠ વર્ષની દીકરી હોય, સમ્યગ્દર્શન પામે, ને તેના માતાપિતાને ખબર પડે તો તે પણ કહે કે વાહ દીકરી! તારા અવતારને ધન્ય છે! તેં આત્માનાં કામ કરીને જીવન સફળ કર્યું. આત્મામાં સમકિત દીવડો પ્રગટાવીને તેં મોક્ષનો પંથ લીધો. ઉંમર ભલે નાની હોય, પણ આત્માને સાધે તેની બલિહારી છે, એ જિનેશ્વરભગવાનનો લઘુનંદન છે.

સમ્યગ્દૃષ્ટિ–ધર્માત્માની ચેતના પોતાના આત્મા સિવાય બીજા બધાથી અલિપ્ત હોય છે. આત્મા સિવાય બીજે ક્યાંય તેનું મન ઠરતું નથી; આત્મા સિવાય બીજી કોઈ વસ્તુ તેને ગમતી નથી, તેને સાચો પ્રેમ ને એકતા આત્મામાં જ છે. પર ઉપર રાગ દેખાય છે પણ તેમાં ક્યાંય–પરમાં કે રાગમાં અંશમાત્ર સુખબુદ્ધિ નથી. રાગ અને સ્વભાવ વચ્ચે તેને મોટી તિરાડ પડી ગઈ છે, અત્યંત ભેદ પડી ગયો છે, તે કદી એકતા થાય નહીં. રાગ અને જ્ઞાનને તે જુદાને જુદા જ અનુભવે છે. આવી જ્ઞાનદશાવંત સમ્યગ્દૃષ્ટિનો મહિમા અપાર છે. જેમ નાળિયેરમાં અંદર ટોપરાનો ગોટો કાચલીથી જુદો જ છે તેમ ધર્માત્માના અંતરમાં ચૈતન્યગોટો રાગાદિ પરભાવોથી છૂટો ને છૂટો જ છે; તે રાગાદિરૂપ થતો નથી, સંયોગને પોતાના દેખતો નથી, તેનાથી પોતાને જુદો જ દેખે છે.

મોટો ચક્રવર્તી હોય કે નાનું દેડકું હોય,–બધાય સમકિતીની આવી દશા હોય છે. તેમણે આકાશ જેવો અલિપ્ત પોતાનો

આત્મસ્વભાવ જાણ્યો છે તેથી પરભાવોના પ્રેમમાં તે લેપાતા નથી. ગૃહસ્થપણું છે–પણ તે તો હાથમાં પકડાઈ ગયેલા ઝેરી સર્પ જેવું છે. જેમ હાથમાં પકડેલો સર્પ ફેંકી દેવા માટે છે, પોષવા માટે નથી, તેમ ધર્મીને અસંયમના જે રાગાદિ છે તેને તે સર્પ સમજીને છોડવા માંગે છે, તે રાગને પોતાનો સમજીને પોષવા માટે નથી. પોતાના ચૈતન્ય-સ્વભાવની અનુભૂતિથી ભિન્ન જાણીને અભિપ્રાયમાં તો તે સમસ્ત પરભાવોને છોડી જ દીધા છે કે આ ભાવો હું નથી. સ્વાનુભવ વડે સ્વ–પરનો વિવેક થયો છે એટલે સ્વતત્ત્વમાં જ પ્રીતિ છે ને પરની પ્રીતિ છૂટી ગઈ છે.

વિષય–કષાયો તો પાપ છે, ધર્મી પણ તેને પાપ જ સમજે છે, પણ તે વખતે ધર્મીના અંતરમાં જે સમ્યગ્દર્શન છે તે શુદ્ધ છે, તે પ્રશંસનીય છે, તે મોક્ષનું કારણ છે. તે સમ્યગ્દર્શનનો ભાવ વિષય–કષાયોથી અલિપ્ત છે. એકસાથે જુદી જુદી બે ધારા ચાલી રહી છે— એક સમ્યક્ત્વાદિ શુદ્ધભાવની ધારા, ને બીજી રાગધારા. તેમાં ધર્મીને શુદ્ધભાવની ધારામાં તન્મયપણું છે, ને તેના જ વડે ધર્મીની સાચી ઓળખાણ થાય છે. અજ્ઞાની એકલી રાગધારાને દેખે છે તેથી ધર્મીને તે ઓળખી શકતો નથી.

અહા વીતરાગી જૈનમાર્ગ! એનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન, તે પણ અલૌકિક છે. જૈનમાર્ગ સિવાય બીજે તો સમ્યગ્દર્શન હોતું નથી; બીજા માર્ગની માન્યતા તે તો ગૃહીત મિથ્યાત્વ છે. ધર્મીને એવા કુમાર્ગનો આદર હોય નહીં. તેણે તો ચૈતન્યના અનંતગુણના રસથી ભરપૂર અતીન્દ્રિય આનંદના અનુભવસહિત આત્માની પ્રતીત કરી છે, તેની સાથે નિઃશંકતા વગેરે આઠ ગુણ હોય છે. તેને તીવ્ર અન્યાયના કર્તવ્ય હોય નહીં, માંસ–ઈંડાં વગેરે અભક્ષ્ય ખોરાક હોય નહીં, મહા પાપનાં કારણરૂપ એવાં સપ્ત વ્યસન (–શિકાર, ચોરી, જુગાર, પરસ્ત્રીસેવન વગેરે) તેને હોય નહીં. અરે, જિજ્ઞાસુ સજ્જનને પણ એવાં પાપકાર્ય ન હોય તો સમ્યગ્દષ્ટિને તો કેમ હોય? ચોથાગુણસ્થાને

સમ્યગ્દષ્ટિને ભલે સંયમદશા નથી છતાં તેને અલૌકિક જ્ઞાન–વૈરાગ્યદશા હોય છે, સ્વરૂપમાં આચરણરૂપ સ્વરૂપાચરણદશા છે, મિથ્યાત્વ કે અનંતાનુબંધી ક્રોધાદિ તેને થતા જ નથી. અતીન્દ્રિય આનંદ તે ધર્મીના જ્ઞાનમાં વર્તે છે તેથી બીજે ક્યાંય તેને સંતોષ કે આનંદ થતો નથી. વિષયોની ગૃદ્ધી નથી પણ તેનો ખેદ છે. ધર્મને નામે તે કદી સ્વચ્છંદ પોષે નહીં. અસંયમ છે પણ કાંઈ સ્વચ્છંદ નથી. અરે, આત્માના આનંદનો સાધક તો જગતથી ઉદાસ થયો–તેને હવે સ્વચ્છંદ કેવા? પર્યાયે–પર્યાયે એનું જ્ઞાન રાગથી જુદું રહીને મોક્ષને સાધી રહ્યું છે. અને એમાં જ સાચો વૈરાગ્ય છે, જ્યાં રાગનું કર્તૃત્વ જ ઊડી ગયું ત્યાં તેનું જોર તૂટી ગયું છે, એટલે અસંયમદશા હોવા છતાં કષાયો મર્યાદામાં આવી ગયા છે, તેના શ્રદ્ધા–જ્ઞાન મલિન થતા નથી. આવું સમ્યગ્દર્શન જે જીવ પામ્યો તે ઈંદ્ર વડે પણ પ્રશંસનીય છે. અહો, આવા કપરાકાળે પણ અંતરમાં ઊતરીને જે આત્મદર્શન પામ્યો તે ધન્ય છે; તે તો આત્માના અતીન્દ્રિય આનંદના દરબારમાં જઈને બેઠો, પંચપરમેષ્ઠીની નાતમાં ભળ્યો. તે સર્વજ્ઞપરમાત્માનો પુત્ર થયો; શાસ્ત્રોએ જે ચૈતન્યવસ્તુનો અનંતો મહિમા ગાયો છે તે ચૈતન્યવસ્તુ તેણે પોતામાં પ્રાપ્ત કરી લીધી તે સુકૃતી છે, જગતનું ઉત્કૃષ્ટ કાર્ય તેણે કરી લીધું છે, તેથી તે ધન્ય છે......ધન્ય છે.....ધન્ય છે!

# સમ્યગ્દષ્ટિનાં ઉજ્જ્વળ પરિણામ

સમ્યગ્દષ્ટિ જીવની ગતિ, એટલે કે તેની પરિણતિનો પ્રવાહ સિદ્ધગતિ તરફ જ વહે છે; તેનાં પરિણામ ઉજ્જ્વળ હોય છે. આનંદમય મોક્ષગતિને સાધતાં–સાધતાં વચ્ચે સાધકભાવની સાથે તેને ઉદયભાવો પણ એવા જ હોય છે કે જેનાથી સંસારની ઉત્તમ ગતિમાં જ અવતરે. જોકે તેના સમ્યક્ત્વાદિ સાધકભાવો તો તે ગતિ વગેરે સર્વે ઉદયભાવોથી અત્યંત ભિન્ન વર્તે છે ને સિદ્ધપદ તરફ જ તેની સમ્યક્ગતિ ઝડપથી ચાલી રહી છે, પણ સમ્યક્ત્વ સાથે ઊંચા પુણ્યનો કેવો મેળ હોય તે અહીં બતાવ્યું છે. બાકી તો સમ્યગ્દષ્ટિ પોતાને રાગથીયે જુદો અનુભવે છે, ત્યાં પુણ્યની કે સંયોગની શી વાત!

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ચારેગતિના જીવોને થઈ શકે છે. દેવ કે મનુષ્ય, તિર્યંચ કે નરક—ચારે ગતિમાં પાત્ર જીવ સમ્યગ્દર્શન પામી શકે છે. નરકમાંય અસંખ્યાતા સમ્યગ્દષ્ટિ જીવો છે. સમ્યગ્દર્શન સહિત મરીને જીવ ક્યાં ઊપજે? ને ક્યાં ન ઊપજે? તે નીચે મુજબ છે—

- દેવલોકમાંથી અવતરીને સમકિતી જીવ ઉત્તમ મનુષ્યમાં જ આવે, બીજે ન જાય.
- નરકમાંથી મરીને સમકિતી જીવ ઉત્તમ મનુષ્યમાં જ આવે, બીજે ન જાય.
- તિર્યંચમાંથી મરીને સમકિતી જીવ વૈમાનિક સ્વર્ગમાં જ જાય, બીજે ન જાય.

✍ હવે સમ્યગ્દષ્ટિ મનુષ્યમાં બે વાત છે :

સામાન્યપણે તો સમ્યગ્દષ્ટિ મનુષ્ય મરીને સ્વર્ગમાં જ જાય.

પણ જેને સમ્યગ્દર્શન પહેલાં મિથ્યાત્વદશામાં આયુષ્ય બંધાઈ ગયું હોય ને પછી સમ્યગ્દર્શન પામ્યો હોય તે જીવ સમ્યક્ત્વસહિત મરીને, જો નરકનું આયુષ્ય બંધાયું હોય તો પહેલી નરકમાં જાય છે, અને જો તિર્યંચનું કે મનુષ્યનું આયુષ્ય બંધાયું હોય તો ભોગભૂમિના તિર્યંચ કે મનુષ્યમાં ઊપજે છે.—વળી આમાં એટલી વિશેષતા છે કે આવા જીવો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જ હોય છે.

—જેમ કે શ્રેણીકરાજા; તેમણે પહેલાં અજ્ઞાનદશામાં જૈન મુનિરાજ ઉપર ઉપસર્ગ કરીને સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું; પણ પછી જૈનધર્મ પામ્યા ને મહાવીરપ્રભુના ચરણસમીપે ક્ષાયિકસમ્યગ્દર્શન પામ્યા, ત્યાં નરકની સ્થિતિ ઘટીને અસંખ્યાત વર્ષોમાંથી ૮૪૦૦૦ વર્ષની જ રહી, ને સાતમીને બદલે પહેલી નરકે ગયા. જે ગતિનું આયુષ્ય બંધાઈ ગયું હોય તે ગતિ ફરે નહિ. ૮૪૦૦૦ વર્ષની સ્થિતિ પૂરી થતાં ત્યાંથી નીકળીને તે જીવ આ ભરતક્ષેત્રમાં ત્રણલોકના નાથ તીર્થંકર પરમાત્મા થશે;–એ સમ્યક્ત્વનો પ્રતાપ છે. યોગસારમાં કહે છે કે—

સમ્યગ્દષ્ટિ જીવને દુર્ગતિ ગમન ન થાય;
કદી જાય તો દોષ નહીં, પૂર્વકર્મ ક્ષય થાય.

અહો, સમ્યગ્દષ્ટિ જીવ સિદ્ધગતિનો સાધક! એને હવે દુર્ગતિ કેવી? સમ્યગ્દષ્ટિ જીવને સમ્યક્ત્વ પછી દુર્ગતિગમન થતું નથી; પૂર્વે બાંધેલા આયુને કારણે કદાચ નરકમાં જાય તો પણ ત્યાં સમ્યગ્દર્શનનો તો કાંઈ દોષ નથી; એ તો પૂર્વે અજ્ઞાનદશામાં બાંધેલા કર્મનું ફળ છે, અને તે કર્મને પણ તે નિર્જરાવી નાંખે છે. કેમ કે તે કર્મ અને તેનું ફળ બંનેથી તેની ચેતના જુદી ને જુદી જ રહે છે; તે ચેતના મોક્ષને સાધે છે.

જુઓ, આમાં કેટલી વાત આવી ગઈ? પ્રથમ તો સંસારમાં ચારગતિનાં સ્થાનો છે; તેમ જ ચારગતિથી પાર પાંચમી સિદ્ધગતિ પણ છે; તેને સાધનારા જીવો પણ સંસારમાં છે. આત્માનું જ્ઞાન થતાંવેંત જીવનો મોક્ષ

થઈ જાય ને તે સંસારમાં રહે જ નહીં–એમ નથી. સમ્યગ્દર્શન પછી પણ કોઈને અમુક ભવ હોય છે. તે સમ્યગ્દષ્ટિને અસંયમ ને અશુભ ભાવ હોવા છતાં સમ્યગ્દર્શનના પ્રતાપે તેના પરિણામ એટલા ઉજ્જ્વળ છે કે ઉત્તમ દેવ કે ઉત્તમ મનુષ્યમાં જ તે ઊપજે છે; હલકા દેવમાં તે ઊપજતા નથી, કે દેવી થતા નથી. સમ્યગ્દષ્ટિ મરીને ઈંદ્રાણી પણ ન થાય. સ્ત્રીપર્યાયમાં તો મિથ્યાદષ્ટિ જ ઊપજે.—ઊપજ્યા પછી ભલે તે સમ્યગ્દર્શન પામે. હલકા દેવો, દેવીઓ, છ નારકો, પહેલી નરક સિવાયના નપુંસક–એ બધામાં ઊપજેલા જીવો સમ્યગ્દર્શન પામી શકે છે, પણ ત્યાં ઊપજે ત્યારે તો મિથ્યાદષ્ટિ જ હોય. મલ્લિતીર્થંકરને જે લોકો સ્ત્રી કહે છે તેને સિદ્ધાંતની ખબર નથી; તીર્થંકરનો આત્મા તો પૂર્વભવમાંથી સમ્યગ્દર્શન સાથે લઈને જ અવતરે તો તે સ્ત્રી પર્યાયમાં કેમ ઊપજે? સ્ત્રીપર્યાયમાં તો મિથ્યાદષ્ટિ ઊપજે.

સમ્યગ્દષ્ટિ દેવ હોય તે મનુષ્યમાં અવતરે; પણ સમ્યગ્દષ્ટિ મનુષ્ય મરીને કર્મભૂમિનો મનુષ્ય ન થાય; પૂર્વે આયુષ્ય બંધાઈ ગયું હોય ને મનુષ્ય થાય તો તે ભોગભૂમિમાં જ મનુષ્ય થાય, પણ વિદેહક્ષેત્ર વગેરે કર્મભૂમિમાં ન જાય. ઘણા લોકો સમજ્યા વગર કહે છે કે અમુક ધર્માત્મા અહીંથી મરીને વિદેહક્ષેત્રમાં ઊપજ્યા.–પણ એ ભૂલ છે. જે મનુષ્ય મરીને વિદેહમાં ઊપજે તે તો મિથ્યાદષ્ટિ જ હોય. કુંદકુંદાચાર્યદેવ વગેરે અહીંથી વિદેહમાં ગયા હતા તે સાચું–પણ તે તો દેહસહિત ગયા હતા; સમાધિમરણ કરીને તો તેઓ સ્વર્ગમાં ગયા છે.

અજ્ઞાનદશામાં નરકનું આયુ બંધાયું હોય ને પછી જે જીવ સમ્યગ્દર્શન પામે તે પહેલી નરકથી નીચે ન જાય. નીચેની છ નરકમાં સમ્યગ્દષ્ટિ જીવો ઊપજતા નથી; ત્યાં ગયા પછી તો સાતેય નરકના જીવો સમ્યગ્દર્શન પામી શકે છે. સાતેય નરકમાં અસંખ્યાતા સમ્યગ્દષ્ટિ જીવો છે.

સમ્યગ્દર્શન પછી તો નરક કે તિર્યંચનું આયુષ્ય બંધાતું જ નથી. ભલે અવ્રતી હોય તો પણ ૪૧ કર્મપ્રકૃતિનું બંધન સમ્યગ્દષ્ટિને કદી થતું નથી, તે આ પ્રમાણે : મિથ્યાત્વ, હૂંડક વગેરે પાંચસંસ્થાન, વજ્રર્ષભનારાચ સિવાયનાં પાંચસંહનન, નપુંસકવેદ–સ્ત્રીવેદ, એકેન્દ્રિયથી ચતુરેન્દ્રિ, સ્થાવર,

આતપ, ઉદ્યોત, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, નરકગતિ–નરકાનુપૂર્વી–નરકાયુ, તિર્યંચગતિ–તિર્યંચઅનુપૂર્વી–તિર્યંચાયુ, અનંતાનુબંધી ક્રોધ–માન–માયા–લોભ, સ્ત્યાનગૃદ્ધિ–નિદ્રાનિદ્રા–પ્રચલાપ્રચલા એ ત્રણ દર્શનાવરણ, અપ્રશસ્ત વિહાયોગતિ, નીચગોત્ર, દુર્ભગ, દુસ્વર તથા અનાદેય. આ પ્રકૃતિ મિથ્યાત્વઅવસ્થામાં બંધાઈ ગઈ હોય તો પણ સમ્યક્ત્વના પ્રભાવથી નષ્ટ થઈ જાય છે.–પણ આયુબંધ કર્યો હોય તે સર્વથા છૂટતો નથી; છતાં સમ્યક્ત્વનો એવો પ્રભાવ છે કે, સાતમી નરકનું આયુ બંધાયું હોય તો તેના સ્થિતિ–રસ એકદમ ઘટીને પહેલી નરકને યોગ્ય થઈ જાય છે; તિર્યંચનું કે મનુષ્યનું હલકુ આયુ બંધાયું હોય તો સમ્યક્ત્વના પ્રભાવે ઉત્તમ ભોગભૂમિમાં જ મનુષ્ય કે તિર્યંચ થાય; વ્યંતર વગેરે હલકા દેવનું આયુ બંધાયું હોય તો તેને બદલે સમ્યક્ત્વના પ્રતાપે કલ્પવાસી દેવોમાં જ જાય. વળી સમ્યગ્દૃષ્ટિ નીચકુળમાં કે દરિદ્રતામાં ન ઊપજે, તદ્દન અલ્પ આયુનો ધારક ન હોય, વિકૃત અંગવાળો કે લૂલો–મૂંગો–બહેરો–આંધળો પણ તે ન ઊપજે.–જોકે આ તો બધું બહારનું પુણ્યફળ છે; સમ્યગ્દર્શનની અનુભૂતિ તો તે બધાયથી અત્યંત જુદી જ છે. દેવાદિના ઉત્તમ શરીરથી પણ સમ્યગ્દૃષ્ટિ પોતાને અત્યંત જુદો જ અનુભવે છે. પણ સમ્યક્ત્વ સાથેના પુણ્યનો આવો મેળ હોય છે–એમ બતાવવું છે. બાકી તો સમ્યગ્દૃષ્ટિ પોતાને રાગથી પણ જુદો અનુભવે છે ત્યાં આ પુણ્યની ને સંયોગની શી વાત?

દેવોમાં તો નપુંસક હોતા જ નથી; મનુષ્ય કે તિર્યંચમાં નપુંસક હોય તેમાં સમ્યગ્દૃષ્ટિ ઊપજતા નથી. જે સમ્યગ્દૃષ્ટિ પહેલી નરકમાં ઊપજે તેને નપુંસકપણું હોય તે જુદી વાત છે–કેમ કે નરકમાં તો બધાને એક નપુંસકવેદ જ હોય છે, ત્યાં સ્ત્રીવેદ કે પુરુષવેદ હોતો જ નથી. કયો જીવ ક્યાં ઊપજે ને ક્યાં ન ઊપજે, તેનું વિસ્તારથી વર્ણન ષટ્ખંડાગમ વગેરે સિદ્ધાંતસૂત્રોમાં છે.

જુઓ, ચારગતિ છે, તેને યોગ્ય જીવના ભાવો છે, જીવને એક ગતિમાંથી બીજી ગતિમાં પુનર્જન્મ પોતાના ભાવ અનુસાર થાય છે, કોઈ ઈશ્વર તેને કર્મનું ફળ આપતા નથી; –એ બધાની આસ્તિકતા હોવી જોઈએ. ચારગતિ, પુનર્જન્મ કર્મફળ વગેરેને ન માને તેને તો ગૃહીતમિથ્યાત્વ છે,

તેને તો આ એક્કેય વાત ક્યાંથી સમજાય? ‘બસ, વિકલ્પ તોડો’ એમ કહે ને અંદર તત્ત્વનિર્ણયનું તો ઠેકાણું ન હોય,–એ તો મિથ્યાદૃષ્ટિ છે. અરે, લોકો ભગવાન મહાવીરને ઈસુ, બુદ્ધ કે ગાંધી સાથે સરખાવે છે. તેમને તો જૈનધર્મની ગંધ પણ નથી, એમની શ્રદ્ધા તો જૈનધર્મથી તદ્દન વિપરીત છે. સર્વજ્ઞનો જૈનમાર્ગ તો કોઈ અદ્ભુત, અલૌકિક, જગતથી જુદી જાતનો છે; બીજા કોઈ માર્ગ સાથે તેની સરખામણી થાય તેવી નથી. આ તો ભગવાનનો માર્ગ છે, ને ભગવાન થવાનો માર્ગ છે. એકેક આત્મા સર્વજ્ઞસ્વભાવી પરમાત્મા છે. તેનું ભાન થવા છતાં જેને હજી રાગ સર્વથા નથી છેદાયો, એવા જીવને ફરી અવતાર થાય છે પણ તે ઉત્તમગતિમાં જ જાય છે. સમ્યગ્દર્શન થયા પછી ઉત્તમ દેવ ને ઉત્તમ મનુષ્ય સિવાયનો બધો સંસાર છેદાઈ ગયો. સમ્યગ્દૃષ્ટિ જ્યાં ઊપજે ત્યાં ઓજસ્વી–પરાક્રમી, તેજસ્વી–પ્રતાપવંત, વિદ્યાવંત, વીર્યવંત ઉજ્જ્વલ–યશસ્વી, વૃદ્ધિવંત, વિજયવંત, મહાન કુળવંત, ચતુર્વિધ પુરુષાર્થના સ્વામીપણે ઊપજે છે અને માનવતિલક થાય છે એટલે કે સમસ્ત મનુષ્યોમાં તિલકની જેમ શોભે છે, સમસ્ત લોકો તેનો આદર કરે છે. ચક્રવર્તીપદ તીર્થંકરપદ વગેરે પણ સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. ને એવા ઉત્તમ પદ પામીને તે રત્નત્રયની પૂર્ણતા કરીને મોક્ષને પામે છે. સમ્યગ્દર્શનનો આવો મહાન પ્રતાપ છે.

સમ્યગ્દૃષ્ટિ અસંયમી હોય, વિષય–કષાયના ભાવો થતા હોય, છતાં પણ તેને અશુભ વખતે આયુ ન બંધાય, શુભ વખતે જ બંધાય કેમ કે ઉત્તમ આયુ જ બંધાય છે; પરિણામની મર્યાદા જ એવી છે. ઉત્તમ દેવ કે મનુષ્યમાં જાય ત્યાં પણ સમ્યગ્દૃષ્ટિ જીવ અંતરદૃષ્ટિમાં પોતાના શુદ્ધઆત્મા સિવાય બીજે બધેથી અલિપ્ત જ રહે છે; દેવલોકના વૈભવ વચ્ચે પણ તે આત્માને ભૂલતા નથી.

દેહ–મન–વાણી, કર્મ, પુણ્ય–પાપ, રાગ–દ્વેષ, સ્ત્રી, વેપાર વગેરે હોવા છતાં, તેની સામે એક આખું ચિદાનંદતત્ત્વ પણ વિદ્યમાન છે; તે દેહાદિ બધાયથી પાર ચિદાનંદતત્ત્વ જ હું છું—એવું ધર્મીને ભાન છે. બહારમાં બધું હોવા છતાં મારા તત્ત્વમાં તે કંઈ નથી. મારું તત્ત્વ–તે રૂપ

થયું નથી, બધાયથી ન્યારું ને ન્યારું જ છે. આવી શુદ્ધદૃષ્ટિ રાખીને વ્યવહારને પણ જેમ છે તેમ જાણે છે. રાગાદિ અને ગૃહવાસ છે તેને કાંઈ સારા નથી માનતો. તેને તો કદાચ જેવા જાણે છે. અરે, મારા શુદ્ધ તત્ત્વમાંથી બાહ્યવિષયોમાં વૃત્તિ જાય તે કાદવ જેવી છે; સર્વજ્ઞસ્વભાવી મારા આત્માને આ કાદવથી શોભા નથી. સમ્યગ્દર્શન થઈ ગયું છે માટે હવે ગમે તે વૃત્તિ આવે તો શો વાંધો?—એમ તે ધર્મી નથી કહેતો, પણ જેટલી વિષય–કષાયની વૃત્તિઓ છે તેને પોતાનો દોષ સમજે છે. જેમ રોગીને રોગનો કે ઔષધનો પ્રેમ નથી, તેને તો તે મટાડવા ચાહે છે, તેમ ધર્મીને અસંયમનો કે વિષયોનો પ્રેમ નથી, તેને તો તે છોડવા ચાહે છે. આ રીતે દોષને દોષ જાણે છે. ને દોષ વગરના શુદ્ધતત્ત્વને પણ જાણે છે, એટલે રાગાદિભાવ થવા છતાં ધર્મી જીવ અંતરથી ન્યારો છે, અતીન્દ્રિય આનંદમય ચૈતન્યસ્વભાવમાં રાગને પ્રવેશવા દેતો નથી. જેમ સારો માણસ જેલમાં રહેવું પડે તેને સારી માનતો નથી, તેમ ધર્માત્માને રાગ–દ્વેષ, પુણ્ય–પાપ જેલ જેવા લાગે છે; પરભાવમાં ગૃહવાસરૂપી અસંયમની જેલમાં ધર્મીજીવ આનંદ માનતો નથી, પણ તેનાથી છૂટવા માગે છે. સમ્યગ્દર્શન થતાં મુક્તિના સ્વાદનો નમૂનો તો ચાખી લીધો છે, તેથી રાગના રસમાં તેને ક્યાંય ચેન પડતું નથી.

સદનનિવાસી તદપિ ઉદાસી તાતેં આસ્રવ ઝટાઝટી,
સંયમ ધર ન સકે પૈ સંયમ–ધારનકી ઉર ચટાચટી.

સમ્યગ્દૃષ્ટિની આવી અલૌકિકદશા છે. શાસ્ત્રોએ પેટ ભરી ભરીને સમ્યગ્દર્શનનો મહિમા ગાયો છે. સમ્યગ્દર્શનમાં આખા આત્માનો સ્વીકાર છે. સમ્યગ્દર્શન સર્વોત્તમ સુખનું કારણ છે, તે જ ધર્મનું મૂળ છે. સમન્તભદ્રમહારાજ કહે છે કે—

ત્રણકાળ ને ત્રણલોકમાં સમ્યક્ત્વસમ નહીં શ્રેય છે,
મિથ્યાત્વસમ અશ્રેય કો નહીં જગતમાં આ જીવને.

❀

# હું તો જ્ઞાતા-દ્રષ્ટા છું

## (આત્મ-ભાવના)

અનંતદ્રવ્યો જગતમાં વસતા......હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
નિજસ્વરૂપમાં સદાય રહેતો........હું તો આતમરામ છું.
પરરૂપે તો કદી ન થાતો.......હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
સ્વયં પરિણામી નિજ ભાવે......હું તો આતમરામ છું.
નવ પરિણમાવતો હું કોને.......હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
સ્વ-પરતત્ત્વનો જ્ઞાયક એવો......હું તો આતમરામ છું.
પરિણતિને નિજમાં ઢાળી......હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
અનિષ્ટ-ઈષ્ટ સંયોગ-વિયોગે......હું તો આતમરામ છું.
દેહાદિકથી ભિન્ન સદાયે......હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
રાગાદિક પરભાવો જુદા.......હું તો આતમરામ છું.
જ્ઞાયકભાવની શ્રદ્ધા કરતો......હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
પરમ સુંદર નિજરૂપ દેખતો........હું તો આતમરામ છું.
આનંદરસમાં તન્મય રહેતો..........હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
નિજ અનંતગુણમાં વસનારો........હું તો આતમરામ છું.
ગુણી-ગુણમાં ભેદ ન દેખું........હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતારૂપ એક જ........હું તો આતમરામ છું.
સિદ્ધસ્વરૂપી આતમરામી.....હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
મધુર ચેતનરસનો સ્વાદી......હું તો આતમરામ છું.
નિજઉપયોગે સદાય જીવંત......હું તો જ્ઞાતા દ્રષ્ટા છું.
પરમ-પારિણામિક સ્વરૂપી.......હું તો આતમરામ છું.